શ્રીમદ્ દેવસેન ભટ્ટારક વિરચિત

# શ્રુતભવનદીપક નયચક્ર



શ્રીમદ્ દેવસેન ભટ્ટારક


: અનુવાદ – સંપાદન :

ડૉ. રાકેશ જૈન શાસ્ત્રી, નાગપુર

: ગુજરાતી અનુવાદ :

ભરત એસ. શાહ

શ્રીમદ્ દેવસેન ભટ્ટારક વિરચિત

# શ્રુતભવનદીપક નયચક્ર


હિન્દી અનુવાદ-સંપાદન

**ડૉ. રાકેશ જૈન શાસ્ત્રી**

એમ.એ. જૈનદર્શનાચાર્ય, પીએચ.ડી.

(શોધ-વિષય : જૈનદર્શન મેં દ્રવ્ય-ગુણ-પર્યાય)

પ્રસ્તાવના

**બા. બ્ર. હેમચન્દ જૈન 'હેમ'**

દેવલાલી/ભોપાલ

પદ્યાનુવાદ/અભિમત

**પંડિત અભયકુમાર જૈન**

દેવલાલી

ગુજરાતી-અનુવાદ

**ભરત એસ. શાહ**

ઘાટકોપર-મુંબઈ/સોનગઢ



પ્રકાશક

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

**મુંબઈ**

**નોંધ : આ પુસ્તક પ્રિન્ટીંગ કરવામાં આવેલ નથી.**
**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**

# પ્રકાશકીય

જેઓશ્રીના પુનિત પ્રતાપે આ વિષમ પંચમકાળ પણ ધર્મકાળમાં પરિવર્તિત થઈ ગયો, જેઓશ્રીની ધોધમાર વરસેલી ઉપદેશવર્ષાથી વહેતી થયેલી અધ્યાત્મગંગાના અમૃતઝરણાઓ પંચમકાળના અંત સુધી આ ભરતક્ષેત્રની હરિયાળી આત્માર્થીઓ માટે લીલીછમ છે તેવા અધ્યાત્મયુગસર્જનહાર ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત કરુણાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીનો અમાપ ઉપકાર આપણા ઉપર વર્તી રહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનકાળમાં અનેક દિગંબર શાસ્ત્રો પ્રકાશમાં આવ્યા. શ્રીમદ્ દેવસેનભટ્ટારક રચિત 'શ્રુતભવનદીપક નયચક્ર' સુંદર ન્યાયશાસ્ત્ર છે. આ લઘુકાયગ્રંથમાં નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભયનું સ્વરૂપ સમયસારની ત્રણ ગાથાઓના આધારે સચોટપણે દર્શાવવામાં આવ્યું છે. દ્રવ્યાનુયોગના શાસ્ત્રોની સમજ માટે નયવિવક્ષાનો અભ્યાસ સારી રીતે કરવો જરૂરી છે.

આ પ્રકાશનમાં 'ગ્રંથની વિશેષતા' બાલ બ્ર. ચંદ્રસેનજી જૈન, ભોપાલ, અહોભાગ્ય પંડિત અભયકુમારજી જૈન, દેવલાલી તથા પ્રસ્તાવના બ્ર. હેમચંદજી જૈન, દેવલાલીએ લખી આપેલ છે માટે તેમના પ્રતિ આભાર વ્યક્ત કરીએ છીએ.

આ શાસ્ત્ર ગુજરાતી વાચકો માટે સુગમતા રહે તે માટે ભરત એસ. શાહ, ઘાટકોપરે ગુજરાતી અનુવાદ નિસ્પૃહભાવે,

જિનવાણીની સેવા ભાવનાથી કરી આપેલ છે. તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

આ શાસ્ત્રના પઠન-પાઠનથી આત્માર્થી મુમુક્ષુ જીવ આત્મકલ્યાણને પ્રાપ્ત કરી આ સંસારભ્રમણથી પાર પામે એવી ભાવના સાથે....

—પ્રકાશક

## ગ્રંથની વિશેષતા

## નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભયનું સ્વરૂપ

જે પ્રમાણે એક વિશાળ ભવનમાં પ્રકાશમાન દીપક રાખવાથી તે ભવનને તથા તેમાં રાખેલા પદાર્થોને પ્રકાશિત કરે છે; તે પ્રમાણે આ લઘુકાય **'શ્રુતભવનદીપક નયચક્ર'** ગ્રંથ દ્વાદશાંગરૂપ જિનાગમ તથા તેમાં દર્શાવેલ વસ્તુસ્વરૂપને બતાવવામાં સમર્થ છે. પ્રમાણથી જાણેલા અનેકાંતાત્મક પરમાર્થભૂત વસ્તુ-સ્વરૂપને સમજાવવાને માટે જિનાગમ (શાસ્ત્રો) માં સાપેક્ષનયોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

અહીં કહેવામાં આવ્યું છે કે ''જીવ અનાદિકાળથી મોહના દુષ્પ્રભાવને કારણે મૂઢ, અવિવેકી બની રહ્યો છે, તે કારણે તે વસ્તુસ્વરૂપ અર્થાત્ સ્વપરસંબંધી અસત્ મિથ્યા કલ્પનાઓ કરીને અન્યથા વિચાર કરે છે.

આથી આ ગ્રંથમાં તે અસત્ કલ્પનાઓને ચાર ભાગમાં વહેંચવામાં આવી છે.**—નિશ્ચયનય, વ્યવહારનય, ઉભયનય અને અનુભયનય સંબંધી મૂઢતા અથવા ભ્રમ** અર્થાત્ આ ચારેય સંબંધી મૂઢતા કરવાવાળાઓને અહીં નિશ્ચયવાદી, વ્યવહારવાદી, ઉભયવાદી અને અનુભયવાદી કહેવામાં આવ્યા છે, તેઓને આપણે મોક્ષમાર્ગપ્રકાશક વિગેરે ગ્રંથોની ભાષા અનુસાર નિશ્ચયાભાસી, વ્યવહારાભાસી, ઉભયાભાસી (અનુભયાભાસી) પણ કહી શકીએ છીએ.

આ પ્રમાણે યથાર્થ વસ્તુસ્વરૂપને સમજાવવા માટે નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભય—આવા ચાર પ્રકારથી નયોનું યથાર્થ સ્વરૂપ સમજવું આવશ્યક થઈ જાય છે, કારણ કે વસ્તુનું યથાર્થ સ્વરૂપ આ ચાર દૃષ્ટિકોણોથી જ સાચું સમજી શકાય છે.

એક પ્રકારથી આ લઘુકાય ગ્રંથને ત્રણ અધ્યાયોમાં, ઉપર કહેલ ચાર દૃષ્ટિકોણોને જ નયોના માધ્યમથી સ્પષ્ટ કરવામાં આવેલ છે.

પ્રથમ અધ્યાયમાં **નિશ્ચયનયના યથાર્થ સ્વરૂપને**, બીજા અધ્યાયમાં **વ્યવહારનયના યથાર્થ સ્વરૂપને** તથા ત્રીજા અધ્યાયમાં ઉભય-અનુભયનયોના સ્વરૂપને **નિશ્ચય-વ્યવહારના અવિનાભાવ સંબંધના** માધ્યમથી દર્શાવવામાં આવ્યા છે, જે ખરેખર પઠનીય, મનનીય છે તેમજ સમ્યક્ પ્રકારથી આચરણીય છે.

એક ઉદાહરણ દ્વારા નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભયનું સમ્યક્ સ્વરૂપ તથા તેમના આભાસને બતાવવાનો પ્રયાસ કરું છું.

જેમ કે, કપાસથી બનેલા એક વસ્ત્રનો ટુકડો છે—

૧. તે નિશ્ચયદૃષ્ટિથી કપાસથી બનેલ છે.

૨. તે વ્યવહારદૃષ્ટિથી તાણાવાણારૂપી દોરાથી બનેલ છે.

૩. નિશ્ચય-વ્યવહારની ઉભયદૃષ્ટિથી તે કપાસ અને તાણાવાણારૂપી દોરા—બંને દ્વારા બનેલ છે.

૪. ઉપરના બંને નયોની અનુભયદૃષ્ટિથી તે બંને સ્વરૂપોથી અનન્ય છે. અર્થાત્ કપાસ તથા તાણાવાણા—બંને સર્વથા અલગ-અલગ કોઈ વસ્તુ નથી, અનુભયરૂપ છે.

—આ ચારેય દૃષ્ટિકોણોને જ્યારે એકાંત અથવા સર્વથા માનવામાં આવે, ત્યારે આ ચારેય આભાસ બની જાય છે. જેમકે—

૧. કપડાને એકાંતે કપાસથી જ બનેલું માનવામાં આવે.

૨. તેને તાણાવાણારૂપ સૂતરથી જ બનેલું માનવામાં આવે.

૩. ઉપરોક્ત બંનેથી સર્વથા અન્ય-અન્ય જ માનવામાં આવે.

૪. અથવા તેને બંનેથી સર્વથા અનન્ય જ માનવામાં આવે.

આ પ્રમાણે આ ચારેય સ્વરૂપો તેમજ ચારેય આભાસોને જાણવા, સમજવા જોઈએ, તે અનુસાર પોતાના વર્તનમાં સુધારો પણ કરવો જોઈએ.

પં. ટોડરમલજીએ પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગ્રંથની ટીકા કરતી વખતે

પ્રારંભમાં જ એક છંદ લખ્યો છે, કે જે આ વિષય સંબંધિત હોવાથી ગંભીરતાપૂર્વક વાંચવો તથા વિચારવો.

(કવિત્ત સવૈયા ઇકતીસા/મનહરણ છંદ)

**कोई नर निश्चय से आत्मा को शुद्ध मान,**
**हुआ है स्वच्छन्द न पिछाने निज-शुद्धता।**
**कोई व्यवहार दान-तप-शील भाव को ही,**
**आत्मा का हित मान छोड़े नहीं मूढ़ता॥**
**कोई व्यवहार-नय-निश्चय के मारग को,**
**भिन्न-भिन्न जान कर करत निज-उद्धता।**
**जाने जब निश्चय के भेद व्यवहार सब,**
**कारण को उपचार माने तब बुद्धता॥**

જિનાગમના અણમોલ સિદ્ધાંત-સૂત્રો—**उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्, सद् द्रव्य-लक्षणम्** તથા **गुण-पर्यायवद्-द्रव्यम्** વિગેરે, જેઓને પ્રવચનસારના જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકારમાં તથા તત્ત્વાર્થસૂત્રના પાંચમાં અધિકારની ટીકાઓમાં વિસ્તારથી સમજાવવામાં આવ્યા છે; આ જ સૂત્રોને આ ગ્રંથમાં પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે, જેથી વસ્તુસ્વરૂપના સંબંધમાં ભવ્યજીવોનું ભ્રમ નિવારણ થઈ શકે.

આ પ્રમાણે જિનવર-કથિત તત્ત્વાભ્યાસ દ્વારા બધા જીવો મિથ્યા ધારણાઓનો અભાવ કરીને સમ્યક્ તત્ત્વનિર્ણયપૂર્વક **સ્વપર્યવસિત સ્વભાવનો** આશ્રય કરીને પોતાના જીવનને સમ્યક્ તથા સુખી બનાવે—આવી પવિત્ર ભાવનાથી આ ગ્રંથ રચવામાં આવ્યો છે.

**—બાલ બ્ર. ચંદ્રસેન જૈન**

અધિષ્ઠાતા, **શ્રી દિ. જૈન બ્રહ્મચર્યાશ્રમ,** લલવાની પ્રેસ રોડ, ભોપાલ-૪૬૨૦૦૧

(અંતર્ગત શ્રી ડાલચન્દ કમલશ્રીબાઈ દિ. જૈન સાર્વજનિક ન્યાસ)

# અહો ભાગ્ય !

**श्रुतभवन का दीप ले, चैतन्य-निधि निरखूँ प्रभो !**
**नयचक्र से निज जानकर, निष्पक्ष अनुभव हो अहो !**
**नयचक्र का ही पठन-पाठन, यह परम सौभाग्य है,**
**निर्विकल्प प्रमाण-नय, अनुभूति का आवास है ।।**

વસ્તુમાં વિદ્યમાન અનંત ધર્મોમાંથી કોઈ એક ધર્મને મુખ્ય કરવો અને અન્ય બધાને ગૌણ કરવા એ જ શ્રુતજ્ઞાનના નયજ્ઞાનનો સ્વભાવ છે. શ્રુતજ્ઞાન, જ્યારે કોઈ એક ધર્મની સન્મુખ થઈને તે દૃષ્ટિથી વસ્તુને જાણે, તો આ કલાને જિનાગમમાં **નય** કહે છે. કોઈ એક ધર્મની તરફ ઝુક્યા વિના, ત્રાજવાના કાંટાની માફક મધ્યસ્થ થઈને બધા ધર્મોને જાણે, તો આ કળાને **પ્રમાણ** કહેવામાં આવે છે.

જિનાગમમાં જ્ઞાનના પાંચ ભેદોમાં આ કળાથી વિભૂષિત જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. કારણ કે મુખ્ય-ગૌણ કર્યા વિના વસ્તુસ્વરૂપને સમજવું—સમજાવવું અશક્ય છે. જોકે આ નયજ્ઞાનની કળા જૈન-દર્શનમાં જ ઉપલબ્ધ છે. 'તેમ છતાં સંપૂર્ણ લોક-વ્યવહાર પણ જાણ્યે-અજાણ્યે આ મુખ્ય-ગૌણ કરવાની વ્યવસ્થા પર જ નિર્ભર છે.

આ પ્રમાણે સંપૂર્ણ લોક-વ્યવહાર તથા મોક્ષમાર્ગની આધારશિલા નયજ્ઞાન જ છે. જો આ નયજ્ઞાન-કળાનો સદુપયોગ કરવામાં આવે તો લોકમાં પણ શાંતિ—સૌહાર્દ, વાત્સલ્ય તેમજ પ્રગતિ સુનિશ્ચિત થાય છે. તથા તેના માધ્યમથી વસ્તુસ્વરૂપના યથાર્થ જ્ઞાન દ્વારા મોક્ષમાર્ગમાં પ્રવેશ પણ સુનિશ્ચિત થાય છે; પરંતુ મોહના નશામાં આ જીવ, નયોનો દુરુપયોગ કરીને લોકજીવનને પણ અશાંત અને કષ્ટપ્રદ બનાવે છે તથા મોક્ષમાર્ગને પણ અસંભવ બનાવી દે છે.

દ્વાદશાંગરૂપી દ્રવ્યશ્રુતમાં સંપૂર્ણ વિવેચના નયો ઉપર જ આધારિત છે, આથી નયદૃષ્ટિ વિના વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને વસ્તુસ્વરૂપને જાણ્યા વિના સમ્યગ્દર્શન કેવી રીતે સંભવી શકે? આ જ કારણ છે કે

સુનયના પ્રયોગ વિના સમ્યક્શ્રુત પણ મિથ્યા થઈ જાય છે અર્થાત્ તેના નિમિત્તથી મિથ્યાત્વ નષ્ટ થવાને બદલે ગાઢ થાય છે, માટે ભોજનમાં મીઠાની જેમ નયોને શાસ્ત્રોમાં સ્વાદિષ્ટ (સાર્થક) કરવાવાળા કહેવામાં આવ્યા છે.

જિનાગમના મર્મને સમજવાને માટે નયજ્ઞાનને અનિવાર્ય જાણીને, વર્તમાન યુગમાં દ્રવ્યશ્રુતના રચનાકાળથી જ નયોનું સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદોની મીમાંસા જુદા જુદા પ્રકારથી કરવામાં આવે છે. જે પ્રમાણે વ્યાકરણ ભાષાને વ્યવસ્થિત અને સાર્થક બનાવે છે, તેના વિવેચનમાં વિશાળ સાહિત્યની રચના કરવામાં આવે છે. વ્યાકરણની પ્રારંભિક શિક્ષાથી આરંભ કરીને ઉચ્ચસ્તરીય શિક્ષા પણ આપવામાં આવે છે; તે પ્રમાણે જિનાગમમાં પણ નયોનું વિવેચન કરવાવાળા વિશાળ ગ્રંથોની રચના કરવામાં આવી છે તથા નયજ્ઞાનની શિક્ષા પણ લઘુત્તમથી લઈને ઉચ્ચતમ સ્તર સુધી આપી શકાય છે.

આગમિક નયોની ચર્ચા ધવલા આદિ અનેક ગ્રંથોમાં સર્વત્ર કરવામાં આવી છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક ગ્રંથરાજ સમયસારાદિમાં પણ નયવિભાગથી અનભિજ્ઞતા(અણજાણપણા)ને અજ્ઞાનનું કારણ કહેવામાં આવ્યું છે

સમયસારાદિ ગ્રંથોનો સાર લઈને જ શ્રીમદ્ દેવસેનાચાર્ય, શ્રી માઈલ્લધવલ વિગેરેએ અનેક નયચક્રોની રચના કરી છે. અત્યારસુધી લખવામાં આવેલ લગભગ બધા જ નય-વિવેચક ગ્રંથોનો ઉલ્લેખ ભાઈશ્રી રાકેશજીએ પોતાના પ્રારંભિક વક્તવ્યમાં કર્યો જ છે.

આ કૃતિ શ્રુતભવનનયચક્ર, સતસૈયાના દોહાની જેમ લઘુકાય હોવા છતાં પણ અત્યંત ગંભીર અર્થ સમાવી રાખેલ છે.

આ નયચક્રમાં અન્ય નયચક્રોથી ભિન્ન શૈલી પણ જોવામાં આવે છે. જેમકે નયોના ભેદમાં જ નય અને ઉપનયનો સ્વીકાર કરવો, વ્યવહારનયને ઉપનયથી ઉપજનિત કહેવો, કારણ કે તે વસ્તુના ઉપસ્વરૂપને ગ્રહણ કરે છે; વિગેરે આ કૃતિની મૌલિક વિશેષતાઓ છે.

'સિદ્ધચક્ર વિધાન'માં પણ વસ્તુના આ ઉપસ્વરૂપ તેમજ તેના ગ્રાહક વ્યવહારનયનું વર્ણન નીચેના છંદમાં કરવામાં આવ્યું છે.

**वस्तुता व्यवहार नहीं ग्रहै, उपस्वरूप असत्यारथ कहै।**
**शुद्धस्वरूप न तो साध्य है, निर्विकल्प समाधि आराध्य है।।**

(—સિદ્ધચક્ર વિધાન, ષષ્ઠ પૂજન, અર્ઘ્ય ૧૮૬)

આ પ્રમાણે આત્માના નયપક્ષાતીત—સ્વભાવના સંદર્ભમાં નયોને જાણવાની આવશ્યકતા, સત્ કલ્પના—અસત્ કલ્પના, અસદ્ભૂત વ્યવહારના આઠ પ્રયોગ તથા ઉપચરિત વ્યવહારના સ્વતંત્ર ભેદ બતાવતા તેના પાંચ પ્રયોગ, ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવની અપ્રચલિત વ્યાખ્યા, ૨૧ સ્વભાવોની પ્રમાણ તેમજ નયવાક્યોથી સિદ્ધિ વિગેરે અનેક પ્રકરણ આ લઘુકાય ગ્રંથની મહાનતા સિદ્ધ કરે છે. પરવર્તી અનેક ગ્રંથોમાં પણ ક્યાંક-ક્યાંક આ બિંદુઓનું વિવેચન પણ પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથની અન્ય વિશેષતાઓ સંબંધી વિસ્તૃત જાણકારી આ.ભાઈશ્રી હેમચંદજી તથા ભાઈશ્રી રાકેશજીએ ક્રમશઃ પ્રસ્તાવના તેમજ પ્રારંભિક વક્તવ્યમાં પ્રદાન કરી જ દીધી છે.

મારી તો આ જ ભાવના છે કે આપણા સહસ્રાધિક શાસ્ત્રી, વિદ્વાનો આ કૃતિને ઊંડાણથી સમજે અને તેના આધારે કક્ષાઓનું આયોજન કરીને તેને સરળ ભાષામાં તથા આધુનિક પ્રયોગોના માધ્યમથી જન-જન સુધી પહોંચાડે.

આજે પણ સામાન્ય સ્વાધ્યાયપ્રેમી, આત્માર્થીજન નયોને અત્યંત કઠિન તેમજ અનુપયોગી સમજે છે, પરંતુ આ ભ્રાંતિને દૂર કરવામાં આપણા સાથી વિદ્વાનો અવશ્ય સફળ થઈ શકે છે, આથી તેમની પાસે આ આશા રાખવી ઉચિત છે.

આ કૃતિના સંપાદન તેમજ પ્રકાશનમાં જોડાયેલા બધા આત્માર્થી બંધુઓ વધાઈ તેમજ ધન્યવાદને પાત્ર છે.

**—પંડિત અભયકુમારજી જૈન શાસ્ત્રી, દેવલાલી**

## શ્રુતભવનદીપક નયચક્ર

# વિષય-સૂચી


પ્રથમ અધ્યાય : નિશ્ચયશુદ્ધિનું સ્વરૂપ ............................ ૧૫

મંગલાચરણ ........................................................ ૧

નયચક્રની આધારભૂત સમયસારની ત્રણ ગાથાઓ .................... ૪

જીવનો નયપક્ષાતીત સ્વપર્યવસિતસ્વભાવ ............................ ૭

ઉપનયથી રહિત નિશ્ચયનય .......................................... ૧૦

નિશ્ચયનય પૂજ્યતમ છે, પ્રમાણલક્ષણવાળો વ્યવહારનય નહીં ..... ૧૨

નિશ્ચયનય : પરમાર્થનો પ્રતિપાદક .................................. ૧૨

દ્વિતીય અધ્યાય : વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ .......................... ૧૫

પ્રમાણના પ્રયોગ .................................................. ૧૫

પ્રમાણનું લક્ષણ અને તેના ભેદ-પ્રભેદ ................................ ૧૭

નયનું પ્રયોજન/નય-પ્રમાણમાં કથંચિત્ ભેદાભેદ .................... ૧૯

નયનું સ્વરૂપ/નયના પ્રકાર .......................................... ૨૦

નયોના મૂળ ભેદ અથના મૂળનય કેટલા ? .......................... ૨૧

નયોના ઉત્તરભેદ/દ્રવ્યાર્થિકનયના દસ ભેદ .......................... ૨૧

પર્યાયાર્થિકનયના છ ભેદ ............................................ ૨૨

નૈગમનય/સંગ્રહનય/વ્યવહારનયના ત્રણ-બે-બે ભેદ ................ ૨૩

ઋજુસૂત્રનયના બે ભેદ ................................................ ૨૪

નયોના વિશેષ લક્ષણ .................................................. ૨૪

દ્રવ્યાર્થિકનયના દસ ભેદોનું સ્વરૂપ .................................... ૨૫

પર્યાયાર્થિકનયના છ ભેદોનું સ્વરૂપ .................................... ૨૮

નૈગમનયના ત્રણ ભેદોનું સ્વરૂપ ........................................ ૩૦

સંગ્રહનયના બે ભેદોનું સ્વરૂપ .......................................... ૩૧

વ્યવહારનય/ઋજુસૂત્રનયના બે ભેદોનું સ્વરૂપ ........................ ૩૨

શબ્દનય/સમભિરૂઢતા/એવંભૂતનયનું સ્વરૂપ ............................ ૩૩

નયોના સંબંધમાં વિશેષ કથન ............................................ ૩૪

પ્રત્યેક નયોના વ્યુત્પત્તિપરક લક્ષણ .................................... ૩૫

ઉપનયનું સ્વરૂપ અને ભેદ-પ્રભેદ ........................................ ૩૮
સદ્‌ભૂત—વ્યવહાર ........................................ ૩૯
અસદ્‌ભૂત—વ્યવહાર ........................................ ૪૦
ઉપચરિત—વ્યવહાર ........................................ ૪૧
અસદ્‌ભૂત—વ્યવહારના કેટલાક ઉદાહરણ ........................................ ૪૧
ઉપચરિત—અસદ્‌ભૂત—વ્યવહાર ........................................ ૪૫
નિશ્ચયનું સ્વરૂપ અને ભેદ-પ્રભેદ ........................................ ૪૭
તૃતીય અધ્યાય : નિશ્ચય-વ્યવહારનું અવિનાભાવિત્વ ........... ૫૦
સત્કલ્પના / અસત્કલ્પના ........................................ ૫૧
એકાંત વ્યવહારી-નિશ્ચયવાદી-ઉભયવાદી-અનુભયવાદી ............ ૫૪
સામાન્ય-વિશેષ ગુણોનું વર્ણન ........................................ ૫૫
૧૦ સામાન્ય ગુણોનું સ્વરૂપ ........................................ ૫૬
ગુણની ઉત્પત્તિ / વિશેષ ગુણનું નિરૂપણ ........................................ ૫૭
પર્યાયની વ્યુત્પત્તિ / નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપ નિક્ષેપ............ ૫૮
દ્રવ્યના સામાન્ય—વિશેષ સ્વભાવ ........................................ ૬૩
પ્રમાણ—વાક્ય (પ્રમાણ-સપ્તભંગી) ........................................ ૬૫
નય—વાક્ય (નય-સપ્તભંગી) ........................................ ૬૬
નયોની અપેક્ષા સ્વભાવોની યોજના ........................................ ૬૭
સર્વથા એકાંત પક્ષમાં દૂષણ ........................................ ૭૦
વિરોધના વધ્ય-ઘાતક આદિ ત્રણ પ્રકાર ........................................ ૭૪
અગિયાર પ્રકારથી ‘અનેકાંત-સ્યાદ્વાદ’ની સિદ્ધિ ..................... ૭૬
નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભયના વિકલ્પોથી અતીત આત્મા .... ૮૭
સમયસારની વ્યુત્પત્તિ ........................................ ૯૧
જીવનો સ્વપર્યવસિત સ્વભાવ જ નયપક્ષાતીત ....................... ૯૪
પરિશિષ્ટ
સમયસાર ગાથા ૧૧, ૧૨ અને ૧૪૩ અને તેની
ગુજરાતી વચનિકા ........................................ ૯૭

# આદ્ય વક્તવ્ય

## (સંશોધિત તથા સંવર્ધિત પ્રકાશન)

આ લઘુગ્રંથ **'શ્રુતભવનદીપકનયચક્ર'**ના રચયિતા શ્રીમદ્ ભટ્ટારક દેવસેનાચાર્ય છે. જો કે આ ગ્રંથને સંક્ષેપમાં નયચક્રના નામથી પણ ઓળખાય છે, તોપણ 'નયચક્ર'ના નામવાળા અન્ય ગ્રંથો પણ છે. મૂળ 'નયચક્ર' ક્યો ગ્રંથ છે? આ સંબંધમાં વિદ્વાનો આજે પણ સહમત નથી. આ પણ સંભવી શકે છે કે મૂળ નયચક્ર ગ્રંથ જ ઉપલબ્ધ નથી. 'નયચક્ર'ને લઈને જે ગ્રંથોની ચર્ચા છે; તેઓમાં નયચક્રાદિ સંગ્રહ, વૃહન્નચક્ર, લઘુનયચક્ર, શ્રુતભવનદીપક નયચક્ર, દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર, આલાપપદ્ધતિ, નય વિવરણ, નયદર્પણ વિગેરે મુખ્ય છે.

શ્રીમાઈલ્લ ધવલ દ્વારા વિરચિત **'દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર'** ના આકાર-પ્રકાર તેમજ વ્યવસ્થિતપણાને કારણે તેનું પ્રકાશન તો સન્ ૧૯૭૧ના ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, નઈ દિલ્હીથી સિદ્ધાંતાચાર્ય પં. કૈલાશચંદજી શાસ્ત્રીના સંપાદનમાં પ્રકાશિત થયું છે. પરંતુ અન્ય ગ્રંથ આવી વ્યવસ્થાના અભાવમાં જનઉપયોગી નથી બની શક્યા. આ **'શ્રુતભવનદીપક નયચક્ર'** ગ્રંથ જોકે પોતાની અધ્યાત્મ શૈલીને કારણે વિશેષ મહત્વ રાખે છે તેમ છતાં કોઈ કારણો એવા રહ્યા છે કે જેનાથી આ ગ્રંથ હજી સુધી અધિક પ્રસિદ્ધિને પ્રાપ્ત નથી થઈ શકયો.

સર્વપ્રથમ વાત આમ છે કે સંપૂર્ણ દેશના શાસ્ત્રભંડારોમાં આ ગ્રંથની નકલ અપ્રાપ્ય છે. મુદ્રિત પણ નહીં અને હસ્તલિખિત પણ નહીં. આ સંદર્ભમાં અમે જયપુર, સોલાપુર, વ્યાવર, મૂડબિદ્રી, દિલ્હી વગેરે સ્થાનોના શાસ્ત્રભંડારોમાં પત્ર લખીને પ્રયત્ન કર્યો છે, જયપુરના પ્રમુખ પાંચ-છ શાસ્ત્રભંડારમાં મેં જાતે જઈને તપાસ કરી છે, દુર્ભાગ્યે અસફળતા જ મળી.

જે માત્ર નકલના આધાર પર આ ગ્રંથનું પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું છે, તે નકલનું પ્રકાશન શ્રી વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રીએ માર્ચ ૧૯૪૯માં કલ્યાણ પાવર પ્રિન્ટીંગ પ્રેસ, સોલાપુરથી કર્યું હતું; જેનું

સંપાદન તેમજ અનુવાદ **કુમાર શ્રમણ ક્ષુલ્લકશ્રી સિદ્ધસાગરજીએ** કર્યો હતો. તેમણે અલગ-અલગ હસ્તલિખિત નકલોની તપાસ કરી હતી, પરંતુ તેમને માત્ર એક નકલ મળી શકી હતી. જેમાં પણ બીજું તથા ત્રીજું પાનું નહોતું, જેના આધારે તેમણે ઉપરોક્ત પ્રકાશન કર્યું છે. ખેદ છે કે અમને તે હસ્તલિખિત પ્રતિ પણ મળી શકી નથી; તેમણે પોતે નિવેદનમાં લખ્યું છે કે–

''સંશોધનને માટે અમને કેવળ એક નકલ જ ઉપલબ્ધ થઈ શકી છે; આથી ભૂલો રહેવાની સંભાવના છે. વિદ્વાન લોકો અવશ્ય સંશોધન કરીને વાંચે.''

આ જ કારણ છે કે આ અનુવાદિત ગ્રંથનું અધ્યયન કરતી વખતે સંશોધનની ઘણી બધી જરૂરિયાત પ્રતીત થઈ, પરંતુ વિના કોઈ પૂર્વ આધાર, સંશોધન પણ કેવી રીતે કરવામાં આવે? આથી મૂળ સંસ્કૃત ગ્રંથનું જેમ છે તેમ પ્રકાશન કરવામાં આવ્યું છે. તેમજ નવીન અનુવાદન તથા સંપાદનમાં પણ મૂળભાવને અખંડિત રાખીને કાર્ય કરવામાં આવ્યું છે. ઘણી જગ્યાએ પ્રથમના અનુવાદની પણ મદદ લેવી પડી છે, એટલા માટે અમે **ક્ષુલ્લક સિદ્ધસાગરજી**નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

અમે શ્રી વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રીના પણ આભારી છીએ કે જેમણે આ ગ્રંથનું પ્રકાશન કરીને આ ગ્રંથને વિલુપ્ત થતો બચાવ્યો છે, અથવા કોને ખબર? આ રૂપમાં પ્રાપ્ત આ ગ્રંથ પણ હંમેશ હંમેશને માટે આપણાથી છિનવાઈ જાત, જેમકે ગંધહસ્તિમહાભાષ્ય વિગેરે અનેક ગ્રંથ આપણાથી છિનવાઈ ગયા છે.

(આ સંદર્ભમાં બધા પાઠકોને નિવેદન કરું છું કે તેઓ પોતાના શાસ્ત્રભંડારોમાં તપાસ કરે કે આ ગ્રંથની કોઈ હસ્તલિખિત નકલ ઉપલબ્ધ છે કે નહીં. કોઈ સજ્જનને આની પ્રતિ મળી આવે તો અમને અવશ્ય જાણ કરે જેથી અધિક પ્રામાણિક તેમજ ત્રુટિ રહિત પ્રકાશન માટે તેનો લાભ લઈ શકાય.)

આ પહેલા છપાયેલ પ્રતિમાં પણ એકીસાથે બે નયચક્ર પ્રકાશિત કરવામાં આવ્યા છે. બંને જ નયચક્રોમાં ‘દેવસેન ભટ્ટારક વિરચિત’–એવો પાઠ લખ્યો છે. પ્રથમ નયચક્રમાં મુખ્યત્વે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકરૂપ આગમના નયોની ચર્ચા છે, જ્યારે બીજા ‘શ્રુતભવનદીપક નયચક્ર’માં આ આગમ-નયોની સાથે સાથે નિશ્ચય તથા વ્યવહારરૂપ અધ્યાત્મનયોની ચર્ચા વિશેષતાથી કરવામાં આવી છે.

**આ ગ્રંથની અધ્યાત્મ-વિષયક ચર્ચાની શૈલી પોતાની વિશિષ્ટ છાપ પાડે છે–**આ જ કારણ છે કે વર્તમાનમાં **આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના** સદ્દુપદેશથી પ્રભાવિત, અધ્યાત્મજગતમાં સુપ્રતિષ્ઠિત, દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત આધ્યાત્મિક **વિદ્વાન પંડિત શ્રી લાલચંદભાઈજી મોદી રાજકોટ**ને ક્યાંકથી પૂર્વે જણાવેલ તથા સોલાપુરથી પ્રકાશિત પ્રતિ જ્યારે પ્રાપ્ત થઈ તો તેમને ઘણા સમયથી આ ગ્રંથનો નવીન હિંદી અનુવાદ કરાવવાનું મન હતું, તેઓ અનેક સંસ્કૃતના શાસ્ત્રી તથા વિદ્વાનોને આ સંબંધમાં આગ્રહ કરતા રહ્યા.

આના પારંભિક થોડા ભાગનો અનુવાદ તો તેમણે વિશ્વપ્રસિદ્ધ પ્રકાંડ વિદ્વાન **ડૉ. હુકમચંદ ભારિલ્લ,** જયપુરથી લગભગ સન ૧૯૭૮માં કરાવ્યો પણ હતો.

મને અધ્યાત્મવિદ્યા પ્રદાન કરવાવાળા ગુરુ ડૉ. ભારિલ્લે જે એક હિન્દી ગદ્યાત્મક નયચક્ર ગ્રંથની રચના કરી છે; જેનું સંસ્કૃત નામ **‘જિનવરસ્ય નયચક્રમ્’** રાખવામાં આવ્યું હતું. જે પાછળથી **‘પરમભાવપ્રકાશક નયચક્ર’**ના નામથી પ્રસિદ્ધ થયું. આમાં પૂર્વકથિત બધા નયચક્રો તેમજ સમસ્ત જિનાગમોમાં નિરૂપિત નયોનું સર્વાંગીણ ચિંતન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. જિજ્ઞાસુઓએ અવશ્ય વાંચવાલાયક ગ્રંથ છે.

ડૉ. ભારિલ્લનું નય વિષયક અધ્યયન અત્યંત સૂક્ષ્મ અને ગંભીર છે, તેમના સાનિધ્યમાં રહીને મને જે દૃષ્ટિ મળી છે, તેના ફળસ્વરૂપ હું આ લઘુકાય ગ્રંથનો અનુવાદ તેમજ સંપાદન કરવામાં સફળ થયો છું. મને સારી રીતે યાદ છે કે જે સમયે ‘જિનવરસ્ય નયચક્રમ્’નો પહેલો ભાગ/

લખ્યો/વાંચ્યો/ પ્રકાશિત થઈ રહ્યો હતો, તે સમયે મને તેમનું અત્યંત નિકટ સાન્નિધ્ય પ્રાપ્ત થયું. તે દિવસોની ચર્ચા આજે પણ તેઓશ્રી પોતાના વ્યાખ્યાનોમાં ક્યારેક ક્યારેક કરે છે.

મારું સૌભાગ્ય છે કે મને પ્રારંભથી તેમાં સામેલ થવાનો અવસર મળ્યો, કારણ કે તે સમયે હું પણ શ્રી ટોડરમલ દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયનો એક છાત્ર હતો. એટલું જ નહીં, જ્યારે તેઓ લખતા હતા તો તેમની ખાસ સૂચના રહેતી કે કોઈ તેમને વાંચીને સંભળાવે. આ દરમ્યાન તે તે વિષયનો ખૂબ વિચાર-વિનિમય પણ ચાલતો હતો, ક્યારેક તો રાતના બાર પણ વાગી જતા હતા. આ કારણે મારું નય સંબંધી જ્ઞાન અત્યંત નિર્મળ થયું.

ખરેખર આટલી કઠોર તપશ્ચર્યા પછી જ આવી સૈદ્ધાંતિક રચનાઓ સંભવી શકે છે; પરંતુ તે તપશ્ચર્યામાં પણ કેટલો આનંદ આવતો હતો, તેના સ્મરણમાત્રથી આજે રોમાંચ ખડા થાય છે.

આ જ પ્રમાણે પંડિત અભયકુમારજીએ આ પરમભાવપ્રકાશક નયચક્રના ગાઢ સ્વાધ્યાયના ફળ સ્વરૂપ ઉત્પન્ન પ્રજ્ઞાથી 'નય રહસ્ય' નામની કૃતિનું સર્જન કર્યું ત્યારે તેમણે પણ મને તેનું સંપાદન કરવાનો સુઅવસર પ્રદાન કર્યો. કે જેથી ફળ સ્વરૂપ નયોને ગહરાઈથી સમજવાનો અવસર પ્રાપ્ત થયો. આથી પાઠકોને નિવેદન છે કે આ 'નયરહસ્ય' પુસ્તકનું અધ્યયન અવશ્ય કરે.

'શ્રુતભવન-દીપક નયચક્ર'ના કર્તા શ્રીમદ્ ભટ્ટારક દેવસેનના જીવન-સમય-રચનાકાળ વિગેરે સંબંધમાં વિદ્વાનોના પણ અલગ-અલગ મંતવ્ય છે.

પંડિત કૈલાશચંદજી સિદ્ધાંતશાસ્ત્રીએ 'દ્રવ્યસ્વભાવ-પ્રકાશક નયચક્ર'ની પ્રસ્તાવના (પૃષ્ઠ ૧૭-૧૮)માં આ 'શ્રુતભવનદીપક નયચક્ર' અને તેના લેખકના સંબંધમાં લખ્યું છે કે—

''જોકે **નયચક્ર** (લઘુનયચક્ર તેમજ વૃહન્નયચક્ર)ની ગાથાઓને શ્લોકબદ્ધ કરીને આ નયચક્ર (શ્રુત-ભવન-દીપક નયચક્ર) રચવામાં

આવ્યું છે, તથાપિ આ કેવળ તેનો અનુવાદ જ નથી; પરંતુ આમાં પણ એવા ઉપયોગી વિષય છે, કે જે દેવસેનના ગાથાબદ્ધ નયચક્રમાં નથી.

આના પ્રારંભિક મંગલશ્લોકના પછી જ એક શ્લોક આ પ્રમાણે લખ્યો છે.

**जिनपति-मत-मह्यां रत्न-शैलादपापात्;**
**इह हि समयसाराद् बुद्ध-बुद्धया गृहीत्वा ।**
**प्रहत-धन-विमोहं सुप्रमाणादि-रत्नं;**
**श्रुत-भवन-सुदीपं सिद्धि तद्व्यापनीयम् ।।२।।**

અર્થાત્ જિનપતિમત (જૈનમત) નામક એક પૃથ્વી છે; તેમાં સમયસાર નામનો રત્નનો પહાડ છે, તેમાંથી રત્નો લઈને આ શ્રુતભવનદીપક નયચક્રની રચના કરવામાં આવી છે.

ફળસ્વરૂપે પ્રારંભમાં જ સમયસારની મૂળભૂત ત્રણ ગાથાઓનો ઉલ્લેખ કરીને ગ્રંથકારે સંસ્કૃત ગદ્યમાં તેમની વ્યાખ્યા કરતા થકા વ્યવહારનયની અભૂતાર્થતા અને નિશ્ચયનયની ભૂતાર્થતા પર સુંદર પ્રકાશ પાડ્યો છે. તેમાં ત્રણ અધ્યાય છે; અધ્યાયોના અંતિમ પુષ્પમાં લખ્યું છે કે—

**इति देवसेनभट्टारकविरचिते व्योमपण्डितप्रतिबोधके श्रुतभुवनदीपे नयचक्रे.....।**

આનાથી આ સ્પષ્ટ થાય છે કે આ નયચક્રના રચયિતા ભટ્ટારક દેવસેન જ છે અને તેમણે વ્યોમપંડિતના પ્રતિબોધને માટે જેની રચના કરી છે તેનું નામ **શ્રુતભવનદીપક નયચક્ર** છે.

તે દેવસેન (ગાથાબદ્ધ નયચક્રના રચયિતા)થી ભિન્ન બતાવવા માટે ભટ્ટારક પદનો સમાવેશ કર્યો છે અને નયચક્રથી ભિન્નતા બતાવવા માટે 'શ્રુતભવનદીપક નયચક્ર' નામ રાખવામાં આવ્યું છે.

ભટ્ટારક સંપ્રદાયમાં દેવસેન નામની ત્રણ વ્યક્તિનો ઉલ્લેખ મળે છે—બે દેવસેન તો કાષ્ઠાસંઘના માથુરગચ્છમાં થયા છે; તેમાંથી પ્રથમ દેવસેન તો પ્રથમ અમિતગતિના ગુરુ હતા. તેઓ આ નયચક્રના રચયિતા ન હોઈ શકે, કારણ કે તેની રચના દેવસેનના ગાથાબદ્ધ નયચક્રની પછી

જ થઈ છે. આ સંઘમાં બીજા દેવસેન તે ઉદ્ધારસેનના શિષ્ય છે, તેઓ વિક્રમની ૧૩-૧૪મી શતાબ્દિની આસપાસ થયા છે. અને ત્રીજા દેવસેન લાટવાગડ ગચ્છમાં થયા છે, તે કુલભૂષણના ગુરુ હતા. અમે નથી કહી શકતા કે આ ક્યા દેવસેન ભટ્ટારકે શ્રુતભવનદીપકનયચક્ર રચ્યું છે? ગ્રંથના અવલોકનથી જણાય છે કે **તેઓ પોતાના વિષયના પારંગત વિદ્વાન અને સુલેખક હતા.**''

શ્રીયુત કટારિયા બંધુઓએ પણ 'જૈન નિબંધ રત્નાવલીમાં પૃથક્ શોધપૂર્ણ નિબંધ લખીને આ વિષય ઉપર ઘણું મંથન કર્યું છે, તેમણે આ ગ્રંથને દિગંબર પરંપરામાં પ્રાપ્ત નયચક્રોમાં બધાથી પ્રાચીન સિદ્ધ કર્યો છે.

'દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર' ગ્રંથની અંતિમ પ્રશસ્તિમાં એક ગાથા ક્રમાંક ૪૨૩ આવે છે જે નીચે પ્રમાણે છે—

**सिय-सद्द-सुणय-दुण्णयदणुदेह-विदारणेक्क-वर-वीरं ।**
**तं देवसेण-देवं, णय-चक्क-यरं गुरुं णमह ।।**

અર્થાત્ સ્યાત્ શબ્દથી યુક્ત સુનય દ્વારા દુર્નયરૂપી દૈત્યના શરીરનું વિદારણ કરવાને માટે એકમાત્ર શ્રેષ્ઠ વીર—નયચક્રના કર્તા એવા તેઓશ્રી દેવસેન નામક ગુરુદેવને નમસ્કાર કરો.

આ ગાથાના આધાર પર જૈન નિબંધ રત્નાવલી (પૃષ્ઠ ૨૬૮-૨૭૦)માં શ્રીમાન્ કટારિયા બંધુ લખે છે કે—

''એક ગદ્ય-પદ્યમય સંસ્કૃત નયચક્ર ઇ.સ. ૧૯૪માં શ્રી રખબચંદ્રજી પાંડ્યા, સનાવદની મદદથી છપાયું છે જેનું સંપાદન તથા હિન્દી અનુવાદ ક્ષુ. શ્રી સિદ્ધસાગરજીએ કર્યો છે તથા તેનું પ્રકાશન વર્ધમાન પાર્શ્વનાથજી શાસ્ત્રી દ્વારા સોલાપુરમાં થયું છે; આ ગ્રંથ ૮૪ પાનાનો છે. આ પણ દેવસેનકૃત છે, જે વ્યોમપંડિતના પ્રતિબોધ માટે રચવામાં આવેલ છે.

શું આ સંભાવના નથી કરી શકાતી કે માઈલ્લદેવે પોતાના 'દ્રવ્યસ્વભાવપ્રકાશ' ગ્રંથમાં જે નયચક્રનો ઉલ્લેખ કર્યો છે તે આ જ

નયચક્ર હોઈ શકે અને માઈલ્લધવલના પણ તે જ ગુરુ હોઈ શકે. આ જ પ્રમાણે ભોજસાગર દ્વારા ઉલ્લેખિત દેવસેન અને તેમનું નયચક્ર પણ આ જ છે. આનાથી પણ અધિક સંભાવના એ છે કે ભોજસાગરે દેવસેનના જે નયચક્રનો ઉલ્લેખ કર્યો છે, તેને તેઓ 'દ્રવ્યાનુયોગ તર્કણા' પૃષ્ઠ ૧૧૬માં સંસ્કૃતમાં લખેલ છે, તેમ બતાવે છે.

જ્યારે માણિકચન્દ ગ્રંથમાલાથી પ્રકાશિત નયચક્ર તો પ્રાકૃતમાં છે, ત્યાં દર્શનસારની વચનિકામાં પંડિત શિવજીલાલજીને દેવસેનના જે નયચક્રનો ઉલ્લેખ કર્યો છે, તે આ જ નયચક્ર સંભવી શકે છે, કારણ કે પંડિત શિવલાલજીએ પણ તે સંસ્કૃતમાં રચિત છે તે બતાવ્યું છે.

જે પ્રકારે આ સંસ્કૃતનું નયચક્ર ગદ્ય-પદ્યમાં રચવામાં આવ્યું છે, તે જ પ્રકારે ગદ્ય-પદ્યમાં 'આલાપપદ્ધતિ' ગ્રંથ પણ રચવામાં આવ્યો છે. બંનેના કર્તા આ જ દેવસેન હોય તેમ પ્રતીતિ થાય છે, નહીં કે દર્શનસારના કર્તા દેવસેન, કે જેઓ દસમી શતાબ્દીમાં થયા હતા.....

આલાપપદ્ધતિના પ્રારંભમાં લખ્યું છે કે '**आलापपद्धति-र्वचनानुक्रमेण नयचक्रस्योपरि उच्यते** ।' તથા ભાંડારકર લાઈબ્રેરીની પ્રતની અંતમાં લખ્યું છે કે '**इति सुख बोधार्थमालापपद्धतिः श्री देवसेनविरचिता समाप्ता । इति श्रीनयचक्रसम्पूर्णम्** ।'.....

આથી સ્પષ્ટ થાય છે કે જે દેવસેને સંસ્કૃતમાં નયચક્ર બનાવ્યું તેમણે જ પ્રમુદિત થઈને આલાપપદ્ધતિની રચના કરી છે. આ પંડિત દેવસેન, દર્શનસારના કર્તાથી ભિન્ન છે અને જે પ્રાકૃત નયચક્ર છે, તે માઈલ્લદેવકૃત 'દ્રવ્યસ્વભાવ પ્રકાશક' ગ્રંથનું એક પ્રકરણ છે. 'દર્શનસાર'ના કર્તા દેવસેને કોઈ નયચક્ર બનાવ્યું નથી.''

આ સંદર્ભમાં આગળની ગાથા ક્રમાંક ૪૨૩ પછી બીજી બે ગાથા ૪૨૪-૪૨૫ પણ લખવામાં આવી છે, જે નીચે મુજબ છે

**दव्व-सहाव-पयासं दोहय-बंधेण आसि जं दिट्ठं ।**
**तं गाहां-बंधेण पुणो रइयं माइल्ल-धवलेण ।।**

**सु-समीरणेण पोयं पेरयं संतं जहा तिरणट्ठं ।**
**सिरि-देवसेण-मुणिणा तह-णयचक्कं पुणो रइयं ।।**

અર્થાત્ શ્રી માઈલ્લ ધવલના પૂર્વ આચાર્ય દેવસેને દ્રવ્યસ્વભાવનો પ્રકાશ કરવાવાળા 'નયચક્ર'ની રચના દોહાબદ્ધરૂપે કરી હતી, તેને જ તેમણે ગાથાબદ્ધ કરી.

જેમકે, અનુકૂળ વાયુ દ્વારા પ્રેરિત થયેલું વહાણ તરવામાં સમર્થ હોય છે, તેવી જ રીતે શ્રી દેવસેન મુનિએ નયચક્રને ફરી રચ્યું.

આ પ્રમાણે અંતિમ ગાથા દ્વારા આ સ્પષ્ટ થાય છે કે જે પ્રાકૃત ગાથાબદ્ધ વૃહન્નયચક્ર અથવા લઘુનયચક્ર, આચાર્ય દેવસેન દ્વારા રચિત ઉપલબ્ધ છે, તે તેની જ તરફનો સંકેત છે. તેના પછી કોઈ નવીન તથ્ય પ્રકાશિત નથી થયું, આથી તે સંબંધી અમે મૌન જ રહીએ છીએ.

નયચક્રના કર્તા ભલે તે દેવસેનાચાર્ય હોય કે માઈલ્લધવલ! ભલે તે શ્રુતભવનદીપક નયચક્ર હોય કે દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર!! એક વાત બંને ગ્રંથોમાં વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે બંને ગ્રંથોના રચનાકારોએ શ્રીમદ્ કુંદકુંદાચાર્યકૃત સમયસાર આદિ પંચ પરમાગમ ગ્રંથોમાં પ્રતિપાદિત જે નિશ્ચય-વ્યવહારપ્રધાન આધ્યાત્મિક શૈલી છે તેને આધાર બનાવીને જ ઉપરના ગ્રંથોની રચના કરી છે.

શ્રી દેવસેનાચાર્ય, શ્રુતભવનદીપક નયચક્રના શરૂઆતના બીજા શ્લોકમાં કહે છે કે—

''જિનેન્દ્ર ભગવાનના મતરૂપી ભૂમિમાં સમયસારરૂપી નિર્દોષ પવિત્ર રત્નપર્વતને બુદ્ધિ દ્વારા સારી રીતે સમજીને, ગાઢ મોહને નષ્ટ કરવાવાળા અને સમ્યક્પ્રમાણ આદિ રત્નોવાળા 'શ્રુતભવનદીપક નયચક્ર'ને પ્રકાશિત કરવાના ઉદ્દેશથી લખું છું.''

આના પછી તુરંત '**अर्थप्ररूपणाय गाथात्रयमाचष्टे**' અર્થાત્ સર્વપ્રથમ અર્થ (વિષય)નું પ્રરૂપણ કરવાને માટે ત્રણ ગાથાઓ ને પ્રસ્તુત કરીને વિચાર કરે છે. આ પ્રમાણે પ્રારંભમાં જ સમયસારની ૧૧મી, ૧૨મી તેમજ ૧૪૩મી ગાથાઓનો પાઠ આપવામાં આવ્યો છે.

તાત્પર્ય આ છે કે જાણેકે આચાર્યદેવને આ ત્રણ ગાથાઓ સમજાવવાને માટે જ 'શ્રુતભવનદીપક નયચક્ર' લખ્યું હોય! આજ કારણ છે કે ત્યારબાદ '**आसां भावार्थो विचार्यते**' અર્થાત્ તેનો ભાવાર્થ વિચાર કરીએ છીએ—એમ કહીને ગ્રંથનો પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથમાં કુલ અધ્યાય પણ ત્રણ જ છે અને ઉપરોક્ત ગાથાઓ પણ ત્રણ જ છે; આની અંદર કોઈ યુક્તિ નજરમાં આવે છે. ત્રણે અધ્યાયો તેમજ ઉપરોક્ત ત્રણે ગાથાઓની વિષયવસ્તુનું ઊંડાણથી અવલોકન કરવા પર એવું એમ પ્રતીત થાય છે કે પ્રથમ અધ્યાય **'નિશ્ચય શુદ્ધિનું સ્વરૂપ'**ના મંગલાચરણ હેતુ નિશ્ચયનયનું સ્વરૂપ બતાવવાવાળી સમયસારની ૧૧મી ગાથા; હવે બીજો અધ્યાય **'વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ'**નું મંગલાચરણ હેતુ વ્યવહારનયની ઉપયોગિતા બતાવવાવાળી સમયસારની ૧૨મી ગાથા; તેમજ ત્રીજો અધ્યાય **'નિશ્ચય-વ્યવહારના અવિનાભાવ-પણાના નિર્ણયનું સ્વરૂપ'**ના મંગલાચરણ હેતુ નિશ્ચય વ્યવહાર-બંને નયોની સાર્થકતા બતાવીને તેમના નિર્ણયપૂર્વક નયપક્ષાતિક્રાંત થવાની પ્રેરણા કરવાવાવાળી સમયસારની ૧૪૩મી ગાથા પ્રસ્તુત કરી હોય.

ગ્રંથકારની આવી મનોભાવનાને ધ્યાનમાં રાખીને અમે પણ આ ગ્રંથના અંતમાં પૃષ્ઠ નં ૧૩૫થી આગળ પરિશિષ્ટના રૂપમાં આ ત્રણ ગાથાઓની આચાર્ય અમૃતચંદ્રદેવની આત્મખ્યાતિ ટીકા ઉપર આધારિત પંડિત જયચંદજી છાબડા કૃત વચનિકા અને ભાવાર્થ પ્રકાશિત કર્યો છે.

'શ્રુતભવનદીપક નયચક્ર'ના રચયિતા શ્રીમદ્ દેવસેનાચાર્યની જેમ જ 'દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર'ના રચયિતા શ્રી માઈલ્લધવલે પણ ગ્રંથનો આરંભ નીચેની પંક્તિઓથી કર્યો છે.

**'श्रीकुन्दकुन्दाचार्यकृतशास्त्रात् सारार्थं परिगृह्य स्वपरोपकाराय द्रव्यस्वभावप्रकाशकं नयचक्रं....आह... इति ।'**

શ્રી કુંદકુંદાચાર્યકૃત શાસ્ત્રથી સારભૂત અર્થને ગ્રહણ કરીને, પોતાના અને બીજાના ઉપકારને માટે 'દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર'ને... એમ કહ્યું છે.'

ઉપરના સંદર્ભથી આ વાત સ્વયંસિદ્ધ છે કે નયચક્ર ગ્રંથની રચનાનો મૂળ આધાર આચાર્ય કુંદકુંદ દ્વારા વિરચિત સમયસારાદિ અધ્યાત્મશાસ્ત્ર જ છે. આ સંદર્ભમાં પંડિત કૈલાશચંદજી સિદ્ધાન્તાચાર્ય, દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્રની પ્રસ્તાવના (પૃષ્ઠ-૨૦)માં ત્યાં સુધી લખે છે કે –

**'એમ પ્રતીત થાય છે કે કુંદકુંદાચાર્યદેવના ગ્રંથો પર જ્યારે આચાર્ય અમૃતચંદ્રદેવની ટીકાઓએ અધ્યાત્મની ત્રિવેણી પ્રવાહિત કરી દીધી છે, તો તેમાં અવગાહન કરીને પોતાના અને અન્યના સંસારતાપ મિટાવવાને માટે અનેક ગ્રંથકાર ઉત્સુક થઈ ગયા. આચાર્ય કુંદકુંદના અધ્યાત્મથી આચાર્ય પૂજ્યપાદનું ધ્યાન પણ આકર્ષાયું અને તેમણે સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ જેવા મનોહારી ગ્રંથોની રચના કરી.....**

**દસમી શતાબ્દીમાં આચાર્ય અમૃતચંદ્રદેવની ટીકાઓની રચના થયા બાદ મુનિ રામસેને તત્ત્વાનુશાસન, નેમિચંદ્રે દ્રવ્યસંગ્રહ, અમિતગતિ (પ્રથમ)એ યોગસાર પ્રાભૃત, બ્રહ્મદેવસૂરિને દ્રવ્યસંગ્રહ અને પરમાત્મપ્રકાશની ટીકાઓ, જયસેન અને પદ્મપ્રભમલધારિદેવે પોતાની ટીકાઓ તથા પદ્મનંદીએ પદ્મનંદિ પંચવિંશતિકાની રચના કરી. ત્યારબાદ જ માઈલ્લધવલને પ્રસ્તુત ગ્રંથ રચ્યો અને તેમાં નયોના વિવેચનની સાથે અધ્યાત્મનું વિવેચન કર્યું.'**

નયરહસ્યની પ્રસ્તાવના પૃષ્ઠ-૧૬માં પણ સ્પષ્ટ લખ્યું છે કે–

**'જો જિનશાસનની પરંપરાને ભૂતકાળના હજારો વર્ષના કાળખંડમાં જોવામાં આવે તો આજસુધીમાં જેટલા પણ નયચક્ર ગ્રંથ લખવામાં આવ્યા છે તે બધા જ સમયસાર જેવા અધ્યાત્મગ્રંથોના અનુસંધાનમાં જ લખાયા છે, ભલે 'દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર' હોય કે 'શ્રુતભવનદીપક નયચક્ર' હોય, તેઓ બધા સમયસારના અનુશીલનમાં જ લખાયા છે; આમાં શ્રુતભવનદીપક નયચક્ર તો પોતાની અધ્યાત્મ સુગંધ પ્રસારી રહ્યું છે.'**

'શ્રુતભવનદીપક નયચક્ર'ના પ્રારંભમાં જ આચાર્યદેવે કહ્યું છે કે–

**'બધા જીવ સ્વ-સ્વભાવથી નયપક્ષાતીત છે' કારણ કે બધા જીવ, સિદ્ધ સ્વભાવની સમાન 'સ્વપર્યવસિત સ્વભાવ'વાળા છે.'**

અહીં બધા જીવોને સ્વ-સ્વભાવથી 'સ્વપર્યયવસિત સ્વભાવ'વાળા કહ્યા છે. અન્યત્ર જિનાગમમાં આ વિશેષણ વપરાયું હોય એવું મને જણાતું નથી. આ શબ્દનો આચાર્યદેવે મૌલિક પ્રયોગ કર્યો છે, તથા વ્યાખ્યા પણ મૌલિક રીતે કરી છે.

સ્વપર્યવસિત=સ્વ+પરિ+અવ+અસ્+ક્ત અર્થાત્ સ્વમાં આશ્રિત એટલે સ્વાશ્રિત. તાત્પર્ય એ છે કે સ્વપર્યવસિત કહીને આચાર્યે સ્વાશ્રિત, નિરપેક્ષ, સ્વ જ જેનું આદિ છે અને સ્વ જ જેનો અંત છે, સ્વસંવેદ્ય વગેરે અર્થોનું પ્રતિપાદન કરવા ઇચ્છે છે. (જુઓ પૃષ્ઠ નં. ૧૭-૧૮)

હવે 'શ્રુતભવનદીપક નયચક્ર'ના કેટલાક મહત્વપૂર્ણ આધ્યાત્મિકતાથી ભરપૂર અંશ નીચે પ્રમાણે છે—

**પ્રથમ અધ્યાયના મહત્વપૂર્ણ અંશ :—**

**૧. બધા જીવ સ્વ-સ્વભાવથી નયપક્ષાતીત છે, કારણ કે બધા જીવ, સિદ્ધસ્વભાવની જેમ સ્વપર્યવસિત (સ્વ+પરિ+અવ+અસ્+ક્ત=પોતા પર જ આશ્રિત અથવા સ્વસહાય) સ્વભાવવાળા છે.** (પૃષ્ઠ-૭)

૨. સહજપારિણામિક જ્ઞાયકસ્વભાવનું, ક્ષાયોપશમિકજ્ઞાનની નિવૃત્તિ અને ક્ષાયિકજ્ઞાનની પ્રવૃત્તિ, બંને સ્વભાવોથી અસાધારણપણું છે, કારણ કે તે બંને કારણાન્તરો દ્વારા ઉત્પન્ન થાય છે. (પૃષ્ઠ-૭)

**૩. જોકે આત્મા, સ્વભાવથી નયપક્ષાતીત છે, તેમ છતાં તે નયો વિના નયપક્ષાતીત નથી થઈ શકતો.** (પૃષ્ઠ-૮)

૪. **'નયતીતિ નયઃ'** અર્થાત્ જે લઈ જાય છે, પહોંચાડે છે અથવા પ્રાપ્ત કરાવે છે, તેને **નય** કહે છે. (પૃષ્ઠ-૯)

૫. ઉપનયથી ઉપજનિત **વ્યવહારનય** હોય છે. (પૃષ્ઠ-૯)

૬. જે પ્રમાણ-નય-નિક્ષેપાત્મક ભેદ તેમજ ઉપચાર દ્વારા વસ્તુનો વ્યવહાર કરે છે, તે વ્યવહારનય છે. (પૃષ્ઠ-૯)

**૭. નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે—આ અભેદ તથા અનુપચારરૂપ લક્ષણવાળા અર્થને નિશ્ચિત કરે છે; આથી તે નિશ્ચયનય**

**કહેવાય છે. 'સ્યાત્' શબ્દથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસપણું નથી આવતું કારણ કે તે ઉપનયથી રહિત છે.** (પૃષ્ઠ-૧૦)

**શંકા**—ઉપનયના અભાવમાં સ્યાત્ શબ્દનો અભાવ કેવી રીતે સિદ્ધ થાય છે?

**સમાધાન**—'સ્યાત્' શબ્દની પ્રધાનતા હોવાથી ઉપનય જ વ્યવહારનો જનક થાય છે, માટે ઉપનયના અભાવમાં 'સ્યાત્' શબ્દનો પણ અભાવ સિદ્ધ જ થઈ જાય છે.

જ્યારે નિશ્ચયનયથી ઉપનય પ્રલયને પ્રાપ્ત થાય છે, ત્યારે કેવળ નિશ્ચય જ પ્રકાશિત રહે છે. જોકે નિશ્ચયનયથી અખંડિત એક વસ્તુનો સદ્ભાવ છે, તોપણ ઉપનયથી ઉપજનિત અનેક પ્રકારના વ્યવહારથી ગ્રહીત હોવા છતાં પણ વસ્તુ તો શુદ્ધ જ છે. જે રીતે રાહુબિંબથી ઢંકાવા થવા છતાં પણ સૂર્ય, અંધકારનો નાશ કરવાવાળો તેમજ પ્રકાશ સ્વભાવવાળો જ છે. **(ધ્યાન રાખો—આ નયચક્રમાં ક્યાંય પણ નિશ્ચયનયના ભેદ-પ્રભેદ બતાવવામાં આવ્યા નથી.)** (પૃષ્ઠ-૧૦)

૮. વ્યવહારનયની ઉપયોગિતા, ૧—અસત્ કલ્પનાની નિવૃત્તિ અને ૨—સદ્રત્નત્રયની સિદ્ધિને માટે છે. તથા ૩—સમ્યક્ રત્નત્રયની સિદ્ધિથી પરમાર્થની સિદ્ધિ થાય છે. (પૃષ્ઠ-૧૧)

**૯. વ્યવહારને સમ્યક્રત્નત્રયથી સર્વથા ભેદ માનવાથી નિશ્ચયનો પણ અભાવ થઈ જશે.** (પૃષ્ઠ-૧૧)

૧૦. આ આત્મા જ્યાં સુધી વ્યવહારનય અને નિશ્ચયનયના માધ્યમથી તત્ત્વનો અનુભવ કરે છે, ત્યાંસુધી પરોક્ષાનુભૂતિ રહે છે, કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ તો નયપક્ષાતીત છે. (પૃષ્ઠ-૧૧)

**૧૧. પ્રમાણલક્ષણવાળો વ્યવહારનય પણ આત્માને નયપક્ષાતીત નથી કરી શકતો, આથી તે પણ પૂજ્યતમ નથી.** (પૃષ્ઠ-૧૨)

૧૨. નિશ્ચયનય, આત્માને સમ્યક્પ્રકારથી એકત્વ પ્રાપ્ત કરાવીને, જ્ઞાનચૈતન્યમાં સારી રીતે સ્થાપિત કરીને, પરમાનંદને ઉત્પન્ન કરીને,

વીતરાગ કરીને, સ્વયં નિવૃત્ત થાય છે, નયપક્ષાતિક્રાંત કરે છે; આથી તે પૂજ્યતમ છે. (પૃષ્ઠ-૧૩)

**૧૩. નિશ્ચયનય, પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ છે, તેનો જ નિરંતર આશ્રય લેવાથી આત્મા, અંતર્દ્રષ્ટિવાળો થાય છે.** (પૃષ્ઠ-૧૩)

૧૪. 'વીતરાગ' બે પ્રકારના હોય છે—૧. રાગક્રિયા નિવૃત્ત વીતરાગ અને ૨. રાગોદયનિવૃત્ત વીતરાગ. (પૃષ્ઠ-૧૩)

**૧૫. ભૂતાર્થ સ્વરૂપ શુદ્ધ આત્માની અદ્‌ભુત સારભૂત મહિમા, શાશ્વતરૂપથી અનંતકાળપર્યંત જયવંત વર્તો.** (પૃષ્ઠ-૧૪)

**બીજા અધ્યાયના મહત્ત્વપૂર્ણ અંશ :—**

૧૬. અનેક કારકોના માધ્યમથી કથંચિત્ ભેદ વિગેરે દ્વારા વસ્તુની સંપન્નતા થવાથી તથા ઉપનયથી ઉપજનિતતા થવાથી જ **પ્રમાણની વ્યવહારતા** સિદ્ધ થાય છે. પ્રમાણની જેમ નયો પર પણ ઉપર જણાવેલ કારક-ભેદ વગેરે દ્વારા **નયોની વ્યવહારતા** ઘટિત થાય છે.

**શંકા—**પ્રમાણનો સંબંધ ઉપનયોથી કેવી રીતે હોઈ શકે? કારણ કે પ્રમાણ તો સ્વતંત્ર છે.

**સમાધાન—**જ્યારે પ્રમાણ, વ્યવહારપ્રયોગને માટે 'સ્યાત્' શબ્દની અપેક્ષા રાખે છે, ત્યારે પ્રમાણનો ઉપનયોથી સંબંધ થાય છે. જે પ્રમાણે પ્રમાણ-નય-નિક્ષેપાત્મક વ્યવહાર હોય છે; પ્રમાણ-પ્રમાણવાન, નય-નયવાન અને નિક્ષેપ-નિક્ષેપવાનનું દ્રવ્ય (દ્રવ્યાર્થિક અથવા નિશ્ચયનય)થી અભેદ હોવાથી; તથા અન્યત્ર (પર્યાયાર્થિક અથવા વ્યવહારનયથી) ઉપચારમાં પણ ઉપચાર હોવાથી તે ઉપચારમાં 'સ્યાત્' શબ્દની અપેક્ષા રહે છે. (પૃષ્ઠ-૧૬)

**૧૭. ઈન્દ્રિયોં અને મનના નિમિત્તથી જે મનનસ્વરૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને મતિજ્ઞાન કહે છે. કોઈ એક પદાર્થના અવલંબનપૂર્વક કોઈ અન્ય પદાર્થનું જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે. જે જ્ઞાન, પોતાની મર્યાદાની અંદર-અંદર (મૂર્ત પદાર્થને) વિશદ જાણે છે—આવા**

**પ્રત્યક્ષજ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. જે જ્ઞાન, મનના માધ્યમથી (મૂર્ત પદાર્થને) વિશદ જાણે છે—આવા પ્રત્યક્ષ જ્ઞાનને મનઃપર્યયજ્ઞાન કહે છે. જે જ્ઞાન, ઈન્દ્રિય (અને મન)ની અપેક્ષાથી રહિત વિના કોઈની સહાયતાથી જાણે છે, તેને કેવળજ્ઞાન કહે છે.** (પૃષ્ઠ ૧૭-૧૮)

૧૮. પરસ્પર વિરુદ્ધ ધર્મોની એક વસ્તુમાં અવિરોધરૂપથી સિદ્ધિ કરવા માટે **નયોનો પ્રયોગ** કરવામાં આવે છે. જોકે પ્રમાણજ્ઞાન (કેવળજ્ઞાન)માં પણ ધર્મોની અવિરોધતા જ છે, કારણ કે તે તો સમસ્ત ધર્મોને પ્રત્યક્ષરૂપથી (યુગપત્) વિષય બનાવે છે, પરંતુ પરોક્ષરૂપથી વસ્તુના ધર્મો વિષય બનાવવાવાળા **પરોક્ષજ્ઞાન**માં બધા ધર્મ યુગપત્ નથી જાણી શકાતા, કારણ કે તે પ્રત્યક્ષજ્ઞાન નથી. (પૃષ્ઠ-૧૧)

**૧૯. નયનો પ્રમાણથી કથંચિત્ ભેદ હોવાથી તેમના ભિન્ન-અભિન્ન હોવામાં કોઈ દોષ નથી......નય અને પ્રમાણ બંને શ્રુતજ્ઞાનના જ ભેદ અથવા વિકલ્પરૂપ હોવાથી કથંચિત્ અભિન્ન છે.** (પૃષ્ઠ-૨૦)

૨૦. વસ્તુના અંશને ગ્રહણ કરવાવાળો નય છે અથવા શ્રુતજ્ઞાનનો વિકલ્પ નય છે અથવા જ્ઞાતાના અભિપ્રાયને **નય** કહે છે. (પૃષ્ઠ-૨૦)

**૨૧. નયના પણ બે પ્રકાર છે—નય અને ઉપનય.**

તેમાંથી નયોના મૂળભૂત બે ભેદ છે અથવા મૂળનય બે છે—૧. દ્રવ્યાર્થિકનય અને ૨. પર્યાયાર્થિકનય. (૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહારનય, (૪) ઋજુસૂત્રનય, (૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય તથા (૭) એવંભૂતનય—આ બધા થઈને નયોના સાત ઉત્તરભેદ છે. (પૃષ્ઠ ૨૦-૨૧)

**૨૨. દ્રવ્યાર્થિકનયના દસ અને પર્યાયાર્થિકનયના છ ભેદ છે.** (પૃષ્ઠ-૨૧-૨૨)

૨૩. નૈગમનયના ત્રણ ભેદ, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનયના બે-બે ભેદ છે તેમજ શબ્દનય, સમભિરૂઢનય તથા એવંભૂતનયના કોઈ ઉત્તરભેદ વર્ણવવામાં આવ્યા નથી. (પૃષ્ઠ-૨૩-૨૪)

**૨૪. શંકા—જો આ નય, (ભેદ-કલ્પના-નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય) ભેદકલ્પનાથી નિરપેક્ષ છે તો પછી આ નયનું ઉપનયથી ઉત્પન્ન થવું કેવી રીતે સંભવ છે?**

**સમાધાન—**કારણ કે આ નય, પરજ્ઞતા (પરવસ્તુઓને જાણવા સંબંધિત સર્વજ્ઞતા) આદિ ઉપચરિત સ્વભાવોને પણ ગૌણરૂપથી ગ્રહણ કરે છે. (પૃષ્ઠ-૨૬)

**૨૫. જે નય, સિદ્ધિની કામનાથી વસ્તુના ભાવને શુદ્ધ, અશુદ્ધ અને ઉપચારની વિવિક્ષાઓથી રહિત ગ્રહણ કરે છે, તે પરમભાવગ્રાહી (પરમશુદ્ધ) દ્રવ્યાર્થિકનય છે. (આ પરમભાવગ્રાહી પરમશુદ્ધ દ્રવ્યાર્થિકનયને મોક્ષના અભિલાષીઓએ શુદ્ધ ધ્યાન કરવાના પ્રયોજનથી અવશ્ય જાણવો જોઈએ.)**

**શંકા—**જો તે નય, પરમભાવનો ગ્રાહક છે તો તેનું ઉપનયથી ઉત્પન્ન થવું કઈ રીતે સંભવે છે?

**સમાધાન—**કારણ કે આ નય, ક્ષાયોપશમિક આદિ વિશેષ જ્ઞાનપર્યાયોનો પણ ગૌણપણે ગ્રાહક છે. (પૃષ્ઠ-૨૮)

**૨૬. જે નય (અશુદ્ધ) પર્યાયોને ધારણ કરવાવાળા, સંસારી જીવો (ની પર્યાયો)ને સિદ્ધ સમાન શુદ્ધ કહે છે, તે સ્વભાવરૂપ નિત્ય પર્યાયનો ગ્રાહક શુદ્ધ પર્યાયાર્થિકનય** છે. (પૃષ્ઠ-૩૦)

૨૭. જે આત્માની વિશેષ નિકટ પ્રમાણાદિ (પ્રમાણ-નય-નિક્ષેપ)ને અને પ્રમાણાદિ (પ્રમાણ-નય-નિક્ષેપ)ની વિશેષ નિકટ આત્માને પહોંચાડે છે, તે **ઉપનય** છે.

**મૂળભેદ**ની અપેક્ષા **ઉપનયનો એક જ પ્રકાર** છે.

**ઉત્તરભેદ**ની અપેક્ષા **ઉપનયોના ત્રણ ભેદ** છે—**સદ્‌ભૂત વ્યવહાર, અસદ્‌ભૂત વ્યવહાર અને ઉપચરિત વ્યવહાર.**

**ઉપનયોના ઉત્તરભેદો**ના **પણ ઉત્તરભેદ** નીચે પ્રમાણે છે—

**સદ્‌ભૂતવ્યવહારના બે ભેદ—**શુદ્ધ-સદ્‌ભૂત વ્યવહાર અને અશુદ્ધ-સદ્‌ભૂત વ્યવહાર.

**અસદ્‌ભૂત વ્યવહારના ત્રણ ભેદ—**સ્વજાતીય-અસદ્‌ભૂત વ્યવહાર, વિજાતીય-અસદ્‌ભૂત વ્યવહાર અને સ્વજાતીય-વિજાતીય-અસદ્‌ભૂત વ્યવહાર.

**ઉપચરિત વ્યવહારના ત્રણ ભેદ—**સ્વજાતીય—ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર, વિજાતીય—ઉપચરિત—અસદ્‌ભૂત વ્યવહાર અને સ્વજાતીય-વિજાતીય—ઉપચરિત—અસદ્‌ભૂત વ્યવહાર. (પૃષ્ઠ-૩૮-૩૯)

**૨૭. વસ્તુને યુક્તિમાર્ગથી નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવમાં ક્ષેપણ કરાવે અર્થાત્ સારી રીતે સ્થિત કરાવે તે નિક્ષેપ કહેવાય છે.**(પૃષ્ઠ નં. ૪૭)

**ત્રીજા અધ્યાયના મહત્વપૂર્ણ અંશ :—**

૨૮. જોકે મોક્ષરૂપી કાર્યની સિદ્ધિમાં ભૂતાર્થથી જાણેલ આત્મા આદિ ઉપાદાનકારણ છે, તથાપિ સહકારી કારણો વિના સિદ્ધિ નથી થતી, આથી જ સહકારી કારણની પ્રસિદ્ધિને માટે નિશ્ચય-વ્યવહારનું અવિનાભાવપણું કહ્યું છે. (પૃષ્ઠ-૫૦)

**૨૯. જે મૂઢતા લક્ષણવાળી હોવાથી સ્વભાવ-નિરપેક્ષ છે, મિથ્યા-દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે અને મોહના ઉદયથી ઉત્પન્ન થાય છે, તે અસત્કલ્પના કહેવાય છે, તેના નિરાકરણ (નિવૃત્તિ) માટે આ નિશ્ચય-વ્યવહારની સત્કલ્પના જિનાગમમાં કહેવામાં આવેલ છે.** (પૃષ્ઠ-૫૧)

૩૦. સર્વ વસ્તુઓના સદ્‌ભાવનું સમ્યક્ પ્રકારથી પ્રતિપાદન કરવાનું સામર્થ્ય **સત્કલ્પના**માં જ હોય છે. (પૃષ્ઠ-૫૧)

**૩૧. જોકે અસત્ કલ્પનાની નિવૃત્તિ કરવાને માટે જ વ્યવહારની આવશ્યકતા હોય છે, તથાપિ (સર્વથા) વ્યવહારથી પણ બસ થાઓ, કારણ કે વ્યવહારની 'સ્યાત્' શબ્દથી અંકિત નિશ્ચયની સાથે નિરપેક્ષતા નથી થઈ શકતી.** (પૃષ્ઠ-૫૨)

૩૨. આ કારણે પરમાર્થના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) **એકાંત વ્યવહારી**, વ્યવહારના વિષયમાં વિમૂઢ **એકાંત નિશ્ચયવાદી**, નિશ્ચય-વ્યવહાર, ઉભયના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) **એકાંત ઉભયવાદી** તથા

નિશ્ચય-વ્યવહાર, અનુભયના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) **એકાંત અનુભયવાદી**—આ સઘળાયેના મોહ (મિથ્યા અભિપ્રાય)નું નિરાકરણ કરવા માટે નિશ્ચય-વ્યવહારથી આલિંગિત કરીને વસ્તુનો નિર્ણય કરવો જોઈએ. (પૃષ્ઠ-૫૪)

**૩૩. કથંચિત્ ભેદ તથા પરસ્પર અવિનાભાવીપણાને કારણે, નિશ્ચય-વ્યવહારની સહજતાથી અનાકુળ સિદ્ધિ થાય છે, અન્યથા તેમનો આભાસ (નિશ્ચયાભાસ અથવા વ્યવહારાભાસ) જ થાય છે, એટલે 'વ્યવહાર'ની પ્રસિદ્ધિથી જ નિશ્ચયની પ્રસિદ્ધિ થઈ શકે છે, અન્યથા નહીં. (બીજી કોઈ રીતે નહીં.)** (પૃષ્ઠ-૫૪)

૩૪. સમીચીન દ્રવ્યાગમ (દ્રવ્યશ્રુત)ના આશ્રયથી સમ્યક્ પ્રકારથી સિદ્ધ કરેલ તત્ત્વનું સેવન કરવાથી વ્યવહાર-રત્નત્રયની સમ્યક્‌રૂપથી સિદ્ધિ થાય છે. એટલા માટે જ દ્રવ્યાગમ દ્વારા વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરવું (ઉપર્યુક્ત) યોગ્ય જ છે, કારણ કે તેની પ્રસિદ્ધ બોધ (સમ્યગ્જ્ઞાન વા કેવળજ્ઞાન)ના દ્વારા ઉત્પત્તિ થાય છે. માટે જ નિશ્ચય-વ્યવહારનયોની તથા તેમના આશ્રયભૂત અર્થની દ્રવ્યાગમ (દ્રવ્યશ્રુત) એવી સંજ્ઞા કહેવામાં આવી છે, તેના માધ્યમથી ભાવાગમ (ભાવશ્રુત/ પરમભાવના/ પરમાગમ /અધ્યાત્મ આદિરૂપ પરમ વાસ્તવિક તત્ત્વની અનુભૂતિ થાય છે. આ વાસ્તવિક સ્વભાવની અનુભૂતિ દ્વારા જ સામાન્ય-વિશેષાત્મક વસ્તુતત્ત્વ પ્રકાશિત થાય છે. (પૃષ્ઠ-૫૪-૫૫)

૩૫. **અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ તેમજ પ્રદેશત્વ—આ છ ગુણો સ્વજાતિ-વિજાતિ બધા દ્રવ્યોના 'સામાન્ય ગુણ' છે તથા ચેતનત્વ એવં અમૂર્તત્વ (ચેતનત્વ-અચેતનત્વમાંથી કોઈ એક તથા મૂર્તત્વ-અમૂર્તત્વમાંથી કોઈ એક)—આ બે ગુણ સ્વજાતીય દ્રવ્યોના સામાન્યગુણ છે. આ પ્રમાણે પ્રત્યેક દ્રવ્યના આઠ-આઠ સામાન્ય ગુણો છે.** (પૃષ્ઠ-૫૫)

**૩૬.** ● અસ્તિપણાનો ભાવ, **અસ્તિત્વ** છે, જે પોત-પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત થાય છે, તે જ **'સત્'** કહેવાય છે. ● વસ્તુપણાનો ભાવ,

**વસ્તુત્વ** છે. જે સામાન્ય-વિશેષાત્મક છે, તે જ **'વસ્તુ'** છે. ● દ્રવ્યપણાનો ભાવ, **દ્રવ્યત્વ** છે. (આ કારણે પ્રત્યેક વસ્તુ **'દ્રવ્ય'** કહેવાય છે). ● પ્રમેયપણા (જ્ઞેયપણા)નો ભાવ, **પ્રમેયત્વ** છે, જે પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે, તે **'પ્રમેય'** છે. ● અગુરુલઘુપણાનો ભાવ, **અગુરુલઘુત્વ** છે, જે સૂક્ષ્મ છે, વચન-અગોચર છે, પ્રતિક્ષણ પ્રવર્તમાન છે અને આગમ પ્રમાણ દ્વારા જાણવાયોગ્ય છે, તે **'અગુરુલઘુગુણ'** છે. ● પ્રદેશપણાનો ભાવ, **પ્રદેશત્વ** છે. (આ કારણે પ્રત્યેક વસ્તુમાં કોઈને કોઈ આકાર હોય છે.)

● ચેતનપણાનો ભાવ, **ચેતનત્વ** છે, જે ચૈતન્યરૂપ અનુભવન છે, તે જ ચેતનતત્ત્વ છે. ● અચેતનપણાનો ભાવ, **અચેતનત્વ** છે,—જે ચૈતન્યરૂપ અનુભવનો અભાવ છે, તે જ અચેતનત્વ છે.

● મૂર્તપણાનો ભાવ, **મૂર્તત્વ** છે, જે રૂપાદિ સ્વરૂપે હોવું છે, તે જ મૂર્તત્વ છે. ● અમૂર્તપણાનો ભાવ, **અમૂર્તત્વ** છે, જે રૂપાદિસ્વરૂપ રહિત હોવું છે, તે જ અમૂર્તત્વ છે. (પૃષ્ઠ-૫૬-૬૭)

**૩૭. એક ધર્મી (વસ્તુ)માં વસ્તુત્વના નિષ્પાદક (ઉત્પાદક) સામાન્ય-વિશેષગુણ હોય છે, તેમના પરિણામને 'પર્યાય' કહેવાય છે.** (પૃષ્ઠ-૫૮)

૩૮. જીવાદિ પદાર્થોને આગમ-પ્રમાણના દ્વારા યથોક્ત માર્ગથી ગ્રહણ કરીને તેઓને **નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપ ચાર નિક્ષેપો**માં સ્થાપિત કરીને, પ્રમાણ વાક્યો દ્વારા તેમનો વ્યવહાર કરવાથી તેઓ ઉપર કહેલ મુજબ પ્રકાશિત થાય છે. (પૃષ્ઠ-૫૮)

**૩૯. સત્તાના સત્તા-સ્વભાવની સાથે અવિનાભાવીપણું હોવાથી તેની સત્તા સિદ્ધ છે. સત્તા-સ્વભાવ અર્થાત્ પરિણામ અને તે પરિણામ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.** (પૃષ્ઠ-૫૯)

૪૦. સર્વત્ર અન્વયનો પ્રસંગ હોવાથી જ તેના સમભાવી થવાવાળા વ્યતિરેકનું અવિનાભાવી હોવું પણ આવશ્યક છે, કારણ કે તેમના અવિનાભાવીપણાથી જ લક્ષણની નિર્દોષતા માનવામાં આવી છે. જેમકે—જે સત્તાત્મક છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક અને ગુણ-પર્યાયાત્મક

છે તથા વ્યતિરેકની અપેક્ષા તે સત્તાત્મક પણ નથી. (પૃષ્ઠ-૬૧)

૪૧. **વસ્તુ એક વાસ્તવિક તથ્ય છે અને વસ્તુના અંશ 'સ્યાત્' શબ્દના દ્વારા વિકલ્પથી વસ્તુ તત્ત્વ કહેવાય છે. આ જ કારણ છે કે સ્પષ્ટરૂપથી વસ્તુના અંશ અસ્તિત્વાદિક કહેવામાં આવે છે. (પૃષ્ઠ-૬૨)**

૪૨. અસ્તિ-સ્વભાવ અને પરમ-સ્વભાવ—તેઓ **સામાન્ય સ્વભાવ** છે. ચેતન સ્વભાવ, અચેતન સ્વભાવ, મૂર્તસ્વભાવ, અમૂર્ત-સ્વભાવ, એક પ્રદેશ સ્વભાવ, અનેક પ્રદેશ સ્વભાવ, વિભાવ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, અશુદ્ધ સ્વભાવ અને ઉપચરિત સ્વભાવ—તેઓ **વિશેષ સ્વભાવ** છે. (પૃષ્ઠ-૬૩)

૪૩. **દ્રવ્ય પોતાના સ્વરૂપ-લાભથી ક્યારેય ચ્યુત નથી થતું, તેને અસ્તિત્વસ્વભાવ કહે છે.** (પૃષ્ઠ-૬૩)

૪૪. દ્રવ્ય, પારિણામિક-સ્વભાવની પ્રધાનતા હોવાથી **પરમ-સ્વભાવવાળું** છે. (પૃષ્ઠ-૬૪)

૪૫. **સ્વભાવથી અન્યથા પરિણમન કરવું 'વિભાવ' છે. કેવળ (અમિલિત અર્થાત મિલાવટ રહિત) ભાવને 'શુદ્ધભાવ' કહે છે, તેનાથી વિપરીત ભાવને 'અશુદ્ધભાવ' કહે છે.** (પૃષ્ઠ-૬૪)

૪૬. સ્વભાવોનો પણ અન્યત્ર ઉપચાર કરવાથી ઉપચરિત સ્વભાવપણું હોય છે. તે બે પ્રકારે છે. ૧. કર્મજ અને ૨. સ્વાભાવિક. જેમકે—સંસારીજીવોનું મૂર્તત્વ તથા અચેતનત્વ વગેરે કર્મોદયજનિત હોવાથી **કર્મજ ઉપચરિત સ્વભાવ** છે તથા સિદ્ધોંને પણ પરજ્ઞતા અને પરદર્શનત્વ વગેરે **સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ** છે. (પૃષ્ઠ-૬૫)

૪૭. **નયોમાં સ્વભાવોની યોજના બતાવીએ છીએ.સ્વદ્રવ્યાદિ-ગ્રાહક-નયથી 'અસ્તિ-સ્વભાવ' છે. (પરદ્રવ્યાદિ-ગ્રાહક-નયથી 'નાસ્તિ-સ્વભાવ' છે)**

ભેદ-કલ્પના-નિરપેક્ષ-નયથી **એકસ્વભાવ** છે. ભેદ-કલ્પના-સાપેક્ષ-અન્વય-દ્રવ્યાર્થિક-નયથી એક દ્રવ્યમાં પણ **અનેક દ્રવ્યસ્વભાવપણું** (અથવા **'અનેક સ્વભાવ'**) છે. સદ્ભૂત-વ્યવહારનયથી ગુણ-ગુણીમાં

**'ભેદસ્વભાવ'** છે. ભેદ કલ્પના-નિરપેક્ષ-નયથી ગુણ-ગુણીનો **'અભેદ-સ્વભાવ'** છે.

**પરમ-ભાવગ્રાહક-નયથી 'ભવ્ય-અભવ્ય પારિણામિક-સ્વભાવ' છે. શુદ્ધ-અશુદ્ધ-પરમભાવ-ગ્રાહક-નયથી જીવનો ચેતન-સ્વભાવ છે. તથા અસદ્‌ભૂત-વ્યવહારનયથી કર્મ-નોકર્મનો પણ ચેતન સ્વભાવ છે. પરમભાવ-ગ્રાહક-નયથી કર્મ-નોકર્મનો તથા અસદ્‌ભૂત-વ્યવહારનયથી જીવનો પણ 'અચેતન સ્વભાવ' છે. પરમભાવ-ગ્રાહક-નયથી કર્મ-નોકર્મનો તથા અસદ્‌ભૂત-વ્યવહારનયની અપેક્ષા જીવનો પણ 'મૂર્તસ્વભાવ' છે. પરમભાવ-ગ્રાહક-નયથી પુદ્‌ગલને છોડીને બાકીના બધા દ્રવ્યોનો 'અમૂર્તસ્વભાવ' છે.**

ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—આ ચાર દ્રવ્યોને **ઉપચારથી પણ ચેતનત્વ અને મૂર્તત્વસ્વભાવ** નથી. પરમભાવ-ગ્રાહક-નયથી કાળ દ્રવ્ય (કાળાણુ) અને પુદ્‌ગલાણુનો **'એકપ્રદેશસ્વભાવ'** છે. જ્યારે ભેદ કલ્પના નિરપેક્ષનયથી અન્ય દ્રવ્યોનો પણ **'એકપ્રદેશસ્વભાવ'** છે. ભેદકલ્પના-સાપેક્ષ-નયથી જીવ, ધર્મ, અધર્મ અને આકાશ—આ ચાર દ્રવ્યોનો **'બહુપ્રદેશસ્વભાવ'** છે. અને પુદ્‌ગલાણુનો ઉપચારથી **'બહુપ્રદેશસ્વભાવ'** છે.

**શુદ્ધાશુદ્ધ-દ્રવ્યાર્થિકનયથી 'વિભાવસ્વભાવ' છે. શુદ્ધ દ્રવ્યાર્થિક-નયથી 'શુદ્ધસ્વભાવ' છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક-નયથી 'અશુદ્ધ-સ્વભાવ' છે. અસદ્‌ભૂત-વ્યવહાર-નયથી ઉપચરિતસ્વભાવ છે.** (પૃષ્ઠ-૬૭-૭૦)

૪૮. દુર્નય-એકાંતમાં આરૂઢભાવ, સ્વ-અર્થની સિદ્ધિનો દાયક તથા હિતકારીભાવ નથી હોતો, પરંતુ તેથી વિપરીત; સુનય—એકાંતમાં આરૂઢભાવ, સ્વ-અર્થની સિદ્ધિનો દાયક તથા નિષ્કલંક (કલંકરહિત) હોય છે. (પૃષ્ઠ-૭૦)

**૪૯. પ્રમાણના દ્વારા અનેક સ્વભાવોથી યુક્ત દ્રવ્યને જાણીને તેની જ સાપેક્ષ સિદ્ધિ કરવા માટે નયોની યોજના કરની જોઈએ.** (પૃષ્ઠ-૭૫)

૫૦. દ્રવ્યને કથંચિત્ અસ્તિ-નાસ્તિરૂપ માનવું નિર્દોષ જ છે, કારણ કે ત્યારે અર્થક્રિયા કારિત્વરૂપ ફળની પ્રાપ્તિ સંભવ થાય છે. આ

પ્રમાણે દ્રવ્યને કથંચિત્ નિત્યાનિત્યાત્મક માનવાથી જ અર્થક્રિયારૂપ ફળની પ્રાપ્તિ સંભવ થાય છે. (પૃષ્ઠ-૭૫)

**૫૧. જે પ્રકારે દ્રવ્યસ્વરૂપની અપેક્ષા નિત્યપણું છે, તે પ્રકારે પર્યાયસ્વરૂપની અપેક્ષાથી પણ નિત્યપણું હોઈ શકે નહીં. આ કારણે કથંચિત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.** (પૃષ્ઠ-૭૭)

૫૨. જે પ્રમાણે સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષા વસ્તુમાં ભેદ થઈ શકે છે; તે પ્રમાણે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ભેદ નથી થઈ શકતો, આથી **કથંચિત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. (પૃષ્ઠ-૭૯)

**૫૩. ભવ્ય સ્વભાવનું ફળ પોતાની પર્યાયરૂપ પરિણમન કરવું—તે છે અને અભવ્ય સ્વભાવનું ફળ પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમનનો ત્યાગ કરવો—તે છે.** (પૃષ્ઠ ૮૦-૮૧)

૫૪. ચેતન સ્વભાવનું ફળ કર્મોનું ગ્રહણ વા ત્યાગ છે તથા અચેતન સ્વભાવનું ફળ કેવળ કર્મોનું ગ્રહણ જ છે. (પૃષ્ઠ-૮૩)

**૫૫. જેવી રીતે ભેદ કલ્પના નિરપેક્ષનયથી એકપ્રદેશીપણું છે, તેવી રીતે વ્યવહારનયની અપેક્ષાથી પણ એકપ્રદેશીપણું નથી સંભવી શકતું, આથી કથંચિત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.** (પૃષ્ઠ-૮૪)

૫૬. એકપ્રદેશીપણાનું ફળ નિશ્ચયથી એકત્વનું સમર્થન કરવું, તે છે અને અનેકપ્રદેશીપણાનું ફળ અનેક કાર્યો કરવા—તે છે. (પૃષ્ઠ-૮૫)

**૫૭. શુદ્ધસ્વભાવનું ફળ, સ્વભાવની પ્રાપ્તિ થવી તે છે અને અશુદ્ધસ્વભાવનું ફળ સ્વભાવની પ્રાપ્તિ ન થવી, તે છે.** (પૃષ્ઠ-૮૬)

૫૮. જે પ્રકારે સ્વભાવનો પણ અન્યત્ર ઉપચાર હોવાથી ઉપચરિત સ્વભાવ છે, તે પ્રકારે અનુપચારની અપેક્ષા ઉપચરિતપણું નથી ઘટી શકતું, માટે **કથંચિત્** શબ્દનો પ્રયોગ કર્યો છે. (પૃષ્ઠ-૮૬)

**૫૯. પરજ્ઞતા આદિ ઉપપચરિત સ્વભાવનું ફળ છે તથા પરજ્ઞતા આદિથી વિપરીત આત્મજ્ઞતા આદિ અનુપચરિત સ્વભાવનું ફળ છે.** (પૃષ્ઠ-૮૭)

૬૦. આત્મા પોતાના બંધ અને મોક્ષના કારણ-કલાપોથી ક્રમશઃ બંધાય છે અને મુક્ત થાય છે, અર્થાત્ અશુદ્ધભાવોથી બંધાય છે અને શુદ્ધભાવોથી મુક્ત થાય છે. (પૃષ્ઠ-૮૭)

**૬૧. આત્માનો સ્વભાવ શુદ્ધપારિણામિકભાવ છે. આ શુદ્ધસ્વભાવના સેવનથી જીવ શુદ્ધ થાય છે, મુક્ત થાય છે તથા અશુદ્ધ સ્વભાવના સેવનથી બંધાય છે; આમ શુદ્ધતા અને અશુદ્ધતા, બંને જ વિકલ્પ આરાધ્ય નથી, કેવળ પારમાર્થિકભાવ (પારિણામિક ભાવ) જ આરાધ્ય છે.** (પૃષ્ઠ-૮૭)

૬૨. જે વસ્તુ, વ્યવહારનયથી આલિંગિત થવાથી ખંડિત છે, અનેકરૂપ છે તેમજ ઉપચરિત છે, તેજ નિશ્ચયનયથી આલિંગિત હોવાથી અખંડિત છે, એક છે, અનુપચરિત છે તેમજ અનાદિ-નિધન છે; તે જ ઉભયનયોથી આલિંગિત હોવાથી ઉભયાત્મક છે તથા તે જ ઉભયનયોના વિકલ્પથી રહિત હોવાથી અનુભય સ્વરૂપ છે. આ પ્રમાણે વસ્તુ, વ્યવહારદૃષ્ટિથી આલિંગિત હોવાથી પર સાપેક્ષ વા પરસ્પર સાપેક્ષ છે તથા પરસ્પર સાપેક્ષ હોવાથી અનુભયસ્વરૂપનું પણ વ્યવહારપણું છે. (પૃષ્ઠ-૮૭-૮૮)

૬૩. **જે એક ભાવવાળું છે, તે સર્વભાવના સ્વભાવવાળું છે; તથા જે સર્વભાવ છે, તેઓ એકભાવના સ્વભાવમય છે; આથી જેણે વાસ્તવિકરૂપથી એકભાવને જાણી લીધો, તેણે વાસ્તવમાં સર્વભાવોને જાણી લીધા.....વ્યવહાર-પદવી અર્થાત્ વિકલ્પાત્મક દશામાં વ્યવહારનયથી પ્રતિપાદિત પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ જ શ્રદ્ધેયરૂપથી ઉપાદેય છે, સમર્થિત છે.** (પૃષ્ઠ ૮૮-૮૯)

૬૪. દર્શનની પહેલાં જ્ઞાન થાય છે. કારણ કે સમ્યગ્જ્ઞાનના કારણે જ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જેથી મિથ્યાત્વનો નાશ થઈને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. (પૃષ્ઠ-૮૯)

**૬૫. જ્યારે આત્મા, વ્યવહારનયથી આલિંગિત હોવાથી વ્યવહારાત્મક હોય છે. આ વ્યવહારનું જ નિશ્ચય શ્રુત પ્રતિ સાધકપણું**

**હોય છે, તે જ તેનો વ્યવહારભાવ છે.....જ્યારે તે જ પોતાના અનેકત્વને છોડીને પોતાના એકત્વ સ્વભાવમાં વર્તે છે, ત્યારે તેનું સાધકપણું હોય છે.....જ્યારે આ આત્મા, નિશ્ચયાત્મક હોય છે અર્થાત્ નિશ્ચયનયથી આલિંગિત હોવાથી આ નિશ્ચયનયનું જ નિશ્ચય શ્રુતના રૂપમાં કથન કરવામાં આવ્યું છે, આથી આ નિશ્ચય શ્રુત (ભાવશ્રુતજ્ઞાન) થી જાણવામાં આવેલ આત્મા જ 'સમયસાર' કહેવાય છે.** (પૃષ્ઠ-૯૦)

૬૬. આ **સમયસારની વ્યુત્પત્તિ** આ પ્રમાણે છે ''સમાન વા સાધારણરૂપ ક્ષાયોપશમિક વા ક્ષાયિકજ્ઞાનવાળો આ આત્મા જ **સમય** કહેવામાં આવે છે. જ્યારે આ આત્મા સમ્યક્ નિશ્ચયરૂપ વીતરાગભાવથી પરિણત હોય છે, ત્યારે તે જ સમયનો સાર હોવાથી **સમયસાર** કહેવાય છે.'' (પૃષ્ઠ-૯૧)

**૬૭. કર્મજભાવોથી અતીત જ્ઞાયકભાવ છે, તેની અનુભૂતિ નિશ્ચય દર્શન અર્થાત્ સમ્યગ્દર્શન છે.** (પૃષ્ઠ-૯૧)

૬૮. પરમ તત્ત્વના સેવનથી તથા પ્રારબ્ધ વિગેરે યોગથી સુખ, જ્ઞાન, ધ્યાન, ઋદ્ધિ વિગેરે કારણોની પ્રાપ્તિ થાય છે. (પૃષ્ઠ-૯૨)

૬૯. **સર્વપ્રથમ તે પરમ તત્ત્વની વારંવાર 'ચિંતારૂપ સંવિત્તિ' હોય છે, પછી 'તત્ત્વ ચિંતારૂપ સંતાન-સંવિત્તિ' હોય છે, તત્પશ્ચાત્ 'અનુભૂતિ સ્વરૂપ સંતાન-સંવિત્તિ' ઉત્પન્ન થાય છે, ત્યાર બાદ 'આનંદ અને પરમાનંદ' ઉત્પન્ન થાય છે. તે પ્રત્યેક જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ-ત્રણ પ્રકારના હોય છે.** (પૃષ્ઠ-૯૨)

૭૦. જ્યારે અશુભરાગ વિગેરેરૂપ બાહ્ય વિનોદોથી વીતરાગી થઈને, ભૂતાર્થથી જાણવામાં આવેલ સમયસારસ્વરૂપ જ્ઞાનસૂર્યના પ્રતાપ તથા પ્રકાશથી મહાવિભ્રમરૂપ મોહાંધકારનો નાશ થાય છે, ત્યારે તે જ પ્રારબ્ધયોગી તે આત્માના જ્ઞાનાનંદ-સ્વભાવને સતત સ્વ-સંવિત્તિ દ્વારા અનુભવ કરતો થકો વિકલ્પનો ત્યાગ કરે છે. (પૃષ્ઠ-૯૩)

૭૧. **જે રીતે સમ્યક્ વ્યવહારથી મિથ્યા વ્યવહારનું નિરાકરણ થાય છે; તે રીતે નિશ્ચયના દ્વારા વ્યવહારના વિકલ્પ પણ નિવૃત્ત થાય છે. જે**

**રીતે નિશ્ચયનય દ્વારા વ્યવહારના વિકલ્પ નિવૃત્ત થાય છે, તે રીતે સ્વપર્યવસિત સ્વભાવ (પરમ નિરપેક્ષ સ્વાશ્રિતસ્વભાવ)ના અવલંબનથી એકત્વનો વિકલ્પ પણ છૂટી જાય છે.** (પૃષ્ઠ-૯૪)

૭૨. આ રીતે જીવનો જે **સ્વપર્યવસિત સ્વભાવ છે, તે નયપક્ષાતીત** છે. (પૃષ્ઠ-૯૪)

આ પ્રમાણે આ ગ્રંથના અનેક મૌલિક પ્રકરણ મૂળભૂત વાચવાલાયક છે. જેમાં **વ્યવહારનયનું ઉપનયથી ઉપજનિત થવું, નયોના મૂળભેદમાં નય-ઉપનયનું હોવું, અનુભય-સ્વરૂપનું પણ વ્યવહારપણું, સમ્યક્ વ્યવહારથી મિથ્યાવ્યવહારનો, નિશ્ચયથી વ્યવહારનો, સ્વપર્યવસિત—સ્વભાવથી નિશ્ચયના વિકલ્પનું પણ નિરાકરણ, ચિંતારૂપ સંવિત્તિ-ચિંતારૂપ સંતાન સંવિત્તિ—અનુભૂતિ સ્વરૂપ સંતાન સંવિત્તિ-ત્યારબાદ આનંદ-પરમાનંદની ઉત્પત્તિ** વિગેરે વિષય પ્રમુખ છે; જેનો સમગ્ર આગમની દૃષ્ટિએ વારંવાર અધ્યયન-મનન-ચિંતન તેમજ ઊંડાણથી વિચાર કરવો અનિવાર્ય છે.

આમાં અનેક પ્રકરણ એવા છે કે જેના પર લેખકે/સંપાદકે પણ કંઈક લખવું યોગ્ય હતું પરંતુ લેખની વિસ્તૃતતાના ભયથી અને પાઠકોએ સ્વયં ચિંતન કરવાના ઉદ્દેશ્યથી પણ લેખને વિરામ આપ્યો છે. ફળસ્વરૂપ આ અધ્યાત્મનું પોષક, જિનાગમનો વિશિષ્ટ પ્રકરણ ગ્રંથ સમાજને સમર્પિત છે. આશા છે કે—સમગ્ર સમાજ આ ગ્રંથનું જાગ્રતિપૂર્વક અધ્યયન કરીને, આત્મોન્નતિના પથ પર આગળ વધે—આજ ભાવના સાથે વિરામ લઉં છું.

**—ડૉ. રાકેશ જૈન શાસ્ત્રી, નાગપુર**

# પ્રસ્તાવના

**हेलोल्लुप्तमहामोह-तमस्तोमं जयत्यदः ।**
**प्रकाशयज्जगत्तत्त्वमनेकान्तमयं महः ॥**

'શ્રુતભવનદીપક નયચક્ર'—આ એક એવો અલૌકિક લઘુકાય ગદ્ય-પદ્યાત્મક ચમ્પૂ ગ્રંથરત્ન છે જે સંક્ષેપમાં આગમ-અધ્યાત્મના સમસ્ત રહસ્યોને નયોના વિવેચન દ્વારા સરળતાથી સમજ આપવામાં સમર્થ છે. આ શ્રીમદ્ દેવસેન આચાર્યજી (રચનાકાળ ઈ.સ. ૯૩૩-૯૫૫) દ્વારા નયો સંબંધ **સમયસાર**ની ત્રણ ગાથાઓ (૧૧, ૧૨ અને ૧૪૩મી) ને આધાર બનાવીને લખવામાં આવ્યો છે.

'દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર'ના રચયિતા શ્રી માઈલ્લ ધવલે (રચનાકાળ લગભગ ઈ.સ. ૧૧૩૬-૧૨૪૩) અંતિમ ત્રણ ગાથાઓ (૪૨૩-૨૪-૨૫)માં સંભવિત પ્રાકૃત 'શ્રુતભવનદીપક નયચક્ર' ગ્રંથને આધાર બનાવીને જ કહ્યું છે—

**સ્યાત શબ્દથી યુક્ત સુનય દ્વારા દુર્નયરૂપી દૈત્યના શરીરનો સંહાર કરવામાં એક માત્ર શ્રેષ્ઠ વીર, 'નયચક્ર'ના કર્તા તે શ્રી દેવસેન નામક ગુરુને નમસ્કાર હો. ૪૨૩.**

**જે 'દ્રવ્ય-સ્વભાવ પ્રકાશ' દોહામાં રચાયેલું જોવામાં આવ્યું, માઈલ્લ ધવલે તેને ગાથાબદ્ધ કર્યું. ૪૨૪.**

**જેવી રીતે, અનુકૂળ વાયુના દ્વારા પ્રેરિત થયેલું વહાણ તરવા માટે સમર્થ થાય છે, તે રીતે જ શ્રી દેવસેન મુનિએ નયચક્રને ફરી રચ્યું. ૪૨૫.**

ઉપરોક્ત ગાથામાં શ્રી માઈલ્લ ધવલે નયચક્રના કર્તા શ્રી દેવસેનને 'ગુરુદેવ' તથા 'મુનિ' શબ્દથી ઉલ્લેખ કર્યો છે; તેથી ખ્યાલમાં આવે છે કે દેવસેનાચાર્ય તેમના પરંપરાએ ગુરુ હતા, સાક્ષાત્ ગુરુ નહીં. જોકે શ્રી દેવસેન નામના અનેક દિગંબર આચાર્ય થઈ ગયા છે, તોપણ 'શ્રુતભવનદીપક નયચક્ર'ના રચયિતા તે જ દેવસેન આચાર્ય છે, જેમણે દર્શનસાર, આલાપપદ્ધતિ, આરાધનાસાર વિગેરે ગ્રંથોની રચના કરી છે.

આમાંથી દર્શનસારમાં મિથ્યામતો તેમજ જૈનાભાસોનું વર્ણન છે, આલાપપદ્ધતિ, પ્રમાણ-નય-વિષયક સૂત્રગ્રંથ છે, આરાધનાસાર ચતુર્વિધ આરાધના-વિષયક સંસ્કૃત ગ્રંથ છે તથા ભાવસંગ્રહ, તત્ત્વસાર પણ આજ દેવસેનાચાર્યની જ રચના છે.

પ્રત્યેક વસ્તુ અનંતગુણ-ધર્માત્મક હોવાથી 'અનેકાંતાત્મક' છે અને વસ્તુના આ અનેકાંત સ્વરૂપને સમજાવવાવાળી સાપેક્ષ કથન પદ્ધતિને 'સ્યાદ્વાદ કહે છે.

'સ્યાદ્વાદ, સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સિદ્ધ કરવાવાળું, અરિહંત-સર્વજ્ઞનું અસ્ખલિત નિર્બાધ શાસન છે. સ્યાદ્વાદ કહે છે કે અનેકાંત સ્વભાવવાળી હોવાથી બધી વસ્તુઓ અનેકાંતાત્મક છે....જે વસ્તુ તત્ છે, તે જ અતત્ છે; જે એક છે, તે જ અનેક છે; જે સત્ છે, તે જ અસત્ છે; જે નિત્ય છે, તે જ અનિત્ય છે; આ પ્રમાણે એક વસ્તુમાં વસ્તુત્વની ઉત્પાદક પરસ્પર વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.''
(સમયસાર પરિશિષ્ટ સ્યાદ્વાદ અધિકાર)

'સર્વથા' એકાંતનો ત્યાગ કરીને 'કથંચિતનું વિધાન કરવાનું નામ 'સ્યાદ્વાદ' છે—આ સાત ભંગો અને નયોની અપેક્ષા રાખે છે તથા હેય અને ઉપાદેયના ભેદને પણ બતાવે છે. (આપ્તમીમાંસા, કારિકા-૧૦૪)

અનેકાંત શબ્દમાં 'અનેકનો અર્થ છે—'એકથી અધિક' અર્થાત્ બેથી લઈને અનંત સુધીની સંખ્યા. તથા અંતનો અર્થ છે—'ધર્મ' અથવા 'ગુણ'. જ્યાં 'અનેક'નો અર્થ 'બે' લેવામાં આવશે ત્યાં આગળ 'અંત'નો અર્થ 'પરસ્પર વિરોધી ધર્મયુગલમાંથી એક ધર્મ' હશે અને જ્યાં 'અનેક'નો અર્થ 'અનંત' લેવામાં આવે ત્યારે ત્યાં 'અંત'નો અર્થ ગુણ સમજવો.

આ પ્રમાણે ગુણોના અર્થમાં અનંતગુણાત્મક વસ્તુ જ અનેકાંત છે તથા ધર્મયુગલોના અર્થમાં પરસ્પર વિરુદ્ધ પ્રતીત થવાવાળા બે ધર્મોનું એક જ વસ્તુમાં હોવું 'અનેકાંત' છે. આમાં ધ્યાન રાખવા યોગ્ય વાત એ છે કે 'સ્યાત્કાર' (કથંચિત વા અપેક્ષા)નો પ્રયોગ ધર્મમાં થાય છે અથવા થઈ શકે છે, પરંતુ ગુણોમાં નહીં; માટે સ્યાત્કારનો પ્રયોગ સર્વત્ર, સદૈવ

ધર્મયુગલો (ધર્મો)માં જ કરવામાં આવે છે. કોઈપણ જગ્યાએ ક્યારેય પણ અનુજીવી ગુણો સાથે નહીં.

જોકે ધર્મ, ગુણ, શક્તિ, સ્વભાવ વિગેરે એકાર્થવાચી જેવા લાગે છે, બોલવામાં પણ આવે છે; તથાપિ સૂક્ષ્મદૃષ્ટિથી ગુણ અને ધર્મમાં થોડું અંતર પણ છે.

પ્રત્યેક વસ્તુમાં અનંત શક્તિઓ છે, જેને ગુણ પણ કહે છે અને ધર્મ પણ કહે છે. આજ પ્રમાણે પર્યાયોમાં વ્યક્ત થવાવાળા ગુણોના સામર્થ્યને પણ શક્તિ કહે છે. જેમકે, ક્ષાયોપશમિક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને ક્ષાયિક કેવળજ્ઞાન પર્યાયોની વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ વા ક્ષયના નિમિત્તથી પોતપોતાના જ્ઞેયોને મર્યાદિત અથવા અમર્યાદિતરૂપથી જાણવાના સામર્થ્યરૂપ પર્યાયગત શક્તિઓ.

તથા જે શક્તિઓ પરસ્પર વિરુદ્ધ પ્રતીત થાય છે વા સાપેક્ષ હોય છે, તેને ધર્મ કહે છે. જેવી રીતે, નિત્યત્વ-અનિત્યત્વ, એકત્વ-અનેકત્વ, સત્-અસત્, તત્-અતત્ વિગેરે. આ સાપેક્ષ ધર્મોની ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો નથી હોતી, કારણ કે ધર્મ તો સદા એકરૂપ સ્વધર્મસ્વરૂપ જ બની રહે છે.

ગુણોની પર્યાય હોય છે, ત્યાં જે શક્તિઓ વિરોધાભાસથી રહિત છે, નિરપેક્ષ છે તેને 'ગુણ' કહે છે. જેમકે, આત્માના જ્ઞાન, દર્શન, સુખ આદિ અને પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિગેરે. આ ગુણોની ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો પ્રતિસમય થતી જ રહે છે.

એક વસ્તુમાં ગુણોની સત્તા/વિદ્યમાનતા એકસાથે બધા જૈન-જૈનેત્તર વિદ્વાન સ્વીકાર કરે છે, પરંતુ પરસ્પર વિરોધી ધર્મ-યુગલોની સત્તાને સ્યાદ્વાદી જૈન જ સ્વીકાર કરે છે, જૈનેત્તર તો કોઈ એક ધર્મ-પક્ષને પકડીને (સાંખ્ય, બૌદ્ધ, વેદાંતી વિગેરે) પક્ષપાતી થઈ જાય છે, આથી અનેકાંત-સ્યાદ્વાદમાં પરસ્પર-વિરુદ્ધ ધર્મ/શક્તિઓનું પ્રકાશન/વિવેચન ઉપર સર્વાધિક બળ આપવામાં આવ્યું છે, કારણ કે તે વસ્તુનો સહજ

સ્વભાવ છે. શબ્દોની શક્તિ મર્યાદિત હોવાથી વસ્તુમાં વિદ્યમાન અનંતગુણો તથા ધર્મોને યુગપત કહેવું અશક્ય હોવાથી તેમને ક્રમ-ક્રમથી જ પ્રતિપાદિત કરવામાં આવે છે.

જ્યારે જે ગુણ/ધર્મનું કથન/પ્રતિપાદન મુખ્યપણે કરવામાં આવી રહ્યું હોય ત્યારે અન્યગુણો/ધર્મોની ગૌણતા રહે છે, તેમનો નિષેધ ન સમજવો જોઈએ, કારણ કે તેમના સંબંધી હમણા કંઈપણ કહેવામાં આવી રહ્યું નથી. મુખ્ય-ગૌણની વિવક્ષા-કથન/પ્રતિપાદનમાં હોય જ છે, જે વક્તાના અભિપ્રાય પર નિર્ભર કરે છે. વસ્તુમાં તો બધા ગુણો/ધર્મો એકીસાથે જ વિદ્યમાન હોય છે.

જગતના બધા પદાર્થ/દ્રવ્ય/વસ્તુઓ સ્વતઃસિદ્ધ/સ્વભાવસિદ્ધ છે, કારણ કે તેઓ અનાદિનિધન છે, અકૃત્રિમ છે, કોઈ કાલ્પનિક ઈશ્વરની રચના નથી. જેની આદિ (પ્રારંભ) નથી અને અંત (નાશ) નથી—આવા અનાદિનિધન બધા જીવાદિ દ્રવ્યો પોતાની સત્તા તેમજ અર્થક્રિયાને માટે સાધનાંતરની અપેક્ષા નથી રાખતા. તેઓ પોતપોતાના ગુણ-પર્યાયાત્મક સ્વભાવને, કે જે મૂળ સાધન છે, તેને ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થઈ વર્તતા રહે છે.

વાસ્તવમાં દ્રવ્યોથી દ્રવ્યાંતરોની ઉત્પત્તિ નથી થતી, તેમના ગુણ-ધર્મોનો અન્યોન્ય–પ્રવેશ (interchangability) નથી થતો; જીવ (ચેતન) દ્રવ્ય પલટાઈને અજીવ (જડ) દ્રવ્ય અથવા અજીવ(જડ) દ્રવ્ય પલટાઈને જીવ (ચેતન) દ્રવ્ય થઈ જાય—એવું ત્રણકાળમાં ક્યારેય પણ બનતું નથી.

કોઈપણ પ્રરૂપણામાં 'જ' અથવા 'પણ' શબ્દોનો પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. 'પણ' અને 'જ' શબ્દનો પ્રયોગ ક્યારે, ક્યાં, કેટલું, ક્યા રૂપમાં કરવા જોઈએ અથવા કરવામાં આવે છે; તેનો વિવેક અવશ્ય જ હોવો જોઈએ. જ્યાં 'પણ' અનુક્તની સત્તાનું સૂચક છે તો 'જ' દૃઢતાનું સૂચક છે. 'પણ'ના પ્રયોગમાં સમન્વયની અને 'જ'ના પ્રયોગમાં આગ્રહની ગંધ ન હોવી જોઈએ.

આજકાલ કોઈ સમન્વયવાદી 'આ ધર્મ પણ ઠીક છે અને તે ધર્મ પણ ઠીક છે'—આ પ્રકારે 'જ'નો ખોટો પ્રયોગ કરતા જોવામાં આવે છે, જ્યારે 'પણ' લગાવવાનું કે બોલવાનું પ્રયોજન તો એ છે કે અમે જે કહી રહ્યા છીએ, વસ્તુમાત્ર તેટલી જ નથી, અન્યપણ છે. તે પ્રમાણે 'જ' (જે દૃઢતાનું સૂચક છે, નહીં કે આગ્રહનું) બતાવે છે કે અન્ય દૃષ્ટિકોણોથી જોવામાં આવતા વસ્તુમાં હજુ ઘણું બધું છે, પરંતુ જે દૃષ્ટિકોણથી આ વાત કહેવામાં આવી રહી છે, તે દૃષ્ટિકોણથી તે વસ્તુ તેવી જ છે, તેમાં શંકાને કોઈ ગુંજાઈશ નથી.

આ પ્રમાણે આ બંને ('જ' અને 'પણ') શબ્દોના પ્રયોગ એકબીજાના વિરોધી નથી, પરંતુ પૂરક છે. 'જ' પોતાના વિષયમાં અન્ય શંકાઓનું નિરાકરણ કરી દૃઢતા વધારે છે અને 'પણ' વસ્તુના અન્યપક્ષોની સંભાવનાથી ઈન્કાર નહીં કરતા, તેમના વિષયમાં મૌન રહીને પણ વસ્તુની સ્વરૂપસત્તાને સુનિશ્ચિતતા પ્રદાન કરે છે. સ્યાદ્વાદ, એ સંભાવનાવાદ નથી, નિશ્ચયાત્મક/નિર્ણયાત્મક હોવાથી પ્રમાણ છે.

પ્રમાણ વાક્યમાં માત્ર 'સ્યાત્પદ'નો પ્રયોગ થાય છે, પરંતુ નય વાક્યમાં 'સ્યાત્'પદની સાથે, 'જ'નો પ્રયોગ પણ થાય છે—તેનો પ્રયોગ આવશ્યક પણ છે, કારણ કે 'જ' સમ્યક્ એકાંતનું સૂચક છે તથા 'પણ' સમ્યક્ અનેકાંતનું સૂચક છે. જૈનદર્શન કહો કે અનેકાંતવાદીદર્શન કહો—એક જ વાત છે.

જૈનદર્શન એ 'અનેકાંતમાં પણ અનેકાંત' (**अनेकान्तोऽप्यनेकान्तः**–स्वयंभूस्तोत्र-१०३)નો સ્વીકાર કર્યો છે અર્થાત્ વસ્તુતઃ જૈનદર્શન ન તો સર્વથા એકાંતવાદી છે અને ન સર્વથા અનેકાંતવાદી, તે તો કથંચિત્ એકાંતવાદી અને કથંચિત્ અનેકાંતવાદી છે; તેને 'અનેકાંતમાં અનેકાંત' પણ કહે છે. આ એકાંત અને અનેકાંત પણ સમ્યક્ અને મિથ્યાના ભેદથી બે પ્રકારે છે—સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંત; તથા સમ્યક્ અનેકાંત અને મિથ્યા અનેકાંત. નિરપેક્ષનય મિથ્યા એકાંતસ્વરૂપ હોય છે અને સાપેક્ષનય સમ્યક્ એકાંત સ્વરૂપ હોય છે. સાપેક્ષનયોનો સમૂહ સમ્યક્

અનેકાંત સ્વરૂપ શ્રુતપ્રમાણરૂપ છે અને નિરપેક્ષનયોનો સમૂહ મિથ્યા અનેકાંતસ્વરૂપ પ્રમાણાભાસરૂપ હોય છે.

કાર્તિકેયાનુપ્રેક્ષામાં પણ કહ્યું છે—જે વસ્તુ અનેકાંતરૂપ છે, તે સાપેક્ષ દૃષ્ટિથી એકાંતરૂપ પણ છે. પ્રમાણજ્ઞાનની અપેક્ષાથી અનેકાંતરૂપ છે અને નયોની અપેક્ષાથી એકાંતરૂપ છે.

જોકે વસ્તુનો સ્વભાવ નિરપેક્ષ જ હોય છે; તર્કાતીત-નયવિકલ્પાતીત જ હોય છે; તેમ છતાં અપેક્ષા લગાવ્યા વિના વસ્તુનું યથાર્થ સ્વરૂપ દૃષ્ટિગોચર થઈ શકતું નથી તે કારણે સમ્યક્ એકાંતસ્વરૂપ નય કહેવાય છે અને સમ્યક્ અનેકાંત સ્વરૂપ પ્રમાણ કહેવાય છે.

પુરુષાર્થસિદ્ધિ ઉપાય શ્લોક-૨માં કહ્યું છે કે—પરમાગમના બીજ સ્વરૂપ (જીવભૂત) અનેકાંતમાં સંપૂર્ણ નયો (સમ્યક્ એકાંતો)નો વિલાસ-પ્રકાશ હોય છે, જેમાં સમસ્ત એકાંતોના વિરોધને સમાપ્ત કરવાનું સામર્થ્ય છે.

જેમકે, અનેક જન્માંધ પુરુષો એક હાથીને સ્પર્શીને તેને જાણવાનો પ્રયત્ન કરે છે અને પછી પરસ્પર એકબીજાને હાથી કેવો છે?—આ બતાવવા લાગે છે. જેણે હાથીનો પગ સ્પર્શ્યો, તેને હાથી થાંભલા સમાન, જેણે હાથીનું પેટને સ્પર્શ્યું, તેને હાથી દિવાલ સમાન, જેણે હાથીના કાન સ્પર્શ્યા, તેને હાથી સૂપડા જેવો, જેણે હાથીની પૂછડી પકડી તેને હાથી દોરડા સમાન, જેણે હાથીની સૂંઢ પકડી તેને હાથી કેળના થડ સમાન જાણવામાં આવે છે. તે કારણે તેઓ કારણે તેવું જ વર્ણવે છે, પરંતુ તેમનું આમ કહેવું સંપૂર્ણ હાથીના વિષે સાચું નથી, કારણ કે તેઓ જાણી રહ્યા છે હાથીના એકાંશને અને માની રહ્યા છે સર્વાંશ હાથીને.

જો એકાંશને સર્વાંશ માનવામાં આવે તો તે ખોટું ઠરશે, પરંતુ જો એકાંશને એકાંશ જ માનવામાં આવે તો તે ખોટું નહીં હોય; કારણ કે જેમ, ખૂલ્લા સ્વસ્થ નેત્રવાળી વ્યક્તિ હાથીને જુએ છે તો તે સર્વ એકાંશોની સમગ્રતારૂપ સર્વાંશોની એકતારૂપ જ હાથી જાણે છે અને 'સ્યાત'પદના પ્રયોગથી તે જન્માંધ વ્યક્તિઓના કથનને કોઈ અપેક્ષાથી

તેમના એકાંશરૂપ એકાંતને જાણવું પણ સત્ય છે—એમ જાણે છે, પરંતુ હાથી સર્વથા તેટલો માત્ર જ નથી, કથંચિત્ કોઈ અપેક્ષાથી હાથી 'આવો છે' અને બીજી અપેક્ષાઓથી હાથી 'તેવો પણ છે'; આથી અંશોના સંબંધી 'પણ' લગાવવું આવશ્યક થઈ ગયું.

આ પ્રકારે જો અપેક્ષા વિશેષ (નય)ને સ્પષ્ટ કરવામાં આવે તો 'જ' લગાવવું ગલત નથી, પરંતુ તે સ્થિતિમાં 'જ' લગાવવો આવશ્યક છે; જો કે પૂર્ણ (પ્રમાણ)ના વિષે તે 'જ' આંશિક સત્ય છે, પૂર્ણ સત્ય નથી, માટે 'પણ' લગાવવો જરૂરી છે.

વસ્તુમાં જે પરસ્પર વિરોધી નિત્યત્વ-અનિત્યત્વ વિગેરે ધર્મયુગલ કહેવામાં આવ્યા છે, તેઓ બધા જ સંભાવ્યમાન પરસ્પર વિરોધી ધર્મ જ હોય છે, અસંભાવ્યમાન નહીં; અન્યથા ચેતનત્વ-અચેતનત્વ, ભવ્યત્વ-અભવ્યત્વ વિગેરે ધર્મોની સંભાવનાનો પ્રસંગ આવશે કે જેનો ઇન્કાર નહીં કરી શકાય.

ખરેખર સર્વથા અથવા સંપૂર્ણતઃ પરસ્પર વિરોધી ધર્મ આત્મામાં નથી રહેતા. અનેકાંત તો પરસ્પર વિરોધી પ્રતીત થવાવાળા ધર્મોનું (seemingly contradictory traits) જ પ્રકાશન કરે છે, નહીં કે સંપૂર્ણતયા સર્વથા વિરોધી ધર્મોનું.

આથી સાવધાન કરતા થકા આચાર્યોએ નયચક્રમાં કહ્યું છે કે—'જે વ્યક્તિને સ્યાદ્વાદરૂપી જિનવરકથિત નયચક્ર, સાચી સમજ તેમજ સાવધાનીપૂર્વક ચલાવતા નથી આવડતું, તે ઇન્દ્રજાળની સમાન તે નયચક્રથી પોતાનું મસ્તક જ ખંડિત કરી લે છે, માટે તેને ચલાવતા પૂર્વે નયચક્ર ચલાવવામાં પ્રવીણ એવા જ્ઞાની ગુરુઓનું શરણ લેવું જોઈએ, તેમના માર્ગદર્શન અનુસાર જિનવાણીનો મર્મ સમજવો જોઈએ. સ્યાદ્વાદ, તે કોઈ સંશયવાદ અથવા કલ્પિત સંભાવનાવાદ અથવા અનિશ્ચયવાદ નથી. સ્યાદ્વાદ અથવા સ્યાદ્વાદી જે કાંઈપણ કહે છે, તેને દઢતાની સાથે કહે છે, કોઈ કલ્પના નથી કરતો.

તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે

**प्रमाण-नयेरधिगमः ।** **(-तत्त्वार्थसूत्र १/६)**

સમ્યગ્દર્શનાદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વોનું જ્ઞાન, પ્રમાણ-નયરૂપી સાધનો દ્વારા થાય છે.

સમ્યગ્જ્ઞાન (સંશય-વિપર્યય-અનધ્યવસાયરહિત જ્ઞાન)ને 'પ્રમાણ' કહે છે; આ 'પ્રમાણ', વસ્તુના સર્વદેશને (બધા પાસાઓ સહિત અર્થાત્ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક, અન્વય-વ્યતિરેકાત્મક, સામાન્ય-વિશેષાત્મક વસ્તુને) ગ્રહણ કરે છે, જાણે છે.

પ્રમાણ દ્વારા નિર્ણિત-નિશ્ચિત થયેલ અનંતધર્માત્મક વસ્તુના એકદેશને જે જ્ઞાન જાણે છે, મુખ્યતાથી ગ્રહણ કરે છે તેને 'નય' કહે છે.

વસ્તુમાં ધર્મરૂપ અંશ અનંત હોય છે, માટે તેના જ્ઞાનરૂપનયાત્મક અંશ પણ અનંત હોઈ શકે છે, શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ હોય છે. આ કારણે શ્રુતપ્રમાણના વિકલ્પ, ભેદ અથવા અંશને 'નય' કહે છે; આથી નય તે શ્રુતજ્ઞાન પ્રમાણ સાપેક્ષ જ હોય છે; બાકી ચાર જ્ઞાન (મતિ-અવધિ-મન:પર્યય-કેવળ)માં નય હોતા નથી. પ્રમાણ અને નયને ભેગા કરવા તેને 'યુક્તિ' કહે છે. વસ્તુની એકદેશ-પરીક્ષા 'નયનું લક્ષણ' છે.

આગમ વિવક્ષામાં વસ્તુના સામાન્ય અંશને ગ્રહણ કરવાવાળો દ્રવ્યાર્થિકનય અને વિશેષને ગ્રહણ કરવાવાળો 'પર્યાયાર્થિકનય' કહેવામાં આવે છે.

ગુણોનો અંતર્ભાવ દ્રવ્ય-પર્યાયમાંથી કોઈને કોઈમાં થઈ જાય છે, માટે તેને ગ્રહણ કરવાવાળો પૃથક્ નય માનવામાં આવ્યો નથી. ગુણ, દ્રવ્યનું જ સ્વરૂપ હોવાથી તેમનો અભેદરૂપથી અંતરભાવ દ્રવ્યાર્થિકનયમાં તથા તેઓ ભેદસ્વરૂપ હોવાથી તેમનો ભેદોનો અંતર્ભાવ પર્યાયાર્થિકનયમાં થાય છે.

આ પ્રકારે પ્રમાણનો વિષય સામાન્ય-વિશેષાત્મક વસ્તુ હોવાથી તેને અનેકાંતગ્રાહી, સકલાદેશી, સર્વાંશગ્રાહી, સકલવસ્તુગ્રાહક એવં સર્વનયાત્મક માનવામાં આવે છે, જ્યારે કે નયનો વિષય અંશગ્રાહી

હોવાથી તેને એકાંતગ્રાહી, વિકલાદેશી, એકાંશગ્રાહી અને એકનયાત્મક માનવામાં આવે છે.

અધ્યાત્મ વિવિક્ષામાં નયોના મૂળ ભેદ બે માનવામાં આવ્યા છે—નિશ્ચયનય અને વ્યવહારનય. તે સંબંધમાં આલાપપદ્ધતિ (ગાથા-૩) તેમજ દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર (ગાથા-૧૮૨) માં એક ગાથા આવે છે—

**णिच्छयववहारणया, मूलिमभेया णयाण सव्वाणं ।**
**णिच्छयसाहणहेऊ, दव्वत्थपज्जयत्थिया मुणह ॥**

અર્થાત્ બધા નયોનું મૂળ નિશ્ચય અને વ્યવહાર—આ બે નય છે. દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક—આ બંને નિશ્ચય વ્યવહારના હેતુ છે.
(પરમભાવપ્રકાશક નયચક્ર, પૃષ્ઠ-૩૪)

અન્ય શાસ્ત્રમાં આ ગાથાનો બીજા પ્રકારથી પણ અર્થ કરવામાં આવ્યો છે—

૧. બધા નયોના મૂળભૂત ભેદ નિશ્ચયનય અને વ્યવહારનય છે. નિશ્ચયના સાધનમાં હેતુ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય છે—એમ જાણો. (દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા-૧૮૨, પૃષ્ઠ ૧૦૪)

૨. સંપૂર્ણ નયોના બે મૂળ ભેદ છે—નિશ્ચયનય અને વ્યવહારનય. નિશ્ચયનો હેતુ દ્રવ્યાર્થિકનય છે અને સાધનનો હેતુ અર્થાત્ વ્યવહારનો હેતુ પર્યાયાર્થિકનય છે. (આલાપપદ્ધતિ, પૃષ્ઠ-૧૦૪)

**'व्यवहारनयः किल पर्यायाश्रिततत्वात्....निश्चयनयस्तु द्रव्याश्रिततत्वात्'** અર્થાત્ વ્યવહારનય તો પર્યાયાશ્રિત છે અને નિશ્ચયનય દ્રવ્યાશ્રિત છે. (સમયસાર ગાથા ૫૬ની ટીકા)

૩. બધા નયોના મૂળભૂત ભેદ બે છે—નિશ્ચયનય અને વ્યવહારનય. તેઓમાં નિશ્ચય-વ્યવહાર બંનેનો હેતુ દ્રવ્યાર્થિક—પર્યાયાર્થિકનય બંને છે. અર્થાત્ નિશ્ચયનયનો હેતુ પણ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બંને નય છે અને વ્યહારનયનો હેતુ પણ દ્રવ્યાર્થિક—

પર્યાયાર્થિક બંને નય છે; કારણ કે સર્વત્ર અધ્યાત્મનો હેતુ આગમ છે.

**નયોની કથંચિત્ હેયોપાદેયતા :**

સમયસાર ગાથા ૧૪૨મા આચાર્ય કુંદકુંદદેવે લખ્યું છે–

**कम्मं बद्धमबद्धं, जीवे एवं तु जाण णयपक्खं ।**
**पक्खादिक्कंतो पुण, भण्णदि जो सो समयसारो ।।**

અર્થાત્ 'જીવમાં કર્મ બંધાય છે અથવા નથી બંધાયેલા.' આ પ્રમાણે આ બંને નયપક્ષ છે તથા જે પક્ષથી અતિક્રાંત (નયપક્ષનું ઉલ્લંઘન કરવાવાળો) છે,–તે સમયસાર છે. (અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ અથવા તેની અનુભૂતિ કરવાવાળો) છે.

આ ગાથાની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા (હિન્દી અનુવાદ) આચાર્ય અમૃતચંદ્રદેવ લખે છે કે–

''વાસ્તવમાં–'જીવમાં કર્મ-બંધ છે'–એમ કહેવું તથા 'જીવમાં કર્મ-બંધ નથી'–એમ કહેવું; આ પ્રમાણે આ બંને વિકલ્પ છે, તેઓ બંને જ નયપક્ષ છે.

જે આ નયપક્ષોના વિકલ્પોનું ઉલ્લંઘન કરે છે, છોડે છે; તે સમસ્ત વિકલ્પોથી દૂરવર્તી થાય છે અર્થાત્ તે સ્વયં નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘન સ્વભાવરૂપ થઈને સમ્યક્ પ્રકારથી સાક્ષાત્ સમયસાર થાય છે.

પ્રથમ તો જે 'જીવ કર્મથી બંધાયેલો છે'–એવો વિકલ્પ કરે છે તે 'જીવ કર્મથી બંધાયેલો નથી'–એ પક્ષને છોડતા થકો પણ વિકલ્પને છોડતો નથી તથા જે 'જીવ કર્મથી બંધાયેલો નથી'–એવો વિકલ્પ કરે છે, તે પણ 'જીવ કર્મથી બંધાયેલો છે'–એવા અન્યપક્ષને છોડવા છતાં પણ વિકલ્પને નથી છોડતો તથા જે 'જીવ કર્મથી બંધાયેલો છે અને નથી પણ બંધાયેલો'–આવો વિકલ્પ કરે છે, તે એ બંને પક્ષોને નહીં છોડતો થકો, વિકલ્પને નથી છોડતો. એટલા માટે જ જે સમસ્ત નયપક્ષને જ છોડે છે, તે જ સમસ્ત વિકલ્પોને છોડે છે અને તે જ સમયસાર (શુદ્ધ આત્મા)નો અનુભવ કરે છે.''

પંડિત જયચંદજી છાબડાએ આ ગાથાનો સાર આત્મખ્યાતિ ટીકા અનુસાર ભાવાર્થ લખીને કર્યો છે, તે આ પ્રમાણે છે :—

''જીવ કર્મથી બંધાયેલ છે' તથા 'જીવ કર્મથી બંધાયેલ નથી' આ બંને નયપક્ષ છે; તેમાંથી 'કોઈએ બંધ પક્ષ પકડ્યો', તેણે વિકલ્પ જ પકડ્યો; 'કોઈએ અબંધપક્ષ જ પકડ્યો', તેણે પણ વિકલ્પ જ પકડ્યો તથા 'કોઈએ બંને પક્ષ પકડ્યા', તેણે પણ પક્ષનો જ વિકલ્પ કર્યો; માટે (બધા) વિકલ્પોને છોડીને, જે કોઈપણ પક્ષને નથી પકડતો, તે શુદ્ધપદાર્થનું સ્વરૂપ જાણીને તે રૂપ થયો થકો સમયસાર સ્વરૂપ શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. નયોના પક્ષને પકડવો તે રાગ છે, માટે સમસ્ત નયપક્ષોને છોડવાથી જ વીતરાગ સમયસાર થઈ જાય છે.''

આ ગાથાની આચાર્ય જયસેન કૃત તાત્પર્યવૃત્તિ ટીકામાં કહ્યું છે કે—

''વ્યવહારથી જીવ બદ્ધ છે'—આવો નય વિકલ્પ પણ શુદ્ધજીવસ્વરૂપ નથી તથા 'નિશ્ચય-વ્યવહારથી જીવ અબદ્ધ છે વા બદ્ધ છે'—એવા વચનવિકલ્પ પણ શુદ્ધજીવસ્વરૂપ નથી.

**અહીંયા પૂછે છે કે** —ક્યા કારણથી વિકલ્પ શુદ્ધજીવસ્વરૂપ નથી?

**તેનો ઉત્તર—'श्रुतविकल्पाः नयाः'** અર્થાત્ શ્રુતવિકલ્પ જ નય છે એવું આગમવચન છે તથા શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિકજ્ઞાન છે; ક્ષાયોપશમિક જ્ઞાન, જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. જોકે વ્યવહારનયથી છદ્મસ્થની અપેક્ષાએ તે જીવસ્વરૂપ કહેવામાં આવે છે, તથાપિ કેવળજ્ઞાનની અપેક્ષા તે જીવસ્વરૂપ નથી.

**તો પછી જીવનું સ્વરૂપ કેવું છે?**—જે નયપક્ષપાત રહિત સ્વસંવેદન જ્ઞાની છે, તેમના અભિપ્રાયથી બદ્ધ-અબદ્ધ, મૂઢ-અમૂઢ વિગેરે નયવિકલ્પ રહિત ચિદાનંદ એકસ્વભાવ જીવનું સ્વરૂપ છે.''

જેમકે આત્મખ્યાતિ કળશ ૬૯માં કહ્યું છે કે

**य एव मुक्त्वा नयपक्षपातं, स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।**
**विकल्पजालच्युतशान्तचित्तास्त एव साक्षादमृतं पिबन्ति ।।**

જે નયપક્ષપાતને છોડીને, (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા નિવાસ કરે છે તથા જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે. એવા થયા થકા, તેઓ જ સાક્ષાત્ અમૃતને પીવે છે.

આ વાત આ શ્રુતભવનદીપક નયચક્રમાં શ્રીમદ્ દેવસેનાચાર્યદેવે પ્રગટ કરી છે—'**प्रत्यक्षनाभूतिः नयपक्षातीता**' અર્થાત્ પ્રત્યક્ષ અનુભૂતિ નયપક્ષાતીત છે.

આ સંદર્ભમાં આ લઘુકાય ગ્રંથને સમયસારાદિ મહાન અધ્યાત્મગ્રંથોના આધ્યાત્મિક રહસ્યમયી તાળાઓને ખોલવાની ચાવી કહેવામાં કોઈ અતિશયોક્તિ નહીં થાય; આ કારણે જ આચાર્યદેવે સ્વયં ગ્રંથના પ્રારંભમાં સમયસારની પ્રાણભૂત ૧૧મી, ૧૨મી અને ૧૪૩મી ગાથાઓને પ્રસ્તુત કરીને તેમનો ભાવાર્થ વિચારીને ગ્રંથની રચના કરી છે.

**આ ગ્રંથમાં ત્રણ અધ્યાય છે—**શ્રુતભવનમાં પ્રવેશ પામવાની ભૂમિકા સ્વરૂપ **'પ્રથમ અધ્યાય'** છે, જેમાં ચૈતન્યસદનમાં પ્રવેશ કરાવવા માટે તથા આ નયચક્રને પ્રકાશમાન કરવાના ઉદ્દેશ્યથી અસત્ કલ્પનાઓના નિવારણ અર્થે **'નિશ્ચય શુદ્ધિનું વર્ણન'** કરવામાં આવ્યું છે; ત્યાં તેઓ કહે છે કે—

### જીવનો નયપક્ષાતીત સ્વપર્યવસિત સ્વભાવ :—

**બધા જીવ સ્વ-સ્વભાવથી નયપક્ષાતીત છે; કારણ કે બધા સિદ્ધ સ્વભાવની સમાન સ્વપર્યવસિત સ્વભાવવાળા છે......** સહજ પારિણામિક જ્ઞાયકસ્વભાવ, અનાદિનિધન, સ્વસ્વભાવરૂપ સંપૂર્ણ અકારણક, સ્વસંવેદ્ય તથા સ્વાનુભૂતિ દ્વારા પ્રકાશમાન રહે છે—**એવો જ જીવનો સ્વપર્યવસિત સ્વભાવ છે.**

જે કારણાન્તરો દ્વારા ઉત્પન્ન થઈને પ્રગટ થવાવાળા છે—એવા ક્ષાયોપશમિકજ્ઞાન, ક્ષાયિકજ્ઞાન, ઔપશમિક અને ઔદયિકભાવોથી **જીવનો સ્વપર્યવસિત સ્વભાવ** અસંબદ્ધ (અનાલીઢ) છે.

**જોકે આત્મા, સ્વભાવથી નયપક્ષાતીત છે, તથાપિ તે નયો વિના નયપક્ષાતીત નથી થઈ શકતો, કારણ કે અનાદિકર્મને વશ થઈને આ જીવ અસત્ કલ્પનાવાળો છે;**......આ પ્રકારે આ આત્મા, જ્યાં સુધી વ્યવહારનય અને નિશ્ચયનયના માધ્યમથી તત્ત્વનો અનુભવ કરે છે; ત્યાં સુધી પરોક્ષાનુભૂતિ રહે છે; કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ તો નયપક્ષાતીત છે.

## નિશ્ચય-વ્યવહારનયની ભૂતાર્થતા અને અભૂતાર્થતા :–

**શંકા**–જો વ્યવહાર અને નિશ્ચય–આ બંને નયો દ્વારા તત્ત્વનો અનુભવ પરોક્ષ અનુભૂતિરૂપ થાય છે તો બંને જ નય, સમાનરૂપથી જ પૂજ્યત્વને પ્રાપ્ત થશે?

**સમાધાન**–નહીં, વ્યવહારનય તો પૂજ્યતર છે, જ્યારે નિશ્ચયનય પૂજ્યતમ છે.

**શંકા**–પ્રમાણ લક્ષણવાળો વ્યવહારનય છે, તે અધિક વિષયવાળો હોવાથી વ્યવહાર, નિશ્ચય, (ઊભય) અને અનુભય–બધાને ગ્રહણ કરવાવાળો હોવા છતાં પણ તે પૂજ્યતમ કેમ નથી?

**સમાધાન–કારણ કે તે પ્રમાણલક્ષણવાળો વ્યવહારનય પણ આત્માને નયપક્ષાતીત નથી કરી શકતો, આ કારણે તે પણ પૂજ્યતમ નથી.**

જોકે પ્રમાણમાં નિશ્ચયનો અન્તર્ભાવ હોવા છતાં પણ તે અન્યયોગને વ્યવચ્છેદ નથી કરતો અને અન્યયોગના વ્યવચ્છેદના અભાવમાં વ્યવહારલક્ષણવાળી ભાવક્રિયા (વિકલ્પજાળ)નો નિરોધ કરવો અશક્ય છે; આથી તે આ આત્માને જ્ઞાનચૈતન્યમાં સ્થાપિત કરવામાં અસમર્થ છે.

**આગળ વિશેષ પણ કહીએ છીએ**–નિશ્ચયનય, આત્માને સમ્યક્ પ્રકારથી એકત્વની નજીક લઈ જઈ, જ્ઞાન ચૈતન્યમાં સારી રીતે સ્થાપિત કરીને, પરમાનંદને ઉત્પન્ન કરીને, વીતરાગી બનાવીને સ્વયં નિવૃત્ત થાય છે, નયપક્ષાતિક્રાંત કરે છે; આ કારણે તે પૂજ્યતમ છે.

એટલા માટે **નિશ્ચયનય, પરમાર્થનો પ્રતિપાદક** હોવાથી ભૂતાર્થ છે,

તેનો નિરંતર આશ્રય લેવાથી આત્મા, અંતર્દૃષ્ટિવાળો થાય છે. આ પ્રકારે ભૂતાર્થ સ્વરૂપ શુદ્ધાત્માની અદ્‌ભુત સારભૂત મહિમા, શાશ્વતરૂપથી અનંતકાળપર્યંત જયવંત વર્તો.

**એમ પ્રતીત થાય છે કે ઉપરના પ્રથમ અધ્યાયમાં સમયસારની ૧૧મી ગાથાની પ્રધાનતાથી 'શુદ્ધનયાશ્રિત નિશ્ચય શુદ્ધિનું કથન' કર્યું છે.**

આ 'શ્રુતભવનદીપક નયચક્ર'ના **'બીજા અધ્યાય'**માં વ્યવહાર-પ્રપંચ દ્વારા અર્થાત્ વસ્તુને જાણવાના ઉપાયો/સાધનો દ્વારા (પ્રમાણ-નય-નિક્ષેપના ભેદ-પ્રભેદ દ્વારા) **'વ્યવહારશુદ્ધિનું વર્ણન'** કરવામાં આવ્યું છે. તે અંતર્ગત પ્રમાણ (જ્ઞાન)નો પ્રયોગ (૧. કરણવાચી, ૨. ભાવવાચી, ૩. કર્તૃવાચી અને ૪. કર્મવાચી) આ ચાર પ્રકારોથી કરવામાં આવ્યો છે.

૧. જેના દ્વારા વસ્તુનું પરિછેદન અર્થાત્ જ્ઞાન કરીએ છીએ અર્થાત્ જેના દ્વારા વસ્તુને જાણીએ છીએ વા પ્રમાણિત કરીએ છીએ, તેને **પ્રમાણ** કહે છે—આ **પ્રમાણનો કરણવાચી પ્રયોગ છે.**

૨. પ્રમિતિ (પ્રમાણનું ફળ અર્થાત્ યથાર્થ જ્ઞાન) **પ્રમાણ** છે—આ **પ્રમાણ**નો ભાવવાચી પ્રયોગ છે.

૩. જે સમ્યક્ પ્રકારથી જાણે છે, તે પ્રમાણ છે—આ **પ્રમાણનો કર્તૃવાચી પ્રયોગ છે.**

૪. જે પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે, તે **પ્રમેય**, પ્રમાણ છે—આ **પ્રમાણનો કર્મવાચી પ્રયોગ છે.**

પ્રમાણની જેમ જ નયો પર પણ ઉપર પ્રમાણેનો વ્યવહારપ્રપંચ લાગુ પડે છે. પ્રમાણનો પ્રયોગ જ્યારે વ્યવહારને માટે થાય છે, ત્યારે તે 'સ્યાત્'પદની અપેક્ષા રાખે છે અને ત્યારે તેનો સંબંધ નયો સાથે હોય છે.

આ ગ્રંથમાં નયજ્ઞાનને પરોક્ષ અને પ્રમાણજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે કારણ કે નય અનંત ધર્માત્મક વસ્તુના અનંત ધર્મો તેમજ ધર્મી દ્રવ્યને એકીસાથે નથી જાણતો, જ્યારે પ્રમાણ અનંતધર્મોને તેમજ ધર્મીદ્રવ્યને એકીસાથે જાણે છે. નય તો અંશનું ગ્રહણ કરવાવાળો શ્રુત-વિકલ્પ છે.

આ અધ્યાયમાં નયજ્ઞાનની આવશ્યકતા તેમજ નય અને પ્રમાણમાં કથંચિત્ ભેદાભેદ પણ સિદ્ધ કરવામાં આવ્યો છે, કારણ કે નય (કથંચિત્) પ્રમાણ નથી અને પ્રમાણ પણ નય નથી, તેમ છતાં પ્રમાણનો અંશ હોવાથી નય અપ્રમાણ (અસત્ય) પણ નથી. સંજ્ઞા-સંખ્યા-લક્ષણ-પ્રયોજન વિગેરેના ભેદથી તેમનામાં ભિન્નતા હોવા છતાં પણ અભિન્નતા પણ છે જ; કારણ કે બંને શ્રુત વિકલ્પરૂપ છે. વસ્તુને યુક્તિમાર્ગથી નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ આદિમાં ક્ષેપણ કરવું અર્થાત્ સારી રીતે સ્થાપના કરવી તેને જ નિક્ષેપ કહે છે.

આ અધ્યાયમાં ગદ્યાંશો તેમજ પદ્યાંશો દ્વારા કરવામાં આવેલ કથન લગભગ બરાબર જ છે; આમાં ૪૭ સંસ્કૃત પદ્ય છે, જેનો હિંદીમાં સટીક પદ્યાનુવાદ પંડિત શ્રી અભયકુમારજી (જૈન દર્શનાચાર્ય) દેવલાલીએ કર્યો છે. આ અધ્યાયમાં 'વ્યવહારશુદ્ધિ'થી તાત્પર્ય ચરણાનુયોગ કથિત બાહ્ય વ્યવહારશુદ્ધિ સંબંધી નથી, પરંતુ વસ્તુ (આત્મા)ના ભેદાભેદ સમન્વિત અભેદ, અખંડ સ્વભાવને પ્રમાણ-નય-નિક્ષેપ દ્વારા જાણવાનું જ છે.

**એમ પ્રતીત થાય છે કે બીજા અધ્યાયમાં સમયસારની ૧૨મી ગાથાની પ્રધાનતાથી ઉપનયાશ્રિત વ્યવહારશુદ્ધિનું કથન કરવામાં આવ્યું છે.**

આ બીજા અધ્યાય પછી અંતિમ **ત્રીજા અધ્યાય**માં આચાર્ય દેવસેને **'નિશ્ચય-વ્યવહારના અવિનાભાવિત્વનો નિર્ણય કરાવવાવાળું કથન'** કર્યું છે અર્થાત્ પ્રથમ અધ્યાયમાં 'નિશ્ચયશુદ્ધિનું સ્વરૂપ', બીજા અધ્યાયમાં 'વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ' સમજાવીને, હવે ત્રીજા અધ્યાયમાં 'નિશ્ચય તથા વ્યવહાર બંનેનો સુમેળ' સમજાવવામાં આવ્યો છે, સર્વથા એકાંતનો નિષેધ કર્યો છે—આ આગમ અને અધ્યાત્મના રહસ્યનું ઉદ્ઘાટન કરવાવાળો પણ છે. જેના પ્રારંભમાં જ આ કહેવામાં આવ્યું છે કે—''જોકે મોક્ષરૂપી કાર્યની સિદ્ધિમાં ભૂતાર્થથી જાણેલ આત્મા વિગેરે જ ઉપાદાન કારણ છે, તથાપિ સહકારી કારણો વિના કાર્યની સિદ્ધિ થતી નથી; આથી સહકારી કારણની પ્રસિદ્ધિને માટે નિશ્ચય અને વ્યવહારનું અવિનાભાવીપણું બતાવ્યું છે.''

**શંકા—**જો વસ્તુ વાસ્તવમાં કલ્પનાતીત (નયાતીત/વિકલ્પાતીત) છે તો આ નિશ્ચય-વ્યવહારની કલ્પનાથી શું લાભ છે?

**સમાધાન—**મૂઢતા લક્ષણવાળી, સ્વભાવ-નિરપેક્ષ, મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત અને મોહના ઉદયથી ઉત્પન્ન થવાવાળી જે અસત્ કલ્પના છે, તેની જ નિવૃત્તિને માટે આ નિશ્ચય-વ્યવહારની સત્ કલ્પના જિનાગમમાં કહી છે.

**અસત્કલ્પના કે જે નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભય—આ ચારના સ્વરૂપ સંબંધમાં વિમૂઢ હોવાથી તે મૂઢતા લક્ષણવાળી હોય છે.**

**મૂઢતા લક્ષણવાળી અસત્કલ્પના :—**

Conjecturing with misconception - 1. About the truth (real), 2. About the untruth (unreal/conventional) 3. About both and 4. About not both.

**૧. નિશ્ચયસ્વરૂપના સંબંધમાં વિમૂઢ અર્થાત્ એકાંત વ્યવહારી/ વ્યવહારવાદી—**જે વસ્તુના વાસ્તવિક, ભૂતાર્થ અથવા નિશ્ચયસ્વરૂપથી અપરિચિત તેમજ અજાણ છે, પરમાર્થના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની-મૂઢ) છે અર્થાત્ અભેદ તથા અનુપચાર લક્ષણથી વસ્તુના પરમાર્થ સ્વરૂપને ગ્રહણ નથી કરતો, પરંતુ ભેદ તથા ઉપચાર દ્વારા જે વસ્તુનું વ્યવહાર સ્વરૂપ કહેવામાં આવે છે, તેને જ નિશ્ચય/ પરમાર્થ માને છે; તેઓ એકાંત વ્યવહારવાદી છે.

**૨. વ્યવહાર સ્વરૂપના સંબંધમાં વિમૂઢ અર્થાત્ એકાંત નિશ્ચયવાદી—** જે વસ્તુના અભૂતાર્થ અથવા વ્યવહાર સ્વરૂપથી અપરિચિત તથા અજાણ છે, વ્યવહારના સ્વરૂપમાં વિમૂઢ છે અર્થાત્ નિશ્ચય (અભેદ તથા અનુપચાર)થી અવિરોધી, ભેદ તથા ઉપચાર દ્વારા વસ્તુનું કથન કરવાવાળા સમીચીન વ્યવહારને નથી જાણતા, નથી માનતા અર્થાત્ જે સમ્યક્ વ્યવહારથી અર્થાત્ પ્રમાણ-નય-નિક્ષેપાત્મક ભેદ તેમજ ઉપચારના દ્વારા વસ્તુનું પરમાર્થ સ્વરૂપ સમજવામાં/સમજાવવામાં આવે છે, તેને જે નથી માનતો, તે વ્યવહારના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) 'એકાંત નિશ્ચયવાદી' છે.

**૩. નિશ્ચય-વ્યવહાર—બંનેના સ્વરૂપના સંબંધમાં વિમૂઢ અર્થાત્ એકાંત ઉભયવાદી—**જેઓ નિશ્ચય તથા વ્યવહાર બંનેના સ્વરૂપના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) છે અર્થાત્ વસ્તુના પરમાર્થભૂત અભેદ તેમજ અનુપચાર લક્ષણવાળું નિશ્ચય સ્વરૂપ તેમજ અપરમાર્થભૂત ભેદ તથા ઉપચાર લક્ષણવાળું વ્યવહાર સ્વરૂપ—આ બંને એકાંતોને સર્વથા સમાન, સત્યાર્થ માનવાવાળા 'એકાંત ઉભયાવાદી' છે.

**૪. નિશ્ચય-વ્યવહાર-અનુભયના સંબંધમાં વિમૂઢ અર્થાત્ એકાંત અનુભયવાદી—**જે નિશ્ચય-વ્યવહાર બંનેના સ્વરૂપોથી આલિંગિત ભેદાભેદાત્મક વસ્તુને નથી જાણતો, નથી માનતો અને વસ્તુને સર્વથા અનિર્વચનીય—અવક્તવ્ય અથવા અનધ્યવસાયસ્વરૂપ માને છે, તેઓ અનુભયવાદી છે.

આ બધાના મિથ્યા અભિપ્રાયરૂપ મોહના ક્ષય અર્થે નિશ્ચય-વ્યવહારથી આલિંગીત વસ્તુનો નિર્ણય કરવો અત્યંત આવશ્યક છે, કારણ કે નિશ્ચયથી અવિરોધી વ્યવહારનું તથા સમ્યક્ વ્યવહારથી સિદ્ધ થવાવાળા નિશ્ચયનું પરમાર્થપણું સ્વીકાર કરવામાં આવ્યું છે.

સાપેક્ષનય જ સમીચીન અર્થક્રિયાકારી સિદ્ધ થાય છે, નહીં કે નિરપેક્ષનય; આથી નિશ્ચય-વ્યવહારનું યથાયોગ્ય મિશ્રપણું માનવામાં જ સત્ય મત છે, કારણ કે નિશ્ચયથી સર્વથા ભેદ કરવાથી/માનવાથી વ્યવહારાભાસત્વને પ્રાપ્ત થઈ જાય છે અને વ્યવહારથી સર્વથા ભેદ કરવાથી/માનવાથી નિશ્ચય પણ નિશ્ચયાભાસત્વને પ્રાપ્ત થઈ જાય છે, આ કારણે નિશ્ચય-વ્યવહારને કથંચિત્/સ્યાત્-સાપેક્ષ માનવા જોઈએ.

આ પ્રમાણે પરસ્પર અવિનાભાવપણાને કારણે કથંચિત્ ભેદરૂપ નિશ્ચય-વ્યવહારની સહજ સિદ્ધિ થાય છે, અન્યથા તેમનો આભાસ થઈ જાય છે—આવા વ્યવહારની પ્રસિદ્ધિથી જ નિશ્ચયની પ્રસિદ્ધિ થઈ શકે છે, અન્યથા નહીં. જે તેમના સંબંધમાં 'આ તે પ્રકારે છે'—આવી સમ્યક્ શ્રદ્ધા વિગેરેનું ગ્રહણ નથી કરવામાં આવતું તો તે તેને સ્વભાવ નિરપેક્ષ અસત્કલ્પના પણ કહે છે.

આ **ત્રીજા અધ્યાયમાં** દ્રવ્યનું લક્ષણ 'સ્વભાવથી જ સત્' (સત્તા/અસ્તિત્વ) લક્ષણ સિદ્ધ કરવામાં આવ્યું છે. આ સત્તાલક્ષણના સમ્યક્ નિર્દેશ દ્વારા જ લક્ષની પ્રસિદ્ધિ થાય છે. **સત્તાનું દ્રવ્યની સાથે અવિનાભાવીપણું માનવાથી જ લક્ષણાભાસનું નિરાકરણ થાય છે.**

જે સત્તાત્મક છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક અને ગુણ-પર્યાયાત્મક, અન્વય-વ્યતિરેકાત્મક, સામાન્ય-વિશેષાત્મકરૂપ ત્રિકાળ જ રહે છે, કારણ કે જો દ્રવ્ય સ્વતઃસિદ્ધ 'સત્તા' લક્ષણ ન માનવામાં આવે તો તે અસત્ ઠરશે. ત્યારે દ્રવ્યનું દ્રવ્યત્વ સ્વરૂપ જ સમાપ્ત થઈ જશે. જે વસ્તુનું સ્વરૂપ તથ્યાત્મક છે, અનંતગુણધર્માત્મક છે, તેના અંશોને 'સ્યાત્' શબ્દ દ્વારા શ્રુત-વિકલ્પોરૂપ નયો દ્વારા બતાવવામાં આવે છે.

**તત્ત્વ-નિર્ણયાર્થ જ નય કાર્યકારી :—**

ધવલાદિ ગ્રંથોમાં કહ્યું છે—

**प्रमाण—न—निक्षेपैः, योऽर्थेनाऽभिसमीक्षते ।**
**युक्तं चायुक्तवद्भाति, तस्यायुक्तं युक्तवत् ।।**

અર્થાત્ જે પદાર્થનો પ્રત્યક્ષાદિ પ્રમાણો, નૈગમાદિ નયો તેમજ નામાદિ નિક્ષેપો દ્વારા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતો નથી, તેને પદાર્થનું જ્ઞાન ક્યારેક યુક્ત (સંગત) હોવા છતાં પણ અયુક્ત—જેવું પ્રતીત થાય છે અને ક્યારેક અયુક્ત હોવા છતાં પણ યુક્ત જેવું પ્રતીત થાય છે. (ધવલા ૧/૧/ગાથા-૧૦/પૃષ્ઠ ૧૭)

**णत्थि णएहिं विहूणं, सुत्तं अत्थोव्व जिणवरमदम्हि ।**
**तो णयवादे णिउणा, मुणिणो सिद्धंतिया होंति ।।**
**तम्हा अहिगय-सुत्तेण, अत्थं संपायणम्हि जइयव्वं ।**
**अत्थ गई वि य णयवाद-गहण-लीणा दुरहियम्मा ।।**

અર્થાત્ જિનેન્દ્ર ભગવાનના મતમાં નયવાદ વિના સૂત્ર અને અર્થ કાંઈપણ નથી કહેવામાં આવ્યું; એટલા માટે જે મુનિ નયવાદમાં નિપુણ હોય છે, તેમને સાચા સિદ્ધાંતના જ્ઞાતા સમજવા જોઈએ.

માટે, જેણે સૂત્ર અર્થાત્ પરમાગમને સારી રીતે જાણી લીધા છે, તેણે અર્થ સંપાદનમાં અર્થાત્ નય અને પ્રમાણ દ્વારા પદાર્થનું પરિજ્ઞાન કરવામાં પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે પદાર્થોનું પરિજ્ઞાન પણ નયવાદરૂપી જંગલમાં અંતર્નિહિત છે, માટે દુરભિગમ્ય છે અર્થાત્ જાણવાને માટે અતિ કઠિન છે. (ધવલા ૧/૧/ગાથા-૬૮-૬૯/પૃષ્ઠ ૯૨)

અને વિશેષ પણ કહ્યું છે—

**नयैर्विना लोकव्यवहारानुपपत्तेर्नया उच्यन्ते । तद्यथा—**

**प्रमाण-परिगृहीतार्थैकदेशे वस्त्वध्यवसायो नयः । स द्विविधः द्रव्यार्थिकः पर्यायार्थिकश्चेति ।**

નયોના વિના લોક-વ્યવહાર ચાલી શકતો નથી; માટે અહીં નયોનું વર્ણન કરીએ છીએ, તે નયોનો ખુલાસો આ પ્રમાણે છે—

પ્રમાણ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ વસ્તુના એક અંશમાં વસ્તુનો નિશ્ચય કરવાવાળા જ્ઞાનને 'નય' કહે છે. તે નય દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના ભેદથી બે પ્રકારે છે. (ધવલા ૧/૧/પૃષ્ઠ-૮૪)

**प्रमाणादिव नयवाक्याद् वस्त्ववगमवलोक्य प्रमाणनयै-र्वस्त्वधिगमः—इति प्रतिपादितत्वात् ।**

અર્થાત્ જે પ્રકારે પ્રમાણથી વસ્તુનો અવબોધ થાય છે, તે જ પ્રકારે નયથી પણ વસ્તુનો બોધ થાય છે—આ જોઈને તત્ત્વાર્થસૂત્રમાં પ્રમાણ અને નયોથી વસ્તુનો બોધ થાય છે; તે પ્રકારે પ્રતિપાદન કર્યું છે.
(કષાયપાહુડ-૧-ગાથા ૧૩-૧૪/પૃષ્ઠ ૧૯૧)

## સમ્યક્ નય જ કાર્યકારી, મિથ્યાનય નહીં :—

આ ત્રીજા અધ્યાયના શ્લોક-૩માં કહ્યું છે કે

**दुर्नयेकान्तमारूढाः, भावाः न स्वार्थिकाः हिताः ।**
**स्वार्थिकास्तद्विपर्यस्तां, निःकलंकास्था यतः ।।**

અર્થાત્ દુર્નયરૂપ એકાંતમાં આરૂઢભાવ સ્વાર્થક્રિયાકારી નથી થતો,

તેનાથી વિપરીત સુનય ને આશ્રિત નિષ્કલંક તથા શુદ્ધભાવ જ કાર્યકારી થાય છે.

સર્વથા એકાંતથી સત્રૂપ પદાર્થની નિયત અર્થવાળી વ્યવસ્થા સંભવી શકતી નથી, કારણ કે આ પ્રમાણે માનવાથી સંકર-વ્યતિકર આદિ બધા દોષોનો પ્રસંગ પ્રાપ્ત થાય છે; તથા પદાર્થોને સર્વથા અસત્રૂપ માનવાથી સકળ-શૂન્યતાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

આ પ્રકારના ભાવ, શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસાર ગાથા ૯૫માં વ્યક્ત કર્યા છે—

**સ્વભાવને છોડ્યા વિના જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સંયુક્ત છે તથા ગુણયુક્ત અને પર્યાયસહિત છે, તેને 'દ્રવ્ય' કહે છે.**

આ વસ્તુ-નિષ્ઠ વિજ્ઞાનને આચાર્ય ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં, અધ્યાય-૫માં ત્રણ સૂત્રોમાં અભિવ્યક્ત કર્યું છે—

૧. **सद्द्रव्यलक्षणम्** અર્થાત્ દ્રવ્યનું લક્ષણ 'સત્' છે.

૨. **उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्** અર્થાત્ જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે, તે 'સત્' છે.

૩. **गुण-पर्ययवद्द्रव्यम्** અર્થાત્ ગુણ-પર્યાયવાળું 'દ્રવ્ય' છે.

આ જ પ્રમાણે પ્રવચનસાાર ગાથા ૯૮માં કહ્યું છે કે—

**દ્રવ્ય, સ્વભાવથી સિદ્ધ છે અને તે સ્વભાવથી જ સત્ છે—એવું જિનેન્દ્રદેવે યથાર્થ જ કહ્યું છે; આ આગમસિદ્ધ છે. જે તે પ્રમાણે નથી માનતો તે વાસ્તવમાં પરસમય (મિથ્યાદૃષ્ટિ) છે.**

તેની તત્ત્વપ્રદીપિકા ટીકામાં આચાર્ય અમૃતચંદ્રે કહ્યું છે—

''ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની ઉત્પત્તિ થતી નથી, કારણ કે સર્વ દ્રવ્ય સ્વભાવસિદ્ધ છે, તેમની સ્વભાવસિદ્ધતા તો તેમની અનાદિનિધનતાથી છે, કારણ કે જે અનાદિનિધન હોય છે, તે સાધનાન્તરની અપેક્ષા નથી રાખતા. તે ગુણ—પર્યાયાત્મક—એવા પોતાના

સ્વભાવને જ, કે જે મૂળ સાધન છે, તેને ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયા થકા વર્તે છે.''

.... આ જ વાત પંચાધ્યાયી શ્લોક-૮માં પણ કહેલ છે.

મૂળ સ્વભાવના નાશ થયા વિના ચેતન-અચેતન દ્રવ્યમાં નવીન અવસ્થાનું પ્રગટ થવું 'ઉત્પાદ છે અને તે ક્ષણે પૂર્વ અવસ્થાનો અભાવ થવો 'વ્યય' છે. અનાદિ અનંતકાળ સુધી સદા રહેવાવાળો મૂળ સ્વભાવ છે, જેનો ઉત્પાદ તથા વ્યય થતો નથી, તેને 'ધ્રૌવ્ય' કહે છે.

**It means Permanancy with a change** (અર્થાત્ પલટવાની સાથે સ્થાયિત્વ) **i.e. No substance is destoryed. every substance changes its forms/state.**

સુપ્રસિદ્ધ લાક્ષણિક ગ્રંથ સર્વાર્થસિદ્ધિ (૫/૩૦)માં 'ધ્રૌવ્ય'ની પરિભાષા આ પ્રમાણે આપવામાં આવી છે–

**अनादि-पारिणामिकस्वभावेन व्ययोदयाभावात् ध्रुवति स्थिरीभवतीति ध्रुवः ।**

અર્થાત્ જે અનાદિ પારિણામિક સ્વભાવના દ્વારા વ્યય અને ઉત્પાદના અભાવથી ધ્રુવ રહે છે, સ્થિર રહે છે, તે 'ધ્રુવ' છે.

આચાર્ય દેવસેને આ અધ્યાયમાં અન્ય-અન્ય અનેક પ્રકારની અસત્કલ્પનાઓના સમાધાન માટે કહ્યું છે કે 'સર્વથા એકાંત માન્યતાવાળાનો ક્યારેય પણ મોહઅંધકાર નષ્ટ થઈ શકતો નથી અને મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ પણ નિશ્ચય-વ્યવહારના અવિનાભાવીપણું માન્યા સિવાય થઈ શકતી નથી.' કેટલીક એકાંત માન્યતાઓનો દોષ ત્યાં નીચે પ્રકારે દર્શાવવામાં આવ્યો છે–

૧. **સર્વથા એકાંતરૂપથી સત્તારૂપ પદાર્થ**ની નિયત અર્થવાળી વ્યવસ્થા સંભવી શકતી નથી; કારણ કે આમ માનવાથી સંકર-વ્યતિકર વગેરે બધા દોષોનો પ્રસંગ પ્રાપ્ત થશે.

૨. આ પ્રમાણે **પદાર્થને સર્વથા અસત્રૂપ** માનવાથી પણ સકળ શૂન્યતાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

૩. જો પદાર્થને **સર્વથા નિત્ય એકરૂપ કૂટસ્થ** જ માને અને સ્વસ્વરૂપથી પરિણમિત થવાવાળો ન માને તો અદૃષ્ટ કલ્પના વગેરે દોષોનો પ્રસંગ પ્રાપ્ત થશે.

૪. આ પ્રમાણે જો **પદાર્થને સર્વથા અનિત્ય** માને તો નિરન્વયપણાને કારણે પ્રત્યભિજ્ઞાન વગેરેનો સંભવ નહીં થાય.

૫. જો પદાર્થને **સર્વથા એકરૂપ સામાન્ય** જ માને તો વિશેષના અભાવમાં સામાન્યનો પણ અભાવ થઈ જશે.

૬. આ પ્રમાણે જો **દ્રવ્યને સર્વથા અનેકરૂપ/વિશેષરૂપ** જ માને તો વિશેષના આધાર/આશ્રયભૂત સામાન્ય એટલે કે દ્રવ્યનો જ અભાવ થઈ જશે.

૭. **સર્વથા ભેદપક્ષ** માનવાથી વિશેષ (ગુણ-પર્યાયરૂપ) સ્વભાવો નિરાધાર થવાથી અર્થક્રિયાકારિત્વના અભાવમાં દ્રવ્યનો અભાવ થઈ જશે.

૮. આ પ્રમાણે **સર્વથા અભેદપક્ષ** માનવાથી પણ સર્વથા એકત્વ હોવાથી અર્થક્રિયાકારિત્વના અભાવમાં દ્રવ્યનો અભાવ થઈ જશે.

૯. **સર્વથા ભવ્યપણું** માનવાથી, પરપદાર્થરૂપ પણ પરિણમિત હોવાને કારણે પરપરિણતિ સાથે સંકર વિગેરે દોષોનો પ્રસંગ પ્રાપ્ત થશે.

૧૦. આ પ્રમાણે **સર્વથા અભવ્યપણું** માનવાથી, પદાર્થ સ્વ-સ્વરૂપથી પણ પરિણમન નહીં કરે, જે કારણે સકળ શૂન્યતાનો પ્રસંગ આવશે.

૧૧. **સર્વથા સ્વભાવરૂપ પદાર્થ** માનવાથી પર વિભાવથી નિરપેક્ષતા થવાને કારણે સંસારનો જ અભાવ થઈ જશે.

૧૨. આ પ્રમાણે **સર્વથા વિભાવરૂપ પદાર્થ** માનવાથી સ્વભાવથી નિરપેક્ષતા હોવાથી મોક્ષનો પણ અભાવ થઈ જશે.

૧૩. **'સર્વત્ર ચૈતન્ય જ વ્યાપ્ત છે'**—આમ એકાંત માનવાથી બધા

જડ તથા ચેતન પદાર્થોમાં શુદ્ધ-જ્ઞાન-ચૈતન્યની વ્યાપ્તિનો પ્રસંગ આવશે, કારણ કે આ સામાન્ય વચન છે.

૧૪. આ પ્રમાણે **સર્વથા અચૈતન્યપક્ષ**માં પણ અર્થાત્ **'સર્વત્ર અચૈતન્ય જ વ્યાપ્ત છે'**—આવું એકાંત માનવાથી સર્વત્ર બધા જડ તેમજ ચેતન પદાર્થોમાં ચૈતન્યના નાશનો પ્રસંગ આવશે.

૧૫. **આત્માને સર્વથા મૂર્તપણું** માનવાથી આત્માનો મોક્ષની સાથે વ્યાપ્તિનો અભાવ થઈ જશે અર્થાત્ આત્માનો ક્યારે મોક્ષ થઈ શકશે નહીં, કારણ કે આત્મા, મૂર્ત કર્મોની સાથે જ તન્મય થઈ જશે.

૧૬. આ પ્રમાણે **સર્વથા અમૂર્તપણું** માનવાથી આત્માની સંસારદશાનો જ અભાવ થઈ જશે, કારણ કે અમૂર્તપણું હોવાથી આત્મા, સંસારદશામાં પણ દ્રવ્યકર્મોથી પણ નિરપેક્ષ થઈ જશે.

૧૭. **સર્વથા એકપ્રદેશીપણું** માનવાથી આત્માના અનેક પ્રદેશોથી નિરપેક્ષતા થઈ જવાથી અનેક કાર્યકારિત્વની હાનિ થઈ જશે.

૧૮. આ પ્રમાણે **સર્વથા અનેકપ્રદેશીપણું** માનવાથી પણ એક (અખંડ) આધારના અભાવમાં એક કાર્યકારિત્વની હાનિ થઈ જશે.

૧૯. **સર્વથા શુદ્ધ** માનવાથી અશુદ્ધતાના અભાવમાં સંસારનો જ અભાવ થઈ જશે.

૨૦. આ પ્રમાણે **સર્વથા અશુદ્ધ** માનવાથી આત્માને ક્યારેય પણ શુદ્ધજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકશે નહીં, કારણ કે તે આત્મા અશુદ્ધતાથી તન્મય થઈ જશે.

૨૧. **સર્વથા કર્મજ ઉપચરિત સ્વભાવ** માનવાથી આત્માને ક્યારેય પણ આત્મજ્ઞતા સંભવી નહીં શકે, કારણ કે સદૈવ પરપદાર્થોની નિયમિતતા બની રહેવાથી પરજ્ઞતા જ સિદ્ધ થશે, આત્મજ્ઞતા નહીં.

૨૨. આ પ્રમાણે **સર્વથા અનુપચરિતપણું** માનવાથી આત્માના પરજ્ઞતા વિગેરે ઉપચરિત સ્વભાવોના હોવાપણામાં વિરોધ પ્રાપ્ત થશે

અર્થાત્ સિદ્ધોના પરજ્ઞતા, પરદર્શનત્વ વિગેરે સ્વાભાવિક ઉપચરિત સ્વભાવોના હોવામાં વિરોધ પ્રાપ્ત થશે.

આ પ્રમાણે ઉક્ત બધાના સંબંધમાં **ઉભય-એકાંત પક્ષ**માં પણ વિરોધ પ્રાપ્ત થશે, કારણ કે ત્યાં બંને પ્રકારના દોષોની સંભાવના હશે.

**શંકા—**જો ઉભય-એકાંતપક્ષમાં પણ બંને પ્રકારના દોષો સંભવિત છે તો અનેકાંત પક્ષમાં પણ તે દોષોનું નિરાકરણ કેવી રીતે થઈ શકશે?

**સમાધાન—**સ્યાદ્વાદ હોવાથી અનેકાંતમાં વિરોધ વિગેરે દોષ સંભવતા નથી, કારણ કે ક્ષેત્રાદિની અપેક્ષા સર્વથા ભેદ માનવાથી જ વિરોધ વગેરે દોષ દેખવામાં આવે છે.....જેમકે, સર્પ-નોળિયામાં વિરોધ હોય છે.

...આ પ્રમાણે સર્વથા એકાંત માનવાથી સંકર, વ્યતિકર, અનવસ્થા, અભાવ, અદૃષ્ટ કલ્પના, દૃષ્ટ-પરિહાનિ, વિરોધ અને વૈયધિકરણ—આ આઠ પ્રત્યક્ષ દોષ પ્રાપ્ત થાય છે.

**नाना-स्वभाव-संयुक्तं, द्रव्यं ज्ञात्वा प्रमाणतः ।**
**तच्च सापेक्षसिद्ध्यर्थं, स्यान्नयमिश्रितं कुरु ।।४।।**

**भावः स्यादस्तिनास्तीति, कुर्यान्निर्दोषमेव तं ।**
**फलेन चाऽस्य सम्बन्धो, नित्याऽनित्यादिकं तथा ।।५।।**

અર્થાત્ પ્રમાણના દ્વારા અનેક સ્વભાવોથી યુક્ત દ્રવ્યને જાણીને, તેની સાપેક્ષ સિદ્ધિ કરવા માટે નયોની યોજના કરવી જોઈએ.

દ્રવ્યને કથંચિત અસ્તિ-નાસ્તિરૂપ માનવું નિર્દોષ જ છે, કારણ કે ત્યારે અર્થક્રિયાકારીત્વ સંભવે છે. આ પ્રમાણે દ્રવ્યને કથંચિત્ નિત્યાનિત્યાત્મક માનવાથી જ અર્થક્રિયાકારિત્વ સંભવે છે. ૪-૫.

પ્રત્યેક દ્રવ્ય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા અસ્તિરૂપ છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા નાસ્તિરૂપ છે—આ જ્ઞાન કરાવવાના પ્રયોજનથી કથંચિત્ અથવા સ્યાત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે; અર્થાત્ વસ્તુ, કથંચિત્ અસ્તિસ્વરૂપ અને કથંચિત્ નાસ્તિસ્વરૂપ છે.

આ પ્રમાણે વસ્તુ, દ્રવ્ય અપેક્ષા કથંચિત્ નિત્ય અને પર્યાય અપેક્ષા કથંચિત્ અનિત્ય છે. વસ્તુ, સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષા કથંચિત્ ભેદરૂપ અને દ્રવ્યાર્થિકનયની અપેક્ષા કથંચિત્ અભેદરૂપ છે. આ પ્રમાણે વ્યવહારની સિદ્ધિ કરવી તે જ ભેદસ્વભાવનું ફળ છે તથા પરમાર્થની સિદ્ધિ કરવી અભેદ સ્વભાવનું ફળ છે.

પોતાના સ્વરૂપથી પરિણમન કરવું, તે વસ્તુનો ભવ્યત્વ ધર્મ છે અને પરસ્વરૂપથી પરિણમન કરવું અશક્ય છે અર્થાત્ પરસ્વરૂપથી પરિણમન ન કરવું, તે વસ્તુનો અભવ્યત્વ ધર્મ છે. આ પ્રમાણે પોતાની પર્યાયરૂપે પરિણમન કરવું તે જ ભવ્યત્વસ્વભાવનું ફળ છે અને પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમન ન કરવું—ત્યાગ કરવો તે જ અભવ્યત્વ સ્વભાવનું ફળ છે.

વસ્તુ (આત્મા) પારિણામિક સ્વભાવની અપેક્ષાથી પરમસ્વભાવ છે અને વિભાવ-કર્મજસ્વભાવની અપેક્ષા અપરમસ્વભાવ છે. આ પ્રમાણે સ્વભાવથી અચલિત વૃત્તિ જ પરમસ્વભાવનું ફળ છે તથા પર્યાયમાં વિકૃતિ કરવી તે જ વિભાવનું ફળ છે. ત્યાં સ્વભાવથી અન્યથા પરિણમન કરવું તે વિભાવ છે. કેવળ (સ્વભાવ)ભાવને શુદ્ધભાવ કહે છે તથા કેવળ (સ્વભાવ)ભાવથી વિપરીતભાવને અશુદ્ધભાવ કહે છે.

સ્વભાવોનો અન્યત્ર ઉપચાર કરવાથી ઉપચરિત સ્વભાવોની સિદ્ધિ થાય છે. તે બે પ્રકારથી છે—(૧) કર્મજ અને (૨) સ્વાભાવિક. જેમકે, સંસારી જીવના મૂર્તત્વ તેમજ અચેતનત્વ વિગેરે ભાવ કર્મોદયજનિત હોવાથી તે કર્મજ ઉપચરિતસ્વભાવ છે તથા સિદ્ધોની પરજ્ઞતા, પરદર્શનત્વ વગેરે સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ છે.

આ પ્રમાણે અસ્તિસ્વભાવ, પરમસ્વભાવ વિગેરે તો સામાન્ય સ્વભાવ છે; તથા ચેતનસ્વભાવ, અચેતનસ્વભાવ, મૂર્તસ્વભાવ, અમૂર્તસ્વભાવ, શુદ્ધ સ્વભાવ, અશુદ્ધસ્વભાવ, ઉપચરિત સ્વભાવ વિગેરે વિશેષ સ્વભાવ છે. જેમ કે, અસદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાથી આત્મા (વસ્તુ) ને કથંચિત્ મૂર્તત્વ છે, રૂપીત્વ છે; તે જ સમયે પારિણામિક

પરમસ્વભાવની અપેક્ષાથી આત્માને અમૂર્તત્વ છે, અરૂપીત્વ છે. આ મૂર્તત્વને કારણે કર્મબંધ થાય છે, આથી તે તેનું ફળ છે; તે જ પ્રમાણે અમૂર્તત્વને કારણે સ્વભાવનો અપરિત્યાગ હોય છે, આથી તે તેનું ફળ છે.

જે સમયે ભેદકલ્પના-નિરપેક્ષ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા (વસ્તુ) એક પ્રદેશી છે; તે જ સમયે ભેદકલ્પના-સાપેક્ષ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા અનેકપ્રદેશી છે—આ વચનનો કથંચિત્ એકપ્રદેશીપણાની સાથે અવિરોધ છે. આ પ્રમાણે નિશ્ચયની સાથે એકત્વનું સમર્થન કરવું તે એકપ્રદેશીપણાનું ફળ છે તથા અનેક કાર્યોને કરવા, તે અનેકપ્રદેશીપણાનું ફળ છે.

જે પ્રમાણે કેવળસ્વભાવની પ્રધાનતાથી આત્માનો શુદ્ધસ્વભાવ છે, તે પ્રમાણે મિશ્રસ્વભાવની પ્રધાનતાથી આત્મા કથંચિત્ અશુદ્ધ છે—આ વચનનો કથંચિત્ શુદ્ધની સાથે અવિરોધ છે; માટે સ્વભાવની પ્રાપ્તિ થવી, શુદ્ધપણાનું ફળ છે તો સ્વભાવની પ્રાપ્તિ ન થવી, અશુદ્ધપણાનું ફળ છે.

આ શ્રૃંખલામાં આત્માના સ્વભાવનો અન્યત્ર ઉપચાર કરવાની અપેક્ષાએ ઉપચરિત સ્વભાવ છે અને તેના જ અનુપચારની અપેક્ષાએ, ઉપચરિતપણું ન હોવાથી કથંચિત્ અનુપચરિત સ્વભાવ છે—આ વચનનો કથંચિત્ ઉપચરિતની સાથે અવિરોધ છે. પરજ્ઞતા, પરદર્શત્વ વગેરે ઉપચરિત સ્વભાવનું ફળ છે તથા પરજ્ઞતા વિગેરેથી વિપરીત આત્મજ્ઞતા વિગેરે અનુપચરિત સ્વભાવનું ફળ છે.

આ પ્રમાણે આત્મા પોતપોતાના બંધ તેમજ મોક્ષના કારણો/કારણ-કલાપોથી ક્રમશઃ બંધાય છે તેમજ મુક્ત થાય છે.

ત્યાં ઉપરના બધા કથનનો સારાંશ બતાવીને નીચેનું કાવ્ય લખ્યું છે—

**स्वभावसेवया चासौ, स्वभावः पारिणामिकः ।**
**शुद्धः शुद्धः स्वभावः स्यादशुद्धस्तु हि बन्धकः ।।४।।**

અર્થાત્ આત્માનો સ્વભાવ શુદ્ધ પારિણામિકભાવ છે. આ શુદ્ધસ્વભાવના સેવનથી જીવ મુક્ત થાય છે અને અશુદ્ધસ્વભાવના સેવનથી જીવ બંધાય છે.

આ શ્લોકના ફલિતાર્થ સ્વયં આચાર્ય દેવસેને ગદ્યાંશરૂપમાં નીચે પ્રમાણે વ્યક્ત કર્યો છે—

**तस्माद् द्वावपि नाऽऽराध्यावाऽऽराध्यः पारमार्थिकः ।**

**एवं यदेव वस्तु व्यवहारनयाऽऽलिंगते खण्डितमनेकमुपचरितं, तदेव निश्चयाऽऽलिंगितेनाऽखण्डितैकमनुपचरितमऽनाद्यनिधनं, उभयाऽऽलिंगितेनो-भयात्मकं, उभयनयविकल्परहिततत्वेनाऽनुभयात्मकं ।**

**एवं व्यवहारदृष्टयाऽऽलिंगितत्वात् परसापेक्षत्वेनाऽनुभयस्याऽपि व्यवहारत्वं; अतएव व्यक्तिनिष्ठत्वेन निश्चयतया पुनरभिहितः—**

**एको भावः सर्वभावस्वभावः, सर्वे भावा एकभावस्वभावाः ।**
**एको भावस्तत्त्वतो येन बुद्धः, सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः ।।७।।**

અર્થાત્ શુદ્ધતા અને અશુદ્ધતા, બંને જ વિકલ્પ આરાધવા યોગ્ય નથી, કેવળ પારમાર્થિક (પારિણામિક) જ આરાધવા યોગ્ય છે.

**આ પ્રમાણે જે વસ્તુ વ્યવહારનયથી આલિંગિત હોવાથી ખંડિત છે, અનેકરૂપ છે તેમજ ઉપચરિત છે; તે જ વસ્તુ, નિશ્ચયનયની અપેક્ષાથી અખંડિત છે, એક છે, અનઉપચરિત છે અને અનાદિનિધન છે; તે જ વસ્તુ ઉભયનયોની અપેક્ષાથી ઉભયાત્મક છે તથા તે જ વસ્તુ ઉભયનયોના વિકલ્પથી રહિત હોવાથી અનુભય સ્વરૂપ છે.**

આ પ્રમાણે વસ્તુ, વ્યવહારદષ્ટિથી આલિંગીત હોવાથી પર-સાપેક્ષ અથવા પરસ્પર સાપેક્ષ છે તથા પરસ્પર સાપેક્ષ હોવાથી અનુભય સ્વરૂપનું પણ વ્યવહારપણું છે. વસ્તુ, વ્યક્તિ-નિષ્ઠ(સાપેક્ષ) હોવાથી એમ નિશ્ચિતરૂપથી કહી શકાય છે કે—

**જે એકભાવવાળો છે, તે સર્વભાવના સ્વભાવવાળો છે; તથા જે**

**સર્વભાવ છે, તેઓ એકભાવથી સ્વભાવમય છે; આથી જેણે વાસ્તવમાં એકભાવને જાણી લીધો, તેણે વાસ્તવમાં સર્વભાવોને જાણી લીધા.**

## શુદ્ધાત્માનુભૂતિનું સ્વરૂપ :—

આ 'શ્રુતભવનદીપક નયચક્ર'માં સમયસારની વ્યુત્પત્તિ આ પ્રમાણે બતાવી છે કે– ''સમાન કે સાધારણ, ક્ષાયોપશમિક કે ક્ષાયિક જ્ઞાનવાળો આ આત્મા જ સમય કહેવાય છે. જ્યારે તે આત્મા, સમ્યક્ નિશ્ચયસ્વરૂપ વીતરાગભાવથી પરિણિત થાય છે, ત્યારે તે જ **'સમયસાર'** કહેવાય છે.

'કર્મજભાવોથી અતીત જ્ઞાયકભાવ છે'; તેની જ અનુભૂતિ નિશ્ચયદર્શન (સમ્યગ્દર્શન) છે; 'તે જ મારો નિજાત્મા છે'—આવું જ્ઞાન તે નિશ્ચયજ્ઞાન (સમ્યગ્જ્ઞાન) છે. તથા .... પોતાના સ્વભાવનો સ્વીકાર કરવાથી શુભાશુભ ક્રિયાઓથી જે નિવૃત્તિ છે, તે જ સરાગક્રિયાનિવૃત્ત વીતરાગ નિશ્ચય ચારિત્ર (સમ્યક્ચારિત્ર) છે.....

**સર્વપ્રથમ પરમતત્ત્વની વારંવાર ચિંતારૂપ સંવિત્તિ (સવિકલ્પ સ્વસંવેદન/નિજશુદ્ધાત્માભાવનાભિમુખ પરિણતિ) હોય છે, પછી તત્ત્વચિંતારૂપે** સંતાન-સંવિત્તિ હોય છે, ત્યારબાદ આનંદ અને પરમાનંદ પ્રદાયક અનુભૂતિસ્વરૂપ સંતાન-સંવિત્તિ ઉત્પન્ન થાય છે. તે જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારે હોય છે.... આ કાળમાં આનંદરૂપ સુખ ઉત્પન્ન થાય છે, તેનાથી પ્રતિભા તથા જ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે.

જ્યારે અશુભરાગ વિગેરે બાહ્ય વિનોદ (વિકલ્પો)થી વીતરાગી થઈને, ભૂતાર્થથી જાણવામાં આવેલ સમયસાર સ્વરૂપ જ્ઞાનસૂર્યના પ્રતાપ તથા પ્રકાશના દ્વારા મહાવિભ્રમરૂપ મોહઅંધકારનો અભાવ થાય છે, ત્યારે તે પ્રારબ્ધયોગી તે જ સમયે આત્માના જ્ઞાનાનંદ-સ્વભાવને અનવરત સ્વસંવિત્તિના દ્વારા અનુભવ કરતો થકો વિકલ્પનો ત્યાગ કરે છે. આ જ પ્રમાણે સર્વ અવસ્થાઓ તથા સર્વત્ર ક્ષપકશ્રેણીમાં આરૂઢ યોગીની આવી જ પરિણતી હોય છે.

**જે પ્રમાણે સમ્યક્‌વ્યવહારથી મિથ્યા વ્યવહારનું નિરાકરણ થાય છે; તે જ પ્રમાણે નિશ્ચય દ્વારા વ્યવહારનો વિકલ્પ પણ નિવૃત્ત થાય છે તથા જે પ્રમાણે નિશ્ચયનય દ્વારા વ્યવહારનો વિકલ્પ નિવૃત્ત થાય છે; તે જ પ્રમાણે સ્વપર્યવસિત સ્વભાવ (પરમનિરપેક્ષ સ્વાશ્રિત સ્વભાવ)ના અવલંબનથી એકત્વનો વિકલ્પ પણ છૂટી જાય છે. આ પ્રકારે જીવનો જે સ્વપર્યવસિત સ્વભાવ છે, તે જ નયપક્ષાતીત છે.''**

એમ પ્રતીતિ થાય છે કે તેમનો **આ તૃતીય અધ્યાય, સમયસાર ગાથા ૧૪૩ની પ્રધાનતાથી લખવામાં આવ્યો છે;** જેમાં કહેવામાં આવ્યું છે કે—

'નયપક્ષથી રહિત જીવ સમયથી પ્રતિબદ્ધ થયો થકો, બંને જ નયોના કથનને માત્ર જાણે જ છે, પરંતુ નયપક્ષને અણુમાત્ર પણ ગ્રહણ કરતો નથી.'

આ ગાથાની સમયસાર વચનિકા અનુસાર પંડિત જયચંદજી છાબડાએ જે ભાવાર્થ લખ્યો છે, તે અદ્‌ભુત છે. તેમણે લખ્યું છે કે—

''જેવી રીતે, કેવળી ભગવાન સદાય નયપક્ષો (ના સ્વરૂપ)ના જ્ઞાતા-દ્દષ્ટા (સાક્ષી) છે; તે જ પ્રમાણે શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈને શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનો અનુભવ કરે છે ત્યારે તેઓ નયપક્ષ (ના સ્વરૂપ)ના જ્ઞાતા જ છે; કારણ કે જો તેઓ એકનયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો તેમને મિથ્યાત્વથી મળેલા પક્ષનો રાગ થાય છે, પરંતુ જો પ્રયોજનવશ તેઓ એકનયને પ્રધાન કરીને તેને ગ્રહણ કરે તો મિથ્યાત્વ રહિત ચારિત્રમોહના પક્ષથી (તત્સંબંધી) રાગ રહે છે; ત્યારે તે સમયે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે—એમ સમજવું.'

નિયમસાર ગાથા ૪૮ પછીના કળશ ૭૨માં પણ કહ્યું છે—

''શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના, તે મિથ્યાદ્દષ્ટિ જીવોને સદાય હોય છે; સમ્યગ્દ્દષ્ટિને તો હંમેશા કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બંને શુદ્ધ છે. આ પ્રમાણે પરમાગમના અતુલ અર્થને, સાર-અસારને વિચારવાવાળી સુંદર

બુદ્ધિ દ્વારા જે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. તત્ત્વ (વસ્તુસ્વભાવ) તો નયપક્ષોથી અતીત છે. નય, કેવળજ્ઞેય છે, પરંતુ ઉપાદેય નહીં; શુદ્ધ પારિણામિકભાવ જ જ્ઞેય-ધ્યેય-શ્રદ્ધેય છે.''

**શુદ્ધાત્માનુભૂતિના સમયે નિશ્ચય-વ્યવહારના વિકલ્પ નથી :–**

આ સંબંધી જિનાગમમાં અનેક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેમાંના કેટલાક નીચે પ્રકારે છે–

**तच्चाणेसणकाले, समयं बुज्झेहि जुत्तिमग्गेण ।**
**णो आराहणसमये, पच्चक्खो अणुहवो जम्हा ।।**

અર્થાત્ તત્ત્વના અન્વેષણકાળમાં જ યુક્તિમાર્ગથી (પ્રમાણ-નય-નિક્ષેપ અથવા નિશ્ચય-વ્યવહારનય દ્વારા) આત્મા જાણવામાં આવે છે, પરંતુ આત્માની આરાધનાના સમયે અનુભવના કાળમાં તે વિકલ્પો નથી હોતા; કારણ કે તે સમયે તો આત્મા સ્વયં પ્રત્યક્ષ જ છે.
(વૃહન્નયચક્ર ગાથા-૨૬૬)

**एवमात्मा यावद्व्यवहारनिश्चयाभ्यां तत्त्वमनुभवति, तावत् परोक्षाऽनुभूतिः । प्रत्यक्षाऽनुभूतिर्नयपक्षाऽतीता ।**

અર્થાત્ જ્યાં સુધી આ આત્મા, વ્યવહાર અને નિશ્ચય—આ બંને નયોના માધ્યમથી તત્ત્વોનો અનુભવ કરે છે; ત્યાં સુધી પરોક્ષાનુભૂતિ રહે છે; કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ તો નયપક્ષાતીત છે. (આ પુસ્તકનું પૃષ્ઠ-૨૪)

**व्यवहारनिश्चयो यः, प्रबुद्ध तत्त्वेन भवति मध्यस्थः ।**
**प्राप्नोति देशनायाः, स एव फलमविकलं शिष्यः ।।**

અર્થાત્ જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયના દ્વારા વસ્તુસ્વરૂપને યથાર્થરૂપે જાણીને મધ્યસ્થ થાય છે, અર્થાત્ બંને નયોના પક્ષથી અતિક્રાંત થાય છે; તે શિષ્ય ઉપદેશના સકળ ફળને પ્રાપ્ત કરે છે.

(પુરુષાર્થસિદ્ધિઉપાય, શ્લોક-૨૪)

## સવિકલ્પથી નિર્વિકલ્પ થવાનું વિધાન :—

જે ચૈતન્યસ્વરૂપનો સવિકલ્પદશામાં નિશ્ચય કર્યો હતો, તેમાં જ વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈને એ પ્રમાણે પ્રવર્તે છે કે જ્યાં ધ્યાતા-ધ્યેયપણું દૂર થઈ જાય છે—આવી દશાનું નામ 'નિર્વિકલ્પ અનુભવ' છે.

....જેમ, રત્નની ખરીદી વખતે અનેક વિચાર અર્થાત્ વિકલ્પ થાય છે, પરંતુ જ્યારે પ્રત્યક્ષ તેને પહેરે છે, ત્યારે વિકલ્પ નથી હોતા. પરંતુ પહેરવાનું સુખ જ હોય છે.

**આ પ્રમાણે સવિકલ્પથી નિર્વિકલ્પ અનુભવ થાય છે—**એનું વર્ણન સમયસારની આત્મખ્યાતિ ટીકા તથા આત્માવલોકન આદિમાં છે.

## ઉપસંહાર :—

'સત્' જેમ સ્વતઃસિદ્ધ નિત્ય છે, તે જ રીતે તે સ્વતઃ પરિણમનશીલ અનિત્ય પણ છે; માટે વિવક્ષાવશ એકધર્મને મુખ્ય કરીએ તો બીજો ધર્મ ગૌણ થઈ જાય છે. જો મુખ્ય-ગૌણની વિવક્ષાને છોડીને સર્વથા એકાંતરૂપ એક ધર્મરૂપ સત્‌ને માને છે અને મનાવે છે તો તેને સત્યભૂત પદાર્થની સિદ્ધિ/તત્ત્વોપલબ્ધિ નથી થતી; માટે 'સર્વથા' માનવાથી સર્વ વિપ્લવ અને 'કથંચિત્' માનવાથી સર્વસિદ્ધિ છે.

જેમકે, ૧. જે 'સત્' નિશ્ચય-અન્વય-સામાન્ય-દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી ધ્રુવ છે, નિત્ય છે, ૨. તે જ 'સત્' વ્યવહાર-વ્યતિરેક-વિશેષ પર્યાયની દૃષ્ટિથી અધ્રુવ છે, અનિત્ય છે. ૩. તે જ 'સત્' પ્રમાણદૃષ્ટિથી ઉભયાત્મક છે, નિત્યાનિત્યાત્મક છે. તથા ૪. તે જ 'સત્' એક-અખંડ-અભેદ-અદ્વૈતની દૃષ્ટિથી અનુભયાત્મક છે અર્થાત્ અભેદ્ય, અનિર્વચનીય, ઊભયનયના વિકલ્પથી રહિત નિર્વિકલ્પાત્મક અવક્તવ્ય છે.

ત્રિકાળી એકરૂપ સ્વભાવ અને ક્ષણિક એકસમયવર્તી પર્યાયની અપેક્ષાએ સત્ વ્યસ્ત છે અને અન્ય- અન્ય છે તથા જે ત્રિકાળી એક સ્વભાવરૂપ છે, તે જ ક્ષણિક એકસમયવર્તી પરિણામ/પર્યાયરૂપ છે-આ અપેક્ષાથી 'સત્' સમસ્ત (એકાત્મક) છે. પરિણામ-પર્યાયો ક્રમવર્તી છે

અને સ્વભાવ (ગુણ-ધર્મ-શક્તિઓનો પિંડ દ્રવ્ય) સદૈવ એકરૂપ રહેવાથી અક્રમવર્તી છે.

સારાંશ આ છે કે 'સ્યાત્' પદ લગાડવાથી બધા જ કથન અનેકાંતદૃષ્ટિથી સત્ય છે જ્યારે સર્વથા એકાંતદૃષ્ટિથી મિથ્યા છે.

આ પ્રમાણે વસ્તુની સિદ્ધિ કર્યા બાદ, સ્વાનુભૂતિરૂપ પ્રયોજનની સિદ્ધિને માટે 'નિજાત્માનો સ્વભાવ' ત્રિકાળ શુદ્ધ પરમપારિણામિક-ભાવરૂપ છે, આ શુદ્ધસ્વભાવના સેવનથી (શુદ્ધાત્માભિમુખ ઉપયોગથી) આ જીવ, નિશ્ચયરત્નત્રયધર્મ પ્રગટ કરીને મુક્ત થઈ જાય છે તથા આ જીવ, અશુદ્ધસ્વભાવના સેવનથી (પર્યાયદૃષ્ટિરૂપ પરોન્મુખ ઉપયોગથી) બંધાય છે.

આ પ્રમાણે **'શ્રુતભવનદીપક નયચક્ર'**ના સર્વાન્તમાં શ્રીમદ્ દેવસેનાચાર્યદેવે આ ગ્રંથને મોહઅંધકાર વિનાશક તથા સકલ પદાર્થોનો પ્રકાશક કહ્યો છે તથા ભવ્યજીવોને પોતાના મનમાં ધારણ કરવાની પ્રેરણા આપી છે.

**।। जयवन्त वर्तो जिनवाणी माँ ।।**

**—બ્ર. હેમચન્દ જૈન,** ભોપાલ/દેવલાલી

॥ श्री वीतरागाय नमः ॥

# श्रुतभवनदीपक नयचक्रम्

## प्रथमोऽध्यायः

### ॥ निश्चय-शुद्धि-कथनः ॥

(अनुष्टुप्)

**श्री वर्द्धमानाऽर्कमानम्य, मोहध्वान्तप्रभेदिनं।**
**गाथार्थस्याऽविरोधेन, नयचक्रं मयोच्यते॥ 1॥**

---

॥ શ્રી વીતરાગાય નમઃ ॥

# શ્રુતભવનદીપક નયચક્ર

**(ગુજરાતી અનુવાદ)**

## પ્રથમ અધ્યાય

### ॥ નિશ્ચય-શુદ્ધિનું સ્વરૂપ ॥

(વીર છંદ)

મોહ મહાતમ નાશક જિનવર, વર્ધમાન કો નમન કરૂઁ,
ગાથા કે અનુસાર અર્થ સે ગ્રંથ લઘુ નયચક્ર રચૂં. ૧.

સામાન્યાર્થ : હું મોહરૂપી અંધકારનો નાશ કરવાવાળા અને અનંત જ્ઞાનાદિરૂપ લક્ષ્મીના ધારક શ્રી વર્ધમાનરૂપી સૂર્યને નમસ્કાર કરીને ગાથાના અર્થથી અવિરુદ્ધ નયચક્રને કહીશ. ૧.

**વિશેષાર્થ :**—આ પ્રથમ મંગલ શ્લોક દ્વારા આચાર્ય દેવસેને આ **'શ્રુતભવનદીપક નયચક્ર'**નો પ્રારંભ કર્યો છે.

આ શ્લોકમાં તીર્થનાયક શ્રી વર્ધમાન મહાવીર સ્વામીને નમસ્કાર કર્યા છે. જોકે અહીં અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરવામાં આવ્યા છે, તથાપિ આચાર્યને વર્ધમાનસ્વામીના જે વિશેષણ 'મોહરૂપી અંધકારનો નાશ કરવાવાળા તથા અનંતજ્ઞાનાદિરૂપ લક્ષ્મીના ધારક' બતાવ્યા છે, તે બધા વિશેષણો સર્વ અરહંત-સિદ્ધ પરમાત્માઓ પર જ ઘટિત થાય છે.

આ પ્રમાણે આ શ્લોકમાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની સાથે-સાથે અન્ય તીર્થંકરો તથા અરહંત-સિદ્ધ પરમાત્માઓને પણ નમસ્કાર કરીને મંગલાચરણ કરવામાં આવ્યું છે.

આ શ્લોકમાં **'गत्वार्थस्याऽविरोधेन'** અર્થાત્ આ ગ્રંથને ગાથાઓના અર્થ સાથે વિરોધ ન આવે, તે પ્રકારે કહું છું. આ પદ વિશિષ્ટ અર્થનું સૂચક છે. સંભવતઃ મંગલાચરણની પછી જ આચાર્યદેવે જે ત્રણ ગાથાઓનો ઉલ્લેખ કર્યો છે તે ત્રણ ગાથાઓની તરફ અહીં પણ આચાર્યે સંકેત કર્યો છે.

એવું પ્રતીત થાય છે કે આ ત્રણ ગાથાઓના વિસ્તાર સ્વરૂપ જ આ શ્રુતભવનદીપક નયચક્રની રચના થઈ છે.

આશા છે કે આ ગ્રંથના અધ્યયન કર્યા બાદ પાઠકગણ પણ આ નિષ્કર્ષ પર પહોંચશે કે આ ગ્રંથ આચાર્ય કુંદકુંદના સમયસાર પરમાગમ શાસ્ત્ર તથા તેમના દ્વારા પ્રતિપાદિત અધ્યાત્મથી વિશેષ પ્રભાવિત છે. ઉક્ત ત્રણેય ગાથાઓ, આચાર્ય કુંદકુંદના સુપ્રસિદ્ધ ગ્રંથરાજ સમયસારની જ ૧૧મી, ૧૨મી તથા ૧૪૩મી ગાથાઓ છે. ૧.

(मालिनी)

**जिनपतिमतमह्यां रत्नशैलादपापा–;**
**दिह हि समयसाराद् बुद्धबुद्ध्या गृहीत्वा।**
**प्रहतघनविमोहं सुप्रमाणादिरत्नं;**
**श्रुतभवनसुदीपं विद्धि तद्व्यापनीयम् ॥ 2 ॥**

---

**જિનમત ભૂ પર રત્નશિખર યહ, સમયસાર નિર્દોષ અહો,**
**નિજબુદ્ધિ કે બલ સે ભલી-ભાંતિ મૈં ગ્રહણ કરૂઁ ઈસકો.**
**ગાઢ મોહતમ નાશક સમ્યક્, નય-પ્રમાણ સે શોભિત જો,**
**લિખતા હૂં શ્રુતભવનદીપ નયચક્ર પ્રકાશિત કરને કો. ૨.**

**સામાન્યાર્થ : જિનેન્દ્ર ભગવાનના મતરૂપી ભૂમિમાં નિર્દોષ પવિત્ર રત્નપર્વતરૂપી સમયસારને બુદ્ધિ દ્વારા સારી રીતે સમજીને ગાઢ મોહને નષ્ટ કરવાવાળા તથા સમ્યક્ પ્રમાણાદિ રત્નોવાળા 'શ્રુતભવનદીપક નયચક્ર'ને પ્રકાશમાન કરવાના ઉદ્દેશથી તેને હું સુંદર રીતે લખું છું. ૨.**

**વિશેષાર્થ :—**મંગલાચરણના આ બીજા છંદમાં આચાર્યે સ્પષ્ટતાથી આ વાત સ્વીકારીને કહ્યું છે કે જિનેન્દ્ર ભગવાનના વીતરાગી શાસનની અંતર્ગત સમયસાર ગ્રંથને વિશેષરૂપે હૃદયમાં ધારણ કરીને હું આ ગ્રંથની રચના કરું છું.

આ માલિની છંદમાં આચાર્યદેવે ઉપમા અલંકારનો પ્રયોગ કર્યો છે, જેમાં જિનેન્દ્ર ભગવાનના શાસનને ઉત્કૃષ્ટ ભૂમિ તેમજ **સમયસારને** પવિત્ર રત્નપર્વતની ઉપમાથી અલંકૃત કર્યા છે અર્થાત્ જિનેન્દ્ર ભગવાનનું શાસન તો પૃથ્વી માફક વિશાળ છે તથા તેમાં **સમયસાર પરમાગમ** જાણે એક પવિત્ર રત્નપર્વતની જેમ શોભાયમાન થઈ રહ્યું છે.

**अर्थप्ररूपणाय गाथात्रयमाचष्टे –**

**ववहारोऽभूदत्थो, भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु, सम्मादिट्ठी हवदि जीवो॥ 11॥**

**सुद्धो सुद्धादेसो, णादव्वो परम–भाव–दरिसीहिं।**
**ववहार–देसिदा पुण, जे दु अपरमे ट्ठिदा भावे॥ 12॥**

**दोण्ह वि णयाण भणिदं, जाणदि णवरं तु समयपडिबद्धो।**
**णदु णयपक्खं गिण्हदि, किंचिवि णयपक्खपरिहीणो॥ 143॥**

પ્રથમ શ્લોકમાં તો આચાર્યે માત્ર 'નયચક્ર' લખવાની પ્રતિજ્ઞા કરી હતી, જ્યારે આ બીજા છંદમાં તેઓએ સ્પષ્ટ આ નિર્દેશ આપ્યો છે કે ''હું પ્રગાઢ મોહને નષ્ટ કરવાવાળાં તથા સમ્યક્ પ્રમાણ આદિ રત્નોવાળા **'શ્રુતભવનદીપક નયચક્ર'**ને પ્રકાશિત કરું છું.

ખરેખર તો દ્રવ્યશ્રુત તથા ભાવશ્રુતરૂપ સમસ્ત જિનાગમનાં મર્મને આ ગ્રંથ પ્રકાશિત કરે છે, માટે 'શ્રુતભવનદીપક નયચક્ર'– આ નામ સાર્થક જ છે.

**નયચક્રને આધારભૂત સમયસારની ત્રણ ગાથાઓ**

સર્વ પ્રથમ વિષય (અર્થનું) પ્રરૂપણ કરવાવાળી ત્રણ ગાથાઓને સામે રાખીને વિચાર કરીએ છીએ.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

**સામાન્યાર્થ :–**(૧) વ્યવહારનય અભૂતાર્થ છે તથા શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે, કારણ કે શુદ્ધનયનો આશ્રય કરવાવાળો જીવ સમ્યગ્દષ્ટિ હોય છે. (સમયસાર-ગાથા ૧૧)

(૨) પરમભાવના દેખનારાઓને તો શુદ્ધ (આત્મા)નો ઉપદેશ કરનાર શુદ્ધનય જાણવાયોગ્ય છે. વળી જે જીવો અપરમભાવે સ્થિત છે તેઓ વ્યવહારનય દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે. (સમયસાર ગાથા-૧૨)

(૩) નયપક્ષથી રહિત જીવ, સમય અર્થાત્ આત્માથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો) બંને નયોના કથનને કેવળ જાણે જ છે. પરંતુ નયપક્ષને જરાપણ ગ્રહણ કરતો નથી. (સમયસાર ગાથા-૧૪૩)

**વિશેષાર્થ :–**ઉપરની ત્રણે ગાથાઓ, સમયસારની ક્રમશઃ ૧૧મી, ૧૨મી તથા ૧૪૩મી ગાથાઓ છે. આ ત્રણે ગાથાઓ, નયોથી સંબંધિત હોવાથી **'શ્રુતભવનદીપક નયચક્ર'**ના રચયિતા શ્રીમદ્ દેવસેનાચાર્યે તેમનો અહીં ઉલ્લેખ કર્યો છે. ખાસ વાત તો એ છે કે આ ત્રણેય ગાથાઓ, અધ્યાત્મના પ્રતિષ્ઠાપક આચાર્ય કુંદકુંદના સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક ગ્રંથરાજ **સમયસાર**ની છે.

મંગલાચરણ કર્યા પછી તરત જ **'अर्थप्ररूपणायदाथात्रयमाचष्टे'** – આ રીતે કહીને, તેમનો ઉલ્લેખ કરવો–આ વાત સ્પષ્ટ સૂચવે છે કે આચાર્યદેવના હૃદયમાં આ ગાથાઓનું, સમયસારનું તથા આચાર્ય કુંદકુંદનું વિશેષ સ્થાન હતું, જેથી શ્રુત અભિભૂત થઈને તેઓશ્રીએ પ્રારંભમાં જ આ ગાથાઓ લખી છે, તથા જાણે તેમના વિસ્તારને માટે જ તેઓશ્રીએ 'શ્રુતભવનદીપક નયચક્ર'ની રચના કરી હોય! ધ્યાન રહે કે આ નયચક્રના આધાર પર જ પરવર્તી શ્રીમદ્ માઈલ્લ ધવલને **'દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર'**ની રચના કરી છે. એઓ સર્વપ્રથમ

**आसां भावार्थों विचार्यते।**

ગ્રંથનો પ્રારંભ કરતા કહે છે–

**''श्रीकुन्दकुन्दाचार्यकृतशास्त्रात् सारार्थं परिगृह्य स्वपरोपकाराय द्रव्यस्वभावप्रकाशकं नयचक्रं....आह... इति ।''**

(દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૧ની ઉત્થાનિકા)

અર્થ : ''શ્રી કુંદકુંદાચાર્યકૃત શાસ્ત્રથી સારભૂત અર્થને ગ્રહણ કરીને, સ્વ તથા પરના ઉપકારને માટે દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્રને કહું છું.''

આ સંબંધમાં 'દ્રવ્યસ્વભાવ પ્રકાશકનયચક્ર'ના સંપાદક સિદ્ધાન્તાચાર્ય પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રી લખે છે કે–''આ ગ્રંથના રચયિતાએ આચાર્ય કુંદકુંદના ગ્રંથોમાં વર્ણિત દ્રવ્ય સ્વભાવને અને આચાર્ય દેવસેનના નયચક્રને ગ્રહણ કરીને આ ગ્રંથની રચના કરી છે. જેવી રીતે દ્રવ્યોના સ્વભાવને સમજવા માટે કુંદકુંદાચાર્યનો ગ્રંથ અણમોલ છે. તેવી જ રીતે, નયોનું સ્વરૂપ સમજવા માટે દેવસેનાચાર્યનું નયચક્ર અણમોલ છે.''

(દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા-૧નો વિશેષાર્થ)

સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા આચાર્ય અમૃતચંદ્રે કરી છે, જેનું ભાષાંતર પંડિત જયચંદજી છાબડાએ કર્યું છે, સાથે પ્રત્યેક ગાથાની ટીકાનો સંક્ષિપ્ત ભાવાર્થ પણ લખ્યો છે. તેમાંથી ઉપરની ૧૧મી, ૧૨મી તથા ૧૪૩મી ગાથાની ટીકા, તેમજ ભાવાર્થ લખવો અપ્રાસંગિક નહીં થાય, માટે તેઓને ગ્રંથના અંતે પરિશિષ્ટના રૂપમાં આપવામાં આવ્યા છે.

હવે, આ ગાથાઓનો ભાવાર્થ વિચાર કરીએ છીએ.

**सर्वे जीवाः स्वस्वभावेन नयपक्षातीताः। स्वपर्यवसित-स्वभाववत्वात् सिद्धस्वभाववत्।**

**कथं जीवस्य स्वपर्यवसितस्वभाव इति चेत्।**

**तद्यथा - सहजपारिणामिकज्ञायकस्वभावस्य क्षायोपशमिक -क्षायिकज्ञानयोर्निर्वृत्तिप्रवृत्तिस्वभावयोः कारणान्तरजनक-त्वेनोद्भूतयोरसाधारणत्वात्।**

**क्षायोपशमिकं, यथा अनादि-सावधिः सनिधनज्ञान-निवर्तमानेऽप्यनिवृत्तत्वात्। क्षायिकं, यथा सादिनिरवध्यनिधन-ज्ञानेन प्रवर्तमानेऽपि तथाऽप्रवृत्तत्वात्।**

---

**બધા જીવ, સ્વ-સ્વભાવથી નયપક્ષાતીત છે, કારણ કે બધા જીવ, સિદ્ધસ્વભાવની સમાન સ્વપર્યવસિત સ્વભાવવાળા છે.**

**જીવના નયપક્ષાતીત સ્વપર્યવસિતસ્વભાવ–**

**શંકા–**જીવના **સ્વપર્યવસિત–સ્વભાવ** કેવો છે ?

**સમાધાન–સહજ પારિણામિક જ્ઞાયક સ્વભાવ**નો ક્ષાયોપશમિક જ્ઞાનની નિવૃત્તિ અને ક્ષાયિકજ્ઞાનની પ્રવૃત્તિ, આ બંને સ્વભાવોથી અસાધારણ છે, કારણ કે બંને સ્વભાવ, કારણાન્તરો દ્વારા ઉત્પન્ન થઈને પ્રગટ થાય છે.

જેવી રીતે, ક્ષાયોપશમિક જ્ઞાન, અનાદિ હોવા છતાં પણ સીમિત (મર્યાદિત) અને સનિધન જ્ઞાનરૂપથી નિવૃત (નિવર્તમાન) હોવા છતાં પણ સહજ પારિણામિક-જ્ઞાયકસ્વભાવ તે પ્રકારથી નિવૃત્ત નથી હોતો, તથા જે પ્રમાણે ક્ષાયિકજ્ઞાન, સાદિ-નિરવધિ તેમજ અનિધન-જ્ઞાનરૂપથી સદા પ્રવૃત્ત (પ્રવર્તમાન) હોવા છતાં પણ સહજ પારિણામિક-જ્ઞાયકસ્વભાવ, તે પ્રકારે પ્રવૃત્ત નથી હોતો.

**औपशमिकौदयिकाभ्यामनालीढत्वात् असावनाद्यनिधनः स्वभावभाव सम्पूर्णोऽकारणकः स्वयंवेद्यः (स्वसंवेद्य) स्वानुभूत्या प्रकाशेत। एवं हि जीवस्य स्वपर्यवसितस्वभावो भवति। अत एव तेन नयपक्षातीताः।**

**एवं विधो योऽसावर्थः, स यदा निश्चयनयाऽलिंगितो भवति तदा निश्चयात्मकं वस्तु, व्यवहारनयाऽलिंगितं वस्तु व्यवहारत्मकं। अतो नयपक्षातीतस्याऽर्थस्य निश्चय-व्यवहारो मुख्य-गौणतया प्राप्त्युपायो। असौ भावार्थः।**

**यद्यप्यात्मा स्वभावेन नयपक्षातीतस्तथापि स तेन विना तथाविधो न भवितुमर्हत्यनादिकर्मवशादसत्कल्पनात्मकत्वादतो नयलक्षणमुच्यते।**

---

આ પ્રમાણે શેષ ઔપશમિક તથા ઔદયિકભાવોથી અસમ્બદ્ધ (અનાલીઢ) હોવાથી સહજ પારિણામિક જ્ઞાયક સ્વભાવ, અનાદિ-અનિધન, સ્વ-સ્વભાવરૂપ સંપૂર્ણ અકારક, સ્વયંવૈદ્ય સ્વસંવેદ્ય તથા સ્વાનુભૂતિ દ્વારા પ્રકાશમાન રહે છે**—એવો જ જીવનો સ્વપર્યવસિત (પોતા પર જ નિર્ભર) સ્વભાવ છે, આ કારણથી તે નયપક્ષાતીત છે.**

આ પ્રમાણે, આ પદાર્થ અર્થાત્ આત્મા, જ્યારે નિશ્ચયનયથી આલિંગિત (સમ્બદ્ધ) થાય છે, ત્યારે નિશ્ચયાત્મક વસ્તુ છે તથા જ્યારે વ્યવહારનયથી આલિંગિત થાય છે, ત્યારે વ્યવહારાત્મક વસ્તુ છે, માટે નયપક્ષાતીત આત્મપદાર્થની પ્રાપ્તિના ઉપાય, મુખ્ય-ગૌણરૂપથી નિશ્ચય-વ્યવહારનય જ છે—એવો ભાવાર્થ છે.

**જો કે આત્મા, સ્વભાવથી નયપક્ષાતીત છે, તેમ છતાં તે નયોં સિવાય નયપક્ષાતીત નથી થઈ શકતો, કારણ કે અનાદિ કર્મવશથી આ જીવ અસત્ કલ્પનાવાળો છે, આથી નયનું લક્ષણ કહે છે—**

**नयतीति नयः। स तु व्यवहारनिश्चयाभ्यां द्वेधा।**

**उपनयोपजनितो व्यवहारः। प्रमाणनयनिक्षेपात्मकः भेदोपचाराभ्यां वस्तु व्यवहरतीति व्यवहारः।**

**कथमुपनयस्तस्य जनक इति चेत्।**

**सद्भूतो भेदोत्पादकत्वात् असद्भूतस्तूपचारोत्पादकत्वात्। उपचरिताऽसद्भूतस्तूपचारादप्युपचारोत्पादकत्वात्।**

**योऽसौ भेदोपचारलक्षणोऽर्थः सोऽपरमार्थः; अभेदाऽनुपचारस्याऽर्थस्य परमार्थत्वात्। अतएव व्यवहारोऽपरमार्थप्रतिपादकत्वादभूतार्थः।**

---

'**नयतीति नयः**' અર્થાત્ જે લઈ જાય છે, પહોંચાડે છે અથવા પ્રાપ્ત કરાવે છે, તેને નય કહે છે. તે વ્યવહાર-નિશ્ચયના ભેદથી બે પ્રકારે છે. ઉપનયથી ઉપજનિત વ્યવહારનય હોય છે. જે પ્રમાણ-નય-નિક્ષેપાત્મક ભેદ વા ઉપચાર દ્વારા વસ્તુનો વ્યવહાર કરે છે, તે વ્યવહારનય છે.

**શંકા**—ઉપનય વ્યવહારનો જનક કેવી રીતે છે?

**સમાધાન**—જો કે સદ્ભૂત વ્યવહારનય, ભેદનો ઉત્પાદક છે. અસદ્ભૂત વ્યવહારનય, ઉપચારનો ઉત્પાદક છે તથા ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય, ઉપચારમાં પણ ઉપચારનો ઉત્પાદક છે; આથી ઉપનયથી ઉપજનિત વ્યવહારનય હોય છે. જે આ ભેદ વા ઉપચાર લક્ષણવાળો અર્થ છે તે અપરમાર્થ છે, કારણ કે અભેદ તથા અનુપચાર લક્ષણવાળા અર્થનું પરમાર્થત્વ છે; માટે વ્યવહારનય, અપરમાર્થનો પ્રતિપાદક હોવાથી અભૂતાર્થ છે.

**निश्चयनयस्तूपनयरहितोऽभेदाऽनुपचारैकलक्षणमर्थं निश्चिनोतीति निश्चयः। स्याच्छब्दरहितत्वेऽपि न चाऽस्य निश्चयाऽभासत्वमुपनयरहितत्वात्।**

**कथमुपनयाऽभावे स्याच्छब्दस्याऽभाव इति चेत्।**

**'स्यात्' शब्दप्रधानत्वेनोपनयो हि व्यवहारस्य जनकत्वात्।**

**यदा तु निश्चयनयेनोपनयः प्रलयं नीयते, तदा निश्चय एव प्रकाशते। यद्यपि निश्चयनयेनाऽखण्डितैकवस्तुसद्भावः, तथाप्युपनयोपजनिताऽनेकव्यवहारकवलितं वस्तु शुद्धं। यथा राहुबिम्बप्रच्छादितं तमोऽरिबिम्बं।**

**નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે**—તે અભેદ તથા અનુપચાર લક્ષણવાળા અર્થને નિશ્ચિત કરે છે, આથી તે નિશ્ચયનય કહેવાય છે. 'स्यात्' શબ્દથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસપણાનો પ્રસંગ નથી આવતો કારણ કે તે ઉપનયથી રહિત છે.

**શંકા**—ઉપનયના અભાવમાં 'स्यात्' શબ્દનો અભાવ કેવી રીતે સિદ્ધ થાય છે?

**સમાધાન**—'સ્યાત' શબ્દની પ્રધાનતા હોવાથી ઉપનય જ વ્યવહારનો જનક થાય છે, આથી ઉપનયના અભાવમાં 'સ્યાત્' શબ્દનો પણ અભાવ સિદ્ધ થઈ જાય છે.

જ્યારે નિશ્ચયનયથી ઉપનય પ્રલયને પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે કેવળ નિશ્ચય જ પ્રકાશિત રહે છે. જોકે નિશ્ચયનયથી અખંડિત એક વસ્તુનો સદ્ભાવ છે. તથાપિ ઉપનયથી ઉપજનિત અનેક વ્યવહારથી ગ્રસિત (ગ્રહણ થયેલ) વસ્તુ પણ શુદ્ધ જ છે. જે પ્રમાણે રાહુબિંબથી આચ્છાદિત થવા છતાં પણ સૂર્ય, અંધકારનો નાશ કરવાવાળો તથા પ્રકાશ સ્વભાવવાળો જ છે.

**तर्हि किमर्थं व्यवहारः ?**

**असत्कल्पनानिवृत्यर्थं, सद्रत्नत्रयसिद्धयर्थं च। सद्रत्नत्रयेण तु परमार्थसिद्धिः।**

**स्वभावसिद्धस्य परमार्थस्य कथं तेन सिद्धिरिति वक्तव्यं।**

**सद्रत्नत्रयात्सर्वथा भेदे निश्चयाऽभावः, सर्वथात्वादभेदव्यवहारो माभूदिति कथंचिद्भेदेन तेन सिद्धि इति वचनं।**

**एवमात्मा यावद्व्यवहारनिश्चयाभ्यां तत्त्वमनुभवति तावत्परोक्षानुभूतिः। प्रत्यक्षानुभूतिर्नयपक्षातीता।**

---

**શંકા**—જો વ્યવહારથી ગ્રસિત વસ્તુ પણ શુદ્ધ છે તો વ્યવહારનયની શું આવશ્યકતા છે?

**સમાધાન**—વ્યવહારનયની ઉપયોગિતા, અસત્કલ્પનાની નિવૃત્તિ તેમજ સદ્‌રત્નત્રયની સિદ્ધિને માટે છે તથા સમ્યક્ રત્નત્રયની સિદ્ધિથી પરમાર્થની સિદ્ધિ થાય છે.

**શંકા**—સ્વભાવસિદ્ધ પરમાર્થની સિદ્ધિ વ્યવહારથી કઈ રીતે થઈ શકે છે? કૃપા કરીને ઉત્તર આપશો.

**સમાધાન**—વ્યવહારનો સમ્યક્ રત્નત્રયથી સર્વથા ભેદ માનવાથી નિશ્ચયનો પણ અભાવ થઈ જશે. કારણ કે સર્વથા ભેદને જ માનવાથી અભેદનો વ્યવહાર પણ નહીં થઈ શકે, માટે કથંચિત્ ભેદને માનવાથી જ વ્યવહાર દ્વારા પરમાર્થની સિદ્ધિ થાય છે—એવું આગમ-વચન છે.

આ રીતે જ્યાં સુધી આ આત્મા, વ્યવહારનય અને નિશ્ચયનય—આ નયોના માધ્યમથી તત્ત્વોનો અનુભવ કરે છે, ત્યાં સુધી પરોક્ષાનુભૂતિ રહે છે, કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ તો નયપક્ષાતીત છે.

**तर्ह्येवं द्वावपि सामान्येन पूज्यतां गतौ।**

**न ह्येवं, व्यवहारस्य पूज्यतरत्वान्निश्चयस्य तु पूज्यतमत्वात्।**

**ननु प्रमाणलक्षणो योऽसौ व्यवहारः, स व्यवहार-निश्चय-[उभय]-मनुभयं च गृह्णन्नप्यधिकविषयत्वात्कथं न पूज्यतमो?**

**नैवं नयपक्षातीतमात्मानं कर्तुमशक्यत्वात्। तद्यथा - निश्चयं गृह्णन्नपि अन्ययोगव्यवच्छेदं न करोतीत्यन्ययोग-व्यवच्छेदाऽभावे व्यवहारलक्षणभावक्रियां निरोद्धुमशक्तः। अतएव ज्ञानचैतन्ये स्थापयितुमशक्य एवासावात्मानमिति।**

**तथा प्रोच्यते - निश्चयनयस्त्वेकत्वे समुपनीय, ज्ञानचैतन्ये**

---

**શંકા—**જો એમ જ છે તો બંનેય નય, સામાન્યરૂપથી જ પૂજ્યત્વને પ્રાપ્ત થઈ જશે?

**સમાધાન—**નહીં, એમ નથી, કારણ કે વ્યવહારનય તો પૂજ્યતર છે, પરંતુ નિશ્ચયનય પૂજ્યતમ છે.

**શંકા—**પરંતુ જો આ પ્રમાણ લક્ષણવાળો વ્યવહારનય છે; તે અધિક વિષયવાળો હોવાથી વ્યવહાર, નિશ્ચય, ઉભય અને અનુભય-બધાને ગ્રહણ કરવાવાળો હોવાથી પણ તે પૂજ્યતમ કેમ નથી?

**સમાધાન—**કારણ કે પ્રમાણ લક્ષણવાળો વ્યવહારનય પણ આત્માને નયપક્ષાતીત નથી કરી શકતો, આથી તે પણ પૂજ્યતમ નથી. તે આ પ્રમાણે છે—પ્રમાણમાં નિશ્ચયનો અંતર્ભાવ હોવા છતાં પણ તે અન્યયોગનો વ્યવચ્છેદ નથી કરતો તથા અન્યયોગના વ્યવચ્છેદના અભાવમાં વ્યવહારલક્ષણવાળી ભાવક્રિયા (વિકલ્પ-જાળ)નો નિરોધ કરવો અશક્ય છે. આથી તે આત્માને જ્ઞાન ચૈતન્યમાં સારી રીતે સ્થાપિત કરવામાં અસમર્થ છે.

આગળ વધુ કહીએ છીએ—નિશ્ચયનય, આત્માને સમ્યક્

**संस्थाप्य, परमानन्दं समुत्पाद्य, वीतरागं कृत्वा, स्वयं निवर्तमानो नयपक्षातिक्रान्तं करोति तमिति पूज्यतमः।**

**अतएव निश्चयनयः परमार्थप्रतिपादकत्वाद् भूतार्थोऽत्रैवा-ऽविश्रान्ताऽन्तर्दृष्टिर्भवत्यात्मा।**

**स वीतरागो द्वेधा - रागक्रियानिवृत्तो, रागोदयनिवृत्तश्च।**

**तत्र रागक्रियानिवृत्तः प्रमत्तादिस्वरूपाऽऽराधकः षट्प्रकारः।**

**रागोदयनिवृत्तस्तु क्षीणकषायादिलब्धस्वभावः चतुष्प्रकारः।**

---

પ્રકારથી એકત્વની નિકટ લાવીને જ્ઞાન-ચૈતન્યમાં સારી રીતે સ્થાપિત કરીને, પરમાનંદને ઉત્પન્ન કરીને, વીતરાગ કરીને સ્વયં નિવૃત્ત થયો થકો, નયપક્ષાતિક્રાંત કરે છે; આ જ કારણે તે પૂજ્યતમ છે.

માટે જ, **નિશ્ચયનય, પરમાર્થનો પ્રતિપાદક હોવાથી** ભૂતાર્થ છે, તેનો નિરંતર આશ્રય લેવાથી આત્મા અંતર્દ્રષ્ટિવાન થાય છે.

તે 'વીતરાગ' બે પ્રકારના છે—૧. રાગક્રિયાનિવૃત્ત વીતરાગ અને ૨. રાગોદયનિવૃત્ત વીતરાગ.

પ્રમત્તાદિ સ્વરૂપના આરાધક **'રાગક્રિયાનિવૃત્ત વીતરાગ'** છ પ્રકારના છે. (તાત્પર્ય એ છે કે ૬ઠા પ્રમતવિરત ગુણસ્થાનથી લઈને ૧૧મા ઉપશાંતકષાય ગુણસ્થાન સુધી છ ગુણસ્થાન 'રાગક્રિયાનિવૃત્ત વીતરાગ'ના છે, કારણ કે અહીં બુદ્ધિપૂર્વક રાગનો સદ્‌ભાવ છે. પરંતુ રાગની ક્રિયાનો અભાવ છે.

તથા ક્ષીણકષાય વિ. ગુણસ્થાનને પ્રાપ્ત સ્વભાવવાળા **'રાગોદયનિવૃત્તિ વીતરાગ'** ચાર પ્રકારનાં છે. (તાત્પર્ય એ છે કે ૧૨મા ગુણસ્થાનથી લઈને ૧૪મા ગુણસ્થાન સુધી ત્રણ તેમજ સિદ્ધ ભગવાનને મેળવતાં ચાર પ્રકાર 'રાગોદય નિવૃત્ત વીતરાગ'ના છે. કારણ કે ૧૨મા ગુણસ્થાનથી આગળ રાગના ઉદયનો પણ અભાવ છે.)

(शार्दूलविक्रीडितम्)

**एकत्वे व्यवहारतामुपनयन्, नानाप्रकारात्मिकां;**
**सत्यार्थैकपयः प्रपीय सरसं, पुष्टिं परा प्राप्तवान्।**
**ज्ञानानन्दविशेषभावसहजे, प्रद्योतमानः स्फुटं।**
**भूतार्थोऽद्भुतशुद्धसारमहिमा, जीयाच्चिरं शाश्वतः॥ 3॥**

**इति देवसेनभट्टारक-विरचिते व्योमपण्डित-प्रबोधके श्रुत-भवन-दीपके नयचक्रे 'निश्चयशुद्धिकथनो' नाम प्रथमोऽध्यायः।**

---

(હરિગીત)

**વ્યવહાર સે નાના વિકલ્પોં રૂપ યુક્તિ ગ્રહણ કર,**
**એકત્વ મેં સત્યાર્થ સર્વોત્કૃષ્ટ અમૃત પાન કર.**
**સહજ જ્ઞાનાનંદ સ્ફુટ પ્રદ્યોતમાન સદા રહો,**
**ભૂતાર્થ અદ્ભુત સાર મહિમા નિત્ય હી જયવંત હો. ૩.**

**શ્લોકાર્થ :—**પૂર્વ ભૂમિકામાં અનેક પ્રકારના વ્યવહાર વિકલ્પોંને ગ્રહણ કરીને, ત્યારબાદ (તે વિકલ્પોનું શમન કરીને) એકત્વસ્વરૂપી આત્માના સત્યાર્થ સરસ શુદ્ધ તેમજ એકરસ દૂધ (વા અમૃત)નું પાન કરીને, જે ઉત્કૃષ્ટ પુષ્ટિને પ્રાપ્ત થયા છે, તેઓ સહજ જ્ઞાનાનંદ વિશેષ ભાવમાં સ્પષ્ટરૂપથી પ્રદ્યોતમાન રહે. આ પ્રમાણે ભૂતાર્થસ્વરૂપ શુદ્ધ આત્માની અદ્ભુત સારભૂત મહિમા, શાશ્વતરૂપથી અનંતકાળપર્યંત જયવંત વર્તો.

આ પ્રમાણે **શ્રીમદ્ દેવસેન ભટ્ટારક** વિરચિત વ્યોમપંડિતને પ્રતિબોધ પમાડનાર **'શ્રુતભવનદીપક નયચક્ર'**માં **નિશ્ચયશુદ્ધિના સ્વરૂપનું કથન** કરવાવાળો પ્રથમ અધ્યાય પૂર્ણ થયો.

# ॥ द्वितीयोऽध्यायः ॥

## ॥ व्यवहार-शुद्धि-कथनः ॥

**इदानीमुपनयोपजनितो व्यवहार-प्रपञ्च उच्यते।**

*** प्रमीयते परिच्छिद्यते वस्तु येन तत्प्रमाणं करणत्वमस्य।**

*** प्रमितिः प्रमाणमिति भावोऽस्य।**

*** प्रमिमीते प्रमाणं कर्तृत्वमस्य।**

*** प्रमीयते प्रमाणं कर्मत्वमस्य।**

---

### દ્વિતીય અધ્યાય

## વ્યવહાર-શુદ્ધિનું સ્વરૂપ

હવે, ઉપનયથી ઉપજનિત વ્યવહાર-પ્રપંચને કહે છે—

**પ્રમાણના પ્રયોગ—**

૧. જેના દ્વારા વસ્તુનું પરિચ્છેદન અર્થાત્ જ્ઞાન કરીએ છીએ અથવા જેના દ્વારા વસ્તુને જાણીએ છીએ વા પ્રમાણિત કરીએ છીએ, તેને પ્રમાણ કહે છે—આ **પ્રમાણનો કરણવાચી પ્રયોગ** છે.

૨. **પ્રમિતિ** (પ્રમાણનું ફળ અર્થાત્ યથાર્થ જ્ઞાન) પ્રમાણ છે—આ **પ્રમાણનો ભાવવાચી પ્રયોગ** છે.

૩. જે સમ્યક્ પ્રકારે જાણે છે, તે **પ્રમાણ** છે—આ **પ્રમાણનો કર્તૃવાચી પ્રયોગ** છે.

૪. જે પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે, તે **પ્રમેય**, પ્રમાણ છે—આ **પ્રમાણનો કર્મવાચી પ્રયોગ છે.**

**इत्याद्यनेककारकरूपेण स्याद्‌भेदादिना वस्तुनिर्वृत्तत्वात् उपनयजनितत्वाच्चैवं व्यवहारताऽस्य।**

**नयोऽप्येवं द्रष्टव्यः।**

**कथमुपनयैः सम्बन्धः प्रमाणस्य स्वतन्त्रत्वादिति चेत्।**

**तद्यदा व्यवहारार्थं स्याच्छब्दमपेक्षते तदा तस्य तैस्सम्बन्धः।**

**यथा प्रमाणनयनिक्षेपात्मको व्यवहारः; प्रमाणप्रमाण-वतोर्नयनयवतोर्निक्षेपनिक्षेपवतोर्द्रव्यतोऽभेदेन अन्यत्रोपचारादुप-चारेण स्याच्छब्दमपेक्षते।**

---

આ પ્રમાણે અનેક કારકોના માધ્યમથી કથંચિત્ ભેદ આદિ દ્વારા વસ્તુની નિષ્પતિ હોવાથી તથા ઉપનયથી ઉપજનિતતા હોવાથી જ **પ્રમાણની વ્યવહારતા** સિદ્ધ થાય છે.

પ્રમાણની જેમ નયો પર પણ ઉપરોક્ત કારક-ભેદ આદિ દ્વારા **નયોની વ્યવહારતા** ઘટિત કરીને જોવી જોઈએ.

**શંકા–**પ્રમાણનો સંબંધ ઉપનયોથી કેવી રીતે થઈ શકે છે? કારણ કે પ્રમાણ તો સ્વતંત્ર છે.

**સમાધાન–**જ્યારે પ્રમાણ, વ્યવહાર પ્રયોગ માટે 'સ્યાત્' શબ્દની અપેક્ષા રાખે છે, ત્યારે પ્રમાણનો ઉપનયોથી સંબંધ થાય છે.

જે પ્રકારે, પ્રમાણ-નય-નિક્ષેપાત્મક વ્યવહાર હોય છે, પ્રમાણ-પ્રમાણવાન્, નય-નયવાન્ તથા નિક્ષેપ-નિક્ષેપવાનનું દ્રવ્ય (દ્રવ્યાર્થિક વા નિશ્ચયનય)થી અભેદ હોવાથી તથા અન્યત્ર (પર્યાયાર્થિકનય વા વ્યવહારનયથી) ઉપચારમાં ઉપચાર હોવાથી તે ઉપચારમાં 'સ્યાત્' શબ્દની અપેક્ષા હોય છે.

**तथा व्यवहारेऽपि सर्वथा भेदे तयोर्द्रव्याभावः, अभेदे तु व्यवहार–विलोपः।**

**तथोपचारेऽपि संकरादिदोषसम्भवादन्यथा कर्तृत्वादिकारक –रूपाणामनुपपत्तितः स्यादेवं व्यवहारविलोपाऽऽपत्तिः।**

**सम्यग्ज्ञानं प्रमाणं। तद्द्वेधा – परोक्षेतरभेदात्।**

**इन्द्रियैर्मनसा च मननं मतिः।**

**अर्थादर्थान्तरज्ञानं श्रुतज्ञानं।**

---

તે પ્રમાણે વ્યવહારથી પણ સર્વથા ભેદ માનવાથી તેઓ (પ્રમાણ અને પ્રમાણવાન, નય અને નયવાન્ તથા નિક્ષેપ-નિક્ષેપવાન્)ના આશ્રયભૂત દ્રવ્યનો અભાવ થઈ જશે, તેમજ તેઓને સર્વથા અભેદ માનવાથી તેઓના અલગ-અલગ વ્યવહાર (ભેદ)નો જ વિલોપ થઈ જશે. આ પ્રમાણે સર્વથા ઉપચાર માનવાથી સંકર વિગેરે દોષોના પ્રસંગ આવે છે. આ પ્રમાણે કર્તૃત્વ આદિ કારકોની સિદ્ધિ નહીં થાય તથા વ્યવહારના વિલોપની આપત્તિ આવશે.

**પ્રમાણનું લક્ષણ તેમજ તેના ભેદ-પ્રભેદ :**

સમ્યગ્જ્ઞાનને **પ્રમાણ** કહે છે.

તે **પ્રમાણ** બે પ્રકારનાં છે—**પરોક્ષ તેમજ પ્રત્યક્ષ.**

(**પરોક્ષ પ્રમાણ**નાં ભેદ બે છે—**મતિજ્ઞાન તેમજ શ્રુતજ્ઞાન.**)

ઈન્દ્રિયોં અને મનના નિમિત્તથી જે મનનસ્વરૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને **મતિજ્ઞાન** કહે છે.

કોઈ એક પદાર્થના અવલંબનપૂર્વક કોઈ અન્ય પદાર્થનું જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને **શ્રુતજ્ઞાન** કહે છે.

**अतएवाऽनयोः परोक्षत्वं।**

**मर्यादयाऽधोऽधो वा जानातीत्यवधिः।**

**मनसा पर्ययनं मनःपर्ययः।**

**मूर्तस्य ग्राहकत्वादनयोर्विकल-प्रत्यक्षत्वं।**

**इन्द्रियाऽनपेक्षमसहायज्ञानं केवलज्ञानं।**

**सकलद्रव्यविषयत्वादस्य सकल-प्रत्यक्षत्वं।**

---

ઉપરનાં તે બંને-મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં પરના અવલંબનની આવશ્યકતા રહે છે, આથી આ બંને જ્ઞાન **પરોક્ષ** કહેવાય છે.

(**પ્રત્યક્ષ પ્રમાણના** બે ભેદ છે—**વિકલ પ્રત્યક્ષ** તેમજ **સકલ પ્રત્યક્ષ. વિકલપ્રત્યક્ષ**ના પણ બે ભેદ છે—**અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન. સકલપ્રત્યક્ષનો** એક જ ભેદ કેવળજ્ઞાન છે.)

જે જ્ઞાન, પોતાની મર્યાદાની અંદર-અંદર (મૂર્ત પદાર્થને) વિશદ જાણે છે—આવા પ્રત્યક્ષજ્ઞાનને **અવધિજ્ઞાન** કહે છે.

જે જ્ઞાન, મનના માધ્યમથી (મૂર્ત પદાર્થને) વિશદ જાણે છે—આવા પ્રત્યક્ષ જ્ઞાનને **મનઃપર્યયજ્ઞાન** કહે છે.

ઉપરના બંને, અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન માત્ર મૂર્ત પદાર્થોને જ (કોઈ અવલંબન વિના, પ્રત્યક્ષરૂપથી) જાણે છે. આ તેઓનું **વિકલ-પ્રત્યક્ષપણું** છે.

જે જ્ઞાન, ઈન્દ્રિય (ઔર મન)ની અપેક્ષાથી રહિત તેમજ વિના કોઈની સહાયતાથી જાણે છે, તેને **કેવળજ્ઞાન** કહે છે.

આ કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોને (વિશદ્‌રૂપથી) વિષય બનાવે છે, આ તેનું **સકલ-પ્રત્યક્ષપણું** છે.

**परस्परविरुद्धधर्मणामेक वस्तुन्यविरोधसिद्ध्यर्थं नयः।**

**प्रमाणेनाऽपि धर्माणामविरोधता, तस्य प्रत्यक्षत्वात्। न ह्येवं परोक्षे प्रत्यक्षाऽभावात्।**

**यथा, कश्चिद् देवदत्तोऽपूर्वान् परोक्षानश्वान् राज्ञे निवेदयति। स राजा यथा, ह्रस्वदीर्घलोहिताऽऽदिधर्माव-बोधाय पौनः-पुन्याद्विकल्प्य पृच्छति तथा परोक्षाऽर्थे श्रुतनिवेदिताऽनन्तधर्मा-वबोधनाय विकल्पा (नयाः) भवन्ति।**

**तथापि मम सन्देहः, स नयो प्रमाणादभिन्नो भिन्नो वा?**

---

**નયનું પ્રયોજન**

પરસ્પર વિરુદ્ધ ધર્મોની એક વસ્તુમાં અવિરોધરૂપથી સિદ્ધિ કરવા માટે **નયોનો પ્રયોગ** કરવામાં આવે છે.

જોકે પ્રમાણજ્ઞાન (કેવળજ્ઞાનરૂપ)માં પણ ધર્મોની અવિરોધતા જ છે, કારણ કે તે તો સમસ્ત ધર્મોને પ્રત્યક્ષરૂપથી (યુગપત્) વિષય બનાવે છે, પરંતુ પરોક્ષરૂપથી વસ્તુના ધર્મોને વિષય બનાવવાવાળા **પરોક્ષજ્ઞાન**માં બધા ધર્મ યુગપત્ નથી જાણી શકાતા, કારણ કે તે પ્રત્યક્ષજ્ઞાન નથી.

જેમ કે કોઈ દેવદત્ત નામનો પુરુષ, અપૂર્વ પરોક્ષભૂત (દૂરવર્તી) ઘોડાઓના વિષયમાં રાજાને નિવેદન કરે છે, ત્યારે રાજા, તે ઘોડાઓના નાના-મોટાં શરીર, લાલ-સફેદ વિગેરે રંગોનું જ્ઞાન કરવા માટે ફરી ફરી વિકલ્પ કરીને (પ્રશ્ન કરીને) તે પુરુષને પૂછે છે, તેજ પ્રકારે પરોક્ષભૂત પદાર્થના આગમ કથિત અનંત ધર્મોનું જ્ઞાન કરવા માટે જે વિકલ્પ ઉત્પન્ન થાય છે, તેઓને જ **નય** કહે છે.

**નય-પ્રમાણમાં કથંચિત્ ભેદાભેદ :—**

**શંકાકાર—**અહીં, તેમ છતાં મને સંદેહ છે કે તે નય પ્રમાણથી ભિન્ન છે કે અભિન્ન?

**भिन्नः चेत् कथं तेन गृहीतं प्रमाणीभूतं, नो चेदन्यथा किं पृथक्करणेन।**

**स्याद् भेदत्वाददोषता। तद्यथा, न नयः प्रमाणं, प्रमाणमपि नयो न भवति। संज्ञालक्षणप्रयोजनभेदेन भिन्नत्वात्, अभिन्नोऽपि श्रुतविकल्पत्वात्।**

**नयस्त्वंशग्राही श्रुतविकल्पो, ज्ञातुरभिप्रायेण यो नयः, सोऽपि नयोपनयभेदेन द्वेधा।**

---

જો નય પ્રમાણથી ભિન્ન છે તો તેના દ્વારા ગૃહિત વસ્તુ પ્રમાણીભૂત કેવી રીતે થશે? તથા જો નય પ્રમાણથી ભિન્ન નથી તો તેનું પૃથક્રૂપથી નિરૂપણ કરવાની શું જરૂર છે?

**સમાધાન**—નયનો પ્રમાણથી **કથંચિત્ ભેદ** હોવાથી તેમના ભિન્ન-અભિન્ન હોવામાં કોઈ દોષ નથી, તે આ પ્રમાણે છે—(કથંચિત્) નય, પ્રમાણ નથી, અને પ્રમાણ પણ નય નથી. સંજ્ઞા (સંખ્યા), લક્ષણ, પ્રયોજન આદિના ભેદથી નયની પ્રમાણથી કથંચિત્ ભિન્નતા સિદ્ધ છે તથા નયની પ્રમાણથી કથંચિત્ અભિન્નતા પણ આગમપ્રમાણથી સિદ્ધ છે. કારણ કે નય, શ્રુતજ્ઞાન પ્રમાણનો જ વિકલ્પ માનવામાં આવ્યો છે. અથવા નય અને પ્રમાણ બંને શ્રુતજ્ઞાનના જ ભેદ અથવા વિકલ્પરૂપ હોવાથી કથંચિત્ અભિન્ન છે.

**નયનું સ્વરૂપ :—**

નય તો વસ્તુના અંશને ગ્રહણ કરવાવાળો શ્રુતજ્ઞાનનો વિકલ્પ છે. જ્ઞાતાના અભિપ્રાયથી તે નયનો પ્રયોગ થાય છે.

**નયોના પ્રકાર**

તે નય પણ બે પ્રકારના છે. **નય** અને **ઉપનય.**

**द्रव्यार्थिक-पर्यायार्थिकौ मूलनयभेदौ।**

**नैगम-संग्रह-व्यवहार-ऋजुसूत्र-शब्द-समभिरूढ-एवंभूता नयस्योत्तरभेदाः।**

**कर्मोपाधि-निरपेक्षः शुद्ध-द्रव्यार्थिकः।**

**उत्पाद-व्यय-गौणत्वेन सत्ता-ग्राहकः शुद्ध-द्रव्यार्थिकः।**

**भेद-कल्पना-निरपेक्षः शुद्ध-द्रव्यार्थिकः।**

**कर्मोपाधि-सापेक्षोऽशुद्ध-द्रव्यार्थिकः।**

**उत्पाद-व्यय-सापेक्षोऽशुद्ध-द्रव्यार्थिकः।**

---

**નયોના મૂળ ભેદ અથવા મૂળનય કેટલા ?**

નયોના મૂળભૂત બે ભેદ છે અથવા મૂળનય બે છે—૧. દ્રવ્યાર્થિકનય અને ૨. પર્યાયાર્થિકનય.

**નયોના ઉત્તરભેદ :**

(૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહારનય, (૪) ૠજુસૂત્રનય, (૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય તથા (૭) એવંભૂતનય—આ બધા થઈને નયોના સાત ઉત્તરભેદ છે.

**દ્રવ્યાર્થિકનયના દશભેદ :**

(૧) કર્મની ઉપાધિથી નિરપેક્ષ **શુદ્ધ-દ્રવ્યાર્થિકનય.**

(૨) ઉત્પાદ-વ્યયની ગૌણતા કરીને સત્તા ગ્રાહક **શુદ્ધ-દ્રવ્યાર્થિકનય.**

(૩) ભેદ-કલ્પના-નિરપેક્ષ **શુદ્ધ-દ્રવ્યાર્થિકનય.**

(૪) કર્મ ઉપાધિ-સાપેક્ષ **અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય.**

(૫) ઉત્પાદ-વ્યય સાપેક્ષ **અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય.**

**भेद-कल्पना-सापेक्षोऽशुद्ध-द्रव्यार्थिकः।**

**पर्यायादि-ग्राहकोऽन्वय-द्रव्यार्थिकः।**

**स्व-द्रव्यादि-ग्राहको द्रव्यार्थिकः।**

**पर-द्रव्यादि-ग्राहको द्रव्यार्थिकः।**

**परम-भाव-ग्राहको द्रव्यार्थिकः।**

**अनादि-नित्य-पर्यायार्थिकः।**

**सादि-नित्य-पर्यायार्थिकः।**

**सत्ता-गौणत्वेनोत्पाद-व्यय-ग्राहक-स्वभावाऽनित्य-शुद्ध-पर्यायार्थिकः।**

---

(૬) ભેદ કલ્પના સાપેક્ષ **અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય.**

(૭) પર્યાય આદિ (-સામાન્ય) **ગ્રાહક-અન્વય-દ્રવ્યાર્થિકનય.**

(૮) સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાલ-સ્વભાવ(થી અસ્તિત્વનો) **ગ્રાહક દ્રવ્યાર્થિકનય.**

(૯) પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાલ-પરભાવ(થી નાસ્તિત્વનો) **ગ્રાહક દ્રવ્યાર્થિકનય**.

(૧૦) પરમભાવ (પરમપારિણામિકભાવ) **ગ્રાહક (પરમશુદ્ધ) દ્રવ્યાર્થિકનય.**

**પર્યાયાર્થિકનયના છ ભેદ**

૧) અનાદિ-નિત્ય (પર્યાયનો ગ્રાહક) **પર્યાયાર્થિકનય.**

૨) સાદિ-નિત્ય (પર્યાયનો ગ્રાહક) **પર્યાયાર્થિકનય**

૩) સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યય ગ્રાહક સ્વભાવ **અનિત્ય-શુદ્ધ પર્યાયાર્થિકનય.**

**सत्ता–सापेक्षः स्वभावाऽनित्याऽशुद्ध–पर्यायार्थिकः।**

**कर्मोपाधि–निरपेक्षः स्वभावाऽनित्य–शुद्ध–पर्यायार्थिकः।**

**कर्मोपाधि–सापेक्षो विभावाऽनित्याऽशुद्ध–पर्यायार्थिकः।**

**भूत–नैगमः। वर्तमान–नैगमः। भावि–नैगमः।**

**शुद्ध–संग्रहः। अशुद्ध–संग्रहः।**

**शुद्ध–संग्रह–भेदक–व्यवहारः।**

**अशुद्ध–संग्रह–भेदक–व्यवहारः।**

---

૪) સત્તા અપેક્ષા સહિત સ્વભાવ **અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકનય.**

૫) કર્મની ઉપાધિ-નિરપેક્ષ સ્વભાવ **અનિત્ય–શુદ્ધ પર્યાયાર્થિકનય.**

૬) કર્મની ઉપાધિથી સાપેક્ષ વિભાવ **અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય.**

**નૈગમનયના ત્રણ ભેદ :**

૧. ભૂત નૈગમનય, ૨. વર્તમાન નૈગમનય, ૩. ભાવિ નૈગમનય

**સંગ્રહનયના બે ભેદ :**

૧. શુદ્ધ સંગ્રહનય, ૨. અશુદ્ધ સંગ્રહનય

**વ્યવહારના બે ભેદ**

૧. શુદ્ધસંગ્રહ-ભેદક-વ્યવહારનય.

૨. અશુદ્ધ સંગ્રહ ભેદક-વ્યવહારનય.

**सूक्ष्मर्जुसूत्रः, स्थूलर्जुसूत्रश्च।**

**– इत्येवमादया नयस्योत्तरोत्तरभेदाः।**

(अनुष्टुभ्)

**गौणं विधाय पर्यायं, द्रव्यं गृह्णाति यो नयः।**
**द्रव्यार्थिकः स विज्ञेयः, पर्यायार्थोऽन्यथा नयः॥ 1॥**
**दश द्रव्यार्थिके भेदाः, षट् पर्यायार्थिके मताः।**
**नैगमे तु त्रयः शेष-त्रिषु द्वौ द्वावुदाहृतौ॥ 2॥**

---

**ઋજુસૂત્રનયના બે ભેદ :**

૧. સૂક્ષ્મ ઋજુસૂત્રનય, ૨. સ્થૂળ ઋજુસૂત્રનય.

(ધ્યાનમાં રહે કે **શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય** એક એક જ છે. તેમના કોઈ ઉત્તરભેદ આગમમાં નથી.) આ પ્રમાણે નયોના ભેદ-પ્રભેદોનું વર્ણન પૂર્ણ થાય છે.

નયોના વિશેષ લક્ષણ :–

(હરિગીત)

**જો દ્રવ્ય કો ગ્રહણ કરતા, ગૌણ કર પર્યાયકો,**
**જાનો ઉસે દ્રવ્યાર્થિક, પર્યાય-અર્થિક અન્ય કો. ૧.**

**શ્લોકાર્થ –** જે નય, પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને ગ્રહણ કરે છે. તેને **દ્રવ્યાર્થિકનય** જાણવો જોઈએ, તેનાથી વિપરીત (જે નય દ્રવ્યને ગૌણ કરીને પર્યાયને ગ્રહણ કરે છે, તેને) **પર્યાયાર્થિકનય** જાણવો જોઈએ.

**દ્રવ્યાર્થિક દશ ભેદ, પર્યાયાર્થિક છહ ભેદ હૈં,**
**તીન નૈગમ શેષ ત્રય કે, ભેદ દો-દો જાનિયે. ૨.**

**कर्म-मध्य-स्थितं जीवं, शुद्धं गृह्णाति सिद्धवत्।**
**शुद्ध-द्रव्यार्थिको ज्ञेयः स नयो नय-वेदिभिः ॥ 3 ॥**

**कृत्वोत्पाद-व्ययौ गौणौ, सत्तां गृह्णाति यो नयः।**
**शुद्ध-द्रव्यार्थिकः सत्ता-, ग्राहको भण्यते बुधैः ॥ 4 ॥**

**गुण-गुण्यर्थभेदे न, द्रव्यमंगीकरोति यः।**
**शुद्ध-द्रव्यार्थिको भेद-, कल्पना-निरपेक्षकः ॥ 5 ॥**

---

**શ્લોકાર્થ–**દ્રવ્યાર્થિકનયના દશ ભેદ છે અને પર્યાયાર્થિકનયના છ ભેદ છે. નૈગમનયના ત્રણ ભેદ છે. તથા સંગ્રહનય, વ્યવહારનય તેમજ ઋજુસૂત્રનયના બે-બે ભેદ બતાવવામાં આવ્યા છે. (શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય એક-એક જ છે, તેનો ઉત્તરભેદ નથી.)

**દ્રવ્યાર્થિકનયના દશ ભેદોનું સ્વરૂપ**

**સંસારિયો કો સિદ્ધ જૈસા, શુદ્ધનય જો જાનતા,**
**શુદ્ધનય દ્રવ્યાર્થિક, કહતે ઉસે નયવેત્તા. ૩.**

**શ્લોકાર્થ–**જે નય, કર્મોમાં સ્થિત (સંસારી) જીવને સિદ્ધોના સમાન શુદ્ધ ગ્રહણ કરે છે, તેને નયોના જાણનારાઓ **(કર્મોપાધિ-નિરપેક્ષ) શુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

**ઉત્પાદ-વ્યય કો ગૌણ કર, જો ગ્રહણ સત્તા કો કરે,**
**સત્તાગ્રહી દ્રવ્યાર્થિકનય–શુદ્ધ ઉસકો બુધ કહે. ૪.**

**શ્લોકાર્થ–**જે નય, ઉત્પાદ-વ્યય, બંનેને ગૌણ કરીને સત્તાને ગ્રહણ કરે છે, તેને બુદ્ધિમાન પુરુષો **સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય** કહે છે.

**ગુણ-ગુણી કે ભેદ સે ભી, જો ન દ્રવ્યોં કે લખે,**
**શુદ્ધનય દ્રવ્યાર્થિક, નિરપેક્ષ ભેદ-વિકલ્પ સે. ૫.**

**भेद–कल्पना–निरपेक्षश्चेत् कथमस्योपनय–जनितत्त्वं। परज्ञता– ऽऽद्युपचरितस्वभावस्य गौणत्वेन ग्राहकत्वात्।**

**राग–द्वेषादि–भावांश्च, यो जीवमिति भाषते।**
**सो हि द्रव्यार्थिकोऽशुद्धः, कर्मोपाधि–समन्वितः ॥6॥**

**त्रित्वमेक–क्षणे द्रव्ये, सदुत्पाद–व्ययाद् वदेत्।**
**उत्पाद–व्यय–सापेक्षोऽशुद्ध–द्रव्यार्थिको नयः ॥7॥**

---

**શ્લોકાર્થ—**જે નય, દ્રવ્યને ગુણ-ગુણીરૂપ અર્થભેદ સહિત અંગીકાર નથી કરતો, તેને **ભેદ-કલ્પના-નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય** કહે છે.

**શંકા—**જો આ નય, ભેદકલ્પનાથી નિરપેક્ષ છે તો પછી આ નયનું ઉપનયથી ઉત્પન્ન થવું કેવી રીતે સંભવિત છે?

**સમાધાન—**કારણ કે આ નય, પરજ્ઞતા (પરવસ્તુઓને જાણવા સંબંધિત સર્વજ્ઞતા) આદિ ઉપચરિત સ્વભાવોને ગૌણરૂપથી ગ્રહણ કરે છે.

**રાગ-દ્વેષાદિક વિભાવો કો કહે જો જીવ હૈ,**
**સાપેક્ષ-કર્મોપાધિ-દ્રવ્યાર્થિક-અશુદ્ધનય હૈ યહી. ૬.**

**શ્લોકાર્થ—**જે નય, રાગ-દ્વેષ આદિ ભાવોને 'તેઓ જીવ છે'—એમ કહે છે, તેને **કર્મોપાધિ—સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય** કહે છે.

**દ્રવ્ય મેં ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ત્રિત્વ જો પ્રતિલક્ષણ લખે,**
**ઉત્પાદ-વ્યયસાપેક્ષ-દ્રવ્યાર્થિક-અશુદ્ધ જાનો ઉસે. ૭.**

**શ્લોકાર્થ—**જે નય, એકસમયમાં દ્રવ્યને સત્-ઉત્પાદ-વ્યયસ્વરૂપ હોવાને કારણે તેને ત્રિલક્ષણવાળું કહે છે તે **ઉત્પાદ-વ્યય-સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય** છે.

**गुण-गुण्यादि-भेदं यः, कृत्वा सम्बन्ध-सूचकः।**
**स भेद-कल्पनापेक्षो-, ऽशुद्ध-द्रव्यार्थिको नयः॥8॥**

**यः पर्यायादिकान् द्रव्यं, ब्रूते त्वन्वयरूपतः।**
**द्रव्यार्थिकः सोऽन्वयाख्यः, प्रोच्यते नयवेदिभिः॥9॥**

**स्व-द्रव्यादि-चतुष्कादे-, रस्तित्वं वक्ति वस्तुनो।**
**यो हि स्वद्रव्यादिग्राही, तद्विपरीतस्तु विपरीतः॥10॥**

---

અથવા

જે નય, દ્રવ્યમાં ઉત્પાદ-વ્યયથી યુક્ત સત્તાને જોઈને, તેને એક સમયમાં ત્રિલક્ષણવાળું કહે છે, તેને ઉત્પાદ-વ્યય-સાપેક્ષ અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય કહે છે.

**ગુણ-ગુણી કા ભેદ કર, સમ્બન્ધ કો સૂચિત કરે,**
**સાપેક્ષ-ભેદવિકલ્પ-દ્રવ્યાર્થિક-અશુદ્ધનય બુધ કહે. ૮.**

**શ્લોકાર્થ—**જે નય, ગુણ-ગુણી આદિનો ભેદ કરીને તેમની સાથે દ્રવ્યનો સંબંધ સૂચિત કરે છે, તેને **ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય** કહે છે.

**પર્યાયાદિકો કો દ્રવ્ય કહતા, દેખ અન્વયરૂપસે,**
**દ્રવ્યાર્થિક-અન્વય ઉસે, કહતે સુવેત્તા નયોં કે. ૯.**

**શ્લોકાર્થ—**જે નય, અન્વયરૂપ પર્યાયો આદિને દ્રવ્ય કહે છે, તેને નયોના વેત્તાઓ (પારંગતો) **અન્વય દ્રવ્યાર્થિકનય** કહે છે.

**દ્રવ્યાદિ સ્વચતુષ્ટય અપેક્ષા, સત્ લખે જો દ્રવ્ય કો,**
**દ્રવ્યાદિ સ્વગ્રાહક વહી, વિપરીત ઉસસે અન્ય હૈ. ૧૦.**

**શ્લોકાર્થ—**જે નય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચતુષ્ટયની અપેક્ષા વસ્તુનું અસ્તિત્વ ગ્રહણ કરે છે, તે **સ્વદ્રવ્યાદિ ગ્રાહક**

**गृह्णाति वस्तु-भावं, शुद्धाऽशुद्धोपचार-परिहीनं।**
**स परम-भाव-ग्राही, ज्ञातव्यः सिद्धि-कामेन॥ 11॥**

**परमभाव-ग्राहकश्चेत्कथमस्योपनय-जनितत्वं क्षायोप-शमिकादि-विशेष-ज्ञान-पर्यायस्य गौणत्वेन ग्राहकत्वात्।**

**मेरुधरादिमनादि-, नित्यमकृतकं हि वक्ति पर्यायं।**
**स नयोऽनादि-नित्यः, पर्यायार्थो जिनेन्द्रोक्तः॥ 12॥**

---

**દ્રવ્યાર્થિકનય** છે તથા જે નય, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચતુષ્ટયની અપેક્ષા વસ્તુનું નાસ્તિત્વ ગ્રહણ કરે છે, તે **પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય** છે.

**ઉપચાર શુદ્ધ-અશુદ્ધ વિરહિત, જો નિરખતા તત્ત્વ કો,**
**વહ પરમભાવગ્રહી સુનય, જાનો મુમુક્ષુજન અહો. ૧૧.**

**શ્લોકાર્થ—**જે નય, સિદ્ધિની કામનાથી વસ્તુના ભાવને શુદ્ધ, અશુદ્ધ અને ઉપચારની વિવિક્ષાઓથી રહિત ગ્રહણ કરે છે, તે **પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનય** છે. **(આ પરમભાવગ્રાહી પરમશુદ્ધ દ્રવ્યાર્થિકનયને મોક્ષના અભિલાષીઓએ શુદ્ધ ધ્યાન કરવાના પ્રયોજનથી અવશ્ય જાણવો જોઈએ.)**

**શંકા—**જો તે નય, પરમભાવનો ગ્રાહક છે તો તેનું ઉપનયથી ઉત્પન્ન થવું કઈ રીતે સંભવે છે?

**સમાધાન—**કારણ કે આ નય, ક્ષાયોપશમિક આદિ વિશેષ જ્ઞાનપર્યાયોનો પણ ગૌણપણે ગ્રાહક છે.

**પર્યાયાર્થિકનયના છ ભેદોનું સ્વરૂપ :**

**મેરુ આદિ અકૃત્રિમ—પર્યાય કો જો નય લખે,**
**વહ હૈ અનાદિ નિત્ય પર્યાયાર્થિકનય જિન કહે. ૧૨.**

**आदत्ते पर्यायं नित्यं, सादिं च कर्मणोऽभावात्।**
**स सादि-नित्य-पर्यायार्थिक-नामा नयः स्मृतः ॥ 13 ॥**
**सत्ता-गौणत्वाद्यो, व्ययमुत्पादं च शुद्धमाचष्टे।**
**सत्तागौणत्वेनोत्पादव्ययवाचकः स नयः ॥ 14 ॥**
**ध्रौव्योत्पादव्ययग्राही, कालेनैकेन यो नयः।**
**स्वभावाऽनित्यपर्याय-, ग्राहकोऽशुद्ध उच्यते ॥ 15 ॥**

---

**શ્લોકાર્થ—**જે નય, સુમેરુ પર્વત આદિ અનાદિ-નિત્ય અકૃત્રિમ પર્યાયોનું કથન કરે છે, તેને જિનેન્દ્ર ભગવાને **અનાદિનિત્ય પર્યાયાર્થિકનય** કહ્યો છે.

**જો કર્મ-વિરહિત સિદ્ધ કી પર્યાય સાદિ નિત લખે,**
**વહ સાદિ-નિત-પર્યાય અર્થી-નય શ્રી જિનવર કહેં. ૧૩.**

**શ્લોકાર્થ—**જે નય, સમસ્ત કર્મોના અભાવરૂપ સાદિ નિત્ય સિદ્ધ પર્યાયને ગ્રહણ કરે છે, તેને **સાદિ નિત્ય પર્યાયનો ગ્રાહક પર્યાયાર્થિકનય** જાણવો જોઈએ.

**સત્ કો કરે જો ગૌણ, જાને માત્ર વ્યય-ઉત્પાદ કો,**
**વહ શુદ્ધ-પર્યાયાર્થિક, ઉત્પાદ-વ્યયગ્રાહી અહો! ૧૪.**

**શ્લોકાર્થ—**જે નય, સત્તાને ગૌણ કરીને, માત્ર શુદ્ધ ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરે છે, તે **સત્તાને ગૌણ કરવાવાળા ઉત્પાદ-વ્યયનો વાચક શુદ્ધ પર્યાયાર્થિકનય** છે.

**ઉત્પાદ-વ્યય-ધ્રુવ તીન કો જો, પ્રતિસમય મેં જાનતા,**
**અશુદ્ધ-પર્યાયાર્થિક-ગ્રાહક અનિત્ય સ્વભાવ કા. ૧૫.**

**શ્લોકાર્થ—**જે નય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય—ત્રણેને એક જ સમયમાં ગ્રહણ કરે છે, તે **સ્વભાવરૂપ અનિત્ય પર્યાયનો ગ્રાહક અશુદ્ધ પર્યાયાર્થિકનય** છે.

**पर्यायानंगिनां शुद्धात्, सिद्धानामिव यो वदेत्।**
**स्वभावनित्यशुद्धोऽसौ, पर्यायग्राहको नयः॥ 16 ॥**
**अशुद्धाऽनित्यपर्यायान्, कर्मजान् विवृणोति यः।**
**विभावाऽनित्यपर्याय-, ग्राहकोऽशुद्धसंज्ञकः॥ 17 ॥**
**निष्पन्नमिव यो भूयादनिष्पन्नं च भाविवित्।**
**अप्रस्थेऽपि यथा प्रस्थो, भण्यते भाविनैगमः॥ 18 ॥**

---

**સંસારિયોં કી દશા કો જો, શુદ્ધ સિદ્ધો સમ લખે,**
**સ્વભાવ નિત પર્યાયગ્રાહી, પર્યાય શુદ્ધાર્થી કહો.૧૬.**

**શ્લોકાર્થ–**જે નય (અશુદ્ધ) પર્યાયોને ધારણ કરવાવાળા, સંસારી જીવો (ની પર્યાયો)ને સિદ્ધ સમાન શુદ્ધ કહે છે, **તે સ્વભાવરૂપ નિત્ય પર્યાયનો ગ્રાહક શુદ્ધ પર્યાયાર્થિકનય** છે.

**જો કર્મજન્ય અશુદ્ધ ઔર અનિત્ય પર્યય કો લખે,**
**વિભાવ ક્ષણવર્તી ગહે રેં! અશુદ્ધ પર્યાયાર્થિક. ૧૭.**

**શ્લોકાર્થ–**જે નય, કર્મનિમિત્તક અનિત્ય અશુદ્ધ પર્યાયોંને ગ્રહણ કરે છે, તે **વિભાવરૂપ અનિત્ય પર્યાયનો ગ્રાહક અશુદ્ધપર્યાયાર્થિકનય** છે.

**નૈગમનયના ત્રણ ભેદોનું સ્વરૂપ**

**પર્યાય જો હોંગી ઉન્હેં, 'હો ગઈ' જૈસા જાનતા,**
**અપ્રસ્થ કો ભી પ્રસ્થ જાને, ભાવિ-નૈગમ-નય કહા. ૧૮.**

**શ્લોકાર્થ–**જે નય, ભવિષ્યકાળમાં નિષ્પન્ન થવાવાળી જાણીને અનિષ્પન્ન પર્યાયોને નિષ્પન્નસમાન ગ્રહણ કરે છે, તેને **ભાવિનૈગમનય** કહે છે. જેમકે અનિષ્પન્ન અવસ્થામાં અપ્રસ્થને પ્રસ્થ[૧] કહેવું.

---

૧. પ્રસ્થ = અનાજ તોલવાનું માપ

**येन भूता क्रियालोके, क्रिया ते वर्तमानिका।**
**सद्भूतनैगमः ख्यातो, यथा वीरोऽद्य निर्वृतः॥ 19॥**
**क्रियां पाकविहारादिमसिद्धां वर्तमानिकां।**
**निष्पन्नामिव यो ब्रूयाद्, वर्तमानः स नैगमः॥ 20॥**
**परस्पराऽविरोधेन, सर्वमस्तीति संग्रहः।**
**शुद्धोऽशुद्धतस्सिद्धिः, तथा जातिविवक्षया॥ 21॥**

---

**પર્યાય જો હો ચુકી ઉનકો, વર્તતી હૈ જાનતા,**
**સદ્ભૂત-નૈગમ-નય કહેં, જ્યોં 'વીર કા નિર્વાણ હૈ'. ૧૯.**

**શ્લોકાર્થ**—જે નય, ભૂતકાળમાં સંપન્ન ક્રિયાઓને વર્તમાનમાં સંપન્ન બતાવે છે, તેને **ભૂતનૈગમનય વા સદ્ભૂત નૈગમનય** કહે છે. જેમકે આજ (દીપાવલીના દિવસે) ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા છે.

**ભોજનાદિક કાર્ય જો, ગતિમાન હૈં વર્તમાન મેં,**
**વર્તમાન-નૈગમ-નય યહી, કહતા હૈ 'વહ તો હો ગયા'. ૨૦.**

**શ્લોકાર્થ**—જે નય, વર્તમાનકાળમાં પ્રારંભ કરવામાં આવેલ ભોજન પકાવવા વિગેરે અધૂરી ક્રિયાઓમાં, પૂર્ણ ક્રિયાઓની જેમ વ્યવહાર કરે છે, તેને **વર્તમાન નૈગનનય** કહે છે. જેમકે, અર્ધપાકેલ ભોજનની અવસ્થામાં 'ભોજન પૂર્ણ પાકી ગયું'—આમ કહેવું

## સંગ્રહનયના બે ભેદોનું સ્વરૂપ

**શુદ્ધ-સંગ્રહ-નય 'સભી કા સત્ત્વ હૈ'—યહ જાનતા,**
**અશુદ્ધ-સંગ્રહ-નય કિ જિસમેં, જાતિ કી હૈ વિવક્ષા. ૨૧.**

**શ્લોકાર્થ**—જે નય, પરસ્પર અવિરોધભાવથી બધા પદાર્થોના અસ્તિત્વને ગ્રહણ કરે છે, તે **શુદ્ધ સંગ્રહનય** કહેવાય છે તથા જાતિની વિવક્ષા કરવાથી **અશુદ્ધ સંગ્રહનય**ની સિદ્ધિ થાય છે.

**यः संग्रहग्रहीताऽर्थे, शुद्धाऽशुद्धे विभेदकः।**
**शुद्धाऽशुद्धाऽभिधानेन, व्यवहारो द्विधा मतः॥ 22॥**
**द्रव्ये गृह्णाति पर्यायं, ध्रुवं समयमात्रिकं।**
**ऋजुसूत्राऽभिधः सूक्ष्मः, स सर्वं क्षणिकं यथा॥ 23॥**
**यो नराऽदिकपर्यायं, स्वकीयस्थितिवर्तनं।**
**तावत्कालंतथाऽचष्टे, स्थूलाऽख्यऋजुसूत्रकः॥ 24॥**

---

(જેમકે, **શુદ્ધસંગ્રહનય**થી સર્વપદાર્થ સત્‌માત્ર છે અને **અશુદ્ધસંગ્રહનય**થી બધા જીવ ચિન્માત્ર છે. આ બંને નયોને જ ક્રમશઃ **સામાન્યસંગ્રહનય** અને **વિશેષસંગ્રહનય** પણ કહે છે.)

**વ્યવહારનયના બે ભેદોનું સ્વરૂપ**

**શુદ્ધ ઔર અશુદ્ધ સંગ્રહ સે ગૃહીત પદાર્થ મેં,**
**ભેદગ્રાહી શુદ્ધ ઔર અશુદ્ધ હૈ વ્યવહારનય. ૨૨.**

**શ્લોકાર્થ**—જે નય, શુદ્ધ અને અશુદ્ધ—બંને ભેદવાળા સંગ્રહનયોથી ગ્રહણ કરવામાં આવેલ પદાર્થમાં વિશેષ કારણોથી ભેદ કરે છે, તેને બે ભેદવાળો, એક **શુદ્ધ અને બીજો અશુદ્ધ વ્યવહારનય** જાણવો જોઈએ.

**ઋજુસૂત્રનયના બે ભેદોનું સ્વરૂપ**—

**દ્રવ્ય કી ઈક સમયવર્તી, ધ્રુવ અવસ્થા કો લખે,**
**સૂક્ષ્મ-નય-ઋજુસૂત્ર કહતા, 'દ્રવ્ય સબ હી ક્ષણિક હૈ'. ૨૩.**

**શ્લોકાર્થ**—જે નય, દ્રવ્યમાં એક સમયમાત્રની ધ્રુવ પર્યાયને ગ્રહણ કરે છે, તેને **સૂક્ષ્મઋજુસૂત્રનય** કહે છે. દા.ત. સર્વપદાર્થ ક્ષણિક છે.

**આયુ-થિતિ પર્યન્ત નર-સુર, આદિ સબ પર્યાય કો,**
**ઉતને સમય તક જાનતા, સ્થૂલ-નય ઋજુસૂત્ર જો.૨૪.**

**य एकाऽर्थेप्यनेकार्थान्, ब्रूते लिंगादियोगतः।**
**शब्दान् शब्दनयोऽभीष्टः, पुष्यार्थे तारकादिवत्॥ 25॥**
**परस्परं समाऽऽरूढो, यत्र शब्दाऽर्थगोचरौ।**
**समभिरूढकस्तत्र, पौरैश्चाऽऽर्येन्द्रशब्दवत्॥ 26॥**
**यद्येन क्रियते कर्म, नाम तेनैव तद्भवेत्।**
**एवंभूतो नयः स स्यात्, नर्तकी पावकादिवत्॥ 27॥**

---

**શ્લોકાર્થ–**જે નય, પોત-પોતાની આયુની સ્થિતિવાળી મનુષ્ય આદિ પર્યાયોને માત્ર તેટલા સમય સુધી ગ્રહણ કરે છે, તેને **સ્થૂળઋજુસૂત્રનય** કહે છે.

**શબ્દનયનું સ્વરૂપ**

**એકાર્થવાચી શબ્દ બહુ લિંગાદિ ભેદોં સે કહે,**
**શબ્દનય સે કહેં જ્યોં, નક્ષત્ર તારક પુષ્ય કો. ૨૫.**

**શ્લોકાર્થ–**જે નય, એક અર્થ હોવા છતાં પણ લિંગાદિના ભેદથી અનેકાર્થક શબ્દોને કહે છે, તેને **શબ્દનય** કહે છે. જેમકે, પુષ્ય અર્થને બતાવવાવાળા નક્ષત્ર તારક વિગેરે અનેક શબ્દ.

**સમભિરૂઢનયનું સ્વરૂપ**

**શબ્દ એવં અર્થ કો, આરૂઢ આપસ મેં કરે,**
**સમભિરૂઢ કહેં યહી નય, આર્ય ઈન્દ્રાદિક યથા. ૨૬.**

**શ્લોકાર્થ–**જે નય, શબ્દ અને અર્થને પરસ્પરમાં સમારૂઢ કરે છે અર્થાત્ શબ્દને અર્થારૂઢ અને અર્થને શબ્દારૂઢ કરે છે, તે **સમભિરૂઢ** કહેવાય છે. જેમકે, અન્યમતાર્થીઓ દ્વારા આર્ય, ઈન્દ્ર વિગેરે શબ્દોના રૂઢ અર્થ માનવામાં આવ્યા છે.

**એવંભૂતનયનું સ્વરૂપ**

**કાર્ય જબ જો કિયા જાયે, તભી વૈસા જો કહે,**
**યહી એવંભૂતનય જ્યોં, 'જલ રહી વહ અગ્નિ હૈ'. ૨૭.**

**नैगमादित्रयो भेदाः, द्रव्यार्थिकनयस्य ते।**
**ऋजुसूत्रादिका शेषाः, पर्यायार्थिकसंगताः ॥ 28 ॥**

**अर्थप्रधानकास्तत्र, चत्वारो नैगमादयः।**
**शब्दप्रधानकास्त्वन्ये, गीयन्ते नयवेदिभिः ॥ 29 ॥**

**भूतार्थज्ञापनात्सर्वे, भूतप्रज्ञापनाः नयाः।**
**भाव्यार्थज्ञापनादेवं, भाविप्रज्ञापना स्मृताः ॥ 30 ॥**

---

**શ્લોકાર્થ—**જે નય, જેના દ્વારા જે કર્મ કરવામાં આવે છે, તેને તે જ નામથી કહે છે, તેને **એવંભૂતનય** કહે છે. જેમકે કોઈ નૃત્ય કરે તે સમયે તેને નર્તકી કહેવી, અથવા દહનક્રિયાના સમયે જ પાવક (અગ્નિ) વિગેરે શબ્દોનો વ્યવહાર કરવો.

**નયોના સંબંધમાં વિશેષ કથન**

**નૈગમાદિક તીન નય હૈં, ભેદ દ્રવ્યાર્થિક કહે,**
**શેષ ઋજુસૂત્રાદિ હૈં ચઉ, ભેદ પર્યાયાર્થિ કે. ૨૮.**

**શ્લોકાર્થ—**નૈગમ, સંગ્રહ અને વ્યવહાર—આ ત્રણ ભેદ **દ્રવ્યાર્થિકનય**નાં છે તથા ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત—આ ચારે ભેદ **પર્યાયાર્થિકનય**ના છે.

**અર્થનય કે ભેદ જાનો, નૈગમાદિક ચાર નય,**
**શબ્દનય કે ભેદ હૈં, શબ્દાદિ અંતિમ તીન નય. ૨૯.**

**શ્લોકાર્થ—**નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર—આ ચારે ભેદ **અર્થપ્રધાન નય**નાં છે તથા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત—આ ત્રણે ભેદ **શબ્દપ્રધાન નય**ના છે.

**ગતકાલવર્તી અર્થ કહતા, ભૂતપ્રજ્ઞાપન સુનય,**
**ભાવિવર્તી અર્થ જાને, ભાવિપ્રજ્ઞાપન સુનય. ૩૦.**

**द्रव्यार्थेन चरतीति द्रव्यार्थिकः।**
**पर्यायार्थेन चरतीति पर्यायार्थिकः।**
**शुद्धद्रव्यार्थेन चरतीति शुद्ध–द्रव्यार्थिकः।**
**अशुद्धद्रव्यार्थेन चरतीति अशुद्ध–द्रव्यार्थिकः।**
**अन्वयद्रव्यार्थेन चरतीति अन्वय–द्रव्यार्थिकः।**
**स्वद्रव्यादीनि गृह्णातीति स्वद्रव्यादि–ग्राहकः [द्रव्यार्थिकः]।**

---

**શ્લોકાર્થ–**ઉપરોક્ત બધા નય, જ્યારે ભૂતકાળના અર્થનું જ્ઞાન કરાવે છે, ત્યારે તેમને **ભૂતપ્રજ્ઞાપન નય** કહે છે તથા જ્યારે તેઓ ભવિષ્યકાળના અર્થનું જ્ઞાન કરાવે છે, ત્યારે તેમને **ભાવિપ્રજ્ઞાપન નય** જાણવા જોઈએ.

**પ્રત્યેક નયનું વ્યુત્પત્તિપરક લક્ષણ**

જે નય, દ્રવ્યની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે; તે **દ્રવ્યાર્થિકનય** છે.

જે નય, પર્યાયની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે; તે **પર્યાયાર્થિકનય** છે.

જે નય, શુદ્ધદ્રવ્યની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે; તે **શુદ્ધ-દ્રવ્યાર્થિકનય** છે.

જે નય, અશુદ્ધદ્રવ્યની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે; તે **અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય** છે.

જે નય, અન્વયરૂપથી વિદ્યમાન દ્રવ્યની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે; તે **અન્વય- દ્રવ્યાર્થિકનય** છે.

જે નય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સહિત અસ્તિત્વને ગ્રહણ કરે છે; તે **સ્વદ્રવ્યાદિ-ગ્રાહક- દ્રવ્યાર્થિકનય** છે.

**परद्रव्यादीनि गृह्णातीति परद्रव्यादि-ग्राहकः [द्रव्यार्थिकः]।**

**परमं पारिणामिकस्वभावं गृह्णातीति परमभाव-ग्राहकः [द्रव्यार्थिकः]।**

**अनादिनित्यपर्यायार्थेन चरतीत्यनादिनित्य-पर्यायार्थिकः।**

**सादिनित्यपर्यायार्थेन चरतीति सादिनित्य-पर्यायार्थिकः।**

**शुद्धपर्यायार्थेन चरतीति शुद्ध-पर्यायार्थिकः।**

**अशुद्धपर्यायार्थेन चरतीति अशुद्ध-पर्यायार्थिकः।**

**भूतमर्थमनुगच्छतीति भूत-नैगमः।**

---

જે નય, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સહિત નાસ્તિત્વને ગ્રહણ કરે છે, તે **પરદ્રવ્યાદિ-ગ્રાહક-દ્રવ્યાર્થિકનય** છે.

જે નય, પરમપારિણામિક સ્વભાવને ગ્રહણ કરે છે, તે **પરમભાવ-ગ્રાહક-દ્રવ્યાર્થિકનય** છે.

જે નય, અનાદિ નિત્ય પર્યાયની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે, તે **અનાદિનિત્ય- પર્યાયાર્થિકનય** છે.

જે નય, સાદિ નિત્ય પર્યાયની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે, તે **સાદિનિત્ય-પર્યાયાર્થિકનય** છે.

જે નય, શુદ્ધ પર્યાયની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે, તે **શુદ્ધ-પર્યાયાર્થિકનય** છે.

જે નય, અશુદ્ધ પર્યાયની મુખ્યતાથી ગમન કરે છે, જ્ઞાન કરાવે છે, તે **અશુદ્ધ-પર્યાયાર્થિકનય** છે.

જે નૈગમનય, ભૂતકાળવર્તી પદાર્થનું અનુસરણ કરે છે, તેને **ભૂતનૈગમનય** કહે છે.

**भाव्यर्थमनुगच्छतीति भावि-नैगमः।**

**वर्तमानार्थमनुगच्छतीति वर्तमान-नैगमः।**

**शुद्धमर्थ संगृह्णातीति शुद्ध-संग्रह।**

**अशुद्धमर्थ संगृह्णातीति अशुद्ध-संग्रहः।**

**शुद्धसंग्रहार्थं भेदयतीति शुद्धसंग्रह-भेदको व्यवहारः।**

**अशुद्धसंग्रहार्थं भेदयतीत्यशुद्धसंग्रह-भेदको व्यवहारः।**

**सूक्ष्मपर्यायं ऋजुसूत्रयतीति सूक्ष्म-ऋजुसूत्रः।**

---

જે નૈગમનય, ભવિષ્યકાળના પદાર્થનું અનુસરણ કરે છે, તેને **ભાવિ-નૈગમનય** કહે છે.

જે નૈગમનય, વર્તમાનકાળના પદાર્થનું અનુસરણ કરે છે, તેને **વર્તમાન-નૈગમનય** કહે છે.

જે સંગ્રહનય, શુદ્ધ અર્થનો સંગ્રહ કરે છે, તેને **શુદ્ધ-સંગ્રહનય** કહે છે.

જે સંગ્રહનય, અશુદ્ધ અર્થનો સંગ્રહ કરે છે, તેને **અશુદ્ધ-સંગ્રહનય** કહે છે.

જે વ્યવહારનય, શુદ્ધ સંગ્રહનયના વિષયભૂત અર્થમાં ભેદ કરે છે. તેને **શુદ્ધ-સંગ્રહભેદક-વ્યવહારનય** કહે છે.

જે વ્યવહારનય, અશુદ્ધ સંગ્રહનયના વિષયભૂત અર્થમાં ભેદ કરે છે. તેને **અશુદ્ધ-સંગ્રહ-ભેદક- વ્યવહારનય** કહે છે.

જે ઋજુસૂત્રનય, સૂક્ષ્મ પર્યાયને સરળતાથી ગ્રહણ કરે છે, બતાવે છે, તેને **સૂક્ષ્મ-ઋજુસૂત્રનય** કહે છે.

**स्थूलपर्यायं ऋजुसूत्रयतीति स्थूल–ऋजुसूत्रः।**

**शब्दाश्रयत्वाच्छब्दः।**

**शब्दार्थयोः परस्परेणाऽभिरूढ़त्वात् समभिरूढः।**

**एवं क्रियाप्रधानत्वेन भवतीत्येवंभूतः।**

**नयभेदानां व्युत्पत्तिरियं।**

**आत्मन उपसमीपे प्रमाणादीनां वा तेषामुपसमीपे नयति, इत्युपनयः।**

**उपनयस्तु मूलभेदेनैकः।**

---

જે ઋજુસૂત્રનય, સ્થૂળ પર્યાયને સરળતાથી ગ્રહણ કરે છે. તેને **સ્થૂળ-ઋજુસૂત્રનય** કહે છે.

જે નય, શબ્દનો આશ્રય કરે છે, તે **શબ્દનય** છે.

જે નય, શબ્દ અને અર્થ—બંનેને પરસ્પર અભિરૂઢ જાણે છે, બતાવે છે, તે **સમભિરૂઢનય** કહે છે.

જે નય, તાત્કાલિક ક્રિયાની પ્રધાનતાથી જાણે છે, બતાવે છે તે **એવંભૂતનય** છે.

આ પ્રમાણે **નયોના ભેદનું વ્યુત્પત્તિપરક કથન** પૂર્ણ થાય છે.

**ઉપનયનું સ્વરૂપ તથા ભેદ-પ્રભેદ :**

જે આત્માની વિશેષ નિકટ પ્રમાણાદિ (પ્રમાણ-નય-નિક્ષેપ)ને અને પ્રમાણાદિ (પ્રમાણ-નય-નિક્ષેપ)ની વિશેષ નિકટ આત્માને પહોંચાડે છે, તે **ઉપનય** છે.

**મૂળભેદ**ની અપેક્ષા **ઉપનયનો એક જ પ્રકાર** છે.

**सद्‌भूत-व्यवहारः, असद्‌भूत-व्यवहारः, उपचरित-(असद्‌भूत-) व्यवहारः चोपनयस्योत्तरभेदाः।**

**शुद्ध-सद्‌भूत-व्यवहारः, अशुद्ध-सद्‌भूत-व्यवहारः।**

**स्वजातीयाऽसद्‌भूत-व्यवहारः, विजातीयाऽसद्‌भूत-व्यवहारः, स्वजाति-विजातीयाऽसद्‌भूत-व्यवहारः।**

**स्वजातीयोपचरिताऽसद्‌भूत-व्यवहारः, विजातीयोपचरिताऽसद्‌भूत-व्यवहारः, स्वजाति-विजातीयोपचरिता-ऽसद्‌भूत-व्यवहारश्चेत्येवमादयः उपनयस्योत्तरोत्तरभेदाः।**

**गुण-गुणिनोः पर्याय-पर्यायिणोः स्वभाव-स्वभाविनोः कारक-कारकिणोः संज्ञादिभेदाद् भेदकः सद्‌भूत-व्यवहारः।**

---

**ઉત્તરભેદની** અપેક્ષા **ઉપનયોના** ત્રણ ભેદ છે**—સદ્‌ભૂત વ્યવહાર, અસદ્‌ભૂત વ્યવહાર અને ઉપચરિત (અસદ્‌ભૂત) વ્યવહાર.**

**ઉપનયોના ઉત્તરોત્તર ભેદ** નીચે પ્રમાણે છે—સદ્‌ભૂતવ્યવહારના બે ભેદ—શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહાર અને અશુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહાર.

**અસદ્‌ભૂત-વ્યવહારના ત્રણ ભેદ—**સ્વજાતીય-અસદ્‌ભૂત-વ્યવહાર, વિજાતીય-અસદ્‌ભૂત-વ્યવહાર અને સ્વજાતીય-વિજાતીય-અસદ્‌ભૂત-વ્યવહાર.

**ઉપચરિત-વ્યવહારના ત્રણ ભેદ—**સ્વજાતીય—ઉપચરિત અસદ્‌ભૂત—વ્યવહાર, વિજાતીય ઉપચરિત—અસદ્‌ભૂત-વ્યવહાર અને સ્વજાતીય-વિજાતીય—ઉપચરિત—અસદ્‌ભૂત વ્યવહાર.

**સદ્‌ભૂત-વ્યવહારનય**

જે ઉપનય, ગુણ-ગુણવાન, પર્યાય-પર્યાયવાન, સ્વભાવ-

**शुद्धेऽर्थे सद्भूतः शुद्धसद्भूतः। अशुद्धेऽर्थे सद्भूतः अशुद्ध–सद्भूतः।**

**अन्यत्र प्रसिद्धस्य धर्मस्याऽन्यत्राऽरोपणमसद्भूत–व्यवहारः।**

**द्रव्ये द्रव्योपचारः, गुणे गुणोपचारः, पर्याये पर्यायोपचारः। द्रव्ये गुणोपचारः, पर्यायोपचारश्च। गुणे द्रव्योपचारः, पर्यायोप–चारश्च। पर्याये द्रव्योपचारो, गुणोपचारश्च।**

---

સ્વભાવવાન તથા કારક-કારકવાનમાં સંજ્ઞા, આદિની અપેક્ષા ભેદ કરે છે, તે **સદ્ભૂતવ્યવહાર** છે.

જે ઉપનય, શુદ્ધ અર્થમાં સદ્ભૂત થાય છે, ત્યારે **શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારનય** કહેવાય છે તથા જ્યારે અશુદ્ધ અર્થમાં સદ્ભૂત થાય છે, ત્યારે **અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારનય** કહેવાય છે.

**અસદ્ભૂત-વ્યવહાર**

જે ઉપનય, અન્યત્ર પ્રસિદ્ધ ધર્મને અન્યત્ર આરોપણ કરે છે, તે અસદ્ભૂત-વ્યવહાર છે. જેમકે (તેને નીચે પ્રમાણે સમજી શકાય છે.)

૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર (આરોપણ) કરવો;

૨) ગુણમાં ગુણનો ઉપચાર (આરોપણ) કરવો;

૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર (આરોપણ) કરવો;

૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર (આરોપણ) કરવો;

૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર (આરોપણ) કરવો;

૬) ગુણમાં દ્રવ્યનો ઉપચાર (આરોપણ) કરવો;

૭) ગુણમાં પર્યાયનો ઉપચાર (આરોપણ) કરવો;

૮) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર (આરોપણ) કરવો;

૯) પર્યાયમાં ગુણનો ઉપચાર (આરોપણ) કરવો;

**असद्भूत-व्यवहारेण चाऽर्थाः सम्बद्धाः उपचरितव्याः। संश्लेष-सम्बन्धः, परिणाम-परिणामि-सम्बन्धः, श्रद्धान-श्रद्धेय-सम्बन्धः, ज्ञान-ज्ञेय-सम्बन्धः, चर्य-चारित्र-सम्बन्धः चेत्येवमादयः।**

**विजातिद्रव्ये विजातिद्रव्याऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा –**

**शरीरमपि यो जीवं, प्राणिनो वदन्ति स्फुटं।**
**असद्भूतो विजातीयो, ज्ञातव्यो मुनिवाक्यतः॥ 31॥**

**विजातिगुणे विजातिगुणाऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा-**

---

જે અસદ્ભૂત-વ્યવહારથી સંબંધિત પદાર્થ છે, તેઓ ઉપચારને યોગ્ય હોય છે, જેમકે ૧. સંશ્લેષ સંબંધ, ૨. પરિણામ-પરિણામી સંબંધ, ૩. શ્રદ્ધાન-શ્રદ્ધેય સંબંધ, ૪. જ્ઞાન-જ્ઞેય સંબંધ, ૫. ચારિત્ર-ચર્ય (ચારિત્ર-ચારિત્રેય) સંબંધ વિગેરે.

**અસદ્ભૂતવ્યવહારના કેટલાક ઉદાહરણ**

**(૧) વિજાતીય દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે. જેમકે—

**પ્રાણિયોં કી દેહ કો જો નય કહે 'યહ જીવ હૈ',**
**અસદ્ભૂત-વિજાતિ-નય-વ્યવહાર યહ મુનિજન કહે. ૩૧.**

**શ્લોકાર્થ—**જે નય, પ્રાણિયોના શરીરને જ જીવ કહે છે, તે (ઉક્ત) **વિજાતીય અસદ્ભૂતવ્યવહારનય** છે—એમ મુનિજનોના વાક્ય પ્રયોગોમાં જાણવું જોઈએ.

**(૨) વિજાતીય ગુણમાં વિજાતીય ગુણનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે. જેમકે—

**मूर्तमेवमिति ज्ञानं, कर्मणा जनितं यतः।**
**यदि नैव भवेन्मूर्तं, मूर्तेन स्खलितं कुतः॥ 32॥**

**स्वजाति-पर्याये स्वजाति-पर्यायाऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा -**

**प्रतिबिम्बं समालोक्य, यस्य चित्रादिषु स्थितं।**
**तदेव तच्च यो ब्रूयादसद्भूतो ह्युदाहृतः॥ 33॥**

**स्वजाति-द्रव्ये स्वजाति-विजाति-गुणाऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा -**

---

**'મૂર્ત હૈ યહ જ્ઞાન', ક્યોંકિ કર્મ સે ઉત્પન્ન હૈ,**
**અન્યથા યહ જ્ઞાન ક્યોં, સ્ખલિત હોતા મૂર્ત સે. ૩૨.**

**શ્લોકાર્થ—**'આ જ્ઞાન મૂર્ત જ છે' કારણ કે મૂર્તકર્મથી ઉત્પન્ન થયું છે. જો આ મૂર્ત ન હોય તો મૂર્તકર્મને કારણે સ્ખલિત કેવી રીતે થઈ શકે છે? (-આ (ઉપરોક્ત) **અસદ્ભૂતવ્યવહારનયનું** કથન છે)

**(૩) સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીય પર્યાયનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે. જેમકે—

**ચિત્રાદિ મેં બનતા હુઆ, પ્રતિબિમ્બ કોઈ દેખ કર,**
**'યહ વહી' કહતા સ્વજાતિ-અસદ્ભૂત-વ્યવહાર-નય. ૩૩.**

**શ્લોકાર્થ—**જે નય, ચિત્ર આદિમાં સ્થિત જેના પ્રતિબિંબને જોઈને આ કહે છે કે 'આ તે જ છે'—આ (ઉપરોક્ત) **અસદ્ભૂતવ્યવહારનયનું** ઉદાહરણ છે.

**(૪) સ્વજાતીય દ્રવ્યમાં સ્વજાતીય-વિજાતીય ગુણનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું** સ્વરૂપ કહે છે. જેમકે—

**जीवाऽजीवमपि ज्ञेयं, ज्ञानं ज्ञानस्य गोचरात्।**
**उच्यते येन लोकेस्मिन्, सोऽसद्भूतो निगद्यते॥ 34॥**

**स्वजाति-द्रव्ये स्वजाति-विभावपर्यायाऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा -**

**अणुरेक-प्रदेशोऽपि, येनाऽनेक-प्रदेशकः।**
**वाच्यो भवेदसद्भूतो, व्यवहारः स भण्यते॥ 35॥**

**स्वजाति-गुणे स्वजाति-द्रव्याऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा -**

---

**'જ્ઞાનગોચર જ્ઞેય જીવ-અજીવ સબ હી જ્ઞાન હૈ',**
**લોક મેં યહ કહા જાતા, અસદ્‌ભૂત-વ્યવહાર સે. ૩૪.**

**શ્લોકાર્થ—**જે નય, લોકમાં જ્ઞાનનો વિષય હોવાથી 'જીવ-અજીવરૂપ સર્વ જ્ઞેય પદાર્થ જ્ઞાન છે'—એમ કહે છે. આ પ્રકારે **(ઉપર કહેલ) અસદ્‌ભૂતવ્યવહારનય** છે.

**(૫) સ્વજાતીય દ્રવ્યમાં સ્વજાતીય વિભાવ પર્યાયનું આરોપણ કરવાવાળા અસદ્‌ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે—

**ઈક પ્રદેશી અણુ કો જો, બહુપ્રદેશી જાનતા,**
**અસદ્‌ભૂત-વ્યવહાર-નય કા, વાચ્ય ઈસકો હૈ કહા. ૩૫.**

**શ્લોકાર્થ—**જે નય, એક પ્રદેશી હોવા છતાં અણુને અનેક પ્રદેશી (બહુ પ્રદેશી અસ્તિકાય) કહે છે, તે **(ઉપર કહેલ) અસદ્‌ભૂતવ્યવહારનય** છે.

**(૬) સ્વજાતીય ગુણમાં સ્વજાતીય દ્રવ્યનું આરોપણ કરવાવાળા અસદ્‌ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે. જેમકે—

**स्वजातीय-गुणे द्रव्यं, स्वजातेरुपचारतः।**
**रूपं च द्रव्यामाख्याति, श्वेतः प्रासादको यथा॥ 36॥**

**स्वजाति-गुणे स्वजाति-पर्यायाऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा -**

**ज्ञानमेव हि पर्यायं, पर्याये परिणामिवत्।**
**गुणोपचार-पर्यायो, व्यवहारो वदत्यसौ॥ 37॥**

**स्वजाति-विभावपर्याये स्वजाति-द्रव्याऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा -**

**उपचारो हि पर्याये, येन द्रव्यस्य सूच्यते।**
**असद्भूतः समाख्यातः, स्कन्धेऽपि द्रव्यता यथा॥ 38॥**

---

ગુણ મેં કરે ઉપચાર, ઉસકી જાતિ કે હી દ્રવ્ય કા,
રૂપ કો હી દ્રવ્ય કહતા, યથા 'યહ ગૃહ શ્વેત હૈ'. ૩૬.

**શ્લોકાર્થ—**જે નય, રૂપ-રંગને દ્રવ્ય કહે છે; જેમકે 'સફેદ મકાન' એમ કહેવું;—આ સ્વજાતીયગુણમાં **સ્વજાતીય દ્રવ્યનો ઉપચાર હોવાની અપેક્ષાથી અસદ્ભૂતવ્યવહારનય** છે.

(૭) **સ્વજાતીય ગુણમાં સ્વજાતીય પર્યાયનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે. જેમકે—

જ્ઞાન પરિણમતા અતઃ વહ 'જ્ઞાન હી પર્યાય હૈ',
ગુણ મેં કરે પર્યાય કા આરોપ યહ વ્યવહાર હૈ. ૩૭.

**શ્લોકાર્થ—**જે નય, જ્ઞાનનું પર્યાયરૂપમેં પરિણમન થતું જોઈને, જ્ઞાનને જ પર્યાય કહે છે—**આ ગુણમાં પર્યાયનો ઉપચાર કરવાવાળો અસદ્ભૂતવ્યવહારનય છે.**

(૮) **સ્વજાતીય વિભાવપર્યાયમાં સ્વજાતીય દ્રવ્યનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું સ્વરૂપ કહે છે,** જેમકે—

**स्वजातिपर्याये स्वजातिगुणाऽऽरोपणाऽसद्भूत-व्यवहारो, यथा –**

**यो दृष्ट्वा देह-संस्थान-, माचष्टे रूपमुत्तमं।**
**व्यवहारो ह्यसद्भूतः, स्वजातीय-संज्ञकः ॥ 39 ॥**

**उपचारादप्युपचारः यः करोति, स उपचरिताऽसद्भूत व्यवहारः, स च सत्याऽसत्योभयार्थेन त्रिधा, यथा –**

**देश-नाथो यथा देशे, जातो यथार्थनायकः।**
**देशाऽर्थो जल्पमानो मे, सत्याऽसत्योभयार्थकः ॥ 40 ॥**

---

**દ્રવ્ય કા ઉપચાર જો, પર્યાય મેં કરકે કહે,**
**વ્યવહારનય અસદ્ભૂત કહતા—સ્કન્ધ કો 'યહ દ્રવ્ય હૈ'. ૩૮.**

**શ્લોકાર્થ—**જે નય, 'સ્કન્ધમાં પણ દ્રવ્યપણું છે'—એમ કથન કરે છે; તે **સ્વજાતીય વિભાવ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરવાવાળો અસદ્ભૂત-વ્યવહારનય** છે.

**(૯) સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીય ગુણનું આરોપણ કરવાવાળા અસદ્ભૂતવ્યવહારનયનું સ્વરૂપ** કહે છે. જેમ કે—

**દેહ કા આકાર લખ કર, કહે ઉત્તમ રૂપ હૈ,**
**વ્યવહારનય અસદ્ભૂત યહ સ્વજાતિ નામક બુધ કહે. ૩૯.**

**શ્લોકાર્થ—**જે નય, શરીરના ઉત્કૃષ્ટ આકાર-પ્રકારને જોઈને 'કેવું ઉત્તમ શરીર છે'—આ પ્રમાણે કથન કરે છે,—તે **સ્વજાતીય સંજ્ઞક (ઉપર કહેલ) અસદ્ભૂતવ્યવહારનય** છે.

**ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય**

જે ઉપચારમાં પણ ઉપચાર કરે છે, તે ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય છે, તે સત્ય, અસત્ય અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારનો હોય છે. જેમ કે—

**રાજા કહે – 'યહ દેશ મેરા', પ્રજા ભી ઐસા કહે,**
**રાષ્ટ્ર, ધન મેરા કહે, સદસદ્-ઉભય ઉપચાર હૈ. ૪૦.**

**पुत्र-मित्र-कलत्रादि, ममैतदहमेव वा।**
**वदन्नेवं भवत्येषोऽसद्भूतो ह्युपचारवान् ॥ 41 ॥**
**हेमाऽऽभरण-वस्त्रादि, ममेदं यो हि भाषते।**
**उपचारादसद्भूतो, विद्वद्भिः परिभाषितः ॥ 42 ॥**

---

**શ્લોકાર્થ—**જેમકે, જ્યારે દેશનો સ્વામી કહે છે કે 'આ દેશ મારો છે,' ત્યારે તે **સત્ય-ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય**નું કથન છે. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ કહે છે કે 'આ દેશ મારો છે,' ત્યારે તે **અસત્ય-ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય**નું કથન છે. આ પ્રમાણે દેશની સંપત્તિ જોઈને કોઈ કહે છે કે 'આ દેશની સંપત્તિ મારી છે,' ત્યારે આ **સત્યાસત્ય (ઉભય) ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય**નું કથન જાણવું જોઈએ.

**'સુત-મિત્ર-નારી આદિ મેરે, ઔર મૈં ઈન રૂપ હૂઁ,**
**જો કહે ઐસા ઉપચરિત-અસદ્‌ભૂત વહ ઉપચાર હૈ. ૪૧.**

**શ્લોકાર્થ—**જેમકે, 'પુત્ર, મિત્ર, સ્ત્રી આદિ મારા છે, અથવા આ (બધા) હું જ છું'—આવું કથન કરવાવાળો **સ્વજાતીય-ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય છે.** અથવા 'પુત્ર, મિત્ર, કલત્ર આદિ મારા છે અથવા આ (સૌ) હું જ છું—આવું કથન **સ્વજાતીય-સંજ્ઞક સત્ય ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય**ની અપેક્ષાથી છે.

**વસ્ત્ર આભૂષણ તથા સ્વર્ણાદિ કો અપના કહે,**
**ઉપચાર હૈ ઈસલિયે યહ, અસદ્‌ભૂત નય બુધજન કહે. ૪૨.**

**શ્લોકાર્થ—**'સોનું, આભૂષણ, વસ્ત્ર આદિ મારા છે'**—આવું વિજાતીય—ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય** કહે છે. અથવા 'સોના, આભૂષણ આદિ મારાં છે'**—આ વિજાતીય સંજ્ઞક અસત્ય—ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય** છે. આમ વિદ્વાનોએ પરિભાષિત

**देशं दुर्गं च राज्यं च, गृह्णातीह ममेति यः।**
**उभयाऽर्थोपचारत्वादसद्भूतोपचारकः ॥ 43 ॥**

**वस्तु-नामादिषु क्षिपतीति निक्षेपः। स तु नाम-स्थापना-द्रव्य -भावश्चतुर्विधः। तद्यथा -**

**जितो मोहरिपुर्यस्मात्, स्यान्नाम्नान्वर्थको जिनः।**
**अन्याऽनन्ववर्थिकी संज्ञा, एवं नाम द्विधा मता॥ 44 ॥**

---

કર્યું (કહ્યું) છે.

**જો દેશ-ગૃહ-રાજ્યાદિ કો, 'યે હૈં હમારે' યહ કહે,**
**ઉભયાર્થ મેં ઉપચાર હૈ, યહ અસદ્‌ભૂત વ્યવહાર હૈ. ૪૩.**

**શ્લોકાર્થ—**જે દેશ, કિલ્લો, રાજ્ય વિગેરેને આ (બધા) મારાં છે. એ પ્રમાણે ગ્રહણ કરે છે, તે **સ્વજાતીય-વિજાતીય-અસદ્‌ભૂત વ્યવહારનય** છે અથવા જે દેશ, કિલ્લો રાજ્ય વિગેરેને 'આ (સૌ) મારાં છે'—આ પ્રકારે ગ્રહણ કરે છે, તે **સ્વજાતીય-વિજાતીય સંજ્ઞક સત્યાઽસત્ય ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય** છે.

**નિક્ષેપનું સ્વરૂપ અને ભેદ-પ્રભેદ**

જે વસ્તુને (યુક્તિમાર્ગથી) નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવમાં સારી રીતે ક્ષેપણ કરવી અર્થાત્ સારી રીતે સ્થિત કરવી તે જ **નિક્ષેપ** કહેવાય છે.

તેના ચાર ભેદ છે—**૧. નામ નિક્ષેપ, ૨. સ્થાપના નિક્ષેપ, ૩. દ્રવ્ય નિક્ષેપ અને ૪. ભાવ નિક્ષેપ.**

(વીર છન્દ)

**મોહ જીતને સે 'જિન' કહના, અન્વર્થિકી નામ નિક્ષેપ,**
**અન્ય તરહ સે નામ કથન, યહ અનન્વર્થિકી નામ નિક્ષેપ. ૪૪.**

**अनाकारा च साकारा, स्थापना द्विविधा मता।**
**अघटित्वात्त्वनाकारा, ह्यकारा घटिता कृता॥ 45॥**
**कर्म–नोकर्मणोर्द्रव्य–जीवत्वाद् द्रव्य–संज्ञक।**
**भावस्वरूपमेवोक्तः, स तु द्रव्यस्य साधकः॥ 46॥**

---

**શ્લોકાર્થ—નામનિક્ષેપ** બે પ્રકારનાં છે—૧. અન્વર્થિકી સંજ્ઞા. ૨. અનન્વર્થિકી સંજ્ઞા. જેમકે, જેઓએ મોહરૂપી શત્રુને જીત્યો છે, તેઓ જિન છે—આ **અન્વર્થિકી સંજ્ઞા** નામક **નામ નિક્ષેપ** છે. આ સિવાય અન્યત્ર **અનન્વર્થિકી સંજ્ઞા** નામક **નામ-નિક્ષેપ**નું કથન સમજવું જોઈએ. (તાત્પર્ય એ છે કે જ્યાં શબ્દશઃ અર્થનું જ્ઞાન હોય, ત્યાં **અન્વર્થિકી સંજ્ઞા** જાણવી જોઈએ, જેમકે જે જીતે છે, તે જિન છે. તથા જ્યાં શબ્દશઃ અર્થ પ્રતિપત્તિ ન હોય, ત્યાં **અનન્વર્થિકી સંજ્ઞા** જાણવી જોઈએ.)

**અનાકાર-સાકાર ભેદ સે, સ્થાપના દુવિધ જાનો,**
**પ્રથમ નહીં આકાર-કલ્પના, ઘટિત કલ્પના ઈતર કહો. ૪૫.**

**શ્લોકાર્થ—સ્થાપના નિક્ષેપ**ના બે ભેદ છે—૧. અનાકાર સ્થાપના, ૨. સાકાર સ્થાપના છે. તથા જ્યાં આકારની કલ્પના નથી થતી, ત્યાં **અનાકાર-સ્થાપના** છે. તથા જ્યાં આકારની કલ્પના ઘટિત થઈ જાય છે, ત્યાં **સાકાર-સ્થાપના** છે.

**દ્રવ્ય જીવ નોકર્મ-કર્મ હૈ, ઈસે દ્રવ્ય-નિક્ષેપ કહા,**
**ઉસકા સાધક ભાવરૂપ જો, ઉસે ભાવનિક્ષેપ કહા. ૪૬.**

**શ્લોકાર્થ—**કર્મ તથા નોકર્મનું દ્રવ્યજીવપણું (વ્યવહારથી જીવપણું) હોવાથી તેઓ **દ્રવ્યનિક્ષેપ**માં સમાવિષ્ટ થાય છે. (તેના આગમ અને નો-આગમના ભેદથી બે પ્રકાર છે, જેમના અનેક ઉત્તર ભેદ છે, જે અન્ય ગ્રંથો વડે જાણવા યોગ્ય છે.) તથા ભાવ જ છે સ્વરૂપ જેનું—એ **ભાવનિક્ષેપ** છે. તે તો **દ્રવ્યનિક્ષેપનો સાધક** છે.

(शार्दूलविक्रीडितम्)

**नित्यं यस्य विभाति निर्मलतरं, बिम्बं प्रमाणात्मकं;**
**यो नामामयभूरिभासुरकरो, मोहान्धकारापहः।**
**येनानेकविधोऽपि वस्तुनिचयो, नीतः प्रकाशं भृशं;**
**कुर्यान्नो व्यवहारभासुरनिशं, दृष्टिं प्रसन्नामसौ॥ 47॥**

**इति श्री देवसेनभट्टारक-विरचिते व्योमपण्डित-प्रतिबोधके श्रुतभवनदीपके नयचक्रे व्यवहारशुद्धिकथनो नाम द्वितीयोऽध्यायः।**

---

**અતિનિર્મલ અરુ નિત્ય સુશોભિત, જિસકા બિમ્બ પ્રમાણસ્વરૂપ,**
**મોહ-તિમિર નાષક હૈ જિસકા, જ્ઞાનપ્રભામય કિરણ-સમૂહ.**
**જિસને કિયા પ્રકાશિત જગ મેં, અનેકાન્તમય વસ્તુસ્વરૂપ,**
**ઐસી નિર્મલ દૃષ્ટિ કરે, મિથ્યા વ્યવહાર-નિશા નિર્મૂલ. ૪૭.**

**શ્લોકાર્થ—**જેનું પ્રમાણાત્મક બિંબ, અત્યંત નિર્મળ સુશોભિત છે, જે મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે ભાસુર અર્થાત્ દૈદીપ્યમાન જ્ઞાનરૂપી વિપુલ કિરણોથી યુક્ત છે, જેમણે પોતાના પ્રકાશ દ્વારા અનેકાંત સ્વરૂપ વસ્તુ-સમૂહને સારી રીતે પ્રકાશિત કર્યો છે—એવા (મિથ્યા) વ્યવહારરૂપી ભાસુર અર્થાત્ ભયાનક રાત્રિને સમાપ્ત કરવાવાળી દૃષ્ટિ (સમ્યગ્દ્રષ્ટિ) અમને પ્રસન્ન કરો અર્થાત્ અમારું કલ્યાણ કરો.

આ પ્રમાણે શ્રીમદ્ દેવસેન ભટ્ટારક વિરચિત વ્યોમપંડિતને પ્રતિબોધ કરાવવાવાળા **‘શ્રુતભવનદીપક નયચક્ર’માં વ્યવહાર શુદ્ધિનું કથન’** કરવાવાળો **દ્વિતીય અધ્યાય** પૂર્ણ થાય છે.

## ॥ तृतीयोऽध्यायः ॥

## ॥ निश्चय–व्यवहारयोरविनाभावित्व–निर्णीति–कथनः ॥

**यद्यपि मोक्षकार्ये भूतार्थेन परिच्छिन्नाऽऽत्माद्युपादान–कारणं भवति, तथापि सहकारि–कारणेन विना न सेत्स्यतीति सहकारि–कारणप्रसिद्ध्यर्थं निश्चयव्यवहारयोरविनाभावित्वामाह।**

**ननु यदि वस्तु, वस्तुतः कल्पनातीतं, तर्हिं किमनया निश्चय–व्यवहार –कल्पनया?**

---

### તૃતીય અધ્યાય

### નિશ્ચય-વ્યવહારના અવિનાભાવીત્વનો નિર્ણય

જોકે મોક્ષરૂપી કાર્યની સિદ્ધિમાં ભૂતાર્થથી જાણેલ આત્મા આદિ ઉપાદાનકારણ છે, તથાપિ સહકારી કારણો વિના સિદ્ધિ નથી થતી; આથી જ સહકારી કારણની પ્રસિદ્ધિને માટે નિશ્ચય-વ્યવહારનું અવિનાભાવપણું બતાવીએ છીએ.

**શંકા—**જો વસ્તુ, ખરેખર જ કલ્પનાતીત છે તો આ નિશ્ચય-વ્યવહારની કલ્પનાથી શું લાભ છે?

**मूढतालक्षणस्वभावनिरपेक्षा मिथ्यादर्शनज्ञानचारित्ररूपा मोहोदयेन सम्भूताऽसत्कल्पना, तन्निवृत्त्यर्थं सा निवेदिता।**

**निश्चयव्यवहारयोरुभयाऽनुभययोर्विमूढत्वान्मूढतालक्षणा, तेषां चेत्थमेव श्रद्धानादिभिरग्रहणात् स्वभावनिरपेक्षा।**

**सम्यग्वस्तुसद्भावादन्यथारुचिर्मिथ्यादर्शनं, तदा तस्य परिज्ञानं मिथ्याज्ञानं, स्वकार्यविरुद्धा क्रिया मिथ्याचारित्रं।**

**कथमस्यास्तया निवृत्तिरिति चेत् ?**

**सर्वस्याऽपि वस्तुसद्भावस्य तथा प्रतिपादनसामर्थ्यात्।**

---

**સમાધાન—**જે મૂઢતા લક્ષણવાળી હોવાથી સ્વભાવ-નિરપેક્ષ છે, મિથ્યા-દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે અને મોહના ઉદયથી ઉત્પન્ન થાય છે, તે **અસત્કલ્પના** છે, તેના નિરાકરણ માટે આ નિશ્ચય-વ્યવહારની **સત્કલ્પના** જિનાગમમાં કહેવામાં આવેલ છે.

અહીં **અસત્કલ્પના**ને નિશ્ચય-વ્યવહાર અને તેમના ઉભય-અનુભયના સંબંધમાં વિશેષરૂપથી મૂઢતા હોવાથી તેને **મૂઢતા-લક્ષણવાળી** કહી છે તથા તેમના જ સંબંધમાં 'તે આ પ્રકારે છે'—એવી (સત્ય) શ્રદ્ધા વિગેરેનું ગ્રહણ નહીં હોવાથી તેને **સ્વભાવ નિરપેક્ષ** કહી છે.

સમ્યક્ વસ્તુના સદ્ભાવથી અન્યથા રુચિ, તે **મિથ્યાદર્શન** છે—આવી રુચિની સાથે ઉપજવાવાળું જ્ઞાન, તે **મિથ્યાજ્ઞાન** છે અને પોતાના સ્વકાર્યથી વિરુદ્ધ ક્રિયા, તે **મિથ્યાચારિત્ર** છે.

**શંકા—સત્કલ્પના** દ્વારા આ **અસત્કલ્પના**ની નિવૃત્તિ કેવી રીતે થાય છે?

**સમાધાન—**કારણ કે સર્વ વસ્તુઓના સદ્ભાવનું સમ્યક્ પ્રકારથી જ પ્રતિપાદન કરવાનું સામર્થ્ય **સત્કલ્પના**માં જ હોય છે.

**कल्पनातीतत्वात्कथं वस्तुनो सत्कल्पना ?**

**वस्तु कल्पनातीतमिति यावत्कल्पना, सा कल्पना भवति न वा ? यदि सा कल्पना भवति, तर्हि सम्यग्रूपा मिथ्यारूपा वा। अथवा न हि सा कल्पना भवति मिथ्यारूपाऽमिथ्यारूपा वा, कथं कल्पनातीतमर्थं द्योतयति। सम्यग्रूपा वा सत्प्रतिपक्षत्वाद–ऽसत्याऽपि।**

**असत्कल्पनानिवृत्त्यर्थं चेद् व्यवहारः। व्यवहारेणाऽप्यलं, स्याच्छब्दांकितेन निश्चयेन निरपेक्षता मा भवत्वस्य। 'तेन विना' इति स्याच्छब्देनाऽप्यस्य सापेक्षता, 'तेन सह'**

---

**શંકા**—વસ્તુ તો કલ્પનાતીત છે, તો પછી **સત્કલ્પના** દ્વારા પણ તેનું પ્રતિપાદન કઈ રીતે સંભવી શકે?

**સમાધાન**—'વસ્તુ કલ્પનાતીત છે'—એવી જે કલ્પના છે, તે કલ્પના છે કે નથી? જો તે કલ્પના છે તો સમયક્રૂપ છે કે મિથ્યારૂપ? અથવા જો તે કલ્પના સમ્યક્રૂપ કે મિથ્યારૂપ, કાંઈપણ નથી તો તે કલ્પનાતીત અર્થનું જ્ઞાન પણ કેવી રીતે કરાવી શકે? જો તે કલ્પના, સમ્યક્રૂપ (સત્કલ્પના) છે તો પ્રતિપક્ષ સહિત હોવાથી આ પણ સિદ્ધ થાય છે કે કોઈ કલ્પના અસત્યરૂપ (અસત્કલ્પના) પણ છે.

જોકે અસત્કલ્પનાની નિવૃત્તિ કરવા માટે જ વ્યવહારની આવશ્યકતા હોય છે. તથાપિ (સર્વથા) વ્યવહારથી પણ બસ થાઓ! કારણ કે વ્યવહારની 'સ્યાત્' શબ્દથી અંકિત નિશ્ચયની સાથે પણ નિરપેક્ષતા નથી થઈ સકતી.

'તેમાં વિના'—એવા 'સ્યાત્' શબ્દના દ્વારા પણ તેની સાપેક્ષતા સિદ્ધ થાય છે. તથા 'તેની સાથે'—એવા સ્વીકારથી આગામીની જ સિદ્ધિ થઈ જશે, પછી તેમને પૃથક્ કરવાથી શું લાભ છે? માટે

**भविष्यत्याऽऽगामिका -नामेव, तथापि किं पृथक्करणेन, सत्यमतमेवाऽनेन मिश्रत्वं।**

**यत्नं निवार्य निश्चयस्य केवलस्य प्रसिद्ध्यर्थं हि तत् असावेवाऽर्थो भावनीयः, निश्चयात्सर्वथा भेदे व्यवहाराभासत्वं। सर्वथाऽभेदे निश्चयत्वं माऽभूदिति तस्य 'स्याद् भेदः'।**

**वस्तुतः स्याद् भेदः कस्मान्न कृतः ?**

**इति नाऽऽशंकनीयं, यतो न तेन साध्य-साधकयोरविना-भावित्वं।**

**तद्यथा - निश्चयाऽविरोधेन व्यवहारस्य, सम्यग्व्यवहारेण सिद्धस्य निश्चयस्य च परमार्थत्वादिति।**

---

નિશ્ચય-વ્યવહારના મિશ્રપણાને માનવામાં જ સત્યમત છે. આ પ્રમાણે અન્યથા પ્રયત્ન છોડીને, કેવળ નિશ્ચયની પ્રસિદ્ધિને માટે જ તે અર્થ (પરમાર્થ)નો વિચાર કરવો જોઈએ, કારણ કે નિશ્ચયથી સર્વથા ભેદ કરવાથી તો વ્યવહાર પણ વ્યવહારા ભાસત્વને પ્રાપ્ત થઈ જાય છે તથા તેમનામાં (નિશ્ચય-વ્યવહારમાં) સર્વથા અભેદ માનવાથી પણ નિશ્ચયનયનું નિશ્ચયનયત્વ સિદ્ધ નથી થતું, (અતઃ) માટે નિશ્ચય વ્યવહારમાં 'સ્યાત્ ભેદ' જ માનવો યોગ્ય છે.

**શંકા–**નિશ્ચયથી 'સ્યાત્ ભેદ' કેમ નથી કર્યો? તેમનામાં ખરેખર 'સ્યાત્ ભેદ' કેમ નથી કરવામાં આવ્યો ?

**સમાધાન–**એવી શંકા પણ ન કરવી જોઈએ, કારણ કે તેથી સાધ્ય-સાધકનું અવિનાભાવીપણું સિદ્ધ થતું નથી.

તે જ સમજાવીએ છીએ–**નિશ્ચયની સાથે અવિરોધી વ્યવહારનું તથા સમ્યક્ વ્યવહારથી સિદ્ધ નિશ્ચયનું પરમાર્થપણું હોય છે.**

**परमार्थमुग्धानां व्यवहारिणां, व्यवहारमुग्धानां निश्चय-वादिनां,उभयमुग्धानामुभयवादिनामऽनुभयमुग्धानामनुभय-वादिनां मोह-निरासार्थं निश्चय-व्यवहारभ्यामाऽऽलिंगितं कृत्वा वस्तु निर्णेयं।**

**एवं हि कथंचिद्भेद-परस्पराऽविनाभावित्वेन निश्चय-व्यवहारयोरनाकुला सिद्धिः, अन्यथाऽऽभास एव स्यात्। तस्माद् -व्यवहार-प्रसिद्ध्यैव निश्चय-प्रसिद्धिर्नान्यथेति।**

**सम्यग्द्रव्यागम-प्रसाधित-तत्त्व-सेवया व्यवहार-**

---

આ કારણે પરમાર્થના વિષયમાં વિમૂઢ (રહિત) **એકાંત વ્યવહારી**, વ્યવહારના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) **એકાંત નિશ્ચયવાદી**, નિશ્ચય-વ્યવહાર,- ઉભયના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) **એકાંત ઉભયવાદી** તથા નિશ્ચય-વ્યવહાર—અનુભયના વિષયમાં વિમૂઢ (અજ્ઞાની) **એકાંત અનુભયવાદી**—આ બધાના મોહ (મિથ્યા અભિપ્રાય)નું નિરાકરણ કરવા માટે નિશ્ચય-વ્યવહારથી આલિંગિત કરીને વસ્તુનો નિર્ણય કરવો જોઈએ.

આ પ્રમાણે કથંચિત્ ભેદ તથા પરસ્પર અવિનાભાવીપણાને કારણે, નિશ્ચય-વ્યવહારની સહજતાથી અનાકુળ સિદ્ધિ થાય છે. અન્યથા તેમનો આભાસ (નિશ્ચયાભાસ અથવા વ્યવહારાભાસ) જ થાય છે, એટલે 'વ્યવહાર'ની પ્રસિદ્ધિથી જ 'નિશ્ચય'ની પ્રસિદ્ધિ થઈ શકે છે, અન્યથા નહીં. (બીજી કોઈ રીતે નહીં.)

સમીચીન દ્રવ્યાગમ (દ્રવ્યશ્રુત)ના આશ્રયથી સમ્યક્ પ્રકારથી સિદ્ધ કરેલ તત્ત્વનું સેવન કરવાથી વ્યવહાર-રત્નત્રયની સમ્યક્રૂપથી સિદ્ધિ થાય છે; એટલા માટે જ દ્રવ્યાગમ દ્વારા વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરવું (ઉપર્યુક્ત) યોગ્ય જ છે, કારણ કે તેની પ્રસિદ્ધ બોધ

**रत्नत्रयस्य सम्यग्रूपेण सिद्धत्वात्, द्रव्यागम-वस्तुतत्त्व-प्रतिपादनाय प्रसिद्ध -बोधनिबन्धनत्वादुपपन्नः; अतो निश्चयव्यवहारयोस्तदर्थस्य च द्रव्यागमाख्या भवति, सा तु भावागमेत्यादिका परमा वास्तवतत्त्वाऽनुभूत्या यथा स्वभावाऽनुभूता प्रकाश्यमानं सामान्य-विशेषात्मकं वस्तुतत्त्वं।**

**तद्यथा-अस्तित्व-वस्तुत्व-द्रव्यत्व-प्रमेयत्वाऽगुरुलघुत्व-प्रदेशत्वमिति स्वजाति-विजातेः सामान्यगुणाः। चेतनत्वाऽमूर्तत्वमिति स्वजातेः सामान्यगुणाः। प्रत्येकमष्टावष्टौ सर्वेषां।**

---

(સમ્યગ્જ્ઞાન વા કેવળજ્ઞાન)ના દ્વારા ઉત્પત્તિ થાય છે; માટે જ નિશ્ચય-વ્યવહારનયોની તથા તેમના આશ્રયભૂત અર્થની દ્રવ્યાગમ (દ્રવ્યશ્રુત) એવી સંજ્ઞા કહેવામાં આવી છે, તેના માધ્યમથી ભાવાગમ (ભાવશ્રુત/પરમભાવના/પરમાગમ/અધ્યાત્મ) આદિરૂપ પરમ વાસ્તવિક તત્ત્વની અનુભૂતિ થાય છે; આ વાસ્તવિક સ્વભાવની અનુભૂતિ દ્વારા જ સામાન્ય-વિશેષાત્મક વસ્તુતત્ત્વ પ્રકાશિત થાય છે.

(હવે, સામાન્ય-વિશેષાત્મક વસ્તુતત્ત્વનો વિસ્તારથી વિચાર કરવા માટે તેના **સામાન્ય-વિશેષગુણોનું વર્ણન** કરે છે.)

**અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ તેમજ સપ્રદેશત્વ**—આ છ ગુણો, સ્વજાતિ-વિજાતીય બધા દ્રવ્યોના **સામાન્ય ગુણ** છે તથા **ચેતનત્વ (એવં) અમૂર્તત્વ** (અર્થાત્ ચેતનત્વ-અચેતનત્વમાંથી કોઈ એક તથા મૂર્તત્વ-અમૂર્તત્વમાંથી કોઈ એક)—આ બે ગુણ સ્વજાતીય દ્રવ્યોના **સામાન્યગુણ** છે. આ પ્રમાણે પ્રત્યેક દ્રવ્યના આઠ-આઠ **સામાન્ય ગુણો** છે.

**ज्ञानदर्शनसुखवीर्य - रूपरसगन्धस्पर्श - गतिहेतुत्व-स्थितिहेतुत्वा-ऽवगाहनाहेतुत्व-वर्तनाहेतुत्वमिति विशेषगुणाः।**

**अस्तित्वस्य भावोऽस्तित्वं, सीदति स्वकीयान् गुण-पर्यायान् व्याप्नोतीति सत्।**

**वस्तुनो भावो वस्तुत्वं, सामान्य-विशेषात्मकं वस्तु।**

**द्रव्यस्य भावो द्रव्यत्वं।**

**प्रमेयस्य भावः प्रमेयत्वं, प्रमाणेन परिच्छेद्यं प्रमेयं।**

**अगुरुलघोर्भावोऽगुरुलघुत्वं, सूक्ष्माऽवाग्गोचरा प्रतिक्षणं वर्तमाना आगमप्रामाण्यादभ्युपगम्या अगुरुलघवो गुणाः।**

---

**જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય, રૂપ-રસ-ગંધ-સ્પર્શ, ગતિ હેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહન હેતુત્વ તથા વર્તના હેતુત્વ**—આ બધા (ક્રમશઃ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યનાં) **વિશેષ ગુણો** છે.

(હવે સંક્ષેપમાં **દસ સામાન્યગુણોનું સ્વરૂપ** નિરૂપણ કરીએ છીએ.)

અસ્તિપણાનો ભાવ, **અસ્તિત્વ** છે; જે પોત-પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત થાય છે, તે જ **'સત્'** કહેવાય છે.

વસ્તુપણાનો ભાવ, **વસ્તુત્વ** છે; જે સામાન્ય-વિશેષાત્મક છે, તે જ **'વસ્તુ'** છે.

દ્રવ્યપણાનો ભાવ, **દ્રવ્યત્વ** છે. (આ કારણે પ્રત્યેક વસ્તુ, **'દ્રવ્ય'** કહેવાય છે).

પ્રમેયપણા (જ્ઞેયપણા)નો ભાવ, **પ્રમેયત્વ** છે; જે પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે, તે **'પ્રમેય'** છે.

અગુરુલઘુપણાનો ભાવ, **અગુરુલઘુત્વ** છે, જે સૂક્ષ્મ છે,

**प्रदेशस्य भावः प्रदेशत्वं।**

**चेतनस्य भावश्चेतनत्वं, चैतन्यमऽनुभवनं।**

**अचेतनस्य भावोऽचेतनत्वमऽननुभवनं।**

**मूर्तस्य भावो मूर्तत्वं, रूपादिमत्त्वं।**

**अमूर्तस्य भावोऽमूर्तत्वं, रूपादिरहितत्वं।**

**गुण–व्युत्पत्तिः –**

**गुण्यते, पृथक् क्रियते, द्रव्याद् द्रव्यं येनाऽसौ विशेषगुणः।**

---

વચન-અગોચર છે, પ્રતિક્ષણ પ્રવર્તમાન છે અને આગમ પ્રમાણ દ્વારા જાણવાયોગ્ય છે, તે **'અગુરુલઘુગુણ'** છે.

પ્રદેશપણાનો ભાવ, **પ્રદેશત્વ** છે. (આ ગુણને કારણે પ્રત્યેક વસ્તુમાં કોઈને કોઈ ક્ષેત્ર/આકાર હોય છે.)

ચેતનપણાનો ભાવ, **ચેતનત્વ** છે; જે ચૈતન્યરૂપ અનુભવન છે, તે જ ચેતનત્ત્વ છે.

અચેતનપણાનો ભાવ, **અચેતનત્વ** છે;—જે ચૈતન્યરૂપ અનુભવનો અભાવ છે, તે જ અચેતનત્વ છે.

મૂર્તપણાનો ભાવ, **મૂર્તત્વ** છે, જે રૂપાદિ સ્વરૂપે હોવું છે, તે જ મૂર્તત્વ છે.

અમૂર્તપણાનો ભાવ, **અમૂર્તત્વ** છે, જે રૂપાદિસ્વરૂપ રહિત હોવું છે, તે જ અમૂર્તત્વ છે.

હવે **ગુણની વ્યુત્પત્તિ** (શાબ્દિક વ્યાખ્યા)ના માધ્યમથી **વિશેષગુણનું નિરૂપણ** કરીએ છીએ—

જેના દ્વારા પ્રત્યેક દ્રવ્યની અલગ ઓળખાણ થાય છે, તેને અન્ય દ્રવ્યોથી પૃથક્ તારવામાં આવે છે, તેને **વિશેષગુણ** કહે છે.

**स्वभाव-विभाव-पर्यायरूपतया याति परिणमतीति पर्यायः - इति 'पर्याय-व्युत्पत्तिः'।**

**सामान्य-विशेष-गुणाः एकस्मिन् धर्मिणि वस्तुत्व-निष्पादकाः, तेषां परिणामः पर्यायः।**

**सहभुवो गुणाः। क्रमभाविनः पर्यायाः। गुणपर्ययवद् द्रव्यं।**

**तच्च जीवाद्याऽऽगमप्रमाणेन यथोक्तमार्गेण गृहीत्वा नामादिषु संस्थाप्य प्रमाणेन वाक्यतो व्यवह्रियमाणं तथा प्रकाशते।**

**नामादीनां मध्ये भावजीव एव वास्तवो जीवः।**

**कर्म-नोकर्मणोः द्रव्यजीवत्वं तस्यैवोपचारात्।**

---

**પર્યાયની વ્યુત્પત્તિ** આ પ્રમાણે છે—

જે સ્વભાવ-વિભાવ પર્યાય (ભેદ)રૂપથી ગમન કરે છે, પરિણમન કરે છે, તેને **પર્યાય** કહે છે.

એક ધર્મી (વસ્તુ/દ્રવ્ય/પદાર્થ)માં વસ્તુત્વના નિષ્પાદક (ઉત્પાદક) સામાન્ય-વિશેષગુણ હોય છે, તેના પરિણામને પર્યાય કહે છે.

સહભાવી ગુણ હોય છે. ક્રમભાવી **પર્યાય** હોય છે. ગુણો અને પર્યાયોવાળું **દ્રવ્ય** હોય છે.

તે જીવાદિ પદાર્થોને આગમપ્રમાણના દ્વારા યથોક્ત માર્ગથી ગ્રહણ કરીને તેઓને **નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપ ચાર નિક્ષેપો**માં સ્થાપિત કરીને, પ્રમાણ વાક્યો દ્વારા તેમનો વ્યવહાર કરવાથી તેઓ ઉપર દર્શાવ્યા મુજબ પ્રકાશિત થાય છે. જેમકે— નામ આદિ નિક્ષેપોની વચમાં **ભાવજીવ** જ વાસ્તવમાં જીવ છે.

તે જ ભાવજીવના ઉપચારથી કર્મ અને નોકર્મનું **દ્રવ્ય-જીવત્વ** કહેવામાં આવે છે.

**उपचरितस्याऽपि स्थापना स्थाप्यमानत्वात्।**

**त्रयाणामभिधानस्य नामत्वात्।**

**प्रमाणैः जीवति जीविष्यति जीवितो वा जीवः, भावः स्यादस्य गुण-पर्यायो, स तु सत्तायाः सत्ता-स्वभावादऽविना-भावित्वेन सिद्धः। सत्ता-स्वभावः परिणामः। सः चोत्पाद-व्यय-ध्रौव्यात्मकः।**

**ननूत्पाद-व्यय-कवलितत्वात्कथं द्रव्यस्य सत्ता-लक्षणं।**

(आर्या)

**यदि न स्यात् सद्रूपं, तदसत् स्यात् द्रव्यता कथं।**
**तस्य क्षणिकत्वपक्षसत्त्वादिति हेतुस्ते कथं युक्तं॥1॥**

---

આ પ્રમાણે ઉપચરિતની પણ **સ્થાપના** સ્થાપિત કરવી યોગ્ય છે.

ઉપર જણાવેલ ભાવ-દ્રવ્ય-સ્થાપના—આ ત્રણ નિક્ષેપોની સંજ્ઞાઓ અથવા નામ તો નામનિક્ષેપના જ વિષય છે, કારણ કે તેઓ પણ **નામ** જ છે.

વાસ્તવમાં પ્રમાણના દ્વારા જે જીવિત હતો, જીવિત છે તથા જીવિત રહેશે, તે જ જીવ છે; તેના ગુણ-પર્યાય જ તેનો ભાવ છે તથા તે ભાવ તો સત્તાના સત્તા-સ્વભાવની સાથે અવિનાભાવીપણું હોવાથી સિદ્ધ છે. સત્તાસ્વભાવ અર્થાત્ પરિણામ અને તે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.

**શંકા**—ઉત્પાદ-વ્યયથી કવલિતપણું (યુક્તપણું) હોવાથી દ્રવ્યનું સત્તાલક્ષણ કેવી રીતે હોઈ શકે?

**સમાધાન**—તેના ઉત્તરરૂપે નીચે પ્રમાણે શ્લોક કહીએ છીએ.

(હરિગીતિકા)

**દ્રવ્ય યદિ સત્ હો નહીં, દ્રવ્યત્વ કૈસે સિદ્ધ હોં?**
**ક્ષણિકત્વ કો હી માનને સે દ્રવ્યતા કૈસે બને? ૧.**

**सद् द्रव्यं समवायादनवस्था तस्य तेन हि सत्त्वं।**

**तदसिद्धं समवायात्, तस्माद् द्रव्यं स्वतः सत्ता॥2॥**

**ननु सत्ता-लक्षणं चेद् द्रव्यं, किमविनाभावित्वेन मानवदस्याः, केवलाश्रयत्वेन अव्याप्त्यादि-दूषणं?**

**एवं हि लक्षण-निर्देशतया लक्ष्य-प्रसिद्धिः, सा च लक्षणाभास-निराकृतौ।**

---

**શ્લોકાર્થ ૧**—જો સત્તા લક્ષણવાળું દ્રવ્ય સત્‌રૂપ ન માનવામાં આવે તે અસત્ સિદ્ધ થાય છે, ત્યારે દ્રવ્યનું દ્રવ્યત્વ કેવી રીતે સિદ્ધ થશે? તેનાથી દ્રવ્યના ક્ષણિકત્વપક્ષની સિદ્ધિ થશે, પરંતુ આ હેતુ કેવી રીતે યુક્ત માની શકાય?

**સમવાય સે યદિ દ્રવ્ય સત્ હૈ, દોષ અનવસ્થા રહે,**
**સમવાય સે નહિં દ્રવ્ય સત્, વહ સ્વયં સત્તારૂપ હૈ. ૨.**

**શ્લોકાર્થ ૨**—સત્તાના સમવાયથી દ્રવ્યને સત્તારૂપે નહીં માની શકાય, કારણ કે તેથી અનવસ્થા દોષનો પ્રસંગ આવે છે. કારણ કે તે દ્રવ્યને કારણે જ સત્‌નું સત્ત્વ હોય છે. તથા તે સમવાયને પણ જોડવાવાળા બીજા સમવાયની આવશ્યકતા રહેશે, આ પ્રમાણે સત્તાના સમવાયથી દ્રવ્યને સત્ માનવું તે પણ અસિદ્ધ છે, માટે દ્રવ્યને સ્વયમેવ સ્વભાવથી જ સત્તા લક્ષણવાળું માનવું યુક્તિ સહ છે.

**શંકા**—જો દ્રવ્યનું સત્તાલક્ષણ સ્વભાવથી જ છે તો સત્તાનું દ્રવ્યની સાથે અવિનાભાવીપણું માનવાથી શું તાત્પર્ય છે? તેથી તો કેવલાશ્રયત્વ દોષ (અર્થાત્ સત્તા અને દ્રવ્ય એક જ થયા) આવશે, જેથી અવ્યાપ્તિ આદિ દોષ ઉત્પન્ન થઈ જશે?

**સમાધાન**—આ પ્રમાણે લક્ષણના સમ્યક્ નિર્દેશ દ્વારા જ લક્ષ્યની

**तद्यथा, यथा केवलाऽन्वयवादी कार्यार्थी भवति, तदा सः कथं तस्य कार्यं समर्थयति, व्यतिरेकस्य निरपेक्षत्वात्।**

**अथ कदाचित् सोप्युपचारादस्तीति चेत्, तदा स तस्यो-पचर्यते स्व-सिद्धान्तेष्ट्या पर-सिद्धान्तेष्ट्या वा।**

**स्व-सिद्धान्तेष्ट्या चेत्, लक्षणस्याऽव्याप्ति-दूषणं, क्वापि व्यतिरेकस्यापि सम्भवात्। अन्यथा चेदतिव्याप्तिः।**

**सर्वत्राऽन्वयप्रसंगादेव समभवोप्यस्याऽविनाभावित्वेन लक्षणस्य निर्दोषता।**

---

પ્રસિદ્ધિ થાય છે અને તે લક્ષણાભાસનું નિરાકરણ કરવાથી જ થઈ શકે છે.

જેમકે, કેવળ અન્વયવાદી, કોઈ કાર્યને કરવાની ઇચ્છા કરે છે, પરંતુ વ્યતિરેકની નિરપેક્ષતા હોવાથી તે કાર્યને સંપન્ન કરવામાં સમર્થ કેવી રીતે થઈ શકે?

જો કોઈ પ્રકારે ઉપચારથી વ્યતિરેકનું સમર્થન કરી પણ લેવામાં આવે તો પણ તે ઉપચાર, સ્વસિદ્ધાંતની અપેક્ષા કરવામાં આવ્યો છે અથવા પરસિદ્ધાંતની અપેક્ષાએ—જો સ્વસિદ્ધાંતની અપેક્ષા માનવામાં આવે તો આપના દ્વારા સંમત કેવલાન્વયના લક્ષણમાં અવ્યાપ્તિ દૂષણ આવે છે. કારણ કે ક્યાંક કો'ક ઠેકાણે, વ્યતિરેકની સંભાવના રહેશે. તથા જો પર-સિદ્ધાંતની અપેક્ષા માનવામાં આવે તો...તો લક્ષણમાં અતિવ્યાપ્તિ દૂષણનો પ્રસંગ આવશે. સર્વત્ર અન્વયનો પ્રસંગ હોવાથી જ તેના સમભાવી થવાવાળા વ્યતિરેકનું અવિનાભાવી હોવું પણ આવશ્યક છે, કારણ કે તેમના અવિનાભાવીપણાથી જ લક્ષણની નિર્દોષતા માનવામાં આવી છે.

**तद्यथा - यत्सत्तात्मकं, तदुत्पाद-व्यय-ध्रौव्यात्मकं गुण-पर्यायात्मकं वा, व्यतिरेके त्वन्यथा।**

**यदुत्पाद-व्यय-ध्रौव्यात्मकं, तत्सत्तात्मकं गुण-पर्यायात्मकं च, व्यतिरेके त्वन्यथा।**

**यद्‌गुण-पर्यायात्मकं, तदुत्पाद-व्यय-ध्रौव्यात्मकं सत्तात्मकं च, व्यतिरेके त्वन्यथा।**

**वस्तु भवेत्तथ्यं, तदंशास्तु विकल्पतः स्याच्छब्देन हि वस्तुत्वं वदन्त्यमी, यतोंऽजसा वस्त्वंशास्त्वस्तित्वाऽऽदयः।**

---

જેમકે—જે સત્તાત્મક છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક અને ગુણ-પર્યાયાત્મક છે તથા વ્યતિરેકની અપેક્ષા (અર્થાત્ જે ગુણ-પર્યાયાત્મક અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક નથી) તે સત્તાત્મક પણ નથી.

આ રીતે જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે, તે સત્તાત્મક અને ગુણ-પર્યાયાત્મક છે તથા વ્યતિરેકની અપેક્ષા (અર્થાત્ જે સત્તાત્મક અને ગુણ-પર્યાયાત્મક નથી) તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પણ નથી.

આ પ્રમાણે જે ગુણ-પર્યાયાત્મક છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક અને સત્તાત્મક છે અને વ્યતિરેકની અપેક્ષા (અર્થાત્ જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક અને સત્તાત્મક નથી) તે ગુણ-પર્યાયાત્મક પણ નથી.

**વસ્તુ એક વાસ્તવિક તથ્ય છે અને વસ્તુના અંશ 'સ્યાત્' શબ્દના દ્વારા વિકલ્પથી વસ્તુ તત્ત્વ કહેવાય છે. આ જ કારણ છે કે સ્પષ્ટરૂપથી વસ્તુના અંશ અસ્તિત્વાદિક કહેવામાં આવે છે.**

**अस्तिस्वभावः परमस्वभावश्चैते सामान्य-स्वभावाः।**

**चेतनस्वभावोऽचेतनस्वभावो, मूर्तस्वभावोऽमूर्तस्वभावो, एकप्रदेशस्वभावोऽनेकप्रदेशस्वभावो, विभावस्वभावः, शुद्ध-स्वभावाः अशुद्धस्वभावः, उपचरितत्स्वभावश्चैते विशेष-स्वभावाः।**

**द्रव्य-स्वभाव-लाभादच्युतत्वादस्तित्व-स्वभावं वदन्ति; पर-स्वरूपेणाऽभावत्वान्नास्तिस्वभावं।**

**निज-निजपर्यायेषु तदेवेदमिति द्रव्यस्योपलम्भा-न्नित्यस्वभावत्वं; तस्याऽप्यऽनेक-पर्याय-परिणामित्वादनित्य-स्वभावत्वं।**

---

અસ્તિસ્વભાવ અને પરમસ્વભાવ—એઓ **સામાન્ય સ્વભાવ** છે.

ચેતન સ્વભાવ, અચેતન સ્વભાવ, મૂર્તસ્વભાવ, અમૂર્ત-સ્વભાવ, એક પ્રદેશ સ્વભાવ, અનેક પ્રદેશ સ્વભાવ, વિભાવ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, અશુદ્ધ સ્વભાવ અને ઉપચરિત સ્વભાવ—તેઓ **વિશેષ સ્વભાવ** છે.

(હવે, આગળ **દ્રવ્યના સામાન્ય-વિશેષ સ્વભાવોનું** વર્ણન કરીએ છીએ.)

દ્રવ્ય પોતાના સ્વરૂપ-લાભથી ક્યારેય ચ્યુત નથી થતું, તેને **અસ્તિત્વસ્વભાવ** કહે છે. તથા પરસ્વરૂપથી દ્રવ્યનો અભાવ હોવાથી તેનો **નાસ્તિસ્વભાવ** છે.

પોત-પોતાની પર્યાયોમાં 'આ તે જ છે... આ તે જ છે' આ રીતે દ્રવ્યની ઉપલબ્ધિ હોવાથી તેનો **નિત્યસ્વભાવ** છે. અને તે જ અનેક પર્યાયરૂપથી પરિણમિત હોવાથી **અનિત્યસ્વભાવ** છે.

**भेद-कल्पना-निरपेक्षत्वादेकस्वभावत्वं; भेद-कल्पना-सापेक्षत्वादनेकस्वभावत्वं।**

**भावि-काले स्व-स्वभाव-भवनाद् भव्यस्वभावत्वं; काल-त्रयेऽपि पर-स्वरूपेणाऽभवनादभव्यस्वभावत्वं।**

**पारिणामिक-स्वभाव-प्रधानत्वेन परमस्वभावत्वं।**

**सामान्य-स्वभावानां व्युत्पत्तिर्प्रदेशत्वादिगुण-व्युत्पत्तौ चेतन-स्वभावानां व्युत्पत्तिर्वेदितव्या।**

**स्वभावादन्यथा भवनं विभावः।** [1]

**शुद्धः केवलो भावः; अशुद्धस्तस्याऽपि विपरीतः।** [2]

---

દ્રવ્ય, ભેદ કલ્પના નિરપેક્ષ હોવાથી **એકસ્વભાવવાળું** છે તથા ભેદ કલ્પના સાપેક્ષ હોવાથી **અનેકસ્વભાવવાળું** છે.

દ્રવ્ય, ભવિષ્યકાળમાં પોતાના સ્વભાવરૂપથી પરિણમિત હોવાથી **ભવ્યસ્વભાવવાળું** છે તથા ત્રણકાળમાં ક્યારેય પણ પરસ્વરૂપથી પરિણમિત નહીં હોવાથી **અભવ્ય-સ્વભાવવાળું** છે.

દ્રવ્ય, પારિણામિક-સ્વભાવની પ્રધાનતા હોવાથી **પરમ-સ્વભાવવાળું** છે.

આ પ્રકારે સામાન્ય-સ્વભાવોની વ્યુત્પત્તિઓની સમાન પ્રદેશત્વાદિ ગુણોની વ્યુત્પત્તિઓને ઘટાવવી જોઈએ તથા તે જ પ્રમાણે ચેતનાદિ સ્વભાવોની વ્યુત્પત્તિ પણ જાણવી જોઈએ.

સ્વભાવથી અન્યથા પરિણમન કરવું **વિભાવ** છે.

કેવળ (અમિલિત અર્થાત મિલાવટ રહિત) ભાવને **શુદ્ધભાવ** કહે છે, તેનાથી વિપરીત ભાવને **અશુદ્ધભાવ** કહે છે.

**स्वभावस्याऽप्यऽन्यत्रोपचारात् उपचरित-स्वभावत्वं; ते द्वेधा - कर्मज-स्वभाविक-भेदात्।** [3]

**यथा - जीवस्य मूर्तत्वमचेतनत्वं च, सिद्धात्मनां परज्ञता, परदर्शनत्वं च।** [4]

**[इति] विशेष-स्वभावानां व्युत्पत्तिः कृता।**

**एते एकविंशतिः स्वभावाः प्रमाण-वाक्येन योज्याः, नय-वाक्येन च।**

**प्रमाण-वाक्यं; यथा -**

**1. स्यादस्ति।**

---

સ્વભાવોને પણ અન્યત્ર ઉપચાર કરવાથી ઉપચરિત સ્વભાવપણું હોય છે. તે બે પ્રકારે છે. ૧. કર્મજ અને ૨. સ્વાભાવિક.

જેમકે—સંસારીજીવોનું મૂર્તત્વ તથા અચેતનત્વ વગેરે કર્મોદયજનિત હોવાથી **કર્મજ ઉપચરિત સ્વભાવ** છે તથા સિદ્ધોંને પણ પરજ્ઞતા અને પરદર્શનત્વ વગેરે **સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ** છે.

આ પ્રમાણે **વિશેષ સ્વભાવોની વ્યુત્પત્તિ** કરવામાં આવી.

હવે ઉપરના **૨૧ સ્વભાવોની પ્રમાણ-વાક્યો તથા નય વાક્યોથી સિદ્ધિ** કરીએ છીએ.

પ્રમાણ-વાક્ય (પ્રમાણ-સપ્તભંગી) નીચે પ્રમાણે છે, જેમકે—

**૧. કથંચિત્ અસ્તિ છે**

---

૧-૪. આ ચારે વાક્યોને આચાર્ય દેવસેનકૃત નય-પ્રરૂપક 'આલાપ-પદ્ધતિ' ગ્રંથમાં સૂત્ર ક્રમાંક ૧૨૧ થા ૧૨૪ સુધી સ્વીકાર કરવામાં આવ્યો છે.

2. स्यान्नास्ति।

3. स्यादस्ति–नास्ति।

4. स्यादवक्तव्यं।

5. स्यादस्त्यवक्तव्यं।

6. स्यान्नास्त्यवक्तव्यं।

7. स्यादस्ति–नास्त्यवक्तव्यमाऽऽदयः।

नय–वाक्यं; यथा –

1. अस्त्येव स्व–द्रव्यादि–ग्राहक–नयेन।

2. नास्त्येव पर–द्रव्यादि–ग्राहक–नयेन।

3. अस्ति–नास्त्येव उभय–चतुष्टयाऽपेक्षया।

---

૨. કથંચિત્ નાસ્તિ છે.

૩. કથંચિત્ અસ્તિ-નાસ્તિ છે.

૪. કથંચિત્ અવક્તવ્ય છે.

૫. કથંચિત્ અસ્તિ-અવક્તવ્ય છે.

૬. કથંચિત્ નાસ્તિ-અવ્યક્તવ્ય છે.

૭. કથંચિત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય છે.

**નય-વાક્ય (નય-સપ્તભંગી)** નીચે પ્રમાણે છે. જેમકે –

(૧) સ્વદ્રવ્યાદિ (ચતુષ્ટય) ગ્રાહક-નયથી **અસ્તિ** જ છે.

(૨) પર-દ્રવ્યાદિ (ચતુષ્ટય) ગ્રાહક-નયથી **નાસ્તિ** જ છે.

(૩) સ્વ-પર-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નયની (ક્રમશઃ) અપેક્ષા **અસ્તિ-નાસ્તિ** જ છે.

**4. अवक्तव्य एव पूर्वोक्त-नय-चतुष्टय-युगपद् वक्तु -मशक्यत्वात्।**

**5. अस्त्यवक्तव्य एव स्व-द्रव्यादि-ग्राहकेन युगपद् वक्तु -मशक्यत्वात्।**

**6. नास्त्यवक्तव्य एव पर-द्रव्यादि-ग्राहकेन युगपद्-वक्तु -मशक्यत्वात्।**

**7. अस्ति-नास्त्यवक्तव्य एव उभय-नय-चतुष्टयाऽपेक्षया युगपद् वक्तुमशक्यत्वात्।**

**स्वभावानां नये योजनिकामाऽऽह -**

**स्व-द्रव्यादि-ग्राहकेणाऽस्ति-स्वभावं।**

---

(૪) પૂર્વોક્ત સ્વ-પર-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નયને યુગપત્ કહેવો અશક્ય હોવાથી **અવક્તવ્ય** જ છે.

(૫) સ્વ-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નય તથા પૂર્વોક્ત સ્વ-પર-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નયને યુગપત્ કહેવા અશક્ય હોવાથી **અસ્તિ-અવ્યક્તવ્ય** જ છે.

(૬) પરદ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નય તથા પૂર્વોક્ત સ્વ-પર-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નયને યુગપત્ કહેવા અશક્ય હોવાથી **નાસ્તિ-અવક્તવ્ય** જ છે.

(૭) સ્વ-પર-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નય (ની ક્રમશઃ અપેક્ષા) તથા સ્વ-પર-દ્રવ્યાદિ-ચતુષ્ટય-ગ્રાહક-નયને કહેવા અશક્ય હોવાથી **અસ્તિનાસ્તિ અવક્તવ્ય** જ છે.

હવે, સ્વભાવોની નયોમાં યોજના બતાવીએ છીએ.

સ્વદ્રવ્યાદિ-ગ્રાહક-નયથી **અસ્તિ-સ્વભાવ** છે.

**[पर-द्रव्यादि-ग्राहकेण नास्ति-स्वभावं।]**

**भेद-कल्पना-निरपेक्षेणैक-स्वभावं।**

**भेद-कल्पना-सापेक्षेणाऽन्वय-द्रव्यार्थिकेणैकस्या-ऽप्यनेक -द्रव्य-स्वभावत्वं।**

**सद्भूत-व्यवहारेण गुण-गुणिनोर्भेद-स्वभावं।**

**भेद-कल्पना-निरपेक्षेण गुण-गुणिनोरभेद-स्वभावं।**

**परमभाव-ग्राहकेण भव्याऽभव्य-पारिणामिक-स्वभावं।**

**शुद्धाऽशुद्ध-परमभाव-ग्राहकेण चेतन-स्वभावं, जीवस्या -ऽसद्भूत-व्यवहारेण कर्म-नोकर्मणोरपि।**

**परमभाव-ग्राहकेण कर्म-नोकर्मणोरचेतन-स्वभावत्वं, जीवस्याऽप्यऽसद्भूत-व्यवहारेण।**

---

(પરદ્રવ્યાદિ-ગ્રાહક-નયથી **નાસ્તિ-સ્વભાવ** છે)

ભેદ-કલ્પના-નિરપેક્ષ-નયથી **એકસ્વભાવ** છે.

ભેદ-કલ્પના-સાપેક્ષ-અન્વય-દ્રવ્યાર્થિક-નયથી એક દ્રવ્યમાં પણ **અનેક દ્રવ્યસ્વભાવપણું** (અથવા **અનેક સ્વભાવ**) છે.

સદ્ભૂત-વ્યવહારનયથી ગુણ-ગુણીમાં **ભેદસ્વભાવ** છે.

ભેદ કલ્પના-નિરપેક્ષ-નયથી ગુણ-ગુણીનો **અભેદસ્વભાવ** છે.

પરમ-ભાવગ્રાહક-નયથી **ભવ્ય-અભવ્ય પારિણામિક-સ્વભાવ** છે.

શુદ્ધ-અશુદ્ધ-પરમભાવ-ગ્રાહક-નયથી જીવનો **ચેતન-સ્વભાવ** છે તથા અસદ્ભૂત-વ્યવહારનયથી કર્મ-નોકર્મનો પણ.

પરમભાવ-ગ્રાહક-નયથી કર્મ-નોકર્મનો **અચેતન સ્વભાવ** છે તથા અસદ્ભૂત-વ્યવહારનયથી જીવનો પણ.

**परमभाव-ग्राहकेण कर्म-नोकर्मणोर्मूर्त-स्वभावत्वं, जीवस्याऽप्यऽसद् भूत-व्यवहारेण।**

**परमभावग्राहकेण पुद्गलं विहाय इतरेषाममूर्त-स्वभावत्वं।**

**चतुर्णामुपचारादपि नास्ति चेतनत्वं मूर्तत्वं च।**

**परमभाव-ग्राहकेण काल-पुद्गलाणोरेकदेश-स्वभावत्वं। भेद-कल्पना-निरपेक्षेणेतरेषां।**

**भेद-कल्पना-सापेक्षेण चतुर्णां बहु-प्रदेश-स्वभावत्वं, पुद्गलाऽणोरु पचारतः।**

**शुद्धाऽशुद्ध-द्रव्यार्थिकेन विभाव-स्वभावत्वं।**

---

પરમભાવ-ગ્રાહક-નયથી કર્મ-નોકર્મનો **મૂર્તસ્વભાવ** છે તથા અસદ્ભૂત-વ્યવહારનયની અપેક્ષા જીવનો પણ.

પરમભાવ-ગ્રાહક-નયથી પુદ્ગલને છોડીને બાકીના બધા દ્રવ્યોનો **અમૂર્તસ્વભાવ** છે.

જ્યારે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—આ ચાર દ્રવ્યોને **ઉપચારથી પણ ચેતનત્વ અને મૂર્તત્વસ્વભાવ** નથી.

પરમભાવ-ગ્રાહક-નયથી કાળ દ્રવ્ય (કાળાણુ) અને પુદ્ગલાણુનો **એકપ્રદેશસ્વભાવ** છે. જ્યારે ભેદ કલ્પના નિરપેક્ષનયથી અન્ય દ્રવ્યોનો પણ **એકપ્રદેશસ્વભાવ** છે.

ભેદકલ્પના-સાપેક્ષ-નયથી જીવ, ધર્મ, અધર્મ અને આકાશ—આ ચાર દ્રવ્યોનો **બહુપ્રદેશસ્વભાવ** છે અને પુદ્ગલાણુનો ઉપચારથી **બહુપ્રદેશસ્વભાવ** છે.

શુદ્ધાશુદ્ધ-દ્રવ્યાર્થિકનયથી **વિભાવસ્વભાવ** છે.

**शुद्ध-द्रव्याऽर्थिके न शुद्ध-स्वभावत्वं।**

**अशुद्ध-द्रव्यार्थिकेनाऽशुद्ध-स्वभावत्वं।**

**असद्भूत-व्यवहारेणोपचरित-स्वभावत्वं।**

**दुर्नयैकान्तमारूढाः, भावा न स्वार्थिका हिता।**
**स्वार्थिकास्तद्विपर्यस्ताः, निःकलंकास्तथा यतः ॥ 3 ॥**

**एकान्तेन सद्रूपस्य न नियताऽर्थव्यवस्था संकरादि-दोष-दुष्टत्वात्; तथाऽसद्रूपस्य सकल-शून्यता-प्रसंगः।**

---

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી **શુદ્ધસ્વભાવ** છે.

અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી **અશુદ્ધ-સ્વભાવ** છે.

અસદ્ભૂત-વ્યવહારનયથી **ઉપચરિતસ્વભાવ** છે.

(હવે અહીં **સર્વથા એકાંત પક્ષમાં દૂષણ** આપે છે.)

**એકાંત-દુર્નય-રૂઢભાવોં, સે ન સિદ્ધિ ઈષ્ટ કી,**
**એકાન્ત-સમ્યક્-ભાવસે અકલંક-સિદ્ધિ ઈષ્ટ કી. ૩.**

**શ્લોકાર્થ ૩**—દુર્નય-એકાંતમાં આરૂઢભાવ, સ્વ-અર્થની સિદ્ધિદાયક હિતકારીભાવ નથી હોતો, પરંતુ દુર્નય—એકાંતથી વિપરીત સુનય—એકાંતમાં આરૂઢભાવ, સ્વ-અર્થની સિદ્ધિદાયક તથા નિષ્કલંક (કલંકરહિત) હોય છે.

**સર્વથા એકાંત સે સદ્રૂપ** પદાર્થની નિયત અર્થવાલી વ્યવસ્થા સંભવ નથી થતી, કારણ કે તેઓ સંકર-વ્યતિકર વિગેરે દોષોથી દૂષિત થાય છે, તથા પદાર્થને **સર્વથા અસદ્ભૂત** માનવાથી સકળ શૂન્યતાનો પ્રસંગ આવે છે.

**स्व-स्वरूपेणाऽप्यऽभावत्वान्नित्यस्य तथैव रूपत्वाददृष्ट-कल्पनादि-दोष-सम्भवः। अनित्य-पक्षेऽपि तथा निरन्वयत्वात् प्रत्याभिज्ञानाद्यसम्भवः।**

**एकरूपस्यैकान्तेन विशेषाऽभावः सर्वथैकरूपत्वात्, विशेषाऽभावे सामान्यस्याऽप्यऽभावः। अनेक-पक्षेऽपि तथा द्रव्याऽभावो निराधारत्वात्।**

**भेदपक्षेऽपि तथा विशेष-स्वभावानां निराधारत्वादर्थक्रिया-कारित्वाऽभावोऽर्थक्रियाकारित्वाऽभावे द्रव्यस्याऽप्यभावः। अभेदपक्षेऽपि सर्वथैकत्वादर्थक्रियाकारित्वाऽभावे द्रव्यस्याऽप्यऽभावः।**

---

પદાર્થનું સ્વ-સ્વરૂપથી પણ (પરિણમનનો) અભાવ થવાથી **સર્વથા નિત્યનું** તેવું ને તેવું જ રૂપ બની રહેવાથી અદૃષ્ટ કલ્પના વિગેરે દોષોનો પ્રસંગ આવે છે, તથા **સર્વથા અનિત્યપક્ષ** માનવાથી પણ નિરન્વયપણાને કારણે પ્રત્યભિજ્ઞાન વિ. સંભવશે નહીં.

પદાર્થના એકાંતથી **સર્વથા એકરૂપ** હોવાથી વિશેષના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, જેથી વિશેષના અભાવમાં સામાન્યનો પણ અભાવ થઈ જાય છે. તથા **સર્વથા અનેક**નો પક્ષ માનવાથી પણ નિરાધારપણું થવાથી દ્રવ્યનો જ અભાવ થાય છે.

સર્વથા **ભેદપક્ષ** માનવાથી પણ વિશેષ સ્વભાવો નિરાધાર થવાથી અર્થક્રિયાકારિત્વનો અભાવ થશે અને અર્થક્રિયાકારિત્વના અભાવમાં દ્રવ્યનો પણ અભાવ થશે; તથા **સર્વથા અભેદપક્ષ** માનવાથી પણ સર્વથા એકત્વ થવાથી અર્થક્રિયાકારિત્વના અભાવમાં દ્રવ્યનો પણ અભાવ થઈ જશે.

**भव्यस्यैकान्तेन पर-परिणत्या संकरादि-दोष-सम्भवः, पर-स्वरूपेणाऽपि भवनात्। अभव्यत्वाऽपि तथा शून्यता-प्रसंगः, स्व-स्वरूपेणाऽप्यऽभवनात्।**

**स्वभावरूपस्यैकान्तेन संसाराऽभावः, विभावनिरपेक्षत्वात्। विभावपक्षेऽपि तथा मोक्षस्याऽसम्भव स्वभावनिरपेक्षत्वात्।**

**चैतन्यमेवेत्युक्ते सर्वेषां शुद्ध-ज्ञान-चैतन्याऽवाप्तिर्भवति, सामान्य-वचनात्। अचैतन्यपक्षेऽपि सकल-चैतन्योच्छेद इत्थ-मेवत्वात्।**

**मूर्तस्यैकान्तेनाऽऽत्मनोऽमोक्षाऽवाप्तिः स्यात्तन्मयत्वात्,**

---

**સર્વથા ભવ્યપણું** માનવાથી, પર-સ્વરૂપથી પણ પરિણમિત હોવાને કારણે, પર-પરિણતિની સાથે સંકર વિગેરે દોષોનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, તથા **સર્વથા અભવ્યપણું** માનવાથી સ્વ-સ્વરૂપથી પણ પરિણમિત નહીં થવાને કારણે, સકળ-શૂન્યતાનો પ્રસંગ આવે છે.

પદાર્થને **સર્વથા સ્વભાવરૂપ** માનવાથી, વિભાવથી નિરપેક્ષતા થવાને કારણે, સંસારનો અભાવ થઈ જશે, તથા સર્વથા વિભાવ પક્ષ માનવાથી પણ સ્વભાવથી પણ નિરપેક્ષતા થવાથી મોક્ષનો અભાવ થઈ જશે.

'સર્વત્ર ચૈતન્ય જ વ્યાપ્ત છે'—આમ **સર્વથા ચૈતન્ય** માનવાથી સામાન્ય વચન હોવાથી બધા પદાર્થોમાં શુદ્ધ-જ્ઞાન-ચૈતન્યની પ્રાપ્તિનો પ્રસંગ આવશે, તથા **સર્વથા અચૈતન્ય પક્ષમાં** પણ સર્વત્ર ચૈતન્યનો ઉચ્છેદ (નાશ)નો પ્રસંગ પણ આ કારણે આવે છે.

**સર્વથા મૂર્તપણું** માનવાથી, મૂર્તકર્મોની સાથે તન્મય થઈ જવાથી આત્માને મોક્ષની પ્રાપ્તિ નથી થઈ શકતી. તથા સર્વથા

**अमूर्तस्याऽपि तथाऽऽत्मनः संसार-विलोपः मूर्तत्व-निरपेक्षत्वात्।**

**एकप्रदेशस्यैकान्तेनाऽऽत्मनोऽनेक-कार्य-कारित्व-हानिरनेक -प्रदेश-निरपेक्षत्वात्। अनेक-प्रदेशपक्षेऽपि तथैवैक-कार्य-कारित्वाऽभावः, निरेकाधारत्वात्।**

**शुद्धस्यैकान्ते संसाराऽभावः, अशुद्धस्य निरपेक्षत्वात्। अशुद्धस्याऽपि तथात्मनः कदाचिदपि न शुद्धबोधप्रसंगः, तन्मयत्वात्।**

**उपचरितैकान्तपक्षे नाऽऽत्मज्ञता-सम्भवः, नियमित-**

---

**અમૂર્તપણું** માનવાથી પરદ્રવ્યકર્મોથી નિરપેક્ષ થઈ જવાથી આત્માની સંસારદશાનો જ અભાવ થઈ જશે.

**સર્વથા એકપ્રદેશીપણું** માનવાથી, આત્માની અનેક પ્રદેશોથી નિરપેક્ષતા થઈ જવાથી અનેક કાર્યકારિત્વની હાનિ થઈ જશે, તથા **સર્વથા અનેકપ્રદેશીપણું** માનવાથી પણ એક આધારના અભાવમાં એક કાર્યકારિત્વની હાનિ થઈ જશે.

**સર્વથા શુદ્ધ** માનવાથી અશુદ્ધતાથી નિરપેક્ષ હોવાને કારણે સંસારનો જ અભાવ થઈ જશે, તથા **સર્વથા અશુદ્ધ** માનવાથી આત્માનું અશુદ્ધતા સાથે તન્મયપણું થઈ જવાથી, આત્માને ક્યારેય શુદ્ધજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી.

**સર્વથા ઉપચરિત** માનવાથી, સદૈવ પર-પદાર્થોની નિયમિતતા બની રહેવાથી ક્યારેય પણ આત્મજ્ઞતા સંભવ નહીં થાય, પરજ્ઞતા જ સિદ્ધ થતી રહેશે, આત્મજ્ઞતા નહીં; તથા આત્માને **સર્વથા અનુપચરિતપણું** માનવાથી પરજ્ઞતા વિગેરે ઉપચરિત સ્વભાવોની સાથે વિરોધ પ્રાપ્ત થશે; આ રીતે **ઉભય-એકાંતપક્ષ**માં પણ ઉપરનાં

**पक्षत्वात्। तथात्मनोऽनुपचरितपक्षेऽपि परज्ञतादीनां विरोधः। तस्मादेव उभयैकान्तपक्षेऽपि विरोधैरेकान्तत्वात्।**

**तर्ह्यऽनेकान्तेऽपि कस्मान्न भवति ?**

**स्याद्वादत्वात्। स (विरोधः) च क्षेत्रादि-भेदे दृष्टः अहि-नकुलादीनां।**

**स च वध्य-घातकः, सहाऽनवस्थान-लक्षणः, प्रतिबन्ध्य-प्रतिबन्धकश्चेति त्रिविधः।**

**अभेदे त्वनवस्थान-लक्षणः।**

**तत्राऽनवस्थानं द्विविधं -**

---

બંને પ્રકારના એકાંત આવવાથી વિરોધ પ્રાપ્ત થશે; ત્યાં ઉપરના બંને પ્રકારનાં દોષોની સંભાવના હશે.

**શંકા**—જો ઉભય-એકાંત પક્ષમાં પણ બંને પ્રકારના દોષ સંભવિત છે તો અનેકાંત પક્ષમાં પણ તે દોષોનું નિરાકરણ કેવી રીતે થઈ શકે છે?

**સમાધાન**—સ્યાદ્વાદ હોવાથી અનેકાંતમાં વિરોધ વિગેરે દોષો સંભવતા નથી, કારણ કે ક્ષેત્રાદિની અપેક્ષા સર્વથા ભેદ માનવાથી જ વિરોધ વિગેરે દોષ દેખાય છે; જેમકે, સર્પ અને નોળિયા વિગેરેમાં વિરોધ થાય છે.

**વિરોધ** ત્રણ પ્રકારના હોય છે—(૧) **વધ્ય-ઘાતક**, (૨) **સહ-અનવસ્થાન લક્ષણ** અને (૩) **પ્રતિબન્ધ્ય-પ્રતિબંધક.**

તથા ક્ષેત્રાદિની અપેક્ષા સર્વથા અભેદ માનવાથી અનવસ્થાન લક્ષણવાળા વિરોધનો પ્રસંગ આવશે.

તે અનવસ્થાન લક્ષણવાળો વિરોધ બે પ્રકારનો છે—

*** गुणानामेकाधारत्व-लक्षणं,**

*** गगन-तलाऽवलम्बीति।**

**संकरः, व्यतिकरः, अनवस्था, अभावः, अदृष्ट-कल्पना, दृष्ट-परिहानिः, विरोधः, वैयधिकरण्यं चेति दृष्टो दोषा एकान्ते सम्भवाः।**

**नाना-स्वभाव-संयुक्तं, द्रव्यं ज्ञात्वा प्रमाणतः।**
**तच्च सापेक्ष-सिद्धयर्थं, स्यान्नय-मिश्रितं कुरु॥4॥**
**भावः स्यादस्ति-नास्तीति, कुर्यान्निर्दोषमेव तं।**
**फलेन चाऽस्य सम्बन्धो, नित्याऽनित्यादिकं तथा॥5॥**

---

૧. ગુણોના એક આધારરૂપ લક્ષણવાળો.

૨. આકાશના એક ક્ષેત્રમાં રહેવારૂપ લક્ષણવાળો.

આ પ્રમાણે સર્વથા એકાંત માનવાથી સંકર, વ્યતિકર, અનવસ્થા, અભાવ, અદૃષ્ટકલ્પના, દૃષ્ટિપરિહાનિ, વિરોધ અને વૈયધિકરણ—આ આઠ પ્રત્યક્ષ દોષ પ્રાપ્ત થાય છે.

**નાનાસ્વભાવી દ્રવ્ય કો, જાનો પ્રથમ સુપ્રમાણ સે,**
**સાપેક્ષ સિદ્ધિ કે લિયે, નય યોજના કર જાનિયે. ૪.**

**શ્લોકાર્થ ૪—**પ્રમાણના દ્વારા અનેક સ્વભાવોથી યુક્ત દ્રવ્યને જાણીને, તેની જ સાપેક્ષ સિદ્ધિ કરવા માટે નયોની યોજના કરવી જોઈએ.

**સ્યાદ્ અસ્તિ-નાસ્તિભાવ, વસ્તુ માનના નિર્દોષ હૈ,**
**અર્થકારી હો તભી જબ, સ્યાત્ નિત્ય-અનિત્ય હો. ૫.**

**શ્લોકાર્થ ૫—**દ્રવ્યને કથંચિત્ અસ્તિ-નાસ્તિરૂપ માનવું નિર્દોષ જ છે, કારણ કે ત્યારે અર્થક્રિયા કારિત્વરૂપ ફળની પ્રાપ્તિ સંભવ થાય

*** स्यादस्ति स्यात् केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**[स्वरूपेणाऽस्ति।]**

**[तर्हि स्याच्छब्देन किं ?]**

**यथा स्वस्वरूपेणाऽस्तित्वं तथा पररूपेणाऽप्यऽस्तित्वं माभूदिति स्याच्छब्दः।**

**स्यान्नास्तीति पररूपेणैव कुर्यात्, स्यादस्तित्वादऽदोषता–ऽस्य।**

---

છે. આ પ્રમાણે દ્રવ્યને કથંચિત્ નિત્યાનિત્યાત્મક માનવાથી જ અર્થક્રિયારૂપ ફળની પ્રાપ્તિ સંભવે છે.

હવે, અહીં અગિયાર પ્રકારોથી **'અનેકાંત-સ્યાદ્વાદ'**ની સિદ્ધિ કરીયે છીએ–

**૧. વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ અસ્તિસ્વરૂપ છે.**

**શંકા**–તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન**–પોતાના **સ્વરૂપની અપેક્ષા અસ્તિપણું** છે.

**શંકા**–જો એમ છે તો સ્યાત્ વા કથંચિત્ શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**–જે પ્રકારે પોતાના સ્વરૂપની અપેક્ષા અસ્તિપણું છે, તે પ્રકારે પરસ્વરૂપની અપેક્ષાએ પણ અસ્તિપણું નથી થઈ શકતું, માટે કથંચિત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'વસ્તુ, કથંચિત્ નાસ્તિસ્વરૂપ છે'**–આ કથન **પરસ્વરૂપની અપેક્ષાથી** જ કરવામાં આવ્યું છે–આ વચનની **'વસ્તુ, કથંચિત્ અસ્તિસ્વરૂપ છે'** આની સાથે ઉપરના કથનની નિર્દોષતા છે.

**फलं चास्याऽनेकस्वभावाऽधारत्वं, नास्ति–स्वभावस्य तु संकरादिदोषरहितत्वं।**

*** स्यान्नित्यः स्यात्केनचिभिप्रायेण।**

**कोऽसावभिप्रायो ?**

**द्रव्यरूपेण नित्य इति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा द्रव्यरूपेण नित्यत्वं, तथा पर्यायरूपेण नित्यत्वं माभूदिति स्याच्छब्दः।**

**स्यादनित्य इति पर्यायरूपेणैव कुर्यात्, स्याद्नित्यत्वाद–ऽदोषता।**

---

તેનું ફળ આ છે કે વસ્તુ, અસ્તિસ્વભાવને કારણ અનેક સ્વભાવોના આધારવાળી વસ્તુ છે તથા નાસ્તિસ્વભાવને કારણે સંકર વિગેરે દોષોથી રહિત છે.

(૨) **વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ નિત્ય છે.**

**શંકા**—આ ક્યો અભિપ્રાય છે?

**સમાધાન**—દ્રવ્ય અપેક્ષાથી નિત્ય છે

**શંકા**—જો એમ છે તો કથંચિત્ શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જે પ્રકારે દ્રવ્યસ્વરૂપની અપેક્ષા નિત્યપણું છે, તે પ્રકારે પર્યાયસ્વરૂપની અપેક્ષાથી પણ નિત્યપણું હોઈ શકે નહીં. આ કારણે કથંચિત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'કથંચિત્ અનિત્ય છે'**—આ વચન, પર્યાયની અપેક્ષા જ કર્યું છે. આ વચનની **કથંચિત્ નિત્યત્વ**ની સાથે નિર્દોષતા છે.

**सफलं चाऽस्य चिरकालाऽवस्थायित्वं। अनित्यस्वभावस्य तु कर्मादानविमोचनादिकं स्वहेतुभिः।**

*** स्यादेकः स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**सामान्यरूपेणैकत्वमिति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा सामान्यरूपेणैकत्वं, तथा विशेषरूपेणाऽप्येकत्वं माभूदिति स्याच्छब्दः।**

**स्यादनेक इति विशेषरूपेणैव कुर्यात्, स्यादेकत्वादऽदोषताऽस्य।**

---

આનું આ ફળ છે કે વસ્તુ, નિત્યસ્વભાવને કારણે ચિરકાળ અવસ્થાયી છે તથા અનિત્યસ્વભાવને કારણે પોત-પોતાના હેતુઓથી કર્મોના ગ્રહણ-ત્યાગને કરે છે.

(૩) **વસ્તુ કોઈક અભિપ્રાયથી કથંચિત્ એક છે.**

**શંકા—**તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—સામાન્ય સ્વરૂપની અપેક્ષા એક છે.**

**શંકા—**જો આમ છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન—**જે પ્રકારે સામાન્ય સ્વરૂપની અપેક્ષા એકત્વ છે, તે પ્રકારે વિશેષ સ્વરૂપની અપેક્ષા પણ એકત્વ નથી થઈ શકતું, માટે કથંચિત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

હવે, **'કથંચિત્ અનેક છે'**—આ વચન **વિશેષ સ્વરૂપની અપેક્ષાએ** જ કર્યું છે, આ વચનની **કથંચિત્ એકપણાની** સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य सामान्यत्वसमर्थनः। अनेक-स्वभावस्य त्वनेकस्वभावदर्शकत्वं।**

*** स्याद् भेदः स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**सद् भूतव्यवहारेण भेद इति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा सद् भूतव्यवहारेण भेदस्तथा द्रव्यार्थिकेनाऽपि माऽभूदिति स्याच्छब्दः।**

**स्यादभेद इति द्रव्यार्थिकेनैव कुर्यात्। स्याद्भेदत्वाद-ऽदोषताऽस्य।**

---

આ એકપણાનું ફળ સામાન્યનું સમર્થન કરવું (તે) છે તથા અનેકસ્વભાવનું ફળ અનેક સ્વભાવોનું પ્રદર્શન કરવું (તે) છે.

**(૪) વસ્તુ કોઈક અભિપ્રાયથી કથંચિત્ ભેદરૂપ છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષા ભેદ છે.**

**શંકા**—જો આવું છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જે પ્રમાણે સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષા ભેદ છે, તે પ્રમાણે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ભેદ નથી થઈ શકતો, આથી **કથંચિત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'કથંચિત્ અભેદ છે'**—આ વચન **દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ** જ કર્યું છે. આ વચનની કથંચિત્ ભેદની સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य व्यवहारसिद्धिः। अभेदस्वभावस्य तु परमार्थ-सिद्धिः।**

*** स्याद्भव्यः, स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**स्वकीयस्वरूपेण भवनादिति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा स्वकीयरूपेण भवनं, तथा पररूपेण भवनं मा-ऽभूदिति स्यादच्छब्दः।**

**स्यादभव्य इति पररूपेणैव कुर्यात्। स्याद्भव्यत्वाद-ऽदोषताऽस्य।**

---

આ ભેદ સ્વભાવનું ફળ વ્યવહારની સિદ્ધિ કરવી—તે છે. અને અભેદ સ્વભાવનું ફળ પરમાર્થની સિદ્ધિ કરવી—તે છે.

**(૫) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ ભવ્ય છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન**—પોતાના **સ્વરૂપે પરિણમન કરવું—તે જ ભવ્યત્વનો અભિપ્રાય છે.**

**શંકા**—જો એમ છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જે પ્રકારે પોતાના સ્વરૂપથી પરિણમન થઈ શકે છે, તે પ્રકારે પરસ્વરૂપેથી પરિણમન થઈ શકે નહીં, આથી કથંચિત્ શબ્દનો પ્રયોગ કર્યો છે.

'કથંચિત્ અભવ્ય છે'—આ કથન **પરરૂપની અપેક્ષાથી** જ કર્યું છે—આ વચનની કથંચિત્ ભવ્યની સાથે નિર્દોષતા છે.

આ ભવ્ય સ્વભાવનું ફળ પોતાની પર્યાયરૂપ પરિણમન કરવું—

**फलं चाऽस्य स्वपर्यायपरिणामित्वं। अभव्यस्य तु पर-पर्यायत्यागित्वं।**

*** स्यात्परमः, स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**पारिणामिकस्वभावत्वेनेति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा पारिणामिकस्वभावप्रधानत्वेन परमस्वभावत्वं, तथा कर्मजस्वभावप्रधानत्वेन माऽभूदिति स्याच्छब्दः।**

**स्याद्विभाव इति कर्मजरूपेणैव कुर्यात्। स्यात्परमत्वा-ददोषताऽस्य।**

---

તે છે અને અભવ્ય સ્વભાવનું ફળ પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમનનો ત્યાગ કરવો—તે છે.

**(૬) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ પરમસ્વભાવ છે.**

**શંકા—**તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—પારિણામિકસ્વભાવની અપેક્ષા પરમ સ્વભાવ છે.**

**શંકા—**જો એમ છે તો કથંચિત્ શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન—**જે પ્રકારે પારિણામિક સ્વભાવની પ્રધાનતાથી પરમસ્વભાવ છે, તે પ્રકારે કર્મજસ્વભાવની પ્રધાનતા નથી સંભવી શકતી, આથી **કથંચિત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'કથંચિત્ વિભાવરૂપ છે'**—આ કથન, **કર્મજરૂપની પ્રધાનતાથી** કર્યું છે. આ વચનની **કથંચિત્ પરમસ્વભાવની** સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य स्वभावादचलिता वृत्तिः। विभावस्य तु स्वभावे विकृतिः।**

*** स्याच्चेतनः, स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**चेतनस्वभावप्रधानत्वेनेति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा चेतनस्वभावप्रधानत्वेन चेतनत्वं, तथाऽचेतन-स्वभावेनाऽपि चेतनत्वं माऽभूदिति स्याच्छब्दः।**

**स्यादचेतन इति व्यवहारेणैव कुर्यात्। स्याच्चेतनत्वाद-ऽदोषताऽस्य।**

---

આ પરમસ્વભાવનું ફળ સ્વભાવથી ચલિત નહીં થવાની વૃત્તિ છે. તથા વિભાવનું ફળ સ્વભાવમાં વિકૃતિ કરવી તે છે.

**(૭) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ ચેતન છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—ચેતન સ્વભાવની પ્રધાનતાથી ચેતન છે.**

**શંકા**—જો એમ છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જે પ્રકારે ચેતનસ્વભાવની પ્રધાનથી ચેતન છે, તે પ્રકારે અચેતન સ્વભાવની પ્રધાનતાથી ચેતનપણું નથી થઈ શકતું. આથી કથંચિત્ શબ્દ-પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'કથંચિત્ અચેતન છે'**—આ કથન **વ્યવહારનયની અપેક્ષાથી** જ કર્યું છે. આ વચનની **કથંચિત્ ચેતન**ની સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य कर्मादानं हानिर्वा। अचेतनस्वभावस्य तु कर्मादानमेव।**

*** स्यान्मूर्तः, स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**असद्भूतव्यवहारेण मूर्त इति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा असद्भूतव्यवहारेण मूर्तत्वं, तथा परमभावेन मूर्तत्वं माऽभूदिति स्याच्छब्दः।**

**स्यादमूर्त इति परमभावेनैव कुर्यात्। स्यान्मूर्तत्वाद-ऽदोषताऽस्य।**

---

આ ચેતન સ્વભાવનું ફળ કર્મોનું ગ્રહણ વા ત્યાગ છે તથા અચેતન સ્વભાવનું ફળ કેવળ કર્મોનું ગ્રહણ જ છે.

**(૮) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ મૂર્ત છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષા મૂર્ત છે.**

**શંકા**—જો એમ છે તો **કથંચિત્** શબ્દ પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જે પ્રકારે અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષા મૂર્તત્વ છે, તે પ્રકારે પરમભાવની અપેક્ષા મૂર્તત્વ નથી થઈ શકતું, આથી **કથંચિત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'કથંચિત્ અમૂર્ત હૈ'**—આ કથન **પરમભાવની અપેક્ષાએ** જ કરવામાં આવ્યું છે. આ વચનની **કથંચિત્ મૂર્તપણા**ની સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य कर्मबन्धः। अमूर्तस्य तु स्वभावाऽपरि-त्यागित्वं।**

*** स्यादेकप्रदेशः, स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**भेदकल्पनानिरपेक्षेणेति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा भेदकल्पनानिरपेक्षेणैकप्रदेशत्वं तथा व्यवहारेणा-ऽप्येकप्रदेशत्वं माऽभूदिति स्याच्छब्दः।**

**स्यादनेकप्रदेश इति व्यवहारेणैव कुर्यात्। स्यादेकप्रदेश-त्वादऽदोषताऽस्य।**

---

આ મૂર્તત્વનું ફળ કર્મબંધ છે તથા અમૂર્તત્વનું ફળ સ્વભાવનો અપરિત્યાગ છે.

**(૯) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ એકપ્રદેશી છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—ભેદકલ્પના નિરપેક્ષનયની અપેક્ષા એકપ્રદેશી છે.**

**શંકા**—જો એમ છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જેવી રીતે ભેદ કલ્પના નિરપેક્ષનયથી એકપ્રદેશીપણું છે, તેવી રીતે વ્યવહારનયની અપેક્ષાથી પણ એકપ્રદેશીપણું નથી સંભવી શકતું, આથી **કથંચિત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**'કથંચિત્ અનેકપ્રદેશી છે'**—આ કથન **વ્યવહારનયની અપેક્ષાએ** જ કરવામાં આવ્યું છે. આ વચનની **કથંચિત્ એકપ્રદેશી**ની સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य निश्चयादेकत्वसमर्थनं। अनेक-प्रदेशस्य तु अनेककार्यकारित्वं।**

*** स्याच्छुद्धः, स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**केवलस्वभावप्रधानत्वेनेति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा केवलस्वभावप्रधानत्वेन शुद्धस्वभावं तथा मिश्र-स्वभावप्रधानत्वेन शुद्धत्वं माऽभूदिति स्याच्छब्दः।**

**स्यादशुद्ध इति मिश्रभावेनैव कुर्यात्। शुद्धत्वाद-ऽदोषताऽस्य।**

---

આ એકપ્રદેશીપણાનું ફળ નિશ્ચયથી એકત્વનું સમર્થન કરવું, તે છે અને અનેકપ્રદેશીપણાનું ફળ અનેક કાર્યો કરવા—તે છે.

**(૧૦) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ શુદ્ધ છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન—કેવળ સ્વભાવની પ્રધાનતાની અપેક્ષા શુદ્ધ છે.**

**શંકા**—જો એમ છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**—જે પ્રકારે કેવળ સ્વભાવની પ્રધાનતાથી સ્વભાવ છે, તે પ્રકારે મિશ્રસ્વભાવની પ્રધાનતાથી શુદ્ધપણું ન હોય; આથી **કથંચિત્** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**'કથંચિત્ અશુદ્ધ છે'**—આ કથન **મિશ્રભાવની અપેક્ષાએ** જ કરવામાં આવ્યું છે. આ વચનની **કથંચિત્ શુદ્ધસ્વભાવની** સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य स्वभावाऽवाप्तिः। अशुद्धस्वभावस्य तु तद्विपरीता।**

*** स्यादुपचरितः स्यात्केनचिदभिप्रायेण।**

**कोऽसावभिप्रायः ?**

**स्वभावस्याप्यऽन्यत्रोपचारादिति।**

**तर्हि स्याच्छब्देन किं ?**

**यथा स्वभावस्याप्यऽन्यत्रोपचारादुपचरितस्वभावत्वं, तथाऽनुपचारिणेप्युपचारत्वं माऽभूदिति स्याच्छब्दः।**

**स्यादनुपचरित इति निश्चयादेव कुर्यात्। स्यादुपचरिताद-ऽदोषताऽस्य।**

---

આ શુદ્ધસ્વભાવનું ફળ, સ્વભાવની પ્રાપ્તિ થવી તે છે અને અશુદ્ધસ્વભાવનું ફળ સ્વભાવની પ્રાપ્તિ ન થવી, તે છે.

**(૧૧) વસ્તુ કોઈ અભિપ્રાયથી કથંચિત્ ઉપચરિત છે.**

**શંકા**—તે ક્યો અભિપ્રાય છે?

**સમાધાન**—સ્વભાવનો પણ અન્યત્ર ઉપચાર કરવાની અપેક્ષાએ ઉપચરિત છે.

**શંકા**—જો આમ છે તો **કથંચિત્** શબ્દના પ્રયોગથી શું પ્રયોજન છે?

**સમાધાન**— જે પ્રકારે સ્વભાવનો પણ અન્યત્ર ઉપચાર હોવાથી ઉપચરિત સ્વભાવ છે, તે પ્રકારે અનુપચારની અપેક્ષા ઉપચરિતપણું નથી, માટે **કથંચિત્** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**'કથંચિત્ અનુપચરિત છે'**—આ કથન **નિશ્ચયનયની અપેક્ષાએ** જ કરવામાં આવ્યું છે. આ વચનની **કથંચિત્ ઉપચરિતની** સાથે નિર્દોષતા છે.

**फलं चाऽस्य परज्ञताऽदयः। अनुपचरितस्वभावस्य तथाऽपि विपरीतं।**

**एवमात्मा स्वकीयैर्बन्ध-मोक्ष-कारण-कलापैर्बध्यते मुच्यते। बध्यतेऽशुद्धभावेन शुद्धेन मुच्यते। यथा -**

**स्वभावसेवया चाऽसौ, स्वभावः पारिणामिकः।**
**शुद्धः शुद्धस्वभावः स्यादऽशुद्धस्तु हि बन्धकः॥6॥**
**तस्माद् द्वावपि नाऽऽराध्यावाऽऽराध्यः पारमार्थिकः।**
**एवं यदेव वस्तु व्यवहारनयाऽऽलिंगिते खण्डितमनेक-**

આ ઉપચરિત સ્વભાવનું ફળ, પરજ્ઞતા વિગેરે છે તથા અનુપચરિત સ્વભાવનું ફળ તેનાથી વિપરીત આતમજ્ઞતા વિગેરે છે.

### નિશ્ચય-વ્યવહાર-ઉભય-અનુભયના વિકલ્પોથી અતીત આત્મા

આ રીતે આત્મા પોતાના બંધ અને મોક્ષના કારણ-કલાપોથી ક્રમશઃ બંધાય છે અને મુક્ત થાય છે, અર્થાત્ અશુદ્ધભાવોથી બંધાય છે અને શુદ્ધભાવોથી મુક્ત થાય છે. કહ્યું છે–

**પારિણામિક શુદ્ધભાવી, આત્મા કો જો ગ્રહે,**
**શુદ્ધસેવી મુક્ત હો, જો અશુદ્ધ સેવે વહ બંધે. ૬.**

**શ્લોકાર્થ ૬**—આત્માનો સ્વભાવ શુદ્ધપારિણામિકભાવ છે. આ શુદ્ધસ્વભાવના સેવનથી જીવ શુદ્ધ થાય છે, મુક્ત થાય છે તથા અશુદ્ધ સ્વભાવના સેવનથી બંધાય છે. આમ શુદ્ધતા અને અશુદ્ધતા, બંને જ વિકલ્પ આરાધ્ય નથી, કેવળ પારમાર્થિકભાવ (પારિણામિક ભાવ) જ આરાધ્ય છે.

**આ પ્રકારથી જે વસ્તુ, વ્યવહારનયથી આલિંગિત થવાથી ખંડિત છે, અનેકરૂપ છે તેમજ ઉપચરિત છે, તેજ નિશ્ચયનયથી**

**मुपचरितं, तदेव निश्चयाऽऽलिंगितेनाऽखण्डितैकमनुपचरितम-ऽनाद्यनिधनं, उभयाऽऽलिंगितेनोभयात्मकं। उभयनयविकल्प-रहितत्वेनाऽनुभयात्मकं।**

**एवं व्यवहारदृष्ट्याऽऽलिंगितत्वात्परसापेक्षत्वेनाऽनुभय-स्याऽपि व्यवहारत्वं। अतएव व्यक्तिनिष्ठत्वेन निश्चयतया पुनरभिहितः –**

**एको भावः सर्वभावस्वभावः,**
**सर्वे भावा एकभावस्वभावाः।**
**एको भावस्तत्त्वतो येन बुद्धः,**
**सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः॥7॥**

---

**આલિંગિત થવાથી અખંડિત છે. એક છે, અનુપચરિત છે, તેમજ અનાદિ-નિધન છે, તે જ ઉભયનયોથી આલિંગિત હોવાથી ઉભયાત્મક છે, તથા તે જ ઉભયનયોના વિકલ્પથી રહિત હોવાથી અનુભય સ્વરૂપ છે.**

આ પ્રમાણે વસ્તુ, વ્યવહારદષ્ટિથી આલિંગિત હોવાથી પર સાપેક્ષ વા પરસ્પર સાપેક્ષ છે તથા પરસ્પર સાપેક્ષ હોવાથી અનુભયસ્વરૂપનું પણ વ્યવહારપણું છે, આમ વસ્તુ, વ્યક્તિનિષ્ઠ (સાપેક્ષ) હોવાથી તે નિશ્ચયથી ફરી કહ્યું છે.

**એક હી સબ ભાવમય, સબ ભાવ એક સ્વભાવ હૈ,**
**જો જાનતા હૈ એક કો, વહ જાન લેતા સર્વ કો. ૭.**

**શ્લોકાર્થ ૭—**જે એક ભાવવાળું છે, તે સર્વભાવના સ્વભાવવાળું છે, તથા જે સર્વભાવ છે, તેઓ એકભાવના સ્વભાવમય છે, આથી જેણે વાસ્તવિકરૂપથી એકભાવને જાણી લીધો, તેણે વાસ્તવમાં સર્વભાવોને જાણી લીધા.

**अतो व्यवहारपदव्यां व्यवहारत्वस्य भेदाः श्रद्धेयत्वेनोपा – देयाः पंचास्तिकायषट्द्रव्यसप्ततत्त्वनवपदार्थाः समर्थिताः भवन्ति। एवं शब्दाऽऽगमप्रसाधितेऽर्थे परिज्ञानेऽपि यदि श्रद्धा नोत्पद्यते, तदा सम्यग्भावाऽऽगमो न सेत्स्यति।**

**शास्त्रादिनिमित्तकारणं, तत्त्वं सहकारणं, औपशमिक–भावं उपादानकारणं प्राप्य यदाऽप्यैवंविधतत्त्वे श्रद्धा उत्पद्यते, तदा मिथ्याध्वंसिनी सैव दृष्टि व्यवहारिका। तस्मिन् सत्त्वे परिज्ञानं। तस्मिन् सत्त्वे रागद्वेषाऽभावश्चारित्रं।**

**दर्शनात्पूर्वं ज्ञानं, सम्यग्ज्ञानतो हि तत् श्रद्धाऽर्हतं, यतो मिथ्यात्वात्सम्यक्त्वयोगतः।**

---

આથી વ્યવહાર-પદવી અર્થાત્ વિકલ્પાત્મક દશામાં વ્યવહારનયથી પ્રતિપાદિત પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ જ શ્રદ્ધેયરૂપથી ઉપાદેય છે, સમર્થિત છે. આ રીતે શબ્દરૂપ આગમથી પ્રસાધિત અર્થનું પરિજ્ઞાન હોવા છતાં પણ જો શ્રદ્ધા ઉત્પન્ન નથી થતી તો સમ્યક્ભાવરૂપ આગમની સિદ્ધિ નથી થઈ શકતી.

શાસ્ત્રાદિ નિમિત્તકારણ, તત્ત્વાદિ સહકારી કારણ તથા ઔપશમિક ભાવરૂપ ઉપાદાનકારણ પ્રાપ્ત કરીને, જ્યારે પણ ઉપર કહેલ તત્ત્વોમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, ત્યારે મિથ્યાત્વનો વિધ્વંસ કરવાવાળી તે જ સાચી વ્યવહારિક દષ્ટિ છે, તેના હોવાથી જ પરિજ્ઞાન તથા તેના હોવાથી જ રાગ-દ્વેષના અભાવરૂપ ચારિત્ર ઉત્પન્ન થાય છે.

અથવા દર્શનની પહેલાં જ્ઞાન થાય છે. કારણ કે સમ્યગ્જ્ઞાનના કારણે જ શ્રદ્ધાની યોગ્યતા ઉત્પન્ન થાય છે. જેથી મિથ્યાત્વનો નાશ થઈને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

**एवमात्मनः सम्यक् पर्यायत्रयं, यदा भेदोपचारेण व्यव-ह्रियते, तदा व्यवहारात्मको भवत्यात्मा व्यवहारनयालिंगत्वात्। अस्यैव व्यवहारस्य निश्चयश्रुतसाधकत्वं व्यवहारभावः।**

**श्रुतस्यैव भेदत्रयात् सापन्नत्वात्। यदा तदेव त्रित्वम-ऽनेकत्वं विहाय स्वस्मिन्नेकत्वे प्रवर्तते, तदा साधकत्वमस्य।**

**तद्यथा - अभेदाऽनुपचारतया निश्चीयमानं त्विदमेव निश्चयात्मको भवत्यात्मा, निश्चनयाऽलिंगित्वात्, निश्चय-नयस्यैव निश्चयश्रुताऽभिधानं, अतोऽनेन परिच्छिन्नो योऽसावात्मा स समयसारः उच्यते।**

---

આ પ્રમાણે આત્માની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તેમજ સમ્યક્-ચારિત્રની ત્રણે સમ્યક્ પર્યાયો, જ્યારે ભેદોપચારથી વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે આત્મા, વ્યવહારનયથી આલિંગિત હોવાથી વ્યવહારાત્મક હોય છે. આ વ્યવહારનું જ નિશ્ચય **શ્રુત** પ્રતિ સાધકપણું હોય છે, તે જ તેનો વ્યવહારભાવ છે.

શ્રુતની જ ભેદત્રયની સાથે સાપેક્ષતા છે, જ્યારે તે જ પોતાના ત્રિત્વરૂપ અનેકત્વને છોડીને પોતાના એકત્વ સ્વભાવમાં વર્તે છે, ત્યારે તેનું સાધકપણું હોય છે.

જેવી રીતે અભેદ તથા અનુપચારથી નિશ્ચિત કરવામાં આવેલ આ ત્રણે સમ્યક્ પર્યાયોથી આ આત્મા, નિશ્ચયનયથી આલિંગિત હોવાથી નિશ્ચયાત્મક હોય છે. આ નિશ્ચયનયનું જ નિશ્ચય શ્રુતના રૂપમાં કથન કરવામાં આવ્યું છે, આથી આ નિશ્ચય શ્રુત (ભાવશ્રુતજ્ઞાન) થી જાણવામાં આવેલ આત્મા જ **સમયસાર** કહેવાય છે.

આ **સમયસારની વ્યુત્પત્તિ** આ પ્રમાણે છે

**व्युत्पत्तिरस्य, समानः साधारणः क्षयोपशमिकक्षायिकज्ञान –बोधोऽस्यात्मा समय उच्यते। यदा सम्यग्निश्चयवीतरागभावेन परिणतस्तदा समयश्चाऽसौ सारश्च समयसारः असावुक्तः।**

**कर्मजभावाऽतीतो ज्ञायको भावः। अस्यैव अनुभूतिर्निश्चय –दर्शनं। अस्यैव निजात्मेति परिज्ञानं निश्चयज्ञानं। अशुभ– क्रियया व्रतादिना निवर्तते कश्चित्तथा स्वस्वभावमेव स्वीकारेण शुभ–क्रियया निवर्तते यः, स सरागक्रियानिवृत्तो वीतरागः।**

**भेदोपचार–लक्षणे दर्शने स्वाऽऽराध्यमाने मम इदानीं समयसार–ज्ञानसम्पन्नस्याऽभेदाऽनुपचारलक्षण आत्मैवाऽऽराध्यः।**

''સમાન વા સાધારણરૂપ ક્ષાયોપશમિક વા ક્ષાયિકજ્ઞાનવાળો આ આત્મા જ **સમય** કહેવામાં આવે છે. જ્યારે આ આત્મા સમ્યક્ નિશ્ચયરૂપ વીતરાગભાવથી પરિણત હોય છે, ત્યારે તે જ સમયનો સાર હોવાથી **સમયસાર** કહેવાય છે.''

**કર્મજભાવોથી અતીત જ્ઞાયકભાવ છે,** તેની અનુભૂતિ નિશ્ચય દર્શન અર્થાત્ સમ્યગ્દર્શન છે, **'તે જ મારો નિજાત્મા છે'**–આવું જ્ઞાન નિશ્ચયજ્ઞાન છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન છે, તથા જે પ્રકારે અશુભક્રિયાઓની નિવૃત્તિ, વ્રતાદિક શુભક્રિયાઓથી થાય છે, તે જ પ્રકારે પોતાના સ્વભાવનો સ્વીકાર કરવાથી શુભ ક્રિયાઓથી પણ જે નિવૃત્તિ થાય છે, તે જ સરાગક્રિયાનિવૃત્ત વીતરાગ અર્થાત્ નિશ્ચય ચારિત્ર વા સમ્યક્ચારિત્ર છે.

ભેદ તેમજ ઉપચાર લણક્ષવાળા દર્શનમાં જ પણ પોતાના આરાધ્યમાનની પ્રતિ આ ભાવના હોય છે કે **'આ સમયસાર સ્વરૂપજ્ઞાનથી સંપન્ન અભેદ-અનુપચાર લક્ષણવાળો મારો આત્મા જ આરાધ્ય છે.'**

**ज्ञानादिष्वऽप्येवं योज्यं।**

**बाह्याऽर्थग्राहकेन विशेषज्ञानलक्षणेन लक्षितः, अतः स्व-संवेद्यसामान्यज्ञानानन्दस्वभावोऽहम्। अस्मिन् दर्शनचैतन्योपलब्धा -वऽप्येवं योज्यं - एतत् शिक्षक-साधुः प्रयुक्तं।**

**प्रारब्धादीनां परमतत्त्व-सेवया सुख-ज्ञान-ऋद्धि-ध्यान-प्रत्यया भवन्ति।**

**सुख-प्रत्ययो, यथा - तत्तच्चिन्ता-संवित्तिः, तत्त्व-चिन्ता-सन्तान-संवित्तिः, अनुभूति-सन्तान-संवित्तिः, आनन्दः, परमानन्दः चेति; जघन्यमध्यमोत्कृष्टभेदेन प्रत्येकं त्रिधा।**

---

આ પ્રમાણે જ્ઞાન, ચારિત્ર વિગેરેમાં પણ ઘટાવી લેવું જોઈએ.

બાહ્ય અર્થના ગ્રાહક વિશેષ જ્ઞાનલક્ષણથી હું લક્ષિત છું, આથી 'હું સ્વસંવેદ્ય સામાન્ય જ્ઞાનાનંદ સ્વભાવવાળો આત્મા છું'—આ પ્રમાણે દર્શન, ચૈતન્યની ઉપલબ્ધિમાં પણ યોજના કરવી જોઈએ—એવું ઉપાધ્યાય શિક્ષક સાધુઓએ પ્રેરિત કરીને યુક્ત કર્યું છે.

પરમ તત્ત્વના સેવનથી તથા પ્રારબ્ધ વિગેરે યોગથી સુખ, જ્ઞાન, ધ્યાન, ઋદ્ધિ વિગેરે પ્રત્યયોની પ્રાપ્તિ થાય છે.

આ બધામાં, સર્વ પ્રથમ **સુખરૂપ પ્રત્યયને** સમજાવે છે—પ્રથમ તે પરમ તત્ત્વની વારંવાર **ચિંતારૂપ સંવિત્તિ** હોય છે, પછી **તત્ત્વ ચિંતારૂપ સંતાન-સંવિત્તિ** હોય છે, તત્પશ્ચાત્ **અનુભૂતિ સ્વરૂપ સંતાન-સંવિત્તિ** ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ **આનંદ** અને **પરમાનંદ** ઉત્પન્ન થાય છે. તે પ્રત્યેક જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ-ત્રણ પ્રકારનો હોય છે.

**अवध्यादिज्ञानप्रत्ययश्च।**

**ऋद्धिप्रत्ययो, यथा–आकाशगामिनी, विकुर्वणा, आहारक–शरीरः, तेजःप्रभा, अनिहारका, सर्वौषधी, अक्षीणमहानसा चेति।**

**अस्मिन्नेव काले आनन्दपर्यवसितं सुखमस्ति, प्रतिभा ज्ञानं च।**

**यदाऽशुभरागादि बाह्यविनोदेषु वीतरागी भूत्वा, भूतार्थपरि–छिन्न–समयसार–ज्ञानाऽऽदित्यः प्रतापप्रकाशेन निहत–महाविभ्रम –मोहाऽन्धकारो भवति, तदा स एव प्रारब्धयोगी तदात्मज्ञानानन्द –स्वभावमनवरतं स्वसंवित्त्याऽनुभवन् विकल्पत्यागं करोति।**

**सर्वाऽवस्थायां सर्वत्र तस्मात् क्षपकक्षेण्याऽऽरूढः।**

---

આ પ્રમાણે સુખની જેમ, અવધિ, મનઃપર્યય વિગેરે **જ્ઞાનરૂપ પ્રત્યય** છે.

**ઋદ્ધિરૂપ પ્રત્યય** અનેક પ્રકારના છે.—આકાશગામિનિ વિક્રિયા, આહારક શરીર, તૈજસપ્રભા, અનિહારકા, સર્વૌષધિ, અક્ષીણ-મહાનસા વિગેરે.

આ સમયમાં આનંદ-પર્યવસિત (આનંદ-આશ્રિત) સુખ ઉત્પન્ન થાય છે, પ્રતિભા અને જ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે.

જ્યારે અશુભરાગ વિગેરેરૂપ બાહ્ય વિનોદોમાં વીતરાગી થઈને, ભૂતાર્થથી જાણવામાં આવેલ સમયસારસ્વરૂપ જ્ઞાનસૂર્યના પ્રતાપ તથા પ્રકાશથી મહાવિભ્રમરૂપ મોહાંધકારનો નાશ થાય છે, ત્યારે તે જ પ્રારબ્ધયોગી તે આત્માના જ્ઞાનાનંદ-સ્વભાવનો અનવરત સ્વ-સંવિત્તિ દ્વારા અનુભવન કરતો થકો વિકલ્પોનો ત્યાગ કરે છે.

આ પ્રકારે સર્વ અવસ્થાઓમાં સર્વત્ર ક્ષપકશ્રેણીમાં આરૂઢ યોગીની એવી જ પરિણતિ હોય છે.

**यथा सम्यग्व्यवहारेण मिथ्याव्यवहारो निवर्तते, तथा निश्चयेन व्यवहारविकल्पोऽपि निवर्तते।**

**यथा निश्चयनयेन व्यवहार-विकल्पो निवर्तते, तथा स्व-पर्यवसितभावेनैकत्वविकल्पोऽपि निवर्तते।**

**एवं हि जीवस्य योऽसौ स्वपर्यवसितस्वभावः, स एव नयपक्षातीतः।**

**(शार्दूलविक्रीडितम्)**

**यः कार्यद्वयवर्ज्जनोर्ज्जिततटोल्लूत्सन्नयोर्वीमिमा-,**
**माप्लाव्योच्छलदच्छबोधपरमानन्दामृतोद्वीचिभिः।**
**वल्गद्रागजदुःखवाडवशिखा, मोहोग्रनक्रोर्ज्जितः,**
**सद्रत्नः परमार्थवारिधिरसौ पायादपूर्वो जगत्॥ 8॥**

---

જે રીતે સમ્યક્ વ્યવહારથી મિથ્યા વ્યવહારનું નિરાકરણ થાય છે, તે રીતે નિશ્ચય દ્વારા વ્યવહારના વિકલ્પો પણ નિવૃત્ત થાય છે.

જે રીતે નિશ્ચયનય દ્વારા વ્યવહારના વિકલ્પ નિવૃત્ત થાય છે, તે રીતે સ્વપર્યવસિત સ્વભાવ (પરમ નિરપેક્ષ સ્વાશ્રિતસ્વભાવ)ના અવલંબનથી એકત્વનો વિકલ્પ પણ છૂટી જાય છે.

આ રીતે જીવનો જે **સ્વપર્યવસિત સ્વભાવ છે, તે નયપક્ષાતીત** છે.

**સમ્યક્ નયોં કી ભૂમિતટ કે, શુભ અશુભ કો ક્ષય કરે,**
**સદ્બોધ કે આનન્દ અમૃત કી ઉછલતી તરંગે.**
**રાગકૃત દુઃખ-જ્વાલ ક્રોધિત મોહરૂપી મગર સે,**
**સત્ રત્નત્રય પરમાર્થ સાગર ! જગત કી રક્ષા કરે. ૮**

(मालिनी)

**हिततममिति सम्यग्देवसेनोक्तमेतत्,**
**श्रुतभवनसुदीपं, ध्वस्तमोहान्धकारम्।**
**प्रकटितसकलार्थमुक्तिपूर्यां यियासुः,**
**स्वमनसि नयचक्रं भव्यलोको दधातु॥९॥**

---

**શ્લોકાર્થ ૮—**જે સમ્યક્નયરૂપી પૃથ્વીનો તટ, શુભ અને અશુભ—બંને પ્રકારના કાર્યો (ભાવો)ને દૂર કરવાને સમર્થ છે તથા જે ઉછળતી એવી સમ્યગ્જ્ઞાનની પરમાનંદદશારૂપી અમૃતના ઉત્કૃષ્ટ તરંગોથી આપ્લાવિત (આલિંગિત) છે—એવો સમ્યગ્દર્શન આદિ રત્નોથી પરિપૂર્ણ અપૂર્વ પરમાર્થ સમુદ્ર ! ભીષણ રાગજન્ય દુઃખરૂપી વડવાનલની જ્વાલા તેમજ મોહરૂપી ક્રોધિત મગરોથી આ જગતની રક્ષા કરો—આ પ્રકારે આચાર્યદેવે ભાવના ભાવી છે.

**ભવ્ય જીવોં કે લિયે, જો પરમ હિતકારી અહો !,**
**મોહતમ નાશક પ્રકાશિત, કરે સર્વ પદાર્થ કો.**
**દેવસેનાચાર્ય વિરચિત, શ્રુતભવન સુદીપ કો,**
**નયચક્ર ધારણ કરેં ઉર મેં, મુક્તિગામી જન અહો ! ૯.**

**શ્લોકાર્થ ૯—**આ પ્રકારે મોહાંધકારનો નાશ કરવાવાળા જગતના ભવ્યજીવોને માટે અતિઅધિક હિતકારી, મુક્તિપુરીના ઇચ્છુક જીવોના સકળ પદાર્થોના પ્રકાશક શ્રીમદ્ દેવસેનાચાર્ય વિરચિત આ **'શ્રુતભવનદીપક નયચક્ર'**ને સકળ જગતના હે ભવ્યજીવો ! તમે પોતાના મનમાં ધારણ કરો !

**प्रगटमिह हि पद्यं, नाटकं चाथगद्यं,**
**किल रचितमपूर्वं, चारुचम्पूस्वरूपं।**
**ललितपदवितानं, सर्वशास्त्रैकसारं,**
**भवजलधिसुपोतं, मंगलं मंगलानां॥ 10॥**

**इति श्रीदेवसेनभट्टारकविरचिते व्योमपण्डितप्रतिबोधके श्रुतभवनदीपके नयचक्रे निश्चय-व्यवहारयोरविनाभावित्व-निर्णीति -कथनो नाम तृतीयोऽध्यायः समाप्तः।**

* * *

(વીર છન્દ)

**ગદ્ય-પદ્યમય સુન્દર ચમ્પૂ, લલિત પદોં કા હૈ વિસ્તાર,**
**ભવસાગર કા પોત સુમંગલ, ઈસમેં સબ શાસ્ત્રોં કા સાર. ૧૦.**

**શ્લોકાર્થ ૧૦—**આ ગદ્ય-પદ્યમય નાટક, અપૂર્વ સુંદર, ચમ્પૂ-સ્વરૂપ લલિતપદોના વિસ્તારથી યુક્ત છે, સંપૂર્ણ શાસ્ત્રોના એક સાર-સ્વરૂપ છે, સંસારરૂપી સમુદ્રને પાર કરવાને માટે જહાજ સ્વરૂપ છે તથા સર્વ મંગલોમાં પરમ મંગલ સ્વરૂપ છે.

આ પ્રકારે **શ્રીમદ્ દેવસેન ભટ્ટારક** વિરચિત **વ્યોમ પંડિતને** પ્રતિબોધ કરાવનાર **'શ્રુતભવનદીપક નયચક્ર'માં નિશ્ચય-વ્યવહારના અવિનાભાવનો** નિર્ણય કરવાવાળો **તૃતીય અધ્યાય** પૂર્ણ થાય છે.

(પદ્યાનુવાદક-ભાવના)

**અહો ભાગ્ય ! અનુવાદ હુઆ, શ્રુતભવનદીપ કે છન્દોં કા,**
**ભવસાગર કો પાર કરૂઁ, ચઢકર શ્રુતજ્ઞાનમયી નૌકા. ૧૧.**

(પરમભાવ-ગ્રાહક-નયથી કર્મ-નોકર્મનો **અચેતન સ્વભાવ** છે તથા અસદ્ભૂત-વ્યવહારનયથી જીવનો પણ.)

**આ પ્રમાણે ડૉ. રાકેશ જૈન શાસ્ત્રી-નાગપુર દ્વારા હિન્દી અનુવાદિત—સંપાદિત 'શ્રુતભવનદીપક નયચક્ર'નો ગુજરાતી અનુવાદ ભરત એસ. શાહ, સોનગઢ દ્વારા પૂર્ણ થયો.**

## પરિશિષ્ટ

### સમયસાર ગાથા ૧૧ અર્થ સહિત

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે—પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

વવહારોऽભૂદત્થો ભૂદત્થો દેસિદો દુ સુદ્ધણઓ ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो ॥११॥

व्यवहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧

**ગાથાર્થ** :—[व्यवहारः] વ્યવહારનય [अभूतार्थः] અભૂતાર્થ છે [तु] અને [शुद्धनयः] શુદ્ધનય [भूतार्थः] ભૂતાર્થ છે એમ [दर्शितः] ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; [जीवः] જે જીવ [भूतार्थं] ભૂતાર્થનો [आश्रितः] આશ્રય કરે છે તે જીવ [खलु] નિશ્ચયથી [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [भवति] છે.

**ટીકા** :—વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ:—જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનાર પુરુષો—જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ(નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના

આ પરિશિષ્ટમાં સમયસારની ૧૧મી, ૧૨મી અને ૧૪૩મી ગાથા, ટીકા, ભાવાર્થ સોનગઢથી પ્રકાશિત સમયસારમાંથી લીધેલ છે.

વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો—આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

**ભાવાર્થ** :—અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે—શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો

ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—"શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી." એમ આશય જાણવો.

* * *

## સમયસાર ગાથા ૧૨ અર્થ સહિત

હવે, "એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે" એમ કહે છે :—

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ।।१२।।

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

**ગાથાર્થ** :—[परमभावदर्शिभिः] પરમભાવના દેખનારાઓને તો [शुद्धादेशः] શુદ્ધ (આત્મા)નો ઉપદેશ કરનાર [शुद्धः] શુદ્ધનય [ज्ञातव्यः] જાણવાયોગ્ય છે; [पुनः] વળી [ये तु] જે જીવો [अपरमे भावे] અપરમભાવે [स्थिताः] સ્થિત છે તેઓ [व्यवहारदेशिताः] વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.

**ટીકા** :—જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન (વસ્તુના) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ

અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેનો અનુભવ નથી હોતો; તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના વર્ણ) સમાન હોવાથી, જાણેલો પ્રયોજનવાન છે. પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો; તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે.) બીજી જગ્યાએ પણ કહ્યું છે કે :—

''जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छएडा मुयह ।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ।।''

[ અર્થ:—આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ–વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુ)નો નાશ થઈ જશે.]

**ભાવાર્થ** :—લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુદ્ધ કહેવાય છે; અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ-વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને

સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર- વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્‌ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ—એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્‌ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ, જિનબિંબનાં દર્શન ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે; અને જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું—એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.* વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા

---

* વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે, પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી.

નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે—એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

એ અર્થનું કલશરૂપ કાવ્ય ટીકાકાર કહે છે :—

(मालिनी)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः ।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ।।

**શ્લોકાર્થ** :—[उभय-नय-विरोध-ध्वंसिनि] નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું [स्यात्-पद-अङ्के] 'સ્યાત્'પદથી ચિહ્નિત [जिनवचसि] જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં [ये रमन्ते] જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) [ते] તે પુરુષો [स्वयं] પોતાની મેળે (અન્ય કારણ વિના) [वान्तमोहाः] મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને [उच्चैः परं ज्योतिः समयसारं] આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને [सपदि] તુરત [ईक्षन्ते एव] દેખે જ છે. કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા? [अनवम्] નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે? [अनय-पक्ष-अक्षुण्णम्] સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

**ભાવાર્થ** :—જિનવચન (વાણી) સ્યાદ્વાદરૂપ છે. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે—જેમ કે : જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય, એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય ઇત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે—ત્યાં જિનવચન કથંચિત્ વિવક્ષાથી સત્-

અસત્‌રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી. તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે.—આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે; અન્ય સર્વથા-એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે—જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યા દૃષ્ટિ છે. ૪.

* * *

**સમયસાર ગાથા ૧૪૩ અર્થ સહિત**

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'—એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :—

**दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो।**
**ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो॥१४३॥**

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

ગાથાર્થ :—[नयपक्षपरिहीनः] નયપક્ષથી રહિત જીવ, [समयप्रतिबद्धः] સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [द्वयोः अपि] બન્ને [नययोः] નયોના [भणितं] કથનને [केवलं तु] કેવળ [जानाति] જાણે જ છે [तु] પરંતુ [नयपक्षं] નયપક્ષને [किञ्चित् अपि] જરા પણ [न गृह्णाति] ગ્રહણ કરતો નથી.

ટીકા :—જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને

લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.

ભાવાર્થ :—જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે; અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.

* * *

